સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 29 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૧૯ જુલાઈ ૨૦૨૬, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમદાવાદના વસ્ત્રાલમાં ફટાકડાની ફેક્ટરીમાં આગ સાથે પ્રચંડ વિસ્ફોટ: નવ લોકો ભડથું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં બપોરના સમયે રામોલ-ગતરાડ રોડ પરની મહેમુદપુરા ટેલેન્ટ ફટાકડાની ફેક્ટરીમાં આગ સાથે ભીષણ બ્લાસ્ટ થયો હતો. આ દુર્ઘટનામાં નવ લોકો જીવતા ભુંજાયા હતા અને ૧૦થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

મૃત્યુઆંક વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે કારણ કે, ફટાકડાની ફેક્ટરીમાં આઠથી ૧૦ લોકો કામ કરતા હોવાની માહિતી મળી રહી છે. આગના સમાચાર મળતા જ ફાયરબ્રિગેડની પાંચથી વધુ ગાડીઓ અને એમ્બ્યુલન્સ સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. સમગ્ર ઘટનાને પગલે અસલાલી-મીની ફાઈટર, ગજરાજ, એમ્બ્યુલન્સ સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી.

સ્થાનિકોના જણાવ્યાં પ્રમાણે આ બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ પાંચ કિમી દૂર સુધી સંભળાયો હતો એટલું જ નહીં પરંતુ અંદર કામ કરી રહેલા શ્રમિકોની બોડીના ચીથરા ઉડ્યા હતા. ઘાયલોને એલ.જી. હૉસ્પિટલ અને અસારવા સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે વસ્ત્રાલ આરએએફ કેમ્પના પાછળના ભાગમાં આવેલી ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં આરએએફ કેમ્પમાં ફરજ બજાવતા જવાનો પણ તાત્કાલિક મદદ માટે પહોંચી ગયાં હતાં. બ્લાસ્ટની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ પર પહોંચી ગઈ હતી. ફાયર વિભાગની પાંચ ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવી લીધો હતો. પરંતુ બ્લાસ્ટની આ ઘટનામાં ફેક્ટરીમાં કામ કરી રહેલા આઠ મજૂરો જીવતા ભૂંજાયા હોવાનું પણ પ્રકાશમાં આવ્યું હતું.

જ્યારે ઘાયલોની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પીએમ દ્વારા આ ઘટનાની નોંધ લેવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા મૃતકોના પરિવારને ૨ લાખ રૂપિયાની સહાય અને ઘાયલોને ૫૦ હજારની સહાયની જાહેરાત કરવામાં આવી છે.





સૂત્રોના જણાવ્યાં પ્રમાણે મહેલુ ડોડિયાની ફટાકડાની ફેક્ટરીનું લાઇસન્સ રદ કરી દેવામાં આવ્યું હતું, છતાં પણ તે ખુલ્લા શેડમાં ફટાકડા બનાવાવનું કામ કરી રહ્યો હતો. જેના કારણે આઠ નિર્દોષ લોકોનો જીવ ગયો છે. આથી ફેક્ટરી માલિક મેહુલ ડોડિયા સામે મનુષ્યવધની અલગ અલગ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે આગળની તપાસ પણ શરૂ કરી દીધી હતી.

શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં બપોરના સમયે રામોલ-ગતરાડ રોડ પરની મહેમુદપુરા ટેલેન્ટર ફટાકડાની ફેક્ટારીમાં આગ સાથે ભીષણ બ્લાસ્ટ દુર્ઘટના મામલે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે પ્રતિક્રિયા આપતા કહ્યું કે આ ઘટના અત્યંત દુઃખદ છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે આ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના આત્માને શાંતિ આપે. આ સાથે સીએમ ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકાર તરફથી મૃતકોના પરિવારજનોને રૂપિયા ચાર લાખ અને ઘાયલોને રૂપિયા ૫૦,૦૦૦ ની સહાય આપવાની પણ જાહેરાત કરી હતી.

# જામનગર શહેરમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ બે બાળ દર્દીઓ જી.જી. હોસ્પિટલમાં દાખલ, બન્નેની હાલત ગંભીર: આરોગ્ય તંત્ર દોડતું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: શહેરમાં ચાંદીપુરા વાઇરસના શંકાસ્પદ બે બાળ દર્દીઓ નોંધાતાં આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. શહેરના વોર્ડ નાં -૬ ના ગણપતનગર વિસ્તારના એક વર્ષના બાળક તેમજ ઢીંચડા રોડ પર રવિ પાર્ક વિસ્તારના અન્ય એક બાળકને ગંભીર હાલતમાં સારવાર માટે જી.જી. હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.





બંને બાળકોને તાવ, આંચકી સહિતનાં ગંભીર લક્ષણો જણાતાં તેમને હોસ્પિટલના આઈસીયુમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યાં છે. ડોક્ટરોએ બંને બાળકોના સેમ્પલ વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ જ ચાંદીપુરા વાઇરસની પુષ્ટિ થઈ શકશે.

બંને શંકાસ્પદ કેસ નોંધાયા બાદ હોસ્પિટલ તંત્ર, મહાનગરપાલિકા અને આરોગ્ય વિભાગે સંકલિત કામગીરી શરૂ કરી છે. દર્દીઓના રહેણાક વિસ્તારોમાં સર્વેલન્સ, સફાઈ અને જરૂરી આરોગ્યલક્ષી પગલાં લેવામાં આવી રહ્યા છે.

આરોગ્ય અધિકારીઓએ વાલીઓને અપીલ કરી છે કે બાળકોને તાવ, સતત ઊલટી, આંચકી અથવા બેભાન થવા જેવા લક્ષણો દેખાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા હોસ્પિટલમાં લઈ જવું. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં બાળકોની સ્વચ્છતા જાળવવી, મચ્છરો અને અન્ય જીવાતોથી બચાવનાં પગલાં લેવા તેમજ ઘરની આસપાસ સ્વચ્છતા રાખવી જરૂરી છે. બંને બાળકોની સારવાર ચાલુ છે અને તેમના લેબોરેટરી રિપોર્ટની રાહ જોવાઇ રહી છે.

# ગિરનારમાં સિંહો સહિત વન્ય જીવો પર એઆઈ અને થર્મલ ડ્રોનથી ડિજિટલ નજર રખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ જિલ્લાના ગિરનાર સીટી વિસ્તારમાં ૧૧ વર્ષના નિર્દોષ બાળકના સિંહના હુમલામાં થયેલા મોત બાદ વન વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. પરંપરાગત પદ્ધતિઓને બાજુ પર મૂકીને વન વિભાગ હવે સંપૂર્ણપણે ડિજિટલ ટેક્નોલોજી આધારિત સુરક્ષા ચક્ર તૈયાર કરી રહ્યું છે. હવે જંગલના સરહદી વિસ્તારોમાં સ્માર્ટ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે, જે સિંહ કે દીપડાની હિલચાલને ઓળખીને આપોઆપ વન વિભાગ અને નજીકના ગ્રામજનોને મોબાઈલ પર સેફ્ટી એલર્ટ મોકલશે.

આધુનિક ટ્રેકિંગ માટે વન વિભાગે આર્ટિફિશિયલ ટેક્નોલોજીની મદદ લીધી છે. જેથી હવે રાત્રિના અંધકારમાં વન્યજીવોની ગતિવિધિઓ ટ્રેક કરવા માટે થર્મલ ડ્રોન્સ તહેનાત કરાશે, જેનું લાઈવ સિગ્નલ ઓન-ફીલ્ડ ફોરેસ્ટ સ્ટાફને મળતું રહેશે. ટેક્નોલોજીના આ સમન્વયથી વન્યજીવોના સંરક્ષણ સાથે માનવ જિંદગીની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રિમતા આપવામાં આવી રહી છે.

જૂનાગઢ વન વિભાગના સીસીએફે જણાવ્યું હતું કે, સંવેદનશીલ વિસ્તારોમાં નવી ચેકપોસ્ટ ઉભી કરાશે. પ્રવાસી કે નાગરિક સિંહ-દીપડો જુએ તો તુરંત અહીં જાણ કરી શકશે, જ્યાંથી સ્થાનિક ટ્રેકર્સને એલર્ટ કરાશે. જંગલમાં ટ્રેકર્સની સંખ્યા પણ વધારાઈ છે. હુમલો કરનાર શંકાસ્પદ પ્રાણીઓને પકડી ચોક્કસ સમય માટે નિરીક્ષણ હેઠળ રખાશે.

# આજે સ્પેન-આર્જેન્ટિના વચ્ચે ફિફા ફાઇનલ

ન્યૂ યૉર્ક: યુરોપના દેશ સ્પેને ૧૬મી સદીમાં દક્ષિણ અમેરિકાના રાષ્ટ્ર આર્જેન્ટિના પર રાજ કર્યું એના પાંચસો વર્ષ બાદ હવે સમય એવો આવ્યો છે કે સ્પેને ફૂટબૉલના મેદાન પર ૯૦ મિનિટ સુધી રાજ કરીને આર્જેન્ટિનાના કબજામાંથી ફિફા વર્લ્ડ કપનું ચૅમ્પિયનપદ આંચકી લેવાનું છે, પરંતુ લિયોનેલ મેસીની હાજરીમાં સ્પૅનિશ ટીમ માટે એ આસાન કામ જરાય નથી. વાત એવી છે કે આજે (મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યે) ન્યૂ યૉર્કના ન્યૂ જર્સી સ્ટેડિયમમાં વિશ્વ કપની ફાઇનલ શરૂ થશે એ સાથે બન્ને દેશના ખેલાડીઓ એકમેક પર પ્રભુત્વ જમાવવાની કોશિશ કરશે. બન્ને ફાઇનલિસ્ટ ટીમના ખેલાડીઓની રણનીતિ, લય, આક્રમકતા અને સંરક્ષણ ક્ષમતાની કસોટી થશે.

હવે જોવાનું એ છે કે આ વખતનું અપરાજિત અને યુરો ચૅમ્પિયન સ્પેન ૨૦૧૦ની સાલ પછી ફરી એક વખત વિશ્વ કપનો તાજ જીતશે કે આર્જેન્ટિનાને બૅક-ટુ-બૅક ટાઇટલ જીતવા મળી જશે. લિયોનેલ મેસીનો આ અંતિમ વર્લ્ડ કપ છે અને એમાં તે વિજયી મૂડમાં વિદાય લેવાનું પસંદ કરશે. જોકે રૉડ્રીની કૅપ્ટન્સીમાં સ્પેનને ટીનેજર લેમિન યમાલ સહિતના ખેલાડીઓ ટ્રોફી અપાવશે તો નવાઈ નહીં લાગે, કારણકે ફ્રાન્સે સેમિ ફાઇનલમાં વિદાય લીધી ત્યાર બાદ ચૅમ્પિયનપદ માટે આર્જેન્ટિના જેટલું જ ફેવરિટ સ્પેન છે.

# ઉદ્ધવને ફટકો: પક્ષપલટુ છ સાંસદના જૂથના શિંદે-સેનામાંના વિલયને સ્પીકરની મંજૂરી

નવી દિલ્હી: લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ શનિવારે શિવસેના (યુબીટી)ના છ સાંસદના જૂથના મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં વિલીનીકરણને મંજૂરી આપી દીધી છે. સાથે જ, એનસીપીઆઇ નામની ઓછી જાણીતી પાર્ટીમાં જોડાયેલા તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના ૨૦ બળવાખોર સાંસદોને અલગ બેઠક વ્યવસ્થા આપવાનો નિર્ણય લીધો છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છ સાંસદોના વિલીનીકરણ સાથે શિવસેનાની સંખ્યા સાતથી વધીને ૧૩ થઈ ગઈ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ટીએમસીના ૨૦ સાંસદોનું બળવાખોર જૂથ તેમની મૂળ પાર્ટીથી દૂર અલગ બેસશે.

બળવાખોર ટીએમસી સાંસદોની નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (એનસીપીઆઇ) તરીકે માન્યતા મેળવવાની માગ પર હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી અને આ બાબત હજુ વિચારણા હેઠળ છે. સ્પીકરે ટીએમસી અને શિવસેના (યુબીટી)ના બળવાખોર જૂથો અંગેનો નિર્ણય તેમની મૂળ પાર્ટીઓ દ્વારા કરવામાં આવેલી ગેરલાયકાતની માગને અવગણીને લીધો છે. બળવાખોર ટીએમસી સાંસદો રવિવારે યોજાનારી સર્વપક્ષી બેઠકમાં પણ ભાગ લે તેવી શક્યતા છે.

શિવસેના (યુબીટી) ના સંદર્ભમાં પણ આવી જ પ્રક્રિયા કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સંસદના કાયદાકીય અને બંધારણીય નિષ્ણાતો સાથે પણ પરામર્શ કરવામાં આવ્યો હતો, જેમણે સ્પીકરને અંતિમ નિર્ણય લેવામાં મદદ કરવા માટે તેમના મંતવ્યો આપ્યા હતા.

આ નિર્ણયો ૨૦ જુલાઈથી શરૂ થનારા સંસદના ચોમાસુ સત્રના બે દિવસ પહેલા લેવામાં આવ્યા છે. આ નિર્ણય લેતા પહેલા સમાન પરિસ્થિતિઓમાં અગાઉના લોકસભા સ્પીકરો અને રાજ્યસભાના અધ્યક્ષો દ્વારા લેવાયેલા નિર્ણયો તથા ભૂતકાળના દાખલાઓ તપાસવામાં આવ્યા હતા. બંધારણીય અને કાયદાકીય પાસાઓ પર પણ ધ્યાન આપવામાં આવ્યું હતું.

# મહિલા અનામત-સીમાંકન ખરડા સંસદના સત્રને ગજવશે

નવી દિલ્હી : સરકાર અને વિપક્ષ સોમવારથી સંસદના વધુ એક તોફાની સત્ર માટે તૈયારી કરી રહ્યા છે જેમાં ઘણા મહત્ત્વપૂર્ણ ખરડાઓ રજૂ થવાની સંભાવના છે, જેમાં અગાઉ પરાજિત થયેલા સીમાંકન પરના બંધારણ સુધારા બિલનો સમાવેશ થાય છે, જોકે તે હજુ સુધી કાયદાકીય કાર્યસૂચિમાં સૂચિબદ્ધ નથી.

સરકારે, રવિવારે એક પરંપરાગત સર્વપક્ષી બેઠક બોલાવી છે, જે સત્રના એક દિવસ પહેલા છે, ચોમાસું સત્ર ૧૩ ઓગસ્ટ સુધી ચાલુ રહેવાની સંભાવના છે.

વિપક્ષમાં ભંગાણને કારણે બદલાયેલા રાજકીય સમીકરણો સાથે નવું સત્ર, સોમવારે નીટ પેપર લીક, અયોધ્યામાં રામ મંદિરમાં દાનની કથિત ઉચાપત પરના વિવાદ, મહિલા અનામત અને મતવિસ્તારોના સીમાંકનને લાગુ કરવા માટે બંધારણ સુધારા બિલ જેવા અનેક ઉગ્ર મુદ્દાઓની છાયામાં ખુલશે.

સરકારને નિશાન બનાવવા માટે ઉપરોક્ત તથા અન્ય કેટલાક મુદ્દાઓનો ઉપયોગ કરવાની વિપક્ષની યોજના છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારની પ્રાથમિકતા ચોમાસુ સત્ર દરમિયાન મુખ્ય કેટલાક બિલ પસાર કરવાની રહેશે.

ભાજપની આગેવાની હેઠળના એનડીએના વ્યૂહરચનાકારો આ બિલો પસાર કરવા માટે જરૂરી બે તૃતીયાંશ બહુમતી મેળવવા માટે સક્રિય રીતે કામ કરી રહ્યા છે, ત્યારે મુખ્ય વિપક્ષ કોંગ્રેસ પ્રતિ-આક્રમક કાર્યવાહી કરવાની યોજના બનાવી રહી છે.

સરકારે ચોમાસું સત્રમાં વિચારણા અને પસાર કરવા માટે સૂચિબદ્ધ કરેલા બિલોમાં એફસીઆરએ સુધારા બિલ અને વિક્ષિત ભારત શિક્ષા અધિષ્ઠાન બિલ સહિત કેટલાક વિવાદાસ્પદ બિલનો સમાવેશ થાય છે. સત્ર દરમિયાન રજૂ થનારા અન્ય બિલોમાં રાષ્ટ્રગીત વંદે માતરમના અવરોધ અને અપમાનને ફોજદારી ગુનો બનાવવા અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વધારવા અને સરકારી બોન્ડમાં રોકાણ કરવા માટે એફઆઈઆઈને મૂડી કર મુક્તિ આપવા માટેના વટહુકમોને બદલવા માટેના બિલનો સમાવેશ થાય છે.

જોકે કોંગ્રેસને વિશ્વાસ છે કે ઇન્ડિ-બ્લોક પક્ષો સીમાંકન બિલનો વિરોધ કરવાનું ચાલુ રાખશે, જોકે, એનસીપી-એસપી અને શિવસેના (યુબીટી), ડીએમકે સહિત અનેક વિપક્ષી પક્ષોએ પહેલાથી જ સંકેત આપ્યો છે કે જો રાજ્યો માટે પૂરતા રક્ષણાત્મક પગલાં કાયદાના ડ્રાફ્ટમાં સામેલ કરવામાં આવે તો તેઓ સરકારને સમર્થન આપશે.

### નેશનલ ફિલ્મ્સ અવૉર્ડ્સ જાહેર

# કાર્તિક આર્યન-મમૂટી શ્રેષ્ઠ અભિનેતા: યામી ગૌતમ બૅસ્ટ અભિનેત્રી

### ગુજરાતી શ્રેષ્ઠ ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર 'મારણ - ધ હન્ટ'ને

નવી દિલ્હી: માહિતી અને પ્રસારણ મંત્રાલયે શનિવારે અહીં ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ્સ પુરસ્કારની જાહેરાત કરી હતી, જેમાં કાર્તિક આર્યન અને મમૂટીને શ્રેષ્ઠ અભિનેતા તેમ જ યામી ગૌતમને શ્રેષ્ઠ અભિનેત્રીના અવૉર્ડ માટે પસંદ કરાયા હતા.

ગુજરાતી ફિલ્મ્સના વર્ગમાં 'મારણ - ધ હન્ટ'ને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ તરીકે પસંદ કરાઇ હતી.

કાર્તિક આર્યનને 'ચંદુ ચેમ્પિયન' અને મમૂટીને 'બ્રહ્મયુગમ્' માટે શ્રેષ્ઠ અભિનેતાના પુરસ્કાર મળ્યા હતા.

યામી ગૌતમને નઆર્ટિકલ ૩૭૦' માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો અવૉર્ડ મળ્યો હતો. શ્રેષ્ઠ ફિલ્મ ક્રિટિકનો પુરસ્કાર સંજીવ શ્રીવાસ્તવને ફાળે ગયો હતો. મરાઠી ફિલ્મ્સના વર્ગમાં 'હમસફર'ને શ્રેષ્ઠ ફિલ્મનો અવૉર્ડ મળ્યો હતો. બૅસ્ટ કૉરિયોગ્રાફીનો પુરસ્કાર વિજય ગાંગુલીને સ્ત્રી ટૂ (આજ કી રાત) માટે, બૅસ્ટ લિરિક્સનો અવૉર્ડ મનોજ મુંતશિરને નજાને દોથ માટે, બૅસ્ટ મ્યૂઝિક ડિરેક્શનનો પુરસ્કાર શાશ્વત સચદેવને નઆર્ટિકલ ૩૭૦' માટે, બૅસ્ટ કૉસ્ચ્યૂમનો અવૉર્ડ 'પુષ્પા ટૂ' માટે દીપાવલી નૂર અને શીતલ શર્માને, બૅસ્ટ સાઉન્ડ ડિઝાઇન માટે નભુલ ભુલૈયા થ્રીથને, બૅસ્ટ ડાયલૉગ રાઇટર તરીકે વેંકી એટલુરીને નલકી ભાસ્કરથ માટે અને બૅસ્ટ મૅલ પ્લૅબૅક માટે અભય જોધપુરકર (મરાઠી)ને પસંદ કરાયા હતા.

બૅસ્ટ સપૉર્ટિંગ એક્ટ્રેસ તરીકે સચના નામિદાસ (મહારાજા), બૅસ્ટ સપૉર્ટિંગ એક્ટર તરીકે સંજય મિશ્રા (ભક્ષક), શ્રેષ્ઠ દિગ્દર્શન માટે આનંદ એલ. રાય (એકતા કા પ્રતીક)ને ફાળે પુરસ્કાર ગયા હતા અને બૅસ્ટ ફીચર ફિલ્મ માટે 'આર્ટિકલ ૩૭૦' પસંદ કરાઇ હતી.

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૯-૭-૨૦૨૬ થી તા. ૨૫-૭-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ વૃષભ રાશિમાં સ્થિર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. વક્રી બુધ મિથુન રાશિમાં તા. ૨૩મીએ માર્ગી થાય છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર સિંહ રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કન્યા રાશિમાં રહે છે. તા. ૨૧મીએ તુલા રાશિમાં, તા. ૨૩મીએ વૃશ્ચિક રાશિમાં પ્રવેશે છે અને સપ્તાહના અંત સુધી અહીં વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં નવા પ્રકારના કામકાજનો પ્રારંભ થઈ શકે છે. નોકરી માટે તા. ૧૯, ૨૦, ૨૩ શુભ જણાય છે. સપ્તાહમાં મિલકતના નિર્ણયો, વાહનના નિર્ણયો સફળતાથી લઈ શકશો. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. સામાજિક રાજકીય પ્રવૃત્તિઓમાં મહિલાઓએ સાવધાની દાખવવી જરૂરી છે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસ માટે સરળ તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણના આયોજનોનો અમલ થઈ શકશે. નોકરી માટે તા. ૨૦, ૨૨, ૨૩ શુભ જણાય છે. ભાઈ-બહેનો સાથેના આ સપ્તાહના નાણાં વ્યવહાર પૂર્ણ કરી શકશો. વેપારમાં નવા સંબંધો નિર્માણ થશે. આર્થિક વ્યવહારો પૂર્ણ થાય. આવકના નવા સાધનો મેળવશો. મહિલાઓ આ સપ્તાહમાં સહપરિવાર પ્રવાસનું આયોજન કરી શકશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં મક્કમપણે જટિલ અભ્યાસમાં પણ સફળતા મેળવી શકશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનું નાણાં રોકાણ શક્ય છે. નોકરીના સ્થળની બદલી થાય તેમ છે. તા. ૨૨, ૨૪, ૨૫ નોકરીક્ષેત્રે સફળતા દર્શાવે છે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. લખાણ-કરારના કામકાજ પણ પૂર્ણ થઈ શકશે. વ્યક્તિગત મૂંઝવણો આ સપ્તાહમાં દૂર થાય. મહિલાઓને નોકરીમાં ઉપરી અધિકારીનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ અભ્યાસના લક્ષ્ય પૂર્ણ કરી શકશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર અને નવું રોકાણ પણ લાભદાયી પુરવાર થશે. નોકરીમાં તા. ૨૦, ૨૪, ૨૫ શુભ જણાય છે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય જણાય છે. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં, સફળતા મેળવશો. કંપનીના ઉચ્ચ હોદ્દેદારો, સરકારી અધિકારીઓનો સહયોગ મેળવશો. વેપારના નિર્ણયોમાં અનુકૂળતા જણાશે. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદી માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનાં સફળ કામકાજો ગોચર ગ્રહફળ દર્શાવે છે. નોકરી માટે તા. ૧૯, ૨૦, ૨૪ શુભ જણાય છે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. કારોબારના મિત્રો સાથે વ્યવહારુતા દાખવી પ્રશ્નનો ઉકેલ લાવવો જરૂરી જણાય છે. મહિલાઓનો સહપરિવાર પ્રવાસ શક્ય જણાય છે. મહિલાઓને પ્રવાસ દ્વારા પરિવારના પ્રસંગોમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને અધ્યયન માટેનાં સાધનો સરળતાથી પ્રાપ્ત થતાં જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક વેપાર અનુકૂળ બની રહેશે. નોકરી માટે તા. ૨૦, ૨૪, ૨૫ શુભ જણાય છે. નોકરીમાં નવીન જવાબદારીઓ પણ પ્રાપ્ત કરશો અને પૂર્ણ કરવા માટે સફળતા પણ મેળવશો. ભાગીદાર સાથે વ્યવહારુ વલણ અપનાવી પ્રશ્નોનો ઉકેલ લાવવામાં સફળ રહેશો. મહિલાઓને કારોબારમાં પ્રગતિ જણાશે. નાણાં વ્યવહાર પણ પૂર્ણ થઈ શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અધ્યયન માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને વાયદાનો વેપાર પણ સફળતા દર્શાવે છે. નોકરી માટે તા. ૧૯, ૨૨, ૨૩ શુભ જણાય છે. નોકરીમાં યશસ્વીપણું અનુભવશો. નવા કારોબારનો પ્રારંભ થાય. નાણાં આવકનાં નવાં સાધનો મેળવશો. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે સફળ તકો જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૯, ૨૦, ૨૪ શુભ જણાય છે. નાણાંની આવક જળવાઈ રહેશે. નવાં આવકનાં સાધનો પણ મેળવશો. મિલકતના નિર્ણયો સફળતાથી લઈ શકશો. કાર્યક્ષેત્રે જરૂરી સાધન સગવડતાઓ પણ પ્રાપ્ત કરશો. મહિલાઓ નવા કારોબારનો પ્રારંભ કરી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અભ્યાસના પ્રારંભની તક પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણના નિર્ણયોનો અમલ થઈ શકશે. નોકરી માટે તા. ૨૦, ૨૧, ૨૩ શુભ જણાય છે. મકાન-મિલકતના નિર્ણયો લંબાઈ જાય તેમ છે. મકાન માટેના ખરીદીના નિર્ણયો પણ જન્માક્ષરના આધારે લેવા જરૂરી છે. મિત્રો સાથે નાણાં વ્યવહારમાં સંભાળવું જરૂરી છે. મહિલાઓને પ્રવાસના નિર્ણયોમાં સફળતા જણાશે. સહપરિવાર પ્રવાસ શક્ય જણાય છે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા જાળવી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૧૯, ૨૨, ૨૩ નોકરી ક્ષેત્રે સફળતા દર્શાવે છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ રહેશે તથા જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરી શકશો. સ્વતંત્ર કારોબારમાં પ્રગતિ જણાશે તથા કારોબારના મિત્રો, ભાગીદારથી સફળતા પ્રાપ્ત કરશો. નાણાંની ઉપલબ્ધિ, બૅન્ક લોન નિયમિત આવક ઈત્યાદિ પરત્વે ગોચરગ્રહો શુભ જણાય છે. મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ અભ્યાસનાં સાધનો સરળતાથી પ્રાપ્ત કરી શકશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળતા દર્શાવે છે. નોકરી માટે તા. ૨૨, ૨૪, ૨૫ શુભ જણાય છે. નોકરીના અધિકારીનું માર્ગદર્શન મેળવશો. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સફળતાથી પૂર્ણ કરી શકશો. ભાગીદારનો સુખદ અનુભવ થાય. કાર્યક્ષેત્રે ભાગીદારનો સહયોગ મેળવશો. સપ્તાહમાં મહિલાઓને નિજી કાર્યક્ષેત્રે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અધ્યયનમાં પ્રગતિ જાળવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના નાણાં રોકાણ અને વાયદાના વેપાર સફળ દર્શાવે છે. નોકરીમાં બદલી શક્ય છે તથા તા. ૨૦, ૨૧, ૨૩ નોકરી ક્ષેત્રે સફળતા દર્શાવે છે. કાર્યક્ષેત્રે પ્રસિદ્ધિ મેળવશો તથા સરકારી કામકાજો પણ સરળતાથી પૂર્ણ થઈ શકશે. મહિલાઓને નોકરીના ક્ષેત્રે સહકાર્યકરો ઉપયોગી થશે. વિદ્યાર્થીઓએ અભ્યાસના સતત અને સખત પરિશ્રમમાં પણ સ્વાસ્થ્ય માટે કાળજી લેવી જરૂરી જણાય છે. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, રવિવાર, તા. ૧૯-૭-૨૦૨૬, વાર અને નક્ષત્ર મુજબ ભગવાન સૂર્યનારાયણનું પૂજન શ્રેષ્ઠ

ભારતીય દિનાંક ૨૮, માહે આષાઢ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮,
અષાઢ સુદ -૬
જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ સુદ-૬
પારસી શહેનશાહી રોજ ૯મો આદર,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
પારસી કદમી ૪થો શહેરેવર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
પારસી ફસલી રોજ ૧લો હોરમજદ,
માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૪થો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
મીસરી રોજ ૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૮-૧૧ સુધી, પછી હસ્ત
ચંદ્ર કન્યામાં,
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૬, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
ભરતી : બપોરે ક. ૧૫-૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૦૧ (તા. ૨૦)
ઓટઃ સવારે ક. ૦૯-૦૯, રાત્રે ક. ૨૨-૦૫
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ શુક્લ - ષષ્ઠી. કુમાર ષષ્ટિ, કસુંબા ષષ્ટિ, કદર્મ ષષ્ટિ (બંગાળ), સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી માતાનું પૂજન, ગાયત્રી હવન, જાપ, અર્યમા પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, પ્રયાણ મધ્યમ, મિત્રતા કરવી, મુંડન કરાવવું નહીં, નવાં વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર, નોકરી, દસ્તાવેજ બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, સીમંત સંસ્કાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો. ધજા, કળશ પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, વિનાયક પૂજા, શિવપૂજા, વિષ્ણુ-લક્ષ્મી પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ એકાગ્ર સ્વભાવ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મક્કમ સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ
ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૯-૭-૨૦૨૬ થી તા. ૨૫-૭-૨૦૨૬

રવિવાર, આષાઢ સુદ-૬, વિ. સં. ૨૦૮૨, તા. ૧૯મી જૂન, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૮-૧૧ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. કુમાર ષષ્ટિ, કસુંબા ષષ્ટિ, કદર્મ ષષ્ટિ (બંગાળ), શુભ દિવસ.

સોમવાર, આષાઢ સુદ-૭, તા. ૨૦મી. નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૧૯-૦૯ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. વિવસ્ત સપ્તમી, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં સવારે ક. ૧૧-૨૯, વાહન ઉંદર (સંયોગિયું નથી) ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૨ થી સાંજે ક. ૧૬-૩૩. શુભ દિવસ.

મંગળવાર, આષાઢ સુદ-૮, તા. ૨૧મી, નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૨૦-૪૮ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં સવારે ક. ૦૭-૫૪ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, ખરસી પૂજા (ત્રિપુરા), પરશુરામાષ્ટમી (ઓરિસ્સા), બુધ પૂર્વમાં દર્શન. શુભ દિવસ.

બુધવાર, આષાઢ સુદ-૯, તા. ૨૨મી જુલાઈ, નક્ષત્ર સ્વાતિ રાત્રે ક. ૨૩-૦૨ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. શ્રી હરિ નવમી, નવમી વૃદ્ધિ તિથિ છે. ભડલી નોમ, મેલા શરીફ ભગવતી (કાશ્મીર). શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, આષાઢ સુદ-૯, તા. ૨૩મી, ૨૦૨૬, નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૩ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં રાત્રે ક. ૧૯-૦૦ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. મન્વાદિ, ભારતીય શ્રાવણ માસારંભ, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૧૯.૦૦. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, આષાઢ સુદ-૧૦, તા. ૨૪મી, નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૬ સુધી (તા. ૨૫મી), પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૨૧, વિંછુડો, પુનર્યાત્રા. શુભ દિવસ.

શનિવાર, આષાઢ સુદ-૧૧, તા. ૨૫મી, નક્ષત્ર જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. દેવશયની એકાદશી (દ્રાક્ષ), સૌરાષ્ટ્રમાં મોળાકત પ્રારંભ, રવિનારાયણ એકાદશી (ઓરિસ્સા), વિષ્ણુ શયનોત્સવ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૩૪, વિંછુડો, ચાતુર્માસારંભ. શુભ દિવસ. ■

# ઈરાનના હુમલામાં કુવૈતના પાણી અને તેલના પ્લાન્ટ્સને ભારે નુકસાન

દુબઈઃ ઇરાને શનિવારે કરેલા હુમલામાં કુવૈતના પાણી અને તેલના પ્લાન્ટ્સને ઘણું નુકસાન પહોંચ્યું હતું. આ ઉપરાંત, અમેરિકાએ ઇરાનના આંતરિક માળખા પર હુમલા ચાલુ રાખ્યા હતા. ઇરાને દરિયાનું પાણી પીવાલાયક બનાવવા માટેના કુવૈતના પ્લાન્ટ અને ઑઇલ ફેસિલિટી પર હુમલા કર્યા હતા. તેને લીધે ભીષણ આગ લાગતા વીજળી બનાવતાં યુનિટ્સ પણ બંધ કરવા પડ્યાં હતાં.

અમેરિકાના લશ્કરના સેન્ટ્રલ કમાંડે દાવો કર્યો હતો કે અમે ઇરાનની સર્વિલન્સ સાઇટ્સ, લશ્કરના લૉજિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ભૂગર્ભમાં શસ્ત્રોનો સંગ્રહ કરવાના મથક અને નૌકાદળની ક્ષમતાને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. કુવૈતે શનિવારે ઇરાનના મિસાઇલ્સ હુમલાના ભયને કારણે પોતાની હવાઇસીમા વિમાનોના ઉડ્ડયન માટે કામચલાઉ બંધ કરી હતી. કુવૈત ઍરવેઝે પોતાની અસંખ્ય ફ્લાઇટ્સના સમયમાં ફેરફાર કર્યો હતો.

ઇરાકે પોતાના ઇરબિલ શહેર પર દુશ્મનોના ડ્રોન્સ તોડી નાખ્યા હતા. જૉર્ડને ઇરાનના કેટલાક મિસાઇલ્સ તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો હતો. બાહરીનમાં પણ શનિવારે હવાઇ હુમલાની ચેતવણી આપતી સાઇરન અનેક વખત વગાડાઇ હતી. અગાઉ, અમેરિકાએ ઇરાન પર ફરી શરૂ કરેલા હુમલામાં અનેક લોકો માર્યા ગયા હતા અને ઘણાં ઘાયલ થયા હતા. અખાતમાં વધેલી તંગદિલીને લીધે ખનિજ તેલ, ગૅસ અને ખાતરના ભાવમાં ફરી વધારો થઇ રહ્યો છે.

અમેરિકાએ હુમલા કરીને ઇરાનના બંદર અબ્બાસમાં ધોરીમાર્ગ અને પુલ તેમ જ બે ટનલને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ઇરાનના તાજેતરના હુમલામાં અમેરિકાના ભૂમિદળના ૧૦ સૈનિક અને નૌકાદળના ત્રણ ખલાસી ઘાયલ થયા હતા. (એજન્સી)

# સોનમ વાંગચૂકને પોલીસે હૉસ્પિટલમાં દાખલ કર્યા

નવી દિલ્હીઃ અહીંના જંતર મંતર ખાતે ૨૧ દિવસથી અનશન પર બેઠેલા કાર્યકર સોનમ વાંગચુકને દિલ્હી પોલીસે સફદરજંગ હૉસ્પિટલમાં શિફ્ટ કર્યા હતા.

આમ છતાં, તેઓ ઇન્ટ્રાવીનસ (આઇવી) ફ્લુઇડ્સ, મોઢેથી રિહાઇડ્રેશન સોલ્યુશન અને અન્ય દવા લેવાનો સતત ઇનકાર કરી રહ્યા હતા.

દરમિયાન, તેમના પત્ની ગીતાંજલિ જે. અંગ્મોએ જણાવ્યું હતું કે સોનમ વાંગચુકની તબિયત હાલમાં સારી છે. અમે તેમને લઇને સંસદ ભણી કૂચ કરવા કટિબદ્ધ છીએ.

નવી દિલ્હીના પોલીસ ડેપ્યુટી કમિશનર સચિન શર્માએ જણાવ્યું હતું કે દિલ્હી વડી અદાલતના આદેશ મુજબ સોનમ વાંગચુકને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા અને ત્યાં તેમની તબીબી સારવાર કરાઇ રહી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે સોનમ વાંગચુક અનશન પર હોવાથી તેમના શરીરમાં પાણીનું પ્રમાણ ઘણું ઘટી ગયું હતું. આમ છતાં, હાલમાં તેમની તબિયત સ્થિર છે.

સોનમ વાંગચુકને હૉસ્પિટલમાં લઇ જવાનો અમુક કાર્યકરે વિરોધ કર્યો હતો, પરંતુ દિલ્હી પોલીસે વિરોધીઓ સામે સંયમ રાખીને વાંગચુકને હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા.

કૉક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ જણાવ્યું હતું કે પોલીસે દેખાવકારો પર અત્યાચાર ગુજાર્યો હતો. દિલ્હી પોલીસે મને માર માર્યો હતો અને મારી અટકાયત કરી હતી.

તેણે જણાવ્યું હતું કે દિલ્હી પોલીસ વાંગચુકને સફેદ ચાદરમાં લપેટીને લઇ ગઇ હતી.

દિલ્હીમાં જંતર-મંતર ખાતે ૨૧ દિવસથી ભૂખહડતાળ પર બેઠેલા કાર્યકર્તા સોનમ વાંગચૂકને તબીબી સલાહ અને દિલ્હી હાઈ કોર્ટના નિર્દેશોને પગલે પોલીસે શનિવારે સવારે સફદરજંગ હોસ્પિટલ ખસેડ્યા હતા. આ પગલાં સામે વિપક્ષી પાર્ટીઓએ આકરો વિરોધ નોંધાવ્યો છે અને સરકાર પર અસંતોષને દબાવવાનો આરોપ લગાવ્યો છે.

વિરોધ સ્થળ છોડવાના પોલીસના આદેશને નકારી કાઢીને, કોક્રોચ જનતા પાર્ટી (CJP) એ નીટ પેપર લીક મુદ્દે આંદોલન વધુ તેજ કર્યું છે. આ કાર્યવાહી બાદ તરત જ પક્ષના સ્થાપક અભિજીત દીપકે અનિશ્ચિત મુદતની ભૂખહડતાળ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી રહેલા આ સંગઠને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાજીનામાની માગ કરી છે અને ૨૦ જુલાઈએ સંસદ સુધીના તેમના નિર્ધારિત માર્ચના કાર્યક્રમ પર મક્કમ રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. (એજન્સી)



## દીપકેનું મોં કાળું કરાયું, શાહી ફેંકાઇ

નવી દિલ્હીઃ શનિવારે બપોરે જંતર-મંતરમાં વિરોધ સ્થળ પર કાર્યકર્તા સોનમ વાંગચૂકને હૉસ્પિટલમાં ખસેડવા માટે પોલીસ કાર્યવાહી થયાના કલાકો પછી, એક મહિલાએ કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજીત દીપકે પર શાહી જેવું પ્રવાહી ફેંક્યું હતું. આ ઘટનાથી કાર્યક્રમ થોડા સમય માટે ખોરવાઈ ગયો હતો કારણ કે સમર્થકો સ્ટેજ તરફ દોડી ગયા હતા, જેના કારણે અફરાતફરી મચી ગઇ હતી.

મહિલાની ઓળખ અને કૃત્ય પાછળનો હેતુ તાત્કાલિક જાણી શકાયો નથી. જોકે, પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે તેની અટકાયત કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે આ મામલાની વધુ તપાસ ચાલી રહી છે.

# એલઓસી પર ઘૂસણખોરીનો પ્રયાસઃ બંને બાજુથી ભારે ગોળીબાર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા પર શંકાસ્પદ ગતિવિધિઓ જોવા મળ્યા બાદ ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપતા ગોળીબાર કર્યો છે.

રાજૌરી સેક્ટરમાં એલઓસી નજીકના તારકુંડી વિસ્તારમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ભારે ગોળીબાર થયો હતો. ગોળીબારની આડમાં પાકિસ્તાની સેના આતંકવાદીઓને ઘૂસણખોરી કરાવવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ ભારતીય જવાનોએ વળતો જવાબ આપી તેમની આ હતાશ કોશિશને નિષ્ફળ બનાવી દીધી. આ ગોળીબાર લગભગ બે કલાક સુધી ચાલ્યો હતો.

આ ઘટના બાદ રક્ષા અધિકારીઓએ એવી આશંકા વ્યક્ત કરી છે કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) ખરાબ સ્થિતિને કારણે પાકિસ્તાની સેના લોકોનું ધ્યાન ભટકાવવા માટે એલઓસી પર નવા મોરચા ખોલી શકે છે. આ કારણે એલઓસી પર હાઈ ઍલર્ટ જારી કરવામાં આવ્યું છે.

અધિકારીઓએ શનિવારે માહિતી આપતા જણાવ્યું કે શુક્રવાર રાત્રે લગભગ ૧૦ વાગ્યે રાજૌરીના તારકુંડી ફોરવર્ડ એરિયામાં નાના હથિયારોથી ગોળીબાર શરૂ થયો હતો, જે લગભગ દોઢ કલાક સુધી ચાલુ રહ્યો હતો. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

એ વાત સત્ય છે કે જમ્મુ-કાશ્મીરમાં એલઓસી પર પાકિસ્તાન તરફથી આતંકવાદીઓની ઘૂસણખોરીના પ્રયાસો સતત ચાલુ છે, પરંતુ ભારતીય સેના, સીમા સુરક્ષા દળ અને અન્ય સુરક્ષા એજન્સીઓની બહુસ્તરીય દેખરેખ વ્યવસ્થાને કારણે મોટાભાગના પ્રયાસો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. આ વર્ષે પણ રાજૌરી, પુંછ, ઉડી, કુપવાડા અને નૌશેરા સેક્ટરમાં ઘૂસણખોરીના અનેક તાજા પ્રયાસો સામે આવ્યા છે, જેને સુરક્ષા દળોએ સમયસર નિષ્ફળ બનાવ્યા છે.

શનિવારે રાજૌરી જિલ્લામાં એલઓસી નજીક શંકાસ્પદ ગતિવિધિ જોવા મળ્યા બાદ સેનાએ વળતી કાર્યવાહી કરીને ઘૂસણખોરીનો વધુ એક પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. આના થોડા દિવસો પહેલા રાજૌરીના થન્નામંડી વિસ્તારમાં સીસીટીવી ફૂટેજમાં બે શંકાસ્પદ ઘૂસણખોરોની હિલચાલ દેખાયા બાદ વ્યાપક સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું.

# આતંકવાદ સામે ઝીરો ટૉલરન્સ એ ભારતની નીતિ છેઃ રાજનાથ

નવી દિલ્હી : એક કાર્યક્રમમાં સંબોધનમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પાકિસ્તાનને એક મજબૂત સંદેશ આપતા કહ્યું કે નવી દિલ્હીએ સમગ્ર વિશ્વ સમક્ષ આતંકવાદ પર પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ રીતે રજૂ કર્યો છે અને ઉમેર્યું હતું કે આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા એ ફક્ત અમારા માટે નિવેદન નથી, પરંતુ એક નીતિ છે.

આપણે આતંકવાદ સામે ફક્ત ઘરના દરવાજા પર જ નહીં પણ ઘરમાં પ્રવેશીને પ્રહાર કરીશું. ઓપરેશન સિંદૂર દરમિયાન આખી દુનિયાએ આ જોયું, એવું તેમણે નોંધ્યું હતું. તેમણે સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનમાં ભારતની સફળતા પર પણ પ્રકાશ પાડ્યો હતો.

સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનમાં મોટા વધારાને કારણે, ભારત ઝડપથી એક વિશ્વસનીય વૈશ્વિક સુરક્ષા ભાગીદાર તરીકે ઊભરી રહ્યું છે, હિંદ મહાસાગરથી હિંદ-પ્રશાંત સુધી તેની વ્યૂહાત્મક હાજરીનો વિસ્તાર કરી રહ્યું છે, તેવું સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે જણાવ્યું હતું.

ભારતમાં બનેલા સંરક્ષણ ઉત્પાદનો લગભગ ૧૦૦ દેશમાં નિકાસ કરવામાં આવી રહ્યા છે અને દેશના સંરક્ષણ ઉત્પાદનનો કુલ જથ્થો વાર્ષિક ₹ ૧.૭૮ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે, એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે રાષ્ટ્ર ૨૦૨૯ સુધીમાં ₹ ૩ લાખ કરોડ રૂપિયાના સંરક્ષણ ઉત્પાદનના સીમાચિહ્નરૂપને પહોંચી વળવા માટે સારી સ્થિતિમાં છે.

''જો કોઈ દેશ શસ્ત્રો, દારૂગોળો, નેવિગેશન સિસ્ટમ્સ, મિસાઇલો, રડાર અને ડ્રોન માટે અન્ય દેશો પર આધાર રાખે છે, તો તેની વ્યૂહાત્મક અને લશ્કરી સ્વાયત્તતા પણ મર્યાદિત થઈ જાય છે. અમે આને સંપૂર્ણપણે બદલવાના સંપૂર્ણ ઇરાદા સાથે કામ કરી રહ્યા છીએ,'' એમ તેમણે કહ્યું હતું.

# દેશના સૌપ્રથમ ખાનગી સબઓર્બિટલ રૉકેટે અનેક પૅલોડ્સ ભ્રમણકક્ષામાં મૂક્યા

શ્રીહરિકોટા (આંધ્ર પ્રદેશ): અહીંથી શનિવારે દેશના સૌપ્રથમ ખાનગી સબઓર્બિટલ રોકેટ વિક્રમ-૧ની ટેસ્ટ ફ્લાઇટ-૧ દ્વારા અનેક પૅલોડ્સ પૃથ્વીની નીચેની ભ્રમણકક્ષામાં મુકાયા હતા. આ પૅલોડ્સમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પોસ્ટકાર્ડ સહિતના કેટલાક પોસ્ટકાર્ડ્સ અને સામગ્રીનો સમાવેશ થાય છે.

હૈદરાબાદની સ્કાઇરૂટ ઍરોસ્પેસ દ્વારા લૉન્ચ કરાયેલા આ મિશનનું નામ નમિશન આગમનપ રખાયું છે.

કંપનીએ આ મિશનમાં મોટી સફળતા મળી હોવાનો દાવો કર્યો હતો.

ચાર તબક્કામાં બનેલું સાત માળ જેટલું ઊંચું વિક્રમ-૧ રૉકેટ ઇસરોના સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી બપોરે ૧૨.૦૫ વાગ્યે વાદળિયા આકાશમાં છોડાયું હતું ત્યારે ત્યાં નારંગી ધુમાડો ફેલાયો હતો. અગાઉ, આ રૉકેટ સવારે ૧૧.૩૦ વાગ્યે છોડવામાં આવવાનું હતું, પરંતુ બાદમાં તેના સમયમાં ફેરફાર કરીને બપોરે ૧૨.૦૫ વાગ્યે છોડવામાં આવ્યું હતું. રૉકેટના પૅલોડ્સમાં ગ્રહ સ્પેસ, કૉસ્મૉસર્વ, ડીક્યુબ્ડ અને સ્કાઇરૂટના સ્કોપનો સમાવેશ થતો હતો. તેઓને ૪૫૦ કિલોમીટરની લૉ અર્થ ઑર્બિટમાં મુકાયા હતા. લૉન્ચ વેહિકલે એક માઇક્રો-આર્ટ પૅલોડ, ૧૮ કેરેટનું સોનાનું રૉકેટ અને વડા પ્રધાન મોદીએ નવંદે માતરમ્‌થ લખેલું પોસ્ટકાર્ડ ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક મૂક્યું હતું. આ ઉપરાંત, ઇજનેરો, વિજ્ઞાનીઓ અને ભારતીય અવકાશયાત્રીઓ દ્વારા લખાયેલા પોસ્ટકાર્ડ્સ પણ પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મુકાયા હતા. વિક્રમ સારાભાઇ, વિજ્ઞાની સર સી. વી. રામન, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ. પી. જે. અબ્દુલ કલામના બહુ જ નાના ચિત્ર પણ ભ્રમણકક્ષામાં લઇ જવાઇ હતી.

સ્કાઇરૂટ ઍરોસ્પેસના સીઇઓ અને સહસ્થાપક પવનકુમાર ચંદ્રન અને અન્ય સહસ્થાપક નાગ ભરત ડાકા આ પ્રસંગે હાજર રહ્યા હતા. મોદીએ તેઓને ફોન કરીને અભિનંદન આપ્યા હતા. (એજન્સી)

# લોનમાં છેતરપિંડીઃ યુકેમાં ભારતીય મહિલાને જેલ

લંડનઃ કોવિડ રોગચાળાની ચરમસીમાએ વ્યવસાયોને ટેકો આપવા માટે સરકાર દ્વારા આપવામાં આવતી પાંચ લોન ગેરકાયદે રીતે મેળવવા બદલ છેતરપિંડીનો ગુનો કબૂલ કરનાર ભારતીય મૂળની મહિલાને યુકેની એક કોર્ટે બે વર્ષ ત્રણ મહિનાની જેલની સજા ફટકારી છે. ૫૦ વર્ષીય રૂપાલી વાઘે મે અને સપ્ટેમ્બર ૨૦૨૦ દરમિયાન તેના વ્યવસાયના ટર્નઓવરને વધારીને તેની ચાર કંપની માટે કુલ ૨૧૬,૨૫૦ પાઉન્ડ બાઉન્સ બેક લોન માટે અરજી કરી હતી. રૂપાલીએ શરતોનું સ્પષ્ટ ઉલ્લંઘન કરીને શેર ખરીદવા અને વ્યક્તિગત નાણાં ચૂકવવા માટે કેટલાક ભંડોળનો ઉપયોગ કર્યો હતો.

શુક્રવારે વેલ્સમાં તેને બે વર્ષ અને ત્રણ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી. ઇન્સોલ્વન્સી સર્વિસ યુકેના મુખ્ય તપાસકર્તા ડેવિડ સ્નાસ્ડેલે જણાવ્યું હતું કે રૂપાલી વાઘે રોગચાળામાંથી સાચા વ્યવસાયોને બચી જવા માટે રચાયેલ યોજનાને વ્યવસ્થિત રીતે લક્ષ્ય બનાવ્યું હતું.

# રામમંદિર દાન કૌભાંડ કેસમાં તપાસનો વ્યાપ વધ્યો

અયોધ્યાઃ રામ મંદિરના દાન કૌભાંડ કેસમાં અત્યાર સુધીમાં આઠ લોકોની ધરપકડ બાદ હવે તપાસનો વ્યાપ મંદિરના રોજિંદા કામકાજ સાથે જોડાયેલા તમામ લોકોની તપાસ કરવા સુધી વધારવામાં આવ્યો છે. મંદિરમાં ભક્તો દ્વારા દાનમાં આપવામાં આવેલી નોટોની ગણતરી કરવાના કામમાં લગભગ ૫૦ લોકો રોકાયેલા હતા. જેઓને ટ્રસ્ટના અધિકારીઓ અથવા તેમની સાથે ગાઢ રીતે જોડાયેલા લોકોની ભલામણ પર કામે રાખવામાં આવ્યા હતા.

તપાસકર્તાઓ હવે આ કર્મચારીઓની પૃષ્ઠભૂમિની તપાસ કરી રહ્યા છે. તેમજ રોકડ ગણતરીના કામમાં આવ્યા પછી તેમાંથી કોઇએ તેમની આવકના જાણીતા સ્રોતો કરતાં વધુ સંપત્તિ એકઠી કરી છે કે નહીં તેની પણ તપાસ કરી રહ્યા છે.

પોલીસ સૂત્રોએ એ પણ પુષ્ટિ કરી છે કે ટ્રસ્ટના સંચાલન સાથે સંકળાયેલા કેટલાક વરિષ્ઠ અધિકારીઓ અને સમયાંતરે ટ્રસ્ટના કામકાજમાં સામેલ કેટલાક સરકારી અધિકારીઓ પણ તપાસના દાયરામાં આવ્યા છે.

# ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૨૬.૦૨ ટકા વરસાદ નોંધાયો, આગામી સાત દિવસ માટે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાનો બીજો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. ગુજરાતમાં સામાન્ય કરતાં ૩૧ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૨૬.૦૨ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમા ૨૫ જિલ્લાના ૯૫ તાલુકામાં વરસાદ પડયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સરરાશ ૪.૫૪ મિમિ વરસાદ ખાબક્યો હતો. આ દરમિયાન સૌથી વધારે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકમાં ૯૪ મિમી વરસાદ નોંધાયો હતો. તે પછી ક્રમશઃ નવસારીના ખેરગામ તાલુકામાં ૫૫ મિમી, સુરતના કામરેજ તાલુકામાં ૫૪ મિમી અને આણંદના પેટલાદમાં ૫૨ મિમી વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્ર દ્વારા ૭ દિવસનું પૂર્વાનુમાન જાહેર કરવામાં આવ્યું હતું.

૧૮ જુલાઈના રોજ વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, દમણ, વલસાડ, દાદરા અને નગર હવેલીનાં ઘણાં સ્થળોએ હળવાથી મધ્મય વરસાદની આગાહી છે. કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર , આણંદ, અમદાવાદ, ખેડા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલના કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

૧૯ જુલાઈને રવિવારે ગુજરાત સાર્વત્રિક વરસાદની આગાહી છે. તમામ જિલ્લામાં છૂટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે ૨૦ જુલાઈને સોમવારે વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, દમણ, વલસાડ, દાદરા અને નગર હવેલીનાં કેટલાંક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ, જામનગર, રાજકોટ, અમરેલી, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, આણંદ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી, સારબકાંઠા, મહેસાણા, પાણટ, બનાસકાંઠા, વાવ થરાદમાં છૂટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

૨૦ થી ૨૪ જુલાઈ દરમિયાન સોમવારથી શુક્રવાર સુધી રાજ્યમાં વરસાદનું જોર અમુક ચોક્કસ વિસ્તારો પૂરતું સીમિત રહેશે.

આ દરમિયાન વડોદરા, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અઠવાડિયાના તમામ દિવસો દરમિયાન કેટલાક સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ ચાલુ રહેશે.

જ્યારે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર-મધ્ય ગુજરાતમાં રાજકોટ, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, કચ્છ, દીવ તેમજ અમદાવાદ, ખેડા, આણંદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠાના વિસ્તારોમાં માત્ર છૂટાછવાયાં સ્થળોએ જ હળવા વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે. ■

# ગુજરાત રોકાણ માટે સૌથી વિશ્વસનીયઃ નીતિ આયોગના 'ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલીનેસ ઇન્ડેક્સ ૨૦૨૬'માં નંબર વન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતે રોકાણ અને ઔદ્યોગિક વિકાસના ક્ષેત્રે વધુ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલા દેશના પ્રથમ 'ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલીનેસ ઇન્ડેક્સ ૨૦૨૬'માં ગુજરાતે ૫૬.૬ના સર્વોચ્ચ સ્કોર સાથે મોટાં રાજ્યોની શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ૧૭ અગ્રણી રાજ્યોના મૂલ્યાંકનમાં ગુજરાતે મહારાષ્ટ્ર (૫૩.૭) અને તમિળનાડુ (૫૩.૩)ને પાછળ રાખીને દેશના સૌથી 'ઇન્વેસ્ટમેન્ટ-ફ્રેન્ડલી' રાજ્ય તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે. આ રેન્કિંગના માધ્યમથી રાજ્ય સરકારની ઉદ્યોગલક્ષી નીતિઓ, કાર્યક્ષમ વહીવટી વ્યવસ્થા અને રોકાણને પ્રોત્સાહન આપતા સુધારાઓને રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે. નીતિ આયોગનો આ સૂચકાંક ૮૪ સૂચકાંકો અને આઠ મુખ્ય સ્તંભોના આધારે રાજ્યોનું મૂલ્યાંકન કરે છે.

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાતની નીતિગત સ્થિરતા અને રોકાણકારો માટે વ્યવસાયને અનુકૂળ વાતાવરણ એ રાજ્યની મુખ્ય વિશેષતાઓ છે. રાજ્યનું ઇન્ડસ્ટ્રિઅલ એક્સટેન્શન બ્યૂરો રોકાણકારોને સિંગલ-વિન્ડો ક્લિયરન્સ સાથે એન્ડ-ટુ-એન્ડ સહાય પૂરી પાડે છે, જેના પરિણામે રોકાણની પ્રક્રિયા વધુ ઝડપી, પારદર્શક અને સરળ બની છે. ઉપરાંત, ઉદ્યોગો માટે એનઓસી (નો ઓબ્જેક્શન પ્રમાણપત્ર) સમયસર અને વાજબી ખર્ચે મળી રહે તે માટે સુવ્યવસ્થિત અને પારદર્શક પ્રક્રિયા અમલમાં છે, જે 'ઈઝ ઑફ ડૂઇંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપે છે.

એટલું જ નહીં, સરકાર દ્વારા આવશ્યક સેવાઓમાં હડતાલ પરના પ્રતિબંધને કારણે રાજ્યમાં 'લેબર ડિસરપ્શન' (શ્રમ વિક્ષેપ)ની સ્થિતિ નહિવત્ છે. પરિણામે રાજ્યમાં ઉદ્યોગો માટે સુરક્ષિત અને સ્થિર શ્રમ વાતાવરણ ઉપલબ્ધ બન્યું છે.

રિપોર્ટ અનુસાર, ગુજરાતનું મજબૂત ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણકારોને આકર્ષવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ધોલેરા એસઆઈઆર, ગિફ્ટ સિટી, સાણંદ, દહેજ, ઝઘડિયા અને સાયખા જેવા આધુનિક ઔદ્યોગિક ક્લસ્ટર્સ રોકાણકારોને વિશ્વસ્તરીય પ્લગ-એન્ડ-પ્લે સુવિધાઓ પૂરી પાડી રહ્યા છે, જેના પરિણામે ઉદ્યોગોની સ્થાપના અને સંચાલન વધુ ઝડપી તથા સરળ બન્યા છે. આ જ મજબૂત ઇકોસિસ્ટમના બળે રાજ્યની દ્વિવાર્ષિક 'વાઇબ્રન્ટ ગુજરાત સમિટ' સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રોકાણકારોને આકર્ષવામાં અત્યંત સફળ રહી છે.

લોજિસ્ટિક્સ અને કનેક્ટિવિટીના ક્ષેત્રમાં પણ ગુજરાતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. રાજ્યમાં દેશના કુલ સ્ટેટ હાઇવે નેટવર્કનો આશરે ૧૦ ટકા હિસ્સો છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં લગભગ ચાર ગણો વધુ છે. રાષ્ટ્રીય એક્સપ્રેસવેની સૌથી વધુ લંબાઈ (અંદાજિત ૬૩૫ કિમી) ગુજરાતમાં છે, જ્યારે દેશના કુલ રેલવે નેટવર્કનો સાત ટકા ભાગ પણ રાજ્યમાં સ્થિત છે. રિપોર્ટ અનુસાર, ઓછા ટર્નઅરાઉન્ડ ટાઇમ અને કાર્યક્ષમ લોજિસ્ટિક્સ વ્યવસ્થાને કારણે રાજ્યની સપ્લાય ચેઇન વધુ સ્પર્ધાત્મક બની છે.

રિપોર્ટમાં ગુજરાતના પાવર સેક્ટરને પણ રોકાણ આકર્ષવામાં મહત્ત્વપૂર્ણ પરિબળ તરીકે દર્શાવવામાં આવ્યો છે. રાજ્યમાં ઔદ્યોગિક ગ્રાહકો માટે વીજળીની કિંમત રાષ્ટ્રીય સરેરાશ કરતાં આશરે ૨૯ ટકા ઓછી છે. ઉપરાંત, રાજ્યમાં સરેરાશ દરરોજ ૨૩.૮ કલાક વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે છે, જે મોટાં રાજ્યોની સરેરાશ કરતાં વધુ છે. સ્પર્ધાત્મક વીજ દરો અને વિશ્વસનીય વીજ પુરવઠાના કારણે ગુજરાત ઉદ્યોગો માટે વધુ અનુકૂળ બન્યું છે.

રિપોર્ટ અનુસાર, ગુજરાતનો મજબૂત આર્થિક પાયો પણ રોકાણકારોના વિશ્વાસ માટે મહત્ત્વપૂર્ણ પાસું છે. ભારતની કુલ મર્ચેન્ડાઇઝ નિકાસમાં રાજ્યનો ૩૧ ટકા હિસ્સો છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૪ દરમિયાન ગુજરાતનો જીએસડીપી વૃદ્ધિ દર દેશમાં ત્રીજા ક્રમે રહ્યો હતો. રાજ્યનો પ્રતિ વ્યક્તિ જીએસડીપી ₹૨,૬૪,૨૩૨ છે, જે મોટાં રાજ્યોની સરેરાશ કરતાં ૬૭ ટકા વધુ છે. આ ઉપરાંત, ગુજરાતના એમએસએમઈ ક્ષેત્રમાં માઇક્રો અને સ્મોલ એન્ટરપ્રાઇઝિસની મજબૂત હાજરી (દેશભરમાં ચોથા ક્રમે) છે, જે રાજ્યમાં ગતિશીલ અને સ્થિતિસ્થાપક ઔદ્યોગિક ઇકોસિસ્ટમના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

નાણાકીય વ્યવસ્થાપનના ક્ષેત્રમાં પણ ગુજરાતે નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં રાજ્યની રાજકોષીય ખાધ જીએસડીપીના માત્ર ૨.૮૧ ટકા રહી, જે તમામ રાજ્યોમાં સૌથી ઓછી છે. જ્યારે રાજ્યની કુલ દેવાદારી જીએસડીપીના આશરે ૧૮ ટકા છે, જે મોટાં રાજ્યોની સરેરાશ કરતાં લગભગ ૪૦ ટકા ઓછી છે. રાજ્યની આ મજબૂત નાણાકીય શિસ્ત રોકાણકારોને લાંબા ગાળાની સ્થિરતાનો વિશ્વાસ આપે છે. ગુજરાતની ઇનોવેશન અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ પણ રોકાણને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વપૂર્ણ પરિબળ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ સુધીમાં રાજ્યમાં ૬૧૪ અટલ ટિંકરિંગ લેબ્સની સ્થાપના કરવામાં આવી છે. પ્રતિ એક લાખની વસ્તીએ ૧.૨૪ એટીએલએસ સાથે ગુજરાત મોટાં રાજ્યોની સરેરાશ કરતાં આશરે ૧૯ ટકા આગળ છે. પરિણામે, નવીનતા આધારિત ઉદ્યોગો અને ભાવિ ટેક્નોલોજીના વિકાસ માટે મજબૂત પાયો તૈયાર થયો છે. ■

# મેઘરાજાની ધમાકેદાર બેટિંગઃ નર્મદા ડેમની સપાટીમાં વધારો, રાજ્યનાં ૧૧ જળાશય હાઈ-અલર્ટ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પર આ વર્ષે ચોમાસાની સિઝન ખૂબ જ મહેરબાન સાબિત થઈ રહી છે. રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદના કારણે જગતનો તાત ખુશખુશાલ છે અને વાવણી લાયક વરસાદ થતાં ખેતી કાર્યોએ વેગ પકડ્યો છે. તાજેતરના સરકારી આંકડાઓ અનુસાર, ગુજરાતમાં અત્યાર સુધીમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૨૬.૦૨ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ઝોન પ્રમાણે વરસાદની સ્થિતિની વાત કરવામાં આવે તો, દક્ષિણ ગુજરાતમાં ૩૬.૭૧ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૨૮.૮૪ ટકા, મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૧૮.૬૮ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૪.૪૨ ટકા અને કચ્છ ઝોનમાં ૩.૪૨ ટકા વરસાદ નોંધાયો છે. વરસાદના બીજા રાઉન્ડને પગલે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની પુષ્કળ આવક થઈ રહી છે. ડેમ હાલમાં તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૬૭.૦૪ ટકા જેટલો ભરાઈ ગયો છે. ઉપરવાસમાંથી થઈ રહેલી પાણીની સતત આવકને કારણે ડેમનું પાવર હાઉસ ફરીથી સક્રિય કરવામાં આવ્યું છે, જેનાથી આગામી દિવસોમાં વીજ ઉત્પાદનમાં મોટો ફાયદો થશે. રાજ્યના કુલ ૨૦૬ અન્ય જળાશયોમાં પણ ૪૦.૮૮ ટકા જેટલો જળસંગ્રહ થઈ ચૂક્યો છે. તેમાંથી ૬ ડેમ સંપૂર્ણ છલકાઈ ગયા છે. ડેમોમાં પાણીની આવક વધતા નીચાણવાળા વિસ્તારો અને નદી કિનારાના ગામોને સાવધ રહેવા અપીલ કરવામાં આવી છે. સ્થાનિક વહીવટી તંત્ર પરિસ્થિતિ પર ચોવીસ કલાક નજર રાખી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાના ભાગરૂપે ૧૧ ડેમને હાઈ-ઍલર્ટ, ૩ ડેમને ઍલર્ટ અને ૧૩ ડેમને વોર્નિંગ પર રાખવામાં આવ્યા છે. અમરેલી જિલ્લાનો ધાતરવાડી અને સુરજવાડી ડેમ, ભાવનગરનો રોજકી, શેત્રુંજી અને રંગહોળા, સુરેન્દ્રનગરનો વંસલ ડેમ, તાપીનો દોસવાડા ડેમ, મહીસાગરનો વણાકબોરી ડેમ અત્યારે હાઈ-ઍલર્ટ પર છે. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાનો ધોળીધજા, ભાવનગરના માલણ અને ગીર સોમનાથના રાવળ ડેમને ઍલર્ટ પર જાહેર કરવામાં આવ્યો છે. ■

# સુરત જિલ્લામાંથી ઝડપાયેલા ૧૬ બાંગ્લાદેશી ઘૂસણખોરને પોલીસે ડિપોર્ટ કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લા પોલીસ દ્વારા એક મોટી કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ઓપરેશન ડેલ્ટા હન્ટ અંતર્ગત ગેરકાયદે વસવાટ કરતા ૧૬ બાંગ્લાદેશીઓની ધરપકડ કરી લીધી હતી. પોલીસે ૧૨ મહિલા, ત્રણ પુરુષ અને એક નાની બાળકીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે હવે આ ૧૬ બાંગ્લાદેશીને બાંગ્લાદેશ પાછા મોકલી દેવામાં આવ્યાં હતાં. આ કાર્યવાહી ઓપરેશન ડેલ્ટા હન્ટ અંતર્ગત કરવામાં આવી હતી, જે પણ લોકો સુરતમાં ગેરકાયદે વસવાટ કરી રહ્યા હતા તેમની ધરપકડ કરવામાં આવી હતી.

આ કાર્યવાહી મામલે વિગતો આપતા પોલીસે જણાવ્યું કે, આ બાંગ્લાદેશીઓ સુરત જિલ્લામાં છૂટક મજૂરીનું કામ કરી રહ્યાં હતાં.

તપાસમાં એવું પણ જાણવા મળ્યું હતું કે, આ ૧૬ લોકો પશ્ચિમ બંગાળની સરહદ પરથી રાત્રિના સમયે ભારતમાં ઘુસ્યાં હતા. પશ્ચિમ બંગાળથી આ લોકો અલગ અલગ વાહનોથી ગુજરાત આવ્યાં અને પછી સુરતમાં વસવાટ કરવા લાગ્યાં હતાં. અહીં પછી સુરત પોલીસ દ્વારા અભિયાન શરૂ કરવામાં આવ્યું અને આ ઘૂસણખોરોની ધરપકડ કરવામાં આવી હતી. તેઓ બાંગ્લાદેશી હોવાના પુરાવા મળ્યાં તે પછી તેમને પાછા ડિપોર્ટ કરી દેવામાં આવ્યાં હતાં.

પોલીસે તપાસ દરમિયાન બાંગ્લાદેશી નાગરિકો સાથે પૂછપરછ પણ કરી હતી. આ દરમિયાન તેમના સંપર્કો, બેંકની વિગતો, ઓળખકાર્ડ અને મોબાઈલ ફોનની વિગતોની પણ તપાસ કરવામાં આવી હતી, જ્યારે પોલીસને સંપૂર્ણ રીતે વિશ્વાસ આવ્યો ત્યારે તેમની ધરપકડ કરી લીધી હતી. તે પછી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ દરેકને તેમના વતન મોકલી દેવામાં આવ્યાં હતાં.

હજી પણ સુરત પોલીસ દ્વારા ઓપરેશન ડેલ્ટા હન્ટ અંતર્ગત તપાસ કરવામાં આવી રહી છે. ■

# સુરતના છ તાલુકાના કુલ ૮૮,૭૯૬ અસરગ્રસ્તોને કુલ ₹ ૧૯.૮૬ કરોડની પૂર રાહત સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેર અને સમગ્ર જિલ્લામાં ધોધમાર વરસાદના કારણે ભારે તારાજી સર્જાઈ હતી. જિલ્લામાં પૂરની પરિસ્થિતિને ધ્યાને રાખીને રાજ્ય સરકારના દિશા-નિર્દેશો અનુસાર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત નાગરિકોને ત્વરિત આર્થિક રાહત આપવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં સુરત જિલ્લાના છ તાલુકામાં કુલ ૮૮,૭૯૬ અસરગ્રસ્તોને કુલ રૂ.૧૯.૮૬ કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૭ જુલાઈ શુક્રવારના સાંજના ૮.૦૦ વાગ્યા સુધીમાં ૫૯,૮૫૨ અસરગ્રસ્તોને કુલ રૂ.૫.૩૮ કરોડની કેશડોલ્સ ચુકવાઈ છે. તાલુકાવાર વિગતો જોઈએ તો, કતારગામ તાલુકામાં ૨૫૦૩ અસરગ્રસ્તોને રૂ.૨૨.૫૨ લાખ, પુણા તાલુકામાં ૧૭,૫૫૨ અસરગ્રસ્તોને ૧.૫૭ કરોડ રોકડ સહાય ચૂકવાઈ છે. મજુરા તાલુકામાં ૫૭૬૮ લાભાર્થીઓને રૂ.૫૦.૯૧ લાખ તેમજ અબ્રામા તાલુકામાં ૧૨.૨૮ લાભાર્થીઓને રૂ.૧૧ લાખ પૂર રાહત સહાય પેટે ચૂકવવામાં આવ્યા છે.

સુરત જિલ્લા પૂરથી અસરગ્રસ્ત તમામ તાલુકામાં સૌથી વધુ સહાય ઉધના તાલુકામાં ૨૯,૫૫૦ અસરગ્રસ્તોને રૂ.૨.૬૬ કરોડથી વધુની રોકડ કેશડોલ્સ સહાય તથા અડાજણમાં ૩૦૦ અસરગ્રસ્તોને રૂ. ૫ લાખ સહાય આપવામાં આવતા આફતના સમયે મોટી રાહત મળી છે. જયારે ઘરવખરીની વિગતો જોઈએ તો, છ તાલુકાના ૨૮,૯૪૪ અસરગ્રસ્તોને કુલ રૂ. ૧૪.૪૭ કરોડની સહાય ચૂકવાઈ છે. ત્યાર બાદ કતારગામ તાલુકામાં ૨૪૪૫ પરિવારોને રૂ.૬૦.૫૦ લાખ, પુણા તાલુકામાં ૮૧૫૧ પરિવારોને રૂ. ૪ કરોડ, મજુરા તાલુકામાં ૨૫૪૫ અસરગ્રસ્તોને ૧.૨૭ કરોડ, અબ્રામા તાલુકામાં ૬૯૬ પરિવારોને રૂ.૩૪.૮૦ લાખ અને મુખ્ય અસરગ્રસ્ત એવા ઉધના તાલુકામાં ૧૪૭૭૫ પરિવારોને રૂ.૭.૩૮ કરોડ તથા અડાજણમાં ૧૫૦ લાભાર્થીઓને રૂ.૭.૫૦ લાખની ઘરવખરી સહાય ચૂકવવામાં આવી છે. પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં હજુ પણ સર્વેની કામગીરી ચાલુ જ છે અને આગામી સમયમાં પણ અરગ્રસ્તોને રાહત સહાય આપવામાં આવશે. ■

# ગુજરાતમાં આતંકી મોડ્યુલનો પર્દાફાશઃ તમામ સીપી, એસપીને સતર્ક રહેવા ગૃહ વિભાગનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વૉડ દ્વારા રાજ્યમાં એક સઘન ઓપરેશન હાથ ધરીને દેશવિરોધી ષડ્યંત્રને નિષ્ફળ બનાવવામાં આવ્યું છે. છેલ્લા બે અઠવાડિયા દરમિયાન પાલનપુર, સિદ્ધપુર સહિત રાજ્યના જુદા-જુદા વિસ્તારોમાંથી પ્રતિબંધિત પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા કુલ ૧૩ શંકાસ્પદ આતંકીની ધરપકડ કરવામાં આવી હતી. આ મોટી સફળતા બાદ સમગ્ર રાજ્યમાં હાઈ-ઍલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે.

ગુજરાત એટીએસ દ્વારા રથયાત્રાના સમયગાળા દરમિયાન શરૂ કરાયેલી આ ગુપ્ત કાર્યવાહીમાં મોટા ખુલાસા થયા છે. પકડાયેલા આરોપીઓ સ્થાનિક સ્તરે યુવાનોને ગેરમાર્ગે દોરીને દેશવિરોધી પ્રવૃત્તિઓમાં જોડવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

આ ઘટનાની ગંભીરતાને જોતા રાજ્યના ગૃહ વિભાગે તાત્કાલિક અસરથી તમામ જિલ્લાના પોલીસ વડા અને પોલીસ કમિશનરોને કડક પેટ્રોલિંગ અને સરપ્રાઇઝ ચેકિંગ કરવાના આદેશ આપ્યા છે. રેલવે સ્ટેશનો, બસ ડેપો, યાત્રાધામો અને ભીડભાડ વાળા વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પોલીસે સ્થાનિક નાગરિકોનો સહયોગ માગ્યો છે. પોલીસ કમિશનરના જાહેરનામા અને સરકારી પરિપત્ર મુજબ હવે કોઈપણ મકાન માલિકે પોતાના ત્યાં ભાડુઆત રાખતા પહેલાં કે ઘરકામ માટે કોઈ વ્યક્તિને રાખતા પહેલાં તેની ઓળખની સંપૂર્ણ ચકાસણી કરીને નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાત નોંધણી કરાવી પડશે. જો કોઈ મકાન માલિક આ નિયમનું ઉલ્લંઘન કરશે, તો તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

આગામી સમયમાં આવી રહેલા રાષ્ટ્રીય પર્વો અને તહેવારોને ધ્યાનમાં રાખીને સુરક્ષા એજન્સીઓ કોઈપણ પ્રકારની ઢીલાશ મૂકવા માગતી નથી. પોલીસે સામાન્ય નાગરિકોને અપીલ કરી છે કે જો આસપાસ કોઈ બિનવારસી વસ્તુ, શંકાસ્પદ વ્યક્તિ કે અસાધારણ પ્રવૃત્તિ નજરે પડે, તો વિલંબ કર્યા વિના તાત્કાલિક કંટ્રોલ રૂમ અથવા ઇમરજન્સી હેલ્પલાઇન નંબર પર પોલીસને જાણ કરે અને સુરક્ષામાં સહભાગી બને! ■

# અમદાવાદના બોપલમાંથી ૧૧.૫૮ લાખના હાઈબ્રિડ ગાંજા સાથે એક શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં નશાના કારોબાર અને ડ્રગ્સ માફિયાઓ સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. આ અભિયાનના ભાગરૂપે અમદાવાદ એસઓજીએ એક બોપલ વિસ્તારમાંથી લાખો રૂપિયાની કિંમતના હાઈબ્રિડ ગાંજાના જથ્થા સાથે એક યુવકની ધરપકડ કરી હતી

અમદાવાદ એસઓજીની ટીમે ચોક્કસ બાતમીના આધારે બોપલમાં ઘુમા બ્રિજ પાસે આવેલી સૂર્યા સોસાયટીમાં એક ઘરમાં દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન પોલીસને ઘરમાંથી શંકાસ્પદ નશીલો પદાર્થ મળી આવ્યો હતો, જેની તપાસ કરતા તે ઉચ્ચ ગુણવત્તાવાળો હાઈબ્રિડ ગાંજો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી કુલ ૩૩૧ ગ્રામ હાઇબ્રિડ ગાંજો જપ્ત કર્યો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત રૂ. ૧૧.૫૮ લાખ જેટલી થાય છે. એસઓજીએ નશાના આ કાળા કારોબારના માસ્ટર માઈન્ડ રાજુ સાપરા નામના શખ્સની પણ ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે તે આ નશીલા પદાર્થો બહારથી લાવીને સ્થાનિક યુવાનોને સપ્લાય કરતો હતો.

એસઓજીની ટીમે આગળની કાયદેસરની કાર્યવાહી માટે આરોપીને બોપલ પોલીસને સોંપ્યો છે. બોપલ પોલીસ સ્ટેશનમાં આરોપી રાજુ સાપરા વિરુદ્ધ એનડીપીએસ ઍક્ટ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે આ હાઈબ્રિડ ગાંજો અમદાવાદમાં ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આ નેટવર્કમાં અન્ય કયા લોકો સામેલ છે તે અંગે તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદ શહેરમાં આરટીઈ હેઠળ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ, ચાર રાઉન્ડ બાદ પણ ૪૯૩ બેઠક ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની ૧૩૦૦ કરતા વધુ ખાનગી શાળાઓમાં આરટીઈ હેઠળ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. શહેરમાં આરટીઈ હેઠળ આ વર્ષે ખાનગી સ્વનિર્ભર શાળાઓમાં કુલ ૧૪,૧૭૭ બેઠક પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ બેઠકો માટે ૩૮ હજારથી વધુ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. જેના આધારે ચાર તબક્કામાં ઓનલાઈન બેઠક ફાળવણી કરવામાં આવી હતી. દરેક રાઉન્ડ બાદ વિદ્યાર્થીઓએ દસ્તાવેજ ચકાસણી અને પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી હતી. તેમ છતાં ચારેય રાઉન્ડ પૂર્ણ થયા બાદ પણ તમામ બેઠકો ભરાઈ શકી ન હતી. હજુ પણ ૪૯૩ બેઠક ખાલી છે. ઉપલબ્ધ બેઠકોની સરખામણીએ મંજૂર અરજીઓની સંખ્યા ઘણી વધુ હોવા છતા તમામ બેઠક ભરાઈ શકી નથી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ, ખાલી રહેલી બેઠકમાં સૌથી વધુ ૪૩૫ બેઠક હિન્દી માધ્યમમાં ખાલી રહી છે. જ્યારે ગુજરાતી માધ્યમમાં ૩૩ બેઠક અને અંગ્રેજી માધ્યમમાં ૨૫ બેઠક ખાલી રહી છે. વાલીઓની પ્રથમ પસંદગી અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ તરફ વધુ રહી હતી. જ્યારે હિન્દી માધ્યમની અનેક શાળાઓમાં માંગ ઓછી જોવા મળી હતી. બીજી તરફ શહેરની કેટલીક શાળાઓમાં તમામ બેઠકો પ્રથમ અથવા બીજા રાઉન્ડમાં જ ભરાઈ ગઈ હતી, જ્યારે અન્ય શાળાઓમાં બેઠકો માટે પૂરતી પસંદગી મળી નહોતી. જેથી શહેરની ૨૮ શાળાઓ એવી છે. જેને એકપણ વિદ્યાર્થીએ પોતાની પસંદગીમાં સામેલ કરી નથી, જેના કારણે આ શાળાઓમાં આરટીઈની બેઠકો ખાલી જ રહી ગઈ છે. ■

# અમદાવાદમાં સાણંદ પોલીસે છેડતીના આરોપમાં બે આરોપીને ઝાડ સાથે બાંધી ઢોરમાર માર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ જિલ્લાના સાણંદ પોલીસ સ્ટેશનમાં પોલીસકર્મીઓએ જ કાયદાનો ભંગ કર્યો હોવાની એક ઘટના પ્રકાશમાં આવી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે છેડતીના આરોપમાં પકડાયેલાબે યુવકોને સાણંદ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં ઝાડ સાથે બાંધીને ઢોરમાર માર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ સમગ્ર ઘટનાના ફોટોઝ સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પોલીસની કામગીરી પર લોકોએ સવાલો કર્યા હતા. આ મામલે પીઆઈ અને ડીવાયએસપીએ મૌન પાળ્યું હતું.

ઘટનાની વાત કરવામાં આવે તો, સાણંદમાં એક યુવતી પોતાના મંગેતર સાથે પાણીપુરી ખાવા માટે ગઈ ત્યારે બે યુવકોએ તેની સાથે ખરાબ હરકત કરી તેનો હાથ પકડી લીધો હતો. એટલું જ નહીં પરંતુ આ યુવકોએ યુવતીનો પીછો પણ કર્યો હતો. જે મામલે યુવતીએ સાણંદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. જો કે, આ યુવકોને પોલીસે ઝાડ સાથે બાંધીનો ઢોરમાર માર્યો હોવાનું પ્રકાશમાં આવતા મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. આ ઘટના દરમિયાન સાણંદ પોલીસ સ્ટેશનના પીઆઈ પણ ત્યાં હાજર હતા પરંતુ આ મામલે વિગતો આપવાનું ટાળ્યું હતું. આ દરમિયાન પોલીસકર્માચારીઓએ લોકોને વીડિયો કે ફોટો લેવાની ના પાડી ચેતવણી આપવામાં આવી હતી. કેટલાક લોકોનો ફોન પોલીસે આંચકી લીધા હોવાનું પણ જાણવા મળ્યું હતું. પરંતુ છતાં આ સમગ્ર ઘટનાના ફોટો અને વીડિયો વાઇરલ થઈ ગયાં હતા. જેથી હવે પોલીસની કામગીરી પર સવાલો થઈ રહ્યાં છે. ■

# અમદાવાદના બાવળામાં ખાણ ખનિજ વિભાગે એક જ દિવસમાં ૪.૬૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ જિલ્લાના ખાણ ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદે ખનન અને ખનિજ ચોરીની પ્રવૃત્તિઓ પર કડક સપાટો બોલાવવામાં આવ્યો હતો. તંત્રની ટીમે બાવળા અને તેની આસપાસના વિસ્તારોમાં આકસ્મિક દરોડા પાડીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તત્ત્વો સામે લાલઆંખ કરી છે. આ સ્પેશિયલ ડ્રાઇવ દરમિયાન અધિકારીઓએ અંદાજે રૂપિયા ૪.૬૫ કરોડની કિંમતની મિલકતો અને વાહનો સીઝ કરતા ખનિજ ચોરોમાં ભારે ફફડાટ મચી ગયો હતો.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, અધિકારીઓની ટીમે બાતમીના આધારે અમદાવાદના મુખ્ય માર્ગો અને હાઈવે પર વોચ ગોઠવી હતી. આ ઓપરેશન દરમિયાન બાવળા-ચાંગોદર હાઈવે પરથી કોઈપણ પ્રકારની પાસ-પરમિટ વિના સાદી રેતી લઈ જતા ચાર ડમ્પરોને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે રેથલ ગામ વિસ્તારમાંથી બ્લેકટ્રેપ ખનિજ ભરેલું એક ઓવરલોડ ડમ્પર પકડી પાડવામાં આવ્યું હતું. અમદાવાદ રિંગ રોડ પરથી પણ ગેરકાયદેસર રીતે સાદી રેતીનું વહન કરતું વધુ એક ડમ્પર તંત્રની ઝપટે ચડ્યું હતું.

ખનિજ વિભાગ દ્વારા નાનોદરા ગામમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અહીં બિનઅધિકૃત રીતે ચાલી રહેલા ખનન અને રેતી ચાળવાના ૭ મોટા પ્લાન્ટ્સને તંત્ર દ્વારા જપ્ત કરી લેવામાં આવ્યા છે. ખાણ ખનિજ વિભાગે ઝડપાયેલા તમામ છ ડમ્પરો અને સાતેય પ્લાન્ટ્સને સ્થળ પર જ સીઝ કરીને આગળની કાયદાકીય તપાસ શરૂ કરી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ખેતીમાં એઆઈનો ઉપયોગ કરવા ગડકરીની ભલામણ

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ શનિવારે ખેતીમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના ઉપયોગની ભલામણ કરી કહ્યું હતું કે આ ઉપયોગ પાણી અને ખાતરનો ઉપયોગ ઘટાડવામાં મદદ કરી શકે છે. વિદર્ભ ક્ષેત્રના હજારો ખેડૂતો શેરડી અને નારંગીના પાકની ખેતીમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી શકે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નાગપુરમાં એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. આ કાર્યક્રમમાં બારામતીના કૃષિ વિકાસ ટ્રસ્ટના અધ્યક્ષ રાજેન્દ્ર પવારને નાગપુરમાં કૃષિ વિકાસ પ્રતિષ્ઠાન દ્વારા સ્થાપિત ડૉ. ચારુદત્ત માયી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે 'કૃષિમાં એઆઈની મદદ પાણીનો ઉપયોગ અને ખાતરનો ખર્ચ ઘટાડે છે. સિવાય પાકને અસર કરતા કોઈપણ રોગને અગાઉથી જાણવામાં મદદ કરે છે. આ કારણોસર ખેડૂતોને કૃષિમાં એઆઈ અને ડ્રોનનો ઉપયોગ કરવા માટે તાલીમ આપવી જરૂરી છે. એગ્રોવિઝન ફાઉન્ડેશન (જેના તેઓ પોતે મુખ્ય માર્ગદર્શક છે) આ પ્રદેશમાં નારંગી ઉગાડતા એક હજાર ખેડૂતો અને શેરડીનો પાક લેતા પાંચ હજાર ખેડૂતોને એઆઈનો ઉપયોગ કરવા માટે સુવિધા આપવા માટે કામ કરી રહ્યું છે. (પીટીઆઈ) ■

# ડૉક્ટરોની મારપીટઃ હાઈ કોર્ટે શિવસેના નગરસેવકના જામીન નકારી આત્મસમર્પણ કરવા કહ્યું

મુંબઈઃ થાણે જિલ્લાની મ્યુનિસિપલ હોસ્પિટલમાં ડોક્ટરોની મારપીટ કરવાના આરોપી શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રેને નીચલી અદાલત દ્વારા આપવામાં આવેલા જામીન પર બોમ્બે હાઈકોર્ટે શનિવારે સ્ટે આપી તેમને રવિવાર સાંજ સુધીમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવા જણાવ્યું હતું. શનિવારે કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ રવિન્દ્ર વી ઘુગે અને ન્યાયમૂર્તિ ગૌતમ અનખડની ખંડપીઠે મુદ્દાની ગંભીરતાને ધ્યાનમાં લેતા સમાચાર અહેવાલો જાતે ધ્યાનમાં લીધા હતા

થાણે જિલ્લાની એક અદાલતે ૧૪ જુલાઈએ કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી)ના નગરસેવક મ્હાત્રેને જામીન આપ્યા હતા. ૬ જુલાઈની રાત્રે ડોંબિવલીમાં પાલિકા સંચાલિત હોસ્પિટલમાં બે ડોકટરો અને નર્સોની મારપીટ કરવાના આરોપમાં નગરસેવક અને તેમના સાથીઓની ધરપકડ કરવામાં આવી હતી.

કલ્યાણની કોર્ટે મ્હાત્રેને જામીન આપવાના આદેશને અયોગ્ય ગણાવીને હાઈકોર્ટે સ્ટે આપ્યો હતો. ખંડપીઠે એમ પણ કહ્યું હતું કે મેજિસ્ટ્રેટ કોર્ટે આ મુદ્દાને ખૂબ જ હળવાશથી લીધો હતો અને મ્હાત્રેના ગુનાહિત ભૂતકાળને પણ ધ્યાનમાં લીધો ન હતો.

હાઈકોર્ટે મ્હાત્રેને રવિવાર સાંજ સુધીમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જો એમ નહીં કરે તો તેમની સ્થાવર મિલકતો જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.ખંડપીઠે એ વાતની પણ નોંધ લીધી કે ભૂતકાળમાં મ્હાત્રે સામે મારપીટના ૧૮ કેસ નોંધાયા હતા, જોકે તેમાંથી ૧૭ કેસોમાં તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. મ્હાત્રે અને તેમના સાથીદારોને જામીન મળતા મહારાષ્ટ્રભરના ડોક્ટરોએ ૨૨ જુલાઈએ હડતાળની જાહેરાત કરી હતી. ■

બારમાં પાનાનું ચાલુ

## ફિલ્મ અભિનેતા

જ વોઇસ ક્લિપની ખરાઇ તપાસી રહી છે.

આ ધમકીને પગલે મુંબઈ ક્રાઇમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસે આમિરના બાંદ્રાના પાલી હિલ ખાતે આવેલા નિવાસસ્થાનની મુલાકાત લઇને સુરક્ષાની સમીક્ષા કરી હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી એવા કોઇ પુરાવા નથી જે સૂચવે છે કે અભિનેતા અથવા તેની ટીમના કોઇ પણ સભ્યને સીધી ધમકી મળી છે. અમે તપાસ કરી રહ્યા છીએ કે સોશિયલ મીડિયા પોસ્ટ અને વોઇસ ક્લિપ ક્યાંથી આવી, કોણે તેને અપલોડ કરી અને શું તે ખાસ કરીને અભિનેતા માટે બનાવાઇ છે. આ માટે સાયબર સેલની મદદ લેવામાં આવી રહી છે અને ધમકીનો લોરેન્સ બિશ્નોઇ ગેન્ગ સાથે કોઇ સંબંધ છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

સોશિયલ મીડિયા પોસ્ટ અને તેની સાથેની વોઇસ ક્લિપ દ્વારા અભિનેતાને ધમકી આપવામાં આવી હતી અને તે શૅર કરનારા બે જણે પોતાની ઓળખ ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇના સહયોગી આરઝુ બિશ્નોઇ તેમ જ ટાયસન બિશ્નોઇ તરીકે આપી હતી અને આમિર ખાન જેવા લોકો 'લવ જેહાદ'ને પ્રોત્સાહન આપી રહ્યા હોવાનો આરોપ કર્યો હતો અને દાવો કર્યો હતો કે આવી પ્રવૃત્તિઓ 'સનાતન ધર્મ અને રાષ્ટ્ર વિરુદ્ધ' છે. તેમાં એવી ચેતવણી આપવામાં આવી હતી કે આવા કૃત્યોને અમે સહન કરીશું નહીં અને આનો જવાબ તેમને ટૂંક સમયમાં આપવામાં આવશે. આવા કૃત્યોમાં સંડોવાયેલા લોકોને પરિણામ ભોગવવા પડશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં તાજેતરમાં ૧૩ વર્ષની છોકરીનું અપહરણ અને તેના પર થયેલા જાતીય હુમલાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આરોપ કરવામાં આવ્યો છે કે કેટલાક રાજકીય નેતાઓ આમાંના અમુક આરોપીને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેસમાં સામેલ અથવા આરોપીઓને બચાવવાનો પ્રયાસ કરનારાઓને કાનૂની પ્રક્રિયાની બહાર પરિણામો ભોગવવા પડશે. 'અમારી પહેલી અને છેલ્લી ચેતવણી છે. જે કાંઇ પણ એ નિર્દોષ છોકરી સાથે બન્યું તેમાં એક ટકો પણ સામેલ છે અને કાયદાથી બચી ગયો તેને અમે સજા કરીશું જ, પણ જે નેતા તેમને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે તેઓ તેમાં દખલ દેવાનું બંધ કરે, નહીં તો તમારા પણ એ જ હાલ કરીશું જે તેમના થવાના છે,' એવી ચેતવણી આપવામાં આવી છે. બિશ્નોઇ ગેન્ગ સાથે સંબંધ હોવાનો દાવો કરનારાએ પ્રવેશ અને હિમાંશુના નામનો પણ પોસ્ટમાં ઉલ્લેખ કર્યો હતો, જેમને ગયા સપ્તાહે બહાદુરગઢમાં હરિયાણા-દિલ્હી પોલીસની સંયુક્ત ટીમ દ્વારા એન્કાઉન્ટરમાં ઠાર મારવામાં આવ્યા હતા. ■

## વિદ્યાર્થીઓ

કોઈના મૃત્યુની રાહ જોઈ રહી છે.તેમણે સરકાર પર વિદ્યાર્થીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી માગણીઓ સાંભળવામાં ન આવવાનો આરોપ કરી તેમના પુત્રના અનિશ્ચિત સમયના ઉપવાસમાં જોડાવાની ધમકી આપી હતી.

છત્રપતિ સંભાજી નગરમાં એક મરાઠી ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા ભગવાન દિપકેએ તેમના પુત્રની ભૂખ હડતાળ પર ચિંતા વ્યક્ત કરી જણાવ્યું હતું કે 'એક પિતા તરીકે મને અભિજીતની ચિંતા થાય છે. હું પ્રાર્થના કરું છું કે ભગવાન નરેન્દ્ર મોદીને શાણપણ આપે જેથી વધુ સારી સમજણ પ્રબળ બને અને સરકાર આંદોલનકારી વિદ્યાર્થીઓની વાત સાંભળે. દેશના વિવિધ ભાગમાં વિદ્યાર્થીઓ ભૂખ હડતાળ પર છે. શું સરકાર કોઈના મરવાની રાહ જોઈ રહી છે? કેટલા લોકો મરવા જોઈએ? કોઈ દયાભાવ નથી. માણસાઈ હોય તો વિદ્યાર્થીઓની વાત સાંભળવી જોઈએ. જો સરકાર વિદ્યાર્થીઓની વાત નહીં સાંભળે તો અમે પણ આંદોલન સ્થળે જઈ દિલ્હીમાં ભૂખ હડતાળ શરૂ કરીશું.'.

ભગવાન દિપકેનાં પત્નીએ જણાવ્યું હતું કે 'દિલ્હીમાં આ આંદોલન શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યું હતું. સોનમ વાંગચૂકને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા બાદ અભિજીતે અનિશ્ચિતકાળ માટે ઉપવાસ શરૂ કર્યા છે. અમને એની ચિંતા થાય છે. છેલ્લે ત્રણ દિવસ પહેલા તેની (અભિજીત) સાથે ફોન પર વાત કરી હતી. આ આંદોલનને કેમ ગંભીરતાથી લેવામાં આવી રહ્યું નથી એનો જવાબ તો સરકાર જ આપી શકે.' (પીટીઆઈ) ■

## બળપ્રયોગથી

હવાલો આપ્યો હતો.

આદિત્ય ઠાકરેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં રજૂઆત કરી હતી કે 'કેટલી શરમજનક વાત છે! દુનિયા ભારતમાં લોકશાહીને બળજબરીથી, નિર્લજ્જતાથી તૂટતી જોઈ રહી છે. એક અસમર્થ પ્રધાન સામે વિદ્યાર્થીઓના શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન પણ હવે ચલાવી નહીં લેવાય.'

'નીટ' પરીક્ષામાં કથિત અનિયમિતતાઓ અને આ વિવાદ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના મૃત્યુના અહેવાલો સામે કોક્રોચ જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનના સમર્થનમાં વાંગચૂક અને એઆઈએસએના ત્રણ કાર્યકર્તાઓ ૨૮ જૂનથી અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર છે. (પીટીઆઈ) ■

## તમામ એસટીપી

દ્વારા મુંબઈમાં વરલી, ધારાવી, બાન્દ્રા, ઘાટકોપર, ભાંડુપ, વેસાવે (વર્સોવા) અને મલાડમાં સ્યુએજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઊભા કરવામાં આવી રહ્યા છે. આ સાત નિર્માણધીન પ્રોજેક્ટની પાણી પર પ્રક્રિયા કરવાની કુલ ક્ષમતા ૨,૪૬૪ મિલ્યન લિટર પ્રતિ દિવસની છે. કોલાબામાં ૩૭ મિલ્યન લિટર પ્રતિદિનની ક્ષમતાનું સ્યુએજ સેન્ટર બાંધીને તેને એપ્રિલ ૨૦૨૦માં શરૂ કરવામાં આવ્યું હતું. બાકીના તમામ અંડર કન્સ્ટ્રકશન રહેલા સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ સમયસર પૂર્ણ કરીને તાત્કાલિક શરૂ કરવાનો નિર્દેશ શનિવારે મલાડના એસટીપી પ્લાન્ટના ઈન્સ્પેકશન દરમ્યાન કમિશનરે આપ્યો હતો.મલાડના એસટીપીની ક્ષમતા પ્રતિદિનની ૪૫૪ મિલ્યન લિટર, વરલીની ૫૦૦ મિલ્યન લિટર, ભાંડુપની ૨૧૫ મિલ્યન લિટર, બાન્દ્રાની ૩૬૦ મિલ્યન લિટર, ધારાવીની ૪૧૮ મિલ્યન લિટર, ઘાટકોપરની ૩૩૭ મિલ્યન લિટર, વર્સોવાની ૧૮૦ મિલ્યન લિટર, કોલાબાની ૩૭ મિલ્યન લિટર એમ કુલ તમામ એસટીપીની ક્ષમતા ૨,૫૦૧ મિલ્યન લિટર પ્રતિદિનની છે. મલાડના એસટીપીનું કામ ૨૦૨૨ની સાલથી હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટમાં સિક્વેન્શ્યિલ બૅચ રિએક્ટર ટેક્નોલોજી પ્રસ્તાવિત છે. આ પ્લાન્ટમાં દરરોજ ૪૫૪ મિલ્યન લિટર ગંદા પાણી પર દ્વિતીય સ્તરની પ્રક્રિયા કરવામાં આવશે, તેમાંથી ૨૨૭ મિલ્યન લિટર ગંદા પાણી પર દરરોજ ત્રીજા સ્તરી પ્રક્રિયા કરવામાં આવશે. હાલ મલાડમાં રહેલા સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ગંદા પાણી પર સ્ક્રીનિંગ અને ડિગ્રિટિંગની પ્રાથમિક પ્રક્રિયા કરીને તેને ખાડીમાં છોડવામાં આવે છે. નવા પ્લાન્ટ શરૂ થયા બાદ પ્રક્રિયા દરમ્યાન નીકળનારા બાયોગૅસમાંથી વીજ ઉત્પાદનનું પણ કામ કરવામાં આવવાનું છે. આ પ્રોજેક્ટ માટે મેનગ્રોવ્ઝ કાઢવા સહિતની અન્ય મંજૂરીઓ મળી ગઈ છે. નવો એસટીપી શરૂ થયા બાદ દરિયાના પાણીની ગુણવત્તા અને સાગરી જીવનમાં સુધારો થશે. ■

## આજે પણ

અનુસાર શનિવારે સવારે આઠ વાગ્યા સુધી પૂરા થયેલા ૨૪ કલાકમાં મુંબઈમાં હળવો વરસાદ નોંધાયો હતો. કોલાબા વેધશાળામાં ૧.૨ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૩.૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે પૂર્વીય ઉપનગરમાં સૌથી વધુ સરેરાશ ૧૫.૨૭ મિ.મી. વરસાદ પડ્યો હતો, ત્યારબાદ પશ્ચિમ ઉપનગરમાં ૭.૩૧ મિ.મી અને દક્ષિણમાં ૧.૬૭ મિ.મી. વરસાદ પડ્યો હતો.

મુંબઈમાં બે-ત્રણ દિવસથી તડકો અને વાદળિયું વાતાવરણ રહ્યા બાદ શુક્રવારથી ફરી ઝરમર વરસાદ ચાલુ થયો છે. મુંબઈમાં શનિવારે પણ વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ હળવો વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે થાણે, રાયગઢ અને પાલઘર માટે યલો અલર્ટ જાહેર કરીને અલગ અલગ વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની ચેતવણી આપી છે.

હવામાન નિષ્ણાતોએ અપેક્ષિત વરસાદ માટે અપર-ઍર સાયક્લોનિક સર્ક્યુલેશન અને લો-પ્રેશર સિસ્ટમને જવાબદાર ગણાવ્યું છે, જે આ પ્રદેશમાં ભેજ ખેંચી શકે છે અને વધુ વરસાદનું કારણ બની શકે છે.

નોંધનીય છે કે મુંબઈ પહેલાથી જ ૯૨૦ મિ.મી.ના સરેરાશ માસિક વરસાદને વટાવી ચૂક્યું છે, જ્યારે શનિવાર સુધીમાં ઉપનગરોમાં ૧,૧૫૯ મિ.મી. વરસાદ નોંધાયો છે. નૈર્ઋત્યના ચોમાસાની શરૂઆત મોડી થઈ હોવા છતાં મુંબઈમાં અત્યાર સુધીના મોસમી સરેરાશ કરતાં ૪૭ ટકા વધુ વરસાદ નોંધાયો છે. આ દરમ્યાન મુંબઈમાં શોર્ટ સર્કિટના નવ બનાવો અને વૃક્ષ કે ડાળીઓ ધરાશાયી થવાના આઠ કેસ નોંધાયા છે. ■

## આજે સેન્ટ્રલ

અમુક અંશે ખોરવાઈ શકે છે અને ઘણી ટ્રેનો મોડી દોડી શકે છે.

થાણેથી વાશી/નેરુલ સ્ટેશન સુધીની ટ્રાન્સ હાર્બર લાઇન પર સવારે ૧૧.૧૦ વાગ્યાથી સાંજે ૪.૧૦ વાગ્યા સુધી અપ અને ડાઉન ટ્રેક પર મેગા બ્લોક લેવામાં આવશે. આ સમયગાળા દરમ્યાન વાશી-નેરુલ-થાણે વચ્ચે બંને દિશામાં લોકલ સેવાઓ સંપૂર્ણપણે રદ રહેશે. આ બ્લોકને કારણે સવારે ૧૦.૩૫ થી સાંજે ૪.૦૭ વાગ્યા સુધી થાણે સ્ટેશનથી વાશી, નેરુલ અને પનવેલ તરફ જતી બધી ડાઉન લોકલ સેવાઓ રદ કરવામાં આવી છે. આ ઉપરાંત સવારે ૧૦.૨૫ થી સાંજે ૪.૦૯ વાગ્યા સુધી પનવેલ, નેરુલ અને વાશીથી થાણે તરફ જતી બધી અપ લોકલ સેવાઓ પણ રદ રહેશે. રેલવેએ પ્રવાસીઓને વૈકલ્પિક પરિવહનનો ઉપયોગ કરવાની અથવા બ્લોક અનુસાર તેમના મુસાફરીના સમયપત્રકનું આયોજન કરવાની સલાહ આપી છે. વેસ્ટર્ન રેલવેમાં રવિવારે કોઈ બ્લોક રાખવામાં આવ્યો નથી. ■

## સરકારની

(સીજેપી)ના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનના સમર્થનમાં વાંગચૂક ૨૮ જૂનથી દિલ્હીમાં અનિશ્ચિતકાળની ભૂખ હડતાળ પર ઉતર્યા છે.

શનિવારે સવારે, હડતાળના ૨૧મા દિવસે તેમની તબિયત બગડ્યા બાદ તેમને દિલ્હીની સફદરજંગ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે તબીબી સલાહ અને દિલ્હી હાઈ કોર્ટના નિર્દેશોનો હવાલો આપ્યો હતો.

મહારાષ્ટ્ર કૉંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા વિજય વાડેટ્ટીવારે આરોપ કર્યો હતો કે વાંગચૂક સામે કેન્દ્રની કાર્યવાહી સરમુખત્યારશાહી માનસિકતા દર્શાવે છે. લાંબા સમયથી ભૂખ હડતાળ પર રહેલા વાંગચૂક સામે પોલીસબળનો ઉપયોગ દુર્ભાગ્યપૂર્ણ અને નિંદનીય છે. ગાંધીવાદી શૈલીમાં વિરોધ કરનારી વ્યક્તિ સાથે સંવાદ કરવાને બદલે, કેન્દ્ર સરકારે બળનો આશરો લીધો છે.

એનસીપી (એસપી)ના નેતા જયંત પાટીલે દિલ્હીમાં વિરોધ સ્થળ પરથી વાંગચૂકની અટકાયતની ટીકા કરતા કહ્યું હતું કે તેમની માંગણીઓ પર યોગ્ય વિચાર કર્યા વિના તેમને હૉસ્પિટલમાં ખસેડવાની પોલીસની કાર્યવાહી અત્યંત ચિંતાજનક છે. (પીટીઆઈ) ■

## શિંદેને

કહેવાતું હતું, પરંતુ હવે ઓગસ્ટના અંત સુધીમાં અથવા ચોમાસુ સત્ર સમાપ્ત થયા પછી સપ્ટેમ્બર સુધીમાં વિસ્તરણ થવાની સંભાવના છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સતત બે દિવસ વરિષ્ઠ નેતાઓની બેઠકો યોજી રહ્યા છે. એવી માહિતી મળી રહી છે કે નવી ભાજપ કારોબારીના સભ્યોનાં નામોને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે અને આગામી થોડા દિવસોમાં પાર્ટી પ્રમુખ નીતિન નવીનની નવી ટીમની જાહેરાત કરવામાં આવશે. સૂત્રોએ માહિતી આપી છે કે કારોબારીની ચૂંટણી પછી કેન્દ્રીય પ્રધાનમંડળમાં ફેરફાર અંગે નિર્ણય લેવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, એવું જાણવા મળી રહ્યું છે કે કેન્દ્રીય કેબિનેટમાં યુવાન ચહેરાઓને તક મળવાની સંભાવના છે. નવા પ્રધાનોની સરેરાશ ઉંમર ૪૫-૪૬ વર્ષની આસપાસ હોઈ શકે છે. જ્યારે ૬૫ વર્ષથી વધુ ઉંમરના નેતાઓને પ્રધાનપદ છોડવું પડી શકે છે. કેટલાક અપવાદરૂપ નેતાઓને પ્રધાનમંડળમાં જાળવી રાખવામાં આવે તેવી શક્યતા છે. અગાઉ, કેન્દ્રીય કેબિનેટમાં બે વાર ફેરફાર કરવામાં આવ્યો હતો. આ પછી, અગાઉના ફેરફારમાં સામેલ ન થયેલા ચહેરાઓને આ વખતે સામેલ કરવામાં આવી શકે છે. AAP, ઠાકરે અને તૃણમૂલ કૉંગ્રેસના કેટલાક સાંસદોએ પણ શાસક પક્ષને ટેકો આપ્યો છે. એવું વ્યક્ત કરવામાં આવી રહ્યું છે કે તેમને પણ પ્રધાનમંડળમાં સ્થાન મળશે. નવા ફેરફારમાં, પંજાબના કેટલાક AAP સાંસદો, ઠાકરે જૂથના પક્ષપલટો કરનારા સાંસદો અને તૃણમૂલ કૉંગ્રેસના પક્ષપલટો કરનારા સાંસદોને કેબિનેટમાં સામેલ કરવામાં આવે તેવી શક્યતા વધુ છે. ■

## કેન્દ્રની

થઈ જતાં સરકારે વાંગચૂકને હોસ્પિટલમાં દાખલ કરવાનો નિર્ણય લીધો છે, પરંતુ વાંગચૂક સામે કાર્યવાહી કરવામાં આવે તો પણ વિરોધ ચાલુ રહેશે. શરદ પવારે જણાવ્યું હતું કે 'કેન્દ્રએ પરિસ્થિતિને કાળજીપૂર્વક સંભાળી ન હોવાથી ઘણા વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર પડી છે. અન્ય રાજકીય પક્ષો તેમને (વાંગચુક) ટેકો આપવા આવ્યા ત્યારે સરકાર જોતી રહી. કૉંગ્રેસ, એનસીપી (એસપી) ના નેતાઓએ સ્થળ (જંતર મંતર)ની મુલાકાત લીધી અને માગણી કરી. માગ વાજબી હતી અને વિદ્યાર્થીઓના હિત માટે હતી, પરંતુ દિલ્હીમાં હોવા છતાં કોઈ પણ

સરકારના નેતાએ વિરોધ સ્થળની મુલાકાત લીધી ન હતી. એનો અર્થ એ છે કે સરકાર બેજવાબદાર છે. આ મુદ્દો અહીં સમાપ્ત નહીં થાય, કારણ કે સંસદનું સત્ર શરૂ થવાનું છે, ત્યાં પણ તેની ચર્ચા કરવામાં આવશે.' આ ઘટનાક્રમ પર નજર રાખતી દિલ્હી હાઈ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે વાંગચૂકના સ્વાસ્થ્ય પર નિયમિત નજર રાખવામાં આવે અને જો જરૂરી હોય તો યોગ્ય મેડિકલ સર્વિસ આપવામાં આવે. શુક્રવારે ડોક્ટરોએ જણાવ્યું હતું કે ભૂખ હડતાળની શરૂઆત થયા પછી વાંગચૂકના વજનમાં લગભગ ૯.૫ કિલોનો ઘટાડો થયો છે. જોકે, વાંગચૂકે કહ્યું હતું કે તબિયત બગડતી હોવા છતાં તેઓ ઉપવાસ ચાલુ રાખવા માટે કટિબદ્ધ છે.

## ઉદ્ધવે મોદી

વહેલી સવારે દિલ્હીની સફદરજંગ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે તબીબી સલાહ અને દિલ્હી હાઈકોર્ટના નિર્દેશોનો હવાલો આપ્યો હતો. એરપોર્ટ પર સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ઠાકરેએ કહ્યું હતું કે 'વાંગચૂકને જંતર-મંતર પરથી જે રીતે હટાવવામાં આવ્યા તે શરમજનક છે. વાંગચૂક જીવનનું બલિદાન આપવાની તૈયારીમાં છે અને ઘણા યુવાનો ભૂખ હડતાળ પર છે પરંતુ ભાજપ સરકારને નાગરિકો કે યુવાનોના જીવનની કોઈ પરવા નથી. 'નીટ' જેવી પરીક્ષા સરખી રીતે ન લઈ શકતી સરકારે કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપે તે પહેલાં કેટલા યુવાનોએ પોતાના જીવનું બલિદાન આપવું પડશે એ કહેવું જોઈએ.'

વાંગચૂકને હટાવવા માટે દિલ્હી હાઈ કોર્ટના નિર્દેશો અને તબીબી સલાહનો ઉલ્લેખ કરતી પોલીસે કરેલી દલીલ અંગે શિવસેના (યુબીટી) નેતાએ કહ્યું કે પોલીસે આ આદેશો બતાવવા જોઈએ.

'નીટ' પરીક્ષામાં કથિત અનિયમિતતાઓ અને આ વિવાદ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના મૃત્યુના અહેવાલો સામે કોક્રોચ જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનના સમર્થનમાં વાંગચૂક અને એઆઈએસએના ત્રણ કાર્યકરો ૨૮ જૂનથી અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર છે. (પીટીઆઈ) ■

## રાજ્ય સરકાર

અને ધર્મરાવબાબા આત્રમને આ સમિતિના સભ્ય બનાવવામાં આવશે. તેમની સાથે, વિધાનસભાના ૨૬ વિધાનસભ્યો સમિતિના સભ્ય રહેશે. વિધાનસભાના ચોમાસુ સત્રમાં, નંદુરબાર જિલ્લાના નવાપુર તાલુકામાં ખ્રિસ્તી પાદરીઓ, મિશનરીઓ અને તેમના સંગઠનો દ્વારા આદિવાસી અને બિન-આદિવાસી લોકોને લાલચ આપીને ધર્મ પરિવર્તન કરાવવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હોવાની માહિતી આપવામાં આવી હતી. તે સમયે એવી માગણી કરવામાં આવી હતી કે ધર્મ પરિવર્તન પછી આદિવાસી અથવા અનુસૂચિત જાતિને આપવામાં આવતી છૂટછાટો રદ કરવામાં આવે. આ અંગે સરકારે કહ્યું હતું કે નીતિ નક્કી કરવા માટે વિધાનસભા સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવશે. ગૃહમાં આપવામાં આવેલી ખાતરી મુજબ આ સમિતિની રચના કરવામાં આવી છે. આદિજાતિ વિકાસ વિભાગે આ અંગેનો સરકારી આદેશ જારી કર્યો છે. આ સમિતિમાં આમશ્યા પાડવી, રાજેશ પાડવી, ડો. વિજય કુમાર ગાવિત વગેરે સહિત કુલ ૨૬ વિધાનસભા સભ્યોનો સમાવેશ કરવામાં આવશે. ■

# પારસી મરણ

મેહરુ જાંહગીરશાહ ભગત તે મરહુમો નાજામાય તથા જાંહગીરશાહ ભગતના દીકરી. તે મરહુમ કેરસી, ખોરશેદ, નરગેશના બહેન. તે ઝરીન કેરસી ભગતના ભાભી. તે તનાઝ રાજીવ યાદવ ને હુમીન બુરઝીન દાવરના ફઈજી. (ઉં. વ. ૮૬) રે. ઠે.: ૭૬૪-ડી વાડિયા બિલ્ડિંગ, બીજે માળે, તિલક રોડ, પારસી કોલોની, દાદર, મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૯-૭-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

સામ દરવીશ ઇરાની તે મરહુમ એમીના ધની. તે મરહુમો ગુલા દરવીશ ઇરાનીના દીકરા. તે જહાંગીર, સાઇરસ, થ્રીતી, ફ્રેની તથા મરહુમો રુસી, શેરુ, માહારુખ, એમી, ઝરીન ને સોલીના ભાઇ. તે ઝીનોબીયા, શીરીન, નોઝેર, ફરઝાના દારાયશના મામા. તે ફેરાઝુન ને હસનના કાકા. તે કૈરમીનના ફૂઆ. (ઉં. વ. ૮૬) રે. ઠે. સી-મલબારી બિલ્ડિંગ, સી-બ્લોક, ફ્લેટ નં.૨૫, ત્રીજે માળે, ન્યુ ખરેઘાટ કોલોની, બાબુલનાથ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૦-૭-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગિયારીમાં છે.

# જૈન મરણ

**હાલારી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી (હાલ વિલેપાર્લે) સ્વ. ભગવાનજીભાઈ વારીયાના સુપુત્ર હરકિશનભાઈ વારીયા તે રંજનબેનના પતિ. ચેતન તથા રીનાના પિતા તા. ૧૭-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રમેશભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. બિપિનભાઈ, ત્રિલોકભાઈ, સ્વ. કંચનબેન, સ્વ. મંગલાબેન, સ્વ. નીમુબેન, સ્વ. નલીનીબેનના ભાઈ. વ્રજલાલ શિવલાલ સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

બોટાદ નિવાસી હાલ થાણે/દહીંસર, સ્વ. ભોગીલાલ લક્ષ્મીચંદ દેસાઈ (ઉં. વ. ૮૦) બુધવાર તા. ૧૫/૦૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઇન્દુબેનના પતિ. કોમલબેન, સાધ્વીજી કૃતાર્થરત્ના શ્રીજી મ. સા., ભાવિનના પિતા. વિમલકુમાર, સા. પદ્મસાગર મ. સા. તથા અલ્પીબેનના સસરા, સ્વ. રસિકભાઈ લક્ષ્મીચંદ દેસાઈ, સ્વ. રતિભાઈ લક્ષ્મીચંદ દેસાઈ, સ્વ. હરિભાઈ લક્ષ્મીચંદ દેસાઈ, સ્વ. વાડીભાઇ લક્ષ્મીચંદ દેસાઈ, સ્વ. સવિતાબેન કાંતિલાલ દોશી, સ્વ. કાન્તાબેન નાનાલાલ સાલોત, ગજરાબેન રમણીકલાલ વોરાના ભાઈ, સસરાપક્ષે સ્વ. હરગોવિદ્દાસ ઉજમશીભાઈ શાહના જમાઈ. પ્રાર્થના અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના શાંતિલાલ દેવશી રાંભીયા (ઉં. વ. ૭૫) અવસાન પામેલ છે. વેલબાઇ દેવશીના પુત્ર. ભાનુમતીના પતિ. વિપુલ, રાજેશ, મિતુલના પિતા. ધીરજલાલ, સુરેન્દ્ર, વસંતના ભાઇ. કુંવરબાઇ રામજીના જમાઇ. પ્રા. પાવનધામ, મહાવીર નગર, કાંદીવલી (વેસ્ટ), ટા. ૩ થી ૪.૩૦.

ડોણના માતુશ્રી મણીબેન શામજી ગાલા (ઉં. વ. ૮૨) તા. ૧૬/૭/૨૬ના અવસાન પામેલ છે. જેતબાઇ કાનજી માડણના પુત્રવધુ. જયવંતી, કલ્પના, હરેશ દક્ષાના માતુશ્રી. રાજબાઇ રવજી હંસરાજ છેડાની સુપુત્રી. કો. રોહાના ઝવેરબેન જીવરાજ, લીલાવંતી કેશવજી, ગઢશીશાના ધનવંતી દેવરાજ, કુંવરજી, લીલાધરના બહેન. પ્રાર્થના : તા. ૧૯/૭/૨૬, રવિવાર, ટા. ૩ થી ૪.૩૦ પ્રા. સ્થ. : નાલાસોપારા, સ્ટેશન અચલગચ્છ જૈન સંઘ, મારૂ ભવન, શ્રીપાલ, કોમ્પ્લેક્ષ, મહેશ પાર્ક, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇ.).

## 'રામ રક્ષા'

રાઉત, પક્ષના વિધાનસભ્યો, નેતાઓ અને કાર્યકરો જોડાયા હતા. પ્રાર્થના પછી તેમણે પક્ષના રામ રક્ષા આંદોલનના ભાગ રૂપે મંદિરની બહાર એક સભાને સંબોધિત કરી હતી.

રામ મંદિરના દાનમાં કથિત ગેરરીતિનો મામલો ગયા મહિને પ્રકાશમાં આવ્યો હતો, જેના પગલે ઉત્તર પ્રદેશ સરકારે ૧૩ જૂને આરોપોની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ એસઆઈટીની રચના કરી હતી.

૨૩ જૂને પ્રારંભિક એસઆઇટીએ રિપોર્ટ રજૂ કર્યા પછી, ૨૫ જૂને એફઆઈઆર નોંધવામાં આવી હતી અને આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

## 'જો રામ કા

હતું કે 'સૌ પ્રથમ મને ખુશી છે કે ઉદ્ધવજીને આખરે સમજાયું છે કે 'જો રામ કા નહીં, વો કિસી કામ કા નહીં' તેઓ ભગવાન રામ પાસે પાછા ફર્યા એ માટે હું તેમને તે માટે અભિનંદન આપું છું. મને આશા છે કે ઠાકરે ઓછામાં ઓછું થોડું રામ રક્ષા વાંચશે અને તેને ફક્ત રાજકીય મુદ્દો નહીં બનાવે.'

અયોધ્યા રામ મંદિરમાં દાનની કથિત ઉચાપત સામે 'રામ રક્ષા આંદોલન' પહેલા ઉદ્ધવ ઠાકરેએ પુત્ર આદિત્ય ઠાકરે, પક્ષના સંસદ સભ્ય સંજય રાઉત, વિધાન સભ્યો અને કાર્યકરો સાથે રામ મંદિરમાં પ્રાર્થના અને આરતી કરી હતી. પ્રાર્થના પછી તેમણે તેમના પક્ષના રામ રક્ષા આંદોલનના ભાગ રૂપે મંદિરની બહાર એક સભાને સંબોધિત કરી હતી. (પીટીઆઈ) ■

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

અ.સૌ. મૃદુલાબેન સુરેશભાઈ ચગસોતા (ઉં. વ. ૭૩) ગામ મોટી ખોંભડી, હાલે મુલુંડ, સુરેશભાઈના ધર્મપત્ની તા. ૧૮-૭-૨૬ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લક્ષ્મીબેન, સ્વ. પરસોત્તભાઈના પુત્રવધૂ. દેવન, મિલીના માતુશ્રી. ચાર્મીના સાસુજી. ક્રિસવના દાદી. તે મણીબેન ભગવાનદાસ લખધીરના પુત્રી. અમિતાબેન પ્રવીણભાઈ, પુષ્પાબેન, સ્વ. ભરતભાઈ પોપટ, નિર્મળાબેન શિવજીભાઈ ધીરાવાણીના ભાભી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯-૭-૨૬ રવિવારના સાંજે ૫ થી ૭. ઠેઃ ગોપુરમ હોલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**કપોળ**

શિહોર નિવાસી હાલ કાંદિવલી સ્વ. ભાનુમતી દ્વારકાદાસ મુનીના પુત્રવધૂ સ્નેહા કૌશિકભાઈ મુની (ઉં. વ. ૬૨) તા. ૧૬-૭-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે જાગૃતિ અંકિત મુની, મિતાલી પ્રિયંક મુની, સ્વિટી પાર્થ મુનીના સાસુ. કમલેશ દ્વારકાદાસ મુની, વૈશાલી વિક્રમ પટેલ, કલ્પના ભરત વોરા, જાગૃતિ વિજય દોશીના ભાભી. પરીંદા કમલેશ મુનીના જેઠાણી. ભારતીબેન બચુભાઈ જગડ (મહુવાવાળા)ના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૯-૭-૨૬ના રવિવારે સાંજે ૫ થી ૭. સ્થળઃ લોહાણા બાલાશ્રમ હોલ, અતુલ ટાવર, મથુરાદાસ એક્ષટેંશન રોડ, કાંદિવલી (વે).

**કચ્છી લોહાણા**

સ્વ. સીતાબેન ઓધવજી પ્રાગજી રાયચના ઠક્કર કેળાવાલાના સુપુત્ર ભરતભાઈનાં ધર્મપત્ની સ્વ. માલતીબેન (ઉં. વ. ૭૨) તા. ૧૭-૭-૨૬ ઘાટકોપર મધ્યે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. દેવકાબેન પ્રેમજી કારાભાઈ સચદે ઠક્કરનાં દીકરી. પ્રશાંત, અ. સૌ. નમીતા વીરલભાઈ છેડાના માતુશ્રી. જસ્સનાં નાનીમા. સ્વ. માલતીબેન, અ. સૌ. જયોતિબેન હરેશભાઈ ગણાત્રા, સ્વ. ધમેન્દ્ર ઓધવજીના ભાભી. પ્રાર્થનાસભા તા. ૨૦-૭-૨૬નાં સાંજના ૪ થી ૬. ઠે.: સ્વામીનારાયણ મંદિર હોલ, ૯૦ ફીટ રોડ, લવંડરબાઘની પાસે, જય ગાયત્રી હાઉસિંગ સોસાયટી, ગારોડિયા નગર, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બસીયા જ્ઞાતિ**

ગં. સ્વ. પ્રવિણાબેન (પ્રીતિ) ઘનશ્યામભાઈ પંડયા સરડોઈ નિવાસી હાલ દહિસર તે સ્વ. ઘનશ્યામભાઈ ત્રિભુવનદાસ પંડ્યાના પત્ની (ઉં. વ. ૭૦) તા. ૧૭-૭-૨૬ના દેવલોક પામ્યા છે. તે કેવલભાઈ, અંકિતભાઈ, સનતભાઈના માતુશ્રી. મેહા કેવલભાઈ, માનસી અંકિતભાઈ, વૈદેહી સનત પંડયાના સાસુ. અડપોદરા નિવાસી સ્વ. અમૃતલાલ મોહનલાલ પંડયાના દીકરી. તે સ્વ. વિનોદભાઈ અમૃતલાલ પંડયાના બેન. સત્યભામાબેન પંડયાના ભાભી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૦-૭-૨૬ સોમવાર, સાંજે ૪ થી ૬. સમાજ કલ્યાણ હોલ, વિદ્યા મંદિર રોડ, જરીમરી ગાર્ડનની બાજુમાં, દહિસર ઈસ્ટ.

**મેઘવાળ**

ગામ માલણુકા હાલ નાશિકના સ્વ. ભીમજીભાઇ જેઠાભાઇ બર્વે (બાબરિયા) (ઉં. વ. ૮૫) ગુરુવાર તા. ૯-૭-૨૬ ના રોજ રામચરણ પામેલ છે. તે સ્વ. લક્ષ્મીબેનના પતિ. કાંતાબેન, નરેશભાઇ, હરીશભાઇ, હર્ષાબેન, સ્વ. ગીતાબેન, હંસાબેન, પ્રવીણાબેનના પિતાશ્રી. સ્વ. રમેશભાઇ લીલાધરભાઇના કાકા. ડાયાલાલ, જયોતીબેન, સ્વ. સુરેશભાઇ, જયંતીભાઇ, લલિતભાઇ, દેવલબેન, મીનાબેનના સસરા. જસ, મૌર્વીના દાદા. કાંકળિયા પરિવારના ભાણેજ. ચારણીયાના જમાઇ. તેમનું બારમું સોમવાર, તા. ૨૦-૭-૨૬ના સાંજે ૪.૦૦ કલાકે ઠે. ગંગા-ગોદાવરી કાંઠે, પંચવટી, નાશિકમાં રાખવામાં આવેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

જેતપુર નિવાસી હાલ રાજકોટ, સ્વ. મોતીલાલ મોહનલાલ પડીયાના ધર્મપત્ની ગં.સ્વ. મંજુલાબેન (ઉં. વ. ૭૭) સ્વ. દીકરી ભારતી મોતીલાલ પડીયા, સરોજબેન ભરતકુમાર વાઢેર, હિમાંશુ મોતીલાલ પડીયા, મીતાબેન ભાવેશભાઈ મેર, ઉર્વશીબેન પિયુષકુમાર છાટબારના માતુશ્રી. જાગૃતિ હિમાંશુ પડીયાના સાસુ. સ્વ. ગંગારામ ગોપાલજી જોગી જેતપુરના સુપુત્રી. કીર્તિકુમાર ગંગારામ જોગી, જસુમતીબેન લલિતકુમાર મણિયારના મોટાબહેન, તા. ૧૫/૦૭/૨૬ને બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

**મોઢ દશા અડાલજા અમદાવાદી**

સ્વ. રમણીકગૌરી મદનલાલ મહેતાના પુત્ર તથા સ્વ. કુસુમબેન કાન્તિલાલ કાપડિયાના જમાઈ. સ્વ. જ્યોતિના પતિ. કમલેશ મદનલાલ મહેતા (ઉં. વ.૭૩) તે સ્વ. રજનીકાંત, સુરેશ, સ્વ. નિરંજન, નીરૂપા દિનેશ શ્રોફ તથા સ્વ. કલ્પના દીલીપ શ્રોફના ભાઈ ગુરુવાર તા. ૧૬.૭.૨૬ના રોજ શ્રીજીચરણ થયેલ છે. ફોરમ ધિરેન પારેખ તથા જલ્પા સમિત શાહના પિતા. ક્રીશા અને સિયાના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

મુંબઈ નિવાસી, દેવેન આનંદપરા (ઉં. વ. ૬૦) તે મનહરલાલ જમનાદાસ ધંધુસરિયાના પુત્ર, નરેન્દ્રભાઈ ધંધુસરિયાના ભત્રીજા, વિપીન મગનલાલ ગગલાણીના ભાણેજ, હિતેન આનંદપરાના મોટાભાઈ ૧૭ જુલાઈએ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વરસામેડી હાલે નાશિક, ગં.સ્વ. લીલાબહેન લવજી રૂપારેલ (ઉં. વ. ૯૩) તે સ્વ. લવજી દેવકરણ રૂપારેલના ધર્મપત્ની, મનોજભાઈ, નીના તથા અજયના માતુશ્રી. ગીતાબેન તથા ડીમ્પલના સાસુમા. વિકાસ, મેઘા, ધ્રુવી, રિદ્ધિના દાદીમા. નીકી તથા હિરેનના નાની. સ્વ. ટોપણદાસ આનંદજી કેસરિયાના જ્યેષ્ઠ પુત્રી. મંગળાબેન, ગોમતીબેન તથા ભુપેન્દ્રભાઈના બહેન. મીતાબહેનના નણંદ તા. ૧૬-૭-૨૬ના શ્રી રામચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯-૭-૨૬ના રોજ સાંજે ૫ થી ૭. કચ્છી લોહાણા મહાજનવાડી, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ બોરીવલી, સ્વ. કનૈયાલાલ નરસીપ્રસાદ ભુતા તા. ૧૬/૭/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. પદમાબેનના પતિ. સ્વ. વલ્લભદાસ નથુભાઈ મુનીના જમાઈ. અતુલ, ચેતના તથા ગં.સ્વ. જયશ્રીબેન પ્રવિણકુમાર મુની તથા સ્વ. ઇલાબેનના પિતા, નમ્રતા તથા અવનીના સસરા. તેમની પ્રાર્થનાસભા ૧૯/૭/૨૬ના રોજ ૪ થી ૬ ક. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મંદિરોમાં ચોરી: હમે તો અપનોને લૂંટા!

**સૈકાઓ પહેલાં વિદેશી આક્રમણખોરો આપણાં ધર્મસ્થાનોને લૂંટી જતાં. આજે પણ એ બેફામ લૂંટફાટ ચાલુ જ છે. મંદિરો પણ આપણાં ને લૂંટારુઓ પણ ઘરના! આવી 'ધન જિહાદ' સામે આપણે ચૂપ કેમ છીએ?**



કવર સ્ટોરી
**વિજય વ્યાસ**
feedback@bombaysamachar.com

આ વાતની શરૂઆત ફ્લૅશબૅકથી કરીએ...

હાલના અફઘાનિસ્તાનમાં આવેલા ગઝનીના સુલતાન અબુ અલ-કાસિમ મહમૂદ ઈબ્ન સાબુક્તિગિન ઉર્ફે મહમૂદ ગઝનીએ ઈસવી સન ૧૦૨૬માં ૬ જાન્યુઆરીથી ૮ જાન્યુઆરી એમ સળંગ ૩ દિવસ સુધી સોમનાથ પર આક્રમણ કર્યું હતું. સોલંકી યૌદ્ધા અને સોમનાથના બ્રાહ્મણોએ જોરદાર પ્રતિકાર કરીને બે વાર ગઝનીની સેનાને પીછેહઠની ફરજ પાડી, પણ છેવટે ગઝનીની સેના જીતી. ૫૦ હજાર હિંદુઓની હત્યા કર્યા પછી ગઝનીની સેના ભગવાન સોમનાથ મહાદેવના મંદિરમાં પ્રવેશી.

મહમૂદ પણ મંદિરમાં પ્રવશ્યો અને શિવલિંગને તોડી નાખ્યું. ગઝનીની સેનાએ મંદિરમાં ભારે લૂંટ ચલાવી. સોમનાથ મંદિર સોનાનું બનેલું હતું એવું કહેવાય છે. મંદિરમાં હીરા-ઝવેરાતનો મોટો ખજાનો હતો ને હજારો સોનાના સિક્કા હતા. મહમૂદ આ બધું લૂંટીને ગઝની લઈ ગયો. ભગવાનના શિવલિંગને પણ તોડીને પોતાની સાથે લઈ ગયો અને પોતાના મહેલનાં પગથિયાંના પથ્થરોમાં શિવલિંગ જડાવ્યું કે જેથી રોજ તેના પર પગ મૂકીને મહેલમાંથી બહાર નીકળે ને મહેલમાં પ્રવેશે.

મહમૂદ ગઝની ભારતમાં મંદિરો લૂંટનારો પહેલો આક્રમણખોર હતો પણ છેલ્લો નહોતો. ભારતમાં મંદિરો તોડીને લૂંટવાનો ઇતિહાસ બહુ લાંબો છે. ગઝની પછી અલ્લાઉદ્દીન ખિલજી, ઉલુઘ ખાન, મલિક કાફુર, ઔરંગઝેબ સહિતના ઘણા આક્રમણખોરોએ હિંદુ મંદિરો તોડ્યાં અને લૂંટ્યાં. મહમૂદ ગઝની સોમનાથ મંદિરમાંથી એ જમાનામાં ૨ કરોડ દિનારનો ખજાનો લૂંટી ગયેલો એવા ઐતિહાસિક સંદર્ભ મળે છે. બીજા આક્રમણખોરો શું લૂંટી ગયા તેની વિગતો બહુ મળતી નથી પણ આ રકમ બહુ મોટી જ હશે એ ઉમેરવાની જરૂર નથી.

કટ ટુ પ્રેઝન્ટ...

ભારતમાં આ ગઝની, ખિલજી કે ઔરંગઝેબની ઔલાદો હજુ જીવે છે ને હિંદુ બનીને જીવે છે...! સાંભળીને આઘાત લાગશે પણ હમણાં હમણાંથી હિંદુ મંદિરોમાં બેફામ લૂંટની ઘટનાઓ બહાર આવી રહી છે એ જોતાં એવું જ લાગે છે.

અયોધ્યામાં ભગવાન રામના મંદિરમાંથી અબજો રૂપિયાના દાનની ઘટના બહાર આવી એ પછી એક પછી એક મંદિરમાંથી દાન-ચોરીની વાતો બહાર આવી રહી છે એ જોયા પછી એવું જ લાગે કે ગઝની સહિતના મુસ્લિમ આક્રમણખોરો ભલે સદીઓ પહેલાં મરી ગયા, પણ તેમની ઔલાદો કે નાજાયજ ઔલાદોને અહીં છોડી ગયા છે. એ સિવાય કોઈ હિંદુ પોતાના જ ધર્મના મંદિરમાં કઈ રીતે લૂંટ ચલાવી શકે?

મહમૂદ ગઝની સહિતના આક્રમણખોરો બહારના હતા, ધર્માંધ કટ્ટરવાદી અને હિંદુ વિરોધી હતા તેથી મંદિરો તોડીને ખજાનો લૂંટી ગયા તેમાં નવાઈ નથી, પણ હિંદુઓ હિંદુ મંદિરોમાં લૂંટ ચલાવીને અબજો રૂપિયા ઘરભેગા કરી નાખે તેના માટે બીજું શું કારણ હોઈ શકે? એ જ કે તેમની નસોમાં વહેતું લોહી હિંદુનું નથી પણ ગઝની, ખિલજી કે ઔરંગઝેબ જેવા કોઈ કટ્ટરવાદી મુસલમાનનું છે.

પહેલાં દાણચોરો દક્ષિણ ભારતનાં ચૌલ, પલ્લલ, પાંડ્યા વંશના શાસન દરમિયાન બનેલાં મંદિરોમાંથી ભવ્ય મૂર્તિઓની ચોરી કરાવીને વિદેશોમાં કરોડોમાં વેચતા. આ ચોરી અને દાણચોરીનો ધંધો ચોરીછૂપીથી ચાલતો જ્યારે અત્યારે તો સીધી મંદિરને મળતા દાનની રકમ અને કીંમતી ભેટો પર જ ધાપ મરાય છે. અયોધ્યાના રામલલ્લાના મંદિરમાં મરાયેલી ધાપનો આંકડો તો ૪૦૦ કરોડની આસપાસ હોવાનું કહે છે. આ ચોરી માટે ઉત્તર પ્રદેશ સરકારે રચેલી સ્પશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી)એ ૮ લોકોની ધરપકડ પણ કરી છે ને આ બધાં હિંદુ જ છે. તપાસ હજુ ચાલુ જ છે ને હજુ બીજાની ધરપકડ પણ થશે ને એ બધા પણ હિંદુ જ હશે કેમ કે અયોધ્યાના મંદિરમાં વહીવટથી માંડીને દાનની રકમ ગણવા સુધીનાં કામોમાં હિંદુઓ જ સામેલ છે.

અયોધ્યાના મંદિરની ચોરીને પગલે બીજાં મંદિરોમાં થયેલી ચોરીની ઘટનાની વિગતો પણ બહાર આવી રહી છે. ગુજરાતમાં શક્તિપીઠ મા અંબાજીના તીર્થધામ દાનની રકમની ચોરી બદલ ૩ લોકોની ધરપકડ કરાઈ છે. મા કાલિકાના ધામ પાવાગઢના મંદિરમાં ભક્તોએ ચઢાવેલી ચાંદી બદલીને નકલી ચાંદી ચડાવી દેવાઈ હોવાનો મામલો તો હાઈ કોર્ટ સુધી પહોંચેલો છે.

ઉત્તરાખંડમાં ચાર ધામ પૈકીના એક બદરીનાથ મંદિરમાં પણ દાનની રકમની ચોરીના કેસમાં મંદિરના જ ભૂતપૂર્વ કર્મચારી રાજેન્દ્ર ચૌહાણની ધરપકડ થઈ છે. કેરળના જગવિખ્યાત સબરીમાલા મંદિરમાં દરવાજા પર લગાવાયેલાં સોનાનાં પતરાં અને પવિત્ર મૂર્તિનું સોનું પણ ગાયબ થઈ ગયું છે. આ ચોરી બદલ મંદિરના જ પૂજારીની ધરપકડ થઈ છે. રાજસ્થાનના નાગોરનાં ૫૦૦ વર્ષ જૂના ચતુરદાસજી મહારાજ મંદિરમાંથી લગભગ ૨૩ કરોડ રૂપિયાના દાનની ચોરી થઈ છે. આ બધી ચોરીમાં સત્તાવાર રીતે પોલીસ ફરિયાદો થઈ છે ને ધરપકડો પણ થઈ છે તેથી ખાલી હવામાં વાતો નથી.

આ બધાં પણ છેલ્લા કેટલાક મહિનાઓમાં બહાર આવેલી ઘટનાઓ છે. બહાર નહીં આવેલી ઘટનાઓની સંખ્યા કેટલી હશે એ તો આપણને પણ ખબર નથી, પણ આ બધી ઘટનાઓ જ સાબિત કરે છે કે આ દેશના હિંદુઓમાં પણ ગઝનીની ઔલાદો છે કે જેમને પોતાનાં ધર્મસ્થાનોમાં ચોરી કરતાં નથી કોઈ શરમ કે નથી ભગવાનનો ડર. ગઝનીએ તલવારના જોરે સોમનાથ મંદિર લૂંટેલું ને અત્યારના ગદ્દારો હિંદુ હોવાનો ગેરફાયદો ઉઠાવીને ભગવાનને લૂંટી રહ્યા છે.

આ તો દેખીતી લૂંટ થઈ, પણ હિંદુ મંદિરોમાંથી બીજી પણ એક લૂંટ થઈ રહી છે કે જે આપણને દેખાતી નથી. ધર્મભીરુ હિંદુઓ મંદિરોમાં યથાશક્તિ દાન આપવાથી પુણ્ય મળશે એવું માને છે તેથી આપણાં મંદિરોને દાનની લખલૂંટ આવક થાય છે. આ દેશમાં હજારો મંદિરો છે ને આ મંદિરોની દાનપેટીઓ આવાં દાનથી છલકાયા કરે છે. આ દાનનો પૈસો ક્યાં જાય છે એ હિંદુઓ કદી વિચારે છે? મીડિયામાં દેશનાં સૌથી ધનિક ૧૦ મંદિર ક્યાં ને ૨૫ મંદિરો ક્યાં ને તેમની પાસે કેટલી સંપત્તિ છે તેની વિગતો છાસવારે છપાયા કરે છે પણ આ બધી સંપત્તિ ક્યાં જાય છે કદી કોઈએ વિચારે કર્યો છે ખરો? આ મંદિરોને મળતી રોકડ રકમ કે બીજી ચીજોનાં દાનમાંથી ઊપજતી રકમ પર હિંદુ સમાજનો અધિકાર છે, પણ આ રકમ ખરેખર હિંદુઓ માટે વપરાય છે કે નહીં તેની હિંદુઓ ચિંતા કરે છે ખરા? આ દેશમાં કરોડો હિંદુઓ કારમી ગરીબીમાં સબડે છે ને બે ટંકનું ખાવાનું પણ નથી પામતા. કરોડો યુવાનો બેરોજગાર ફરે છે ને પોતાનો ખર્ચો ઉઠાવી શકે એવી નોકરી પણ નથી મેળવી શકતા. બહેન-દીકરીઓએ જીવતા રહેવા માટે શરીર વેચવા સહિતનાં ઘણાં ગંદાં કામ કુકર્મ કરવાં પડે છે. નિરાધાર વૃદ્ધો લાચાર બનીને જીવે છે ને હિંદુઓ માટે પવિત્ર મનાતી ગાયો રસ્તે રઝળ્યા કરે છે. મંદિરો પાસેની અબજોની સંપત્તિ ને આવક આ હિંદુઓ પાછળ કેમ નથી ખર્ચાતી ?મંદિરોનો વહીવટ કરતા ટ્રસ્ટીઓ ને તેમના મળતિયા આ અબજોની આવક પર સાપ થઈને બેઠા છે, એ લોકો આ આવક પોતાના લાભાર્થે વાપરે છે- પોતે જલસા કરે છે. આ બહુ મોટી લૂંટ છે, પણ આ દેશના હિંદુઓની નસેનસમાં એ હદે કાયરતા ઘર કરી ગઈ છે કે હિંદુઓનું લોહી ઉઘાડી કે છૂપી કોઈ લૂંટ જોઈને ઊકળી ઊઠતું નથી.

આપણે ત્યાં લવ જિહાદ, લૅન્ડ જિહાદ સહિતની જાત જાતની જિહાદને લગતા શબ્દો છાસવારે ઊછળ્યા કરે છે, પણ આ ગઝનીની ઔલાદોની ધન જિહાદ સામે કોઈ કશું બોલતું નથી. કોઈ મુસ્લિમ છોકરો હિંદુ નામ ધારણ કરીને હિંદુ છોકરીને ફસાવે ત્યારે સોશ્યલ મીડિયા પર લવ જિહાદનો ઝંડો લઈને હિંદુ શૂરવીરો મેદાનમાં આવી જાય છે, વક્ફની જમીનોના નામે લૅન્ડ જિહાદ થાય છે એવા સાચા-ખોટા દાવા કરીને આક્રોશ ઠલવાય છે, પણ આ ધન જિહાદ સામે હિંદુ સમાજ સાવ ચૂપ છે. કોઈ હિંદુવાદી સંગઠન તેની સામે નથી બોલતો, કોઈ હિંદુવાદી નેતા નથી બોલતો.

આ કાયરતા હિંદુઓને ક્યાં લઈ જશે?

વિચારજો... ■

# શબ્દોની ગુંડાગીરી:
## સોશ્યલ મીડિયા વત્તા માનસિક હિંસાનો નવો ચહેરો

મોર્નિંગ મ્યૂસિંગ
**રાજ ગોસ્વામી**
feedback@bombaysamachar.com



**પ્રસિદ્ધ** ટીવી-પત્રકાર રાજદીપ સરદેસાઈની પત્ની અને પત્રકાર સાગરિકા ઘોષે થોડા સમય પહેલાં ટ્વિટર (હવે) પર પોતાના વિચારો વ્યક્ત કરવાનું લગભગ બંધ કરી દીધું. કારણ? સાગરિકા મુક્ત વિચારો ધરાવતી મહિલા છે. સામાજિક અને રાજકીય મુદ્દાઓ પર તે નિર્ભયતાથી પોતાનાં મંતવ્યો વ્યક્ત કરતી રહી છે. સ્વાભાવિક છે કે બધા લોકોને એ વિચારો ગમે એવું જરૂરી નથી, પરંતુ અસંમતિ વ્યક્ત કરવાની જગ્યાએ કેટલાક લોકોએ તેમને ગૅંગરેપ અને વસ્ત્રહરણની ધમકીઓ આપવાનું શરૂ કર્યું. અહીં સુધી પણ કદાચ આને 'નિર્દોષ' દાદાગીરી કહી શકાય, પરંતુ જ્યારે કેટલાક લોકોએ તેમની નાની દીકરીનું નામ, તેની સ્કૂલ અને ક્લાસની વિગતો જાહેર કરીને ધમકીઓ આપવાનું શરૂ કર્યું ત્યારે સાગરિકા ગભરાઈ ગઈ અને તેણે પોતાની અભિવ્યક્તિ પર જ બ્રેક મારી.

મુંબઈની મીડિયા વ્યવસાયિક અંશિકાએ સરકારનાં પુસ્તકો પર પ્રતિબંધ મૂકવાની નીતિ સામે સવાલ ઉઠાવ્યો. જવાબમાં એક વ્યક્તિએ પૂછ્યું: 'જો તારાં મા-બાપ સેક્સ જીવન પર પુસ્તક લખે તો? 'અંશિકાએ શાંતિથી જવાબ આપ્યો કે 'હું એવું પુસ્તક ન વાંચું.' ચર્ચા ત્યાં પૂરી થવી જોઈએ હતી, પરંતુ તે વ્યક્તિ રોજેરોજ ટ્વિટ કરીને અંશિકાનાં માતા-પિતાના સેક્સ જીવન વિશે કાલ્પનિક અને અશ્લીલ વાર્તાઓ લખવા લાગ્યો.

સોશ્યલ મીડિયા, ખાસ કરીને ફેસબુક અને ટ્વિટર પર ટ્રોલ કે ટ્રોલિંગ શબ્દ હવે અજાણ્યો રહ્યો નથી. ટ્રોલ એવા લોકોને કહેવાય છે જે ભડકાઉ, અસંબંધિત અને ભાવનાત્મક ટિપ્પણીઓ કરીને બીજાને ઉશ્કેરે અને એમાંથી આનંદ મેળવે. અંગ્રેજીનો 'ટ્રોલ શબ્દ સ્કેન્ડિનેવિયન પૌરાણિક ભાષા 'ઓલ્ડ નોર્સ'માંથી આવ્યો છે. ટ્રોલ એટલે એવું કદાવર અને દુષ્ટ પ્રાણી જે લોકોને હેરાન કરે. સોશ્યલ મીડિયામાં આવા ટ્રોલ ચર્ચાની વચ્ચે ઘૂસી જાય છે અને પછી ગાળાગાળી, ધોંસ, ઉપહાસ, અપમાન અને ઉશ્કેરણીનો વરસાદ શરૂ કરે છે.

તમે ક્યારેય કોઈ સાથે તર્ક કર્યો હશે તો અનુભવ્યું જ હશે કે જ્યારે સામેની વ્યક્તિ પાસે દલીલો ખૂટી જાય અથવા તેને લાગે કે તે ખોટી સાબિત થઈ રહી છે ત્યારે તે ચર્ચાનો રસ્તો છોડીને વ્યક્તિગત હુમલા પર ઊતરી આવે છે. વિચારોની હિંસા પણ શારીરિક હિંસા જેટલી જ વાસ્તવિક છે. બંનેનું મૂળ એક જ છે- સામેની વ્યક્તિને નીચી દેખાડવાની, અપમાનિત કરવાની અને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાની ઇચ્છા.

અંગ્રેજીમાં એક શબ્દ છે- 'સ્ટોકિંગ' એટલે કોઈનો પીછો કરવો. ફિલ્મ 'ડર'માં જુહી ચાવલા શાહરુખ ખાનને ભાવ નથી આપતી એટલે તે તેનો પીછો કરે છે. હકીકતમાં તે પ્રેમ નથી કરતો, તે અસ્વીકારથી ઘવાયેલા પોતાના અહંકારનો બદલો લેવા માગે છે. જુહીને ડરાવીને, બેઇજ્જત કરીને.

ટ્રોલિંગ અને સ્ટોકિંગ વચ્ચેનો માનસિક આધાર એક જ છે. સામેની વ્યક્તિને અપમાનિત કરીને આપણે પોતાને વધુ શક્તિશાળી અનુભવીએ છીએ.

ટ્રોલિંગમાં ટોણા મારવા, ઉપહાસ કરવો, મજાક ઉડાવવી અને જાહેરમાં નીચું દેખાડવાની વૃત્તિ છુપાયેલી હોય છે. એક વખત શિવસેનાએ દશેરાની રૅલી પહેલાં એવાં પોસ્ટરો લગાવ્યાં હતાં, જેમાં વિશાળ કદના બાળ ઠાકરે સામે નાના કદના નરેન્દ્ર મોદી માથું નમાવીને ઊભા હોય. બીજી તરફ બિહારની ચૂંટણીમાં મોદીએ લાલુપ્રસાદ યાદવને ટોણો માર્યો હતો કે તેમના દીકરાઓને ૧.૨૫ લાખ કરોડ રૂપિયા લખતાં પણ આવડે છે કે નહીં?

ટ્રોલિંગ એટલે ભાવનાત્મક હિંસા. યુધિષ્ઠિરના રાજ્યાભિષેક પ્રસંગે પાંડવોએ કૃષ્ણને મુખ્ય અતિથિ બનાવ્યા. શિશુપાળને આ પોતાનું અપમાન લાગ્યું. તેણે કૃષ્ણનું સતત અપમાન કરવાનું શરૂ કર્યું. સભા અસ્વસ્થ થઈ ગઈ, પરંતુ કૃષ્ણ શાંત રહ્યા. જ્યારે શિશુપાળે અપમાનની સીમા વટાવી ત્યારે જ કૃષ્ણે સુદર્શન ચક્ર ચલાવ્યું.

શારીરિક હિંસા માપી શકાય છે, સાબિત કરી શકાય છે અને કાયદો તેને અપરાધ માને છે, પરંતુ શાબ્દિક અને ભાવનાત્મક હિંસાને આપણે હજુ એટલી ગંભીરતાથી લીધી નથી. હું તમને ટોણા મારું, તમારી સતત ઉપેક્ષા કરું, તમારા ધર્મ કે જાતિને ગાળો દઉં, તમને મૂર્ખ, કમઅક્કલ કે નકામા ગણાવું - તો તેને આપણે હિંસા ગણતા નથી, પરંતુ આ પણ હિંસા જ છે. ગલીનો ગુંડો છરીથી હુમલો કરે છે. બૌદ્ધિક ગુંડો શબ્દોથી હુમલો કરે છે. પહેલા ગુંડાને સજા કરવાની વ્યવસ્થા છે, બીજા માટે નથી, કારણ કે આપણે હજુ માનસિક હિંસાને હિંસા તરીકે સ્વીકારી જ નથી. કોઈ પતિ પત્નીને રોજ મારે તો તે ઘરેલુ હિંસા કહેવાય, પરંતુ કોઈ 'સંસ્કારી' પતિ રોજ અપમાન, અવગણના અને માનસિક યાતના આપે તો તેને સાબિત કરવું મુશ્કેલ બને છે. ઊલટાનું, સમાજ ઘણી વાર પત્નીને જ 'ભાવનાત્મક રીતે નબળી'કહીને દોષી ઠેરવે છે.

માનસિક હિંસા એ પોતાની માન્યતા, પોતાની લાગણી કે પોતાના વિચારો બીજી વ્યક્તિ પર થોપવાની જીદમાંથી જન્મે છે. આ જીદનું મૂળ અંકુશમાં છે. સામેની વ્યક્તિ પર પોતાનો કાબૂ સ્થાપિત કરીને પોતાની શ્રેષ્ઠતાનો અનુભવ કરવો. અંકુશ-ચાહે શારીરિક બળથી સ્થાપિત થાય કે બૌદ્ધિક બળથી - આખરે હિંસાનું જ એક સ્વરૂપ છે. કદાચ એટલે જ પતિથી લઈને પિતા, સ્કૂલથી લઈને પોલીસ અને ધર્મથી લઈને રાજસત્તા સુધી દરેક વ્યવસ્થાને અંકુશ ગમે છે.

આદિ શંકરાચાર્યએ મંડન મિશ્રને શાસ્ત્રાર્થમાં હરાવ્યા, એ જ્ઞાનની સીમાઓ વિસ્તરવાનો પ્રસંગ હતો કે બૌદ્ધિક બાહુબળનું પ્રદર્શન? અદાલતોમાં વકીલો પણ પોતાના-પોતાના સત્ય માટે દલીલો કરે છે. શાસ્ત્રાર્થ હોય કે અદાલત, અખાડો હોય કે સોશ્યલ મીડિયા - દરેક જગ્યાએ કેટલાક લોકો દલીલોના પહેલવાન હોય છે, પરંતુ ચર્ચા ત્યાં સુધી જ અર્થપૂર્ણ છે જ્યાં સુધી તેનો હેતુ સમજણને વિસ્તૃત કરવાનો હોય. જે ક્ષણે ચર્ચાનો હેતુ સામેની વ્યક્તિને હરાવવાનો, નીચી પાડવાનો કે અપમાનિત કરવાનો બની જાય એ ક્ષણે ચર્ચા સંવાદ નથી રહેતી, એ હિંસામાં ફેરવાઈ જાય છે.

ભારતીય જ્ઞાનપરંપરાએ સાંભળવું, સમજવું અને પચાવવું - આ ત્રણેયને જ્ઞાનની અનિવાર્ય શરત માન્યા હતા. સોશ્યલ મીડિયાના યુગમાં આ ત્રણેય કળા ધીમે ધીમે અદૃશ્ય થઈ રહી છે. હવે આપણે સાંભળવા કરતાં વધુ બોલીએ છીએ, સમજવા કરતાં વધુ પ્રતિક્રિયા આપીએ છીએ અને વિચારવા કરતાં વધુ ટ્રોલ કરીએ છીએ.

ગૌતમ બુદ્ધે કહ્યું હતું, 'દરેક સત્યની સામે બીજું પણ એક સત્ય હોય છે.' સોશ્યલ મીડિયાએ આ વાક્યમાં એક નાનો સુધારો કર્યો છે - 'હવે હર એક સત્યની સામે એક ટ્રોલ પણ હોય છે.' ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# સર્વનાશ અને સર્જન

સમય એવો ચાલે છે કે કોઈ કરતાં કોઈ પોતાના અહમના ત્યાગ માટે એક તસુભર તૈયાર નથી, અહીં ભારતમાં દરેક આંદોલન શરૂ થયાં ત્યારે જે હતાં એ જ્યારે અંત પામ્યા કે સફળ થયાં ત્યારે એવા નથી જ રહી શક્યા એ વાત એટલી બધી સર્વવિદિત છે કે મારે કોઈ હઝારે કે કોઈ રામદેવનાં સંદર્ભ કહેવાની જરૂર નથી જ. દરેક સત્તા પક્ષ કાં તો કોઈ મજબૂરી કે કાં તો વિચારધારાના સાચાખોટા પ્રચંડ પરિવર્તનને કારણે પહેલાં નમવાનો દેખાડો તો મુક્તો! હવે તો ભારતીયોના નસીબમાંથી એ દેખાડાનું 'સુખ' પણ ગાયબ છે અને રોજબરોજની બકવાસ ખબરોથી 'સુસજ્જ' રાખતું આખાય ભારત દેશનું સ્ક્રીન મીડિયા જ્યારથી ગજવાઓમાં ખણખણવા માંડ્યું ત્યારથી કોઈ સંવાદ, કોઈ અલગ અલગ માન્યતા વિષેની ચર્ચા કે કંઈ પણ, આંદોલનના સંદર્ભે, ગાયબ છે. જય હો તાબોટાની... જય હો મીડિયાની... જય હો એકતરફી ઓવારણાની.

* * *

રાહ, રસ્તો, પથ...
જ્યાં મેં સ્વશોધના રસ્તે ડગ ભર્યાં
મને દરેક વસ્તુ બદલાતી હોવાનો અહેસાસ થાય છે.
બદલાવ હંમેશાં સ્વસ્થતાનો દુશ્મન જ રહ્યો છે અને રહેશે. બદલાવ જે છીએ એને મુક્ત કરવાનું કહે છે જેથી આપણે જેવા હોવા જોઈએ એ બની શકીએ... બદલાવથી આનંદ અને વેદના, જિંદગીના બંને ચહેરા અનુભવી શકાય છે. આપણે જીતના ઉત્સવ પણ ઉજવીએ, હાર પચાવીએ અને નામશેષ થઈ જવાની એવી ક્ષણ પાસેથી ડહાપણ પણ મેળવીએ જે કદાચ આપણને આસાનીથી ગળી ગઈ હોત.
લગભગ તો આપણે આપણા ભીતરી દાનવથી એવા મુશ્કેટાટ છીએ કે આપણામાંનો દેવ રડવા માંડે છે. જમા થાય છે આ આંસુઓ વર્ષો સુધી અને પછી પરિવર્તિત થાય છે નિરાશામાં જેનાંથી જન્મે છે નિંદાભાવ. કથિત આંસુઓનો વર્ષો સુધીનો સંગ્રહ એક શાંત નકારાત્મક અવાજ બનીને આશાઓ ત્યાગવાનું અને સ્વપ્નો દફનાવવાનું સતત કહ્યા કરે છે...
અને છતાં રાહ, રસ્તો, પથ તો ચાલે જ છે. અને જો આપણામાં હામ હોય ડગ ભરવાની તો ભલે ધીમેથી, ભારે દર્દ સાથે પણ કશુંક અદ્ભુત બને છે.
નિર્માલ્ય બનવાને લીધે ઊપડેલા આપણાં ખુદના ઘાવ શક્તિનાં સ્રોત બની જાય છે.
વંટોળિયા, જેણે આપણને થરથર કાંપતા કરી નાંખ્યા હતા, બની જાય છે એ આપણા ગુરુવર્ય
આપણે સહન કરેલી દરેક કારમી પળ ભેગી થઈને
અચાનક કરુણા જન્માવવા માંડે છે આપણામાં...
બુદ્ધને મન આ જ તો છે શાંતિ...
જીસસને મન માફી...
શિવ અહીંથી પરિવર્તનના બીજ રોપે છે
રાહ ત્રણ, સત્ય એક,
કડવાશને આધીન થવાનું જ નથી
નિરાશાને પૂજવાની જ નથી
અર્થપૂર્ણતાને હાડમારી ગણવાની જ નથી
હૃદય બંદીવાન હોઈ જ ન શકે
રોકાયા વગર ચાલતો રહે.

ડરની ખૂબ ઉપર સમજદારી વસે છે
જુદાઈની ખૂબ ભીતરે અનંત મિલન છે.
અને કદાચ આપણે નીરવ શાંતિ સફરની અંતે નથી પામતાં
કદાચ શાંતિ એ ક્ષણનું નામ છે જ્યારે આપણે તય કરીએ છીએ ચાલું રાખવાનું...

– એડ્વોકેટ સુરિલ દેસાઈ



અહીં જિંદગી છે બહુ સીધી સાજી
નડે એને 'હું' નામનો એક પાજી

રહ્યો છું જીવનભર પ્રયત્નોમાં હાજી
મેં સામાન્ય પળ તક ગણીને નવાજી

ગમે છે ફક્ત પ્રેમ ઠાકોરજીને
બધા છોડી પકવાન આરોગે ભાજી!

નથી છોડવાનો તને આ વખત હું
હવે નહીં ચલાવું કોઈ ચાલબાજી

પ્રણયમાં સફળતાનો કીમિયો બતાવું ?
તમે હારી ખુદને જીતી જાવ બાજી

પુરુષાર્થ પ્રારબ્ધ સાથે થયાં છે
ને બોલાઈ રહી છે સમયની હરાજી

કુદી જો શક્યો હોત છેલ્લેથી ત્રીજું
તો જીતી લીધી હોત મેં સાપબાજી

સહારાના વાદળ ગગડતાં હતાં જે
ગયાં છે હજી હાશહમણાં એ ગાજી

અણુબોંબથી વિશ્વ તો નાશ પામ્યું
મને આવી રહી છે ગઝલ એક તાજી

– શોભિત દેસાઈ

આજે આટલું જ

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# કચ્છનું અમૃતઃ
# હબાય ધામની સદીઓ પુરાણી જળ પરંપરા ને આધ્યાત્મિક વૈભવ

કચ્છ એટલે પાણી માટે તરસતો પણ પોતાના ખમીર અને સંસ્કારોથી સદાય 'પાણીદાર' રહેલો મલક. અહીં એક કહેવત બહુ પ્રચલિત છેઃ 'આફત તો આવે વણનોતરી, પણ નોતર્યો ન આવે વરસાદ...' આવા કઠિન ભૌગોલિક વાતાવરણમાં પાણીને જીવની જેમ સાચવવાની કળા કચ્છી માડુને શીખવવી પડતી નથી. જળ સ્રોતોની જાળવણીની આવી જ એક અદ્ભુત અને ઉમદા પરંપરા ભુજ તાલુકાના ઐતિહાસિક હબાય ગામે સદીઓથી ધબકી રહી છે.

હબાય ગામના પવિત્ર વાઘેશ્વરી ધામમાં એક ચમત્કારી અને અખૂટ પાણીનો કુંડ આવેલો છે. આ કુંડની સફાઈ દર વર્ષે હિન્દુ કૅલેન્ડર મુજબ ભીમ અગિયારસના પવિત્ર દિવસે કરવામાં આવે છે. આ પરંપરા આજકાલની નથી, પરંતુ વિક્રમ સંવત ૧૩૩૦માં મંદિરના તત્કાલીન પીર ગાદી મહંત પરમાનંદગીરીજી મહારાજ દ્વારા શરૂ કરવામાં આવી હતી. એટલે કે છેલ્લાં ૬૫૦થી વધુ વર્ષોથી આ અનોખી પરંપરા અવિરત ચાલી આવે છે.

આ વર્ષે પણ ગત માસે ભીમ અગિયારસના દિવસે હબાય અને આજુબાજુના ગામના લોકો ભેગા મળીને આ કુંડને આખો સાફ કર્યો. એ દિવસે આખું ગામ 'પાંખી' (કામધંધા બંધ) પાળે અને શ્રમદાનમાં જોડાય. કુંડની સફાઈ પૂર્ણ થયા બાદ, કુંડમાંથી નીકળેલી પવિત્ર માટીનો


ભવ્ય શિખર અને પ્રવેશદ્વાર


દેવી પ્રતિમાઓ અને શણગાર


કુવાના પવિત્ર જળનું મહત્વ

પ્રસાદ વહેંચાય છે. ત્યાર બાદ વર્તમાન મહંતશ્રી કુંડની અંદર ઊતરીને છેક માતાજીનાં ચરણો સુધી જઈ ધૂપ-દીપ અને મહાઆરતી કરે છે. આ પૂજન પૂરું થતાં જ, કુંડમાં એકાએક કુદરતી રીતે નવા લીલા નીરની આવક શરૂ થઈ જાય છે, જે શ્રદ્ધાળુઓ માટે પરમ આશ્ચર્ય અને શ્રદ્ધાનો વિષય છે.

માહિતી મળી તે મુજબ કુંડની અંદર ત્રિશૂળ આકારે ત્રણ નહેરો આવેલી છે. પૂર્વ બાજુની નહેરઃ જે ધંગ ગામે આવેલી ખીરસરી વાવ સુધી પાણી પહોંચાડે છે. ઉત્તર બાજુની નહેરઃ જે મંદિર તરફ જાય છે. ભૂતકાળમાં વડીલો આ નહેરમાં અંદર જતા, પણ પાણીના ભારે પ્રવાહને કારણે પાછા ફરવું પડતું. એવું મનાય છે કે અંદર એક વિશાળ પટાંગણ છે. વાયવ્ય તરફની નહેર.

એક લોકકથા મુજબ, કચ્છના કબીર ગણાતા પૂજ્ય મેકરણદાદાએ પાણી માટે માતાજીને અરજ કરી હતી. માતાજીએ તેમની પુકાર સાંભળી આકાશવાણી કરી અને પાણી ધ્રંગની ખીરસરી વાવમાં પહોંચાડ્યું. તેનું પ્રમાણ એ મળ્યું કે હબાયના કુંડમાં પડેલી એક 'ત્રાંબડી' (તાંબાનું પાત્ર) પાણીના પ્રવાહ સાથે વહીને સીધી ધ્રંગ ગામે નીકળી હતી. આ ઘટનાને યાદ કરતી એક સુંદર પંક્તિ આજે પણ ગવાય છેઃ

નાદ ઘંટારવ તણો ગગને ગયો'તો કાપડી,
ત્રાંબડી તું ધ્રંગ ધામે તારતી વાઘેશ્વરી.

આ જ પરંપરાના કારણે આજે પણ ધ્રંગ ગાદી પર બિરાજતા નવા ગાદીપતિ સૌથી પહેલાં હબાય માનાં દર્શને આવે છે અને અહીં ગૌદાન તથા અન્નદાન કર્યા પછી જ ગાદી સંભાળે છે. હબાય જાગીરના મહંત પૂજ્ય લક્ષ્મણગીરીજી બાપુના જણાવ્યા મુજબ, આ સ્થાનકની વાતો માત્ર જાણવા જેવી નથી, પરંતુ અનુભવવા જેવી છે. માતાજીના નિજ મંદિરમાં ચાર દિવ્ય મૂર્તિઓ બિરાજમાન છે, જેમાં વાઘેશ્વરી માતાજી અને મા આશાપુરા. આ બંને મૂર્તિઓ પૌરાણિક અને સ્વયંભૂ છે. માં મોમાઈની મૂર્તિ સ્થાપના સંવત ૧૯૭૬માં થઈ હતી. મા ચામુંડાની મૂર્તિની સ્થાપના ઈ.સ. ૨૦૦૪માં કરવામાં આવી હતી. આ ઉપરાંત પણ ગામના પાદરે હનુમાનજીની મૂર્તિ સ્વયંભૂ છે.

આ ભૂમિ સિદ્ધ યોગીઓની તપોભૂમિ રહી છે. સંવત ૧૬૩૨માં મહંત શ્રી પૂજ્ય શીતલગીરી બાપુએ અને ત્યાર બાદ સંવત ૧૬૪૦માં તેમના શિષ્ય પૂજ્ય પૃથ્વીગીરી બાપુએ અહીં જીવંત સમાધિ લીધી હતી. વર્તમાન મહંત પૂજ્ય લક્ષ્મણગીરીજી બાપુ આ સંસારી મહંત પરંપરાની પાંચમી પેઢી છે.


આજની આધુનિક સદગુણ સંપન્ન ગ્રામ પંચાયત દ્વારા હબાયમાં 'હર ઘર નળ યોજના' અમલી હોવા છતાં, ગામની અઢારેય આલમ (તમામ જ્ઞાતિઓ) કોઈ પણ જાતના નાત-જાતના ભેદભાવ વગર આજે પણ માથે બેડું લઈને આ પવિત્ર કુંડમાંથી પીવાનું પાણી ભરે છે. પનિહારીઓની આ પરંપરા સંસ્કૃતિના દર્શન કરાવે છે.

હબાય મંદિરથી ૨ કિમી દૂર પૂર્વમાં હરીગરબાપુનો ઝરો આવેલો છે, જે કુદરતની અદ્ભુત વ્યવસ્થા છે. ઉનાળાનો ચૈત્ર માસ શરૂ થતાં જ આ ઝરો કુદરતી પાણીથી ભરાઈ જાય છે જેથી વન્યજીવો તરસ છીપાવી શકે, પરંતુ જેવો જેઠ કે અષાઢમાં પહેલો વરસાદ પડે કે આ ઝરો એકાએક સુકાઈ જાય છે અને આખું ચોમાસું તથા શિયાળો ખાલી રહે છે! ચોમાસામાં હાબા ડુંગરની ટેકરી માઉન્ટ આબુને પણ ઝાંખી પાડે તેવી લીલોતરીથી ખીલી ઊઠે છે, જ્યાં રામદેવજી મહારાજ બિરાજમાન છે. આથમણી દિશામાં આવેલી હલામણ જેઠવાની ખાંભી અહીંના ભવ્ય ભૂતકાળની સાક્ષી પૂરે છે.

હબાય જાગીર મધ્યે ટ્રસ્ટ સંચાલિત અન્નક્ષેત્ર અવિરત ચાલુ છે, તેમજ 'શ્રી વાઘેશ્વરી ગૌ-સેવા ચૅરિટેબલ ટ્રસ્ટ' દ્વારા ૨૦૦થી વધુ ગૌધનનું સુંદર સંચાલન થાય છે. દેશ-વિદેશથી આવતા શ્રદ્ધાળુઓ માટે આ સ્થાનક આજે પણ શાંતિ, શ્રદ્ધા અને જળ સંરક્ષણનું એક મહાન પ્રતીક બનીને અડીખમ ઊભું છે.

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**ઝૈનાબના** અબુ-અમ્મી ભારે કશ્મકશમાં હતાં. તેઓ એક અલગ જ ઉલઝનમાં હતાં. પોતે પકડાઈ ગયાં એથી વિશેષ એમને ઝૈનાબને કઈ રીતે ખબર પડી... અને ઝૈનાબની અસલિયત શું છે એ બાબતે હતી. જીવ બચાવવો હોય તો અજમલને શોધી કાઢવાનું કહીને ઝૈનાબ બ્લૅકમેઇલ કરે છે... ઝૈનાબની જગ્યાએ બીજું કોઈ હોત તો આટલા સવાલ-જવાબનો એને ચાન્સ પણ ન આપત... સીધી ગોળી મારી દેત, પણ પોતાનું લોહી સામે હતું. મૂંઝવણની ચરમસીમા પર હતી. અજમલનો સ્કેચ બતાવ્યો એ જ એ દિવસે ઝૈનાબે બંનેને સામે બેસાડીને સાફ શબ્દોમાં કહી દીધું હતું.

'અજમલ કહાં હૈ, ઉસકા ક્યા પ્લાન હૈ? મુઝે બતાઓ વર્ના આપલોગોં કે બચને કી કોઈ ઉમ્મીદ નહીં.'

'હમે સિર્ફ ઉનકો પનાહ દેના થા... આગે કી કૂછ ખબર નહીં...' અમ્મીએ કહ્યું.

'અબ્બુ, અજમલ કો પનાહ દેને કે લિયે આપકો કિસ કા ફોન આયા થા?' ઝૈનાબે પૂછ્યું. અબ્બુ નીચું જોઈ ગયો.

'બતાઓગે નહીં તો બચોગે નહીં.' ઝૈનાબ બોલી.

'સમંદર ખાન કા ફોન આયા થા,' અમ્મીએ કહ્યું. અબ્બુએ ગુસ્સામાં એની સામે જોયું.

'આગે કા પ્લાન ભી બતાયા હોગા,' ઝૈનાબે કહ્યું.

'વો નહીં માલૂમ, અલ્લાહ કસમ...' અબ્બુ બોલ્યો.

'પતા લગાઓ. ઉસકા પ્લાન ક્યા હૈ,' ઝૈનાબે કહ્યું.

*****************

દેવીપ્રસાદજી ડૉ. જૈનની કૅબિન પર બે ટકોરા મારીને અંદર પ્રવેશ્યા.

'દેવીપ્રસાદજી, આપ... યહાં...?' ડૉ. જૈનને આશ્ચર્ય થયું.

'જયગોપાલા...' દેવીપ્રસાદજીના કોડવર્ડે ડૉ. જૈનને આંચકો આપ્યો.

'પોસ્ટમૉર્ટમ રિપોર્ટ લેને કે લિયે આપકો ભેજા હૈ?' ડૉ. જૈને પૂછ્યું.

'જી, કોડવર્ડ તો યહી કહેતા હૈ...' દેવીપ્રસાદ હસી પડ્યા. 'પહેલે યે બતાઓ, ડૉ. જૈન તુમ કૈસે હો...?'

'સર, મૈં ઠીક હૂં... લેકિન આપ...' સ્વભાવિક રીતે ડૉ. જૈનને રિપોર્ટમાં શું છે એની ખબર હતી... તેઓ મૂંઝવણમાં હતા કે રાધાએ પહેલાં રાઘવ સાથે રિપોર્ટ નહીં મોકલવાનું કહ્યું અને હવે રિપોર્ટ લેવા માટે બેજલમેડના એક સુપ્રસિદ્ધ ચિત્રકારને મોકલ્યા. દેવીપ્રસાદજી આમાં કઈ રીતે સંકળાયેલા હશે. ડૉ. જૈનને સહજ વિચાર આવ્યો.

'હાં, મૈં યહાં પોસ્ટમૉર્ટમ રિપોર્ટ લેને આયા હું... જયગોપાલા', દેવીપ્રસાદજી બીજીવાર કોડવર્ડ બોલ્યા.

ડૉ. જૈને ઉપરથી મળેલી સૂચના મુજબ રિપોર્ટ સિક્રેટ રાખવાનો હતો. એટલે એમના હોઠ સીવાયેલા હતા. એમણે દેવીપ્રસાદજીના હાથમાં રિપોર્ટ મૂક્યો.

'ડૉક્ટર, ગોપાલેશ્વર કે દર્શન કરને નહીં આયે... કાફી સાલ હો ગયે,' દેવીપ્રસાદજીએ કહ્યું.

'હાં, અબ તો ઝરૂર આના પડેગા...' થોડીવાર અટકીને બોલ્યાઃ 'આપકે પેઇન્ટિંગ્સ ભી દેખને હૈ...' ડૉ. જૈને કહ્યું.

'ચલતા હું, જયગોપાલા.'

'જય ગોપાલા,' ડૉ. જૈન બોલ્યા. દેવીપ્રસાદજીના ગયા પછી ડૉ. જૈને એક કૉલ લગાડ્યો.

'ઠીક હૈ... વો ભી હો જાયેગા... ઠીક હૈ...' કહીને એમણે ફોન મૂક્યો.

***********************

દેવીપ્રસાદજી ટૅક્સીમાં બેજલમેડ પાછા ફરી રહ્યા હતા. સૂરજ ક્ષિતિજે નમી રહ્યો હતો. શિયાળાની સાંજ ઝડપથી ઢળવા લાગી હતી. દેવીપ્રસાદજી બગલ થેલામાં સાંચવીને મૂકેલો રિપોર્ટ પર ફરી ફરી હાથ ફેરવી લેતા હતા. એમણે પાછળ ફરીને જોયું કે એક હેલ્મેટ પહેરેલો માણસ બાઇક પર એનો પીછો કરતો હોય એવું લાગ્યું. એમણે બગલ થેલા પર હાથ મૂકી રાખ્યો. ટૅક્સી હાઇ વે પર પહોંચી ત્યારે એમની સહેજ આંખ લાગી ગઈ... અને અચાનક એક પ્રચંડ અવાજ આવ્યો. એમની ટૅક્સી સામેથી આવતી ટ્રક સાથે ટકરાઈ ને ટૅક્સીમાંથી અવાજ આવ્યોઃ 'જય ગોપાલા...'

**********************

રાત પડવાની રાહ જોઈ રહેલી રાધા ગુપ્તાની દુકાન નજીક ઊભી હતી. ગુપ્તા રોજનો હિસાબ લખી રહ્યો હતો. હિસાબ લખ્યા બાદ એણે નાની ડાયરી ખાનામાં મૂકી. ગલ્લામાંથી દિવસભરનો વકરો લઈને બહાર નીકળ્યો. સ્કૂટી સ્ટાર્ટ કરીને ઘર તરફ જવા રવાનો થયો. રાધા સ્કૂટી પર એનો પીછો કરી રહી હતી. થોડે આગળ ગયા પછી એણે હૉર્ન વગાડ્યું. ગુપ્તાએ અરીસામાં જોયું. 'ગપ્તાજી, એક મિનિટ રુકિયે,' રાધા બોલી. ગુપ્તાએ સ્કૂટી સાઇડ પર લીધું.

'ગુપ્તાજી, આપકે સાથે કુછ ઝરૂરી બાત કરની થી...'

'બોલો.' ગપ્તા દુકાનમાંથી અગાઉ સામાન ખરીદવા ગયેલી રાધાને ઓળખી ગયો.

'લેકિન યે બાત હમારે બીચ રહેગી...' રાધાએ કહ્યું.

'ઐસી ક્યા બાત હૈ... બતાઓ તો સહી...'

રાધા બોલવા ગઈ ત્યાં એના મોબાઇલની રિંગ વાગી. એણે કૉલ લીધો. હેલો...

'ક્યા...? કબ...? કહાં...? મૈં પહોંચતી હું.' રાધાએ મોબાઇલ કટ કરીને ગુપ્તાને કહ્યુંઃ 'ફિર બાત કરેંગે.' રાધાએ જગદીશને કૉલ લગાડ્યો.

'હેલો જગદીશ... ઉદયપુર કે લિયે અર્જન્ટ ટૅક્સી બુક કરો.' રાધાએ ધરમશાળા જઈને જગદીશને સ્કૂટી સોંપ્યું. ટૅક્સી તૈયાર હતી.

'ક્યા હુઆ...?' જગદીશ કંઈ સમજી શકતો નહતો.

'કુછ નહીં... આ કર બતાતી હૂં.' રાધા નીકળી ગઈ.

******************

રાધાની ટૅક્સી અકસ્માતના સ્થળ નજીકથી પસાર થઈ... પણ ત્યાં ઊભી ન રહી... અકસ્માતવાળી ટૅક્સીને હાઇવેની સાઇડમાં ઊભી કરી દેવાઈ હતી. એના આગળના ભાગને ભારે નુકસાન થયું હતું. પોલીસપાર્ટી હજી કારવાઈ કરી રહી હતી. રાધા એક લાંબો નિઃસાસો નાખીને જોતી રહી. એની ટૅક્સી ઉદયપુરની સરકારી હૉસ્પિટલ નજીક ઊભી રહી. રાધા ઝડપભેર ઉપર ગઈ. ડૉ. જૈનની કૅબિન પર ટકોરા માર્યા વિના જ અંદર ધસી ગઈ.

'આઓ મેરે સાથે...' ડૉ. જૈન ઊભા થઈ ગયા. બંને જનરલ વૉર્ડમાં ગયાં.

'જય ગોપાલા...' દેવીપ્રસાદજીનો અવાજ આવ્યો. રાધા દોડીને એમને વળગી પડી...

'મામૂલી ચોટ આઇ હૈ. અચ્છા હુઆ... આપકે કહેને સે મૈંને પોલીસ હવાલદાર કો પીછે ભેજા થા.' બાજુમાં સાદા ડ્રેસમાં ઊભેલો હવાલદાર સ્મિત આપીને જતો રહ્યો.

**કેટલાક લોકો બીજાનો જીવ બચાવવા માટે જન્મ્યા હોય છે.**

'ડૉ. જૈન, મૈં કોઈ રિસ્ક લેના નહીં ચાહતી થી...' રાધા બોલી.

'રિપોર્ટ...' દેવીપ્રસાદજીએ બગલ થેલામાંથી પોસ્ટમૉર્ટમ રિપોર્ટ બતાવતાં કહ્યું.

'ડૉક્ટર, ક્યાં મૈં દેવીપ્રસાદજીકો લેજા સકતી હૂં.'

'હાં... સબ ફૉર્માલિટી હો ગઈ હૈ... બસ હમ આપકી રાહ દેખ રહે થે...'

'થૅન્ક યુ ફોર એવરીથિંગ ડૉક્ટર,' રાધા બોલી.

રાધા, દેવીપ્રસાદજી અને ડૉ. જૈન લૉબીમાંથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે બે વૉર્ડબૉય સ્ટ્રેચર પર ટૅક્સી ડ્રાઇવરની લાશ લઈને જઈ રહ્યા હતા.

*********************

ટૅક્સી ફરી એ જ રસ્તા પરથી પસાર થઈ. કચ્ચરઘાણ નીકળી ગયેલી ટૅક્સી રોડની સાઇડમાં પડી હતી. પોલીસ પાર્ટી પ્રોસીજર પતાવીને ત્યાંથી નીકળી ચૂકી હતી.

'ટૅક્સી ડ્રાઇવરે સમયસૂચકતા વાપરીને સ્ટિયરિંગ ઘૂમાવ્યું ન હોત તો તું મારો મૃતદેહ લઈને પાછી જઈ રહી હોત. કેટલાક લોકો બીજાનો જીવ બચાવવા માટે જનમ્યા હોય છે. જેમ કે તું,' દેવીપ્રસાદજી રાધાની સામે જોતાં બોલ્યા. રાધા પોસ્ટમૉર્ટમ રિપોર્ટ વાંચી રહી હતી.

**************************

જગદીશ રાધાના અચાનક ઉદયપુર જવાના કારણનો વિચાર કરતો બેઠો હતો.

રાધા અચાનક ટૅક્સીમાં ઉદયપુર શા માટે ગઈ. એક તબક્કે એણે રાઘવને ફોન કરીને પૂછી જોવાનું વિચાર્યું. દેવીપ્રસાદજી પણ ગામમાં નથી. એટલામાં એના મોબાઇલની રિંગ વાગી.

'હેલો...' એ બોલ્યો.

'જગદીશ, રાધા ફોન નહીં ઉઠા રહી... કહાં હૈ...?' રાઘવે પૂછ્યું.

'પતા નહીં...' જગદીશે કહ્યું. રાધા અર્જન્ટ ઉદયપુર ગઈ છે... એવું કહેવાની ઇચ્છા થઈ, પણ રાધાએ શીખવેલા પાઠ મુજબ મોં બંધ રાખવું હિતાવહ હતું.

'દેવીપ્રસાદજી ભી બહાર ગયે હૈ. પતા નહીં ક્યા હો રહા હૈ?' રાઘવે ચિંતા દર્શાવીને ફોન કાપ્યો.

************************

ટૅક્સી દેવીપ્રસાદજીના ઘર પાસે પહોંચી. રાધા કાઈ વિચારમાં ગૂમ હતી. રાધાનું આમ વિચારોમાં ખોવાઈ જવા પાછળનું કારણ પોસ્ટમૉર્ટમનો રિપોર્ટ હતો જેનો દેવીપ્રસાદજીને ખ્યાલ આવી જ ગયો હતો.

'રાત બહુ થઈ ગઈ છે... મને ઉતારીને તું ધરમશાળા જતી રહે... હું વાઇફને સંભાળી લઈશ,' દેવીપ્રસાદજીએ હાથ અને માથા પરની ઈજા બતાવતાં કહ્યું.

'આજે તમને જો કાંઈ થઈ ગયું હોત તો હું ખરેખર મને માફ ન કરત... પુરોહિતના કેસમાં તો હું મને ક્યારેય માફ નહીં કરું,' રાધા બોલી.

'રિપોર્ટમાં શું છે મને કહી શકે...?' બોલીને એમણે ટૅક્સી ડ્રાઇવરને કહ્યુંઃ 'બસ, યહાં રોક દો.' રાધાએ પહેલાં ઊતરીને દેવીપ્રસાદજીને હાથ આપ્યો. ટૅક્સી ડ્રાઇવરને પૈસા આપીને એમને ડેલી સુધી મૂકવા ગઈ.

'પુરોહિતનું મોત કાતિલ ઝેરથી થયું છે, પણ ખોરાકમાં આપ્યું કે ઇન્જેક્શનથી જેવી કોઇ ડિટેલ નથી...' રાધા બોલી.

'મને હતું જ... સરકારી હૉસ્પિટલમાં આવી બેદરકારી શક્ય હતી,' દેવીપ્રસાદજી બોલ્યા.

'પુરોહિત શંકરના મંદિરની દાનપેટીમાં ચિઠ્ઠી મૂકવા ગયા હતા. હું ચિઠ્ઠી લેવા ગઈ ત્યારે દાનપેટી જ ગૂમ હતી... મતલબ કે ચિઠ્ઠી વાંચનારે જ ઝેર આપ્યું...' રાધા બોલી.

'ચિઠ્ઠીમાં કોઈ એવું રહસ્ય હતું જેને લીધે પુરોહિતે જીવ ગૂમાવ્યો...' દેવીપ્રસાદજીએ કહ્યું.

'ઝેર આપ્યું કઈ રીતે...? શું ખવડાવ્યું...? ક્યારે ખવડાવ્યું...? આ બધા પ્રશ્નોના જવાબ કોણ આપી શકે?' રાધા બોલી.

'કદાચ પુરોહિતની પત્ની ઇરાવતી. ઘરે પહોંચ્યો પછી શું થયું એ જ કહી શકે...' દેવીપ્રસાદજીએ કહ્યું.

'શંકરનું મંદિર, દાનપેટી, ચિઠ્ઠીનું રહસ્ય, ઝેર. દેવીપ્રસાદજી, આ બધી કડીઓ જોડાયેલી છે, જે આપણને કાતિલ સુધી લઈ જશે.'

(ક્રમશઃ)■

# ગઝલની આન-બાન ને શાનના શિલ્પકાર ગની દહીંવાળા

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

ગુજરાતી ગઝલને લોકભોગ્ય અને લોકપ્રિય બનાવનાર અગ્રણી ગઝલકારોમાં ગની દહીંવાલાનું નામ અગ્રપંક્તિમાં આવે છે. તેમનું મૂળ નામ અબ્દુલગની અબ્દુલકરીમ દહીંવાલા હતું. તેમનો જન્મ ૧૭ ઑગષ્ટ ૧૯૦૮ના રોજ સુરતમાં થયો હતો. ઔપચારિક શિક્ષણ ફક્ત પ્રાથમિક પણ સ્વાધ્યાય, જીવન અનુભવ અને સાહિત્ય પ્રેમના બળે તેઓ અગ્રગણ્ય કવિ બન્યા. થોડો સમય અમદાવાદમાં રહ્યા બાદ તેઓ ફરી સુરત પરત આવ્યા અને મિલિટરીના ટેલરીંગ કોન્ટ્રેકટ લેવાનો વ્યવસાય કર્યો. સાથે સાથે કાવ્ય સર્જનને જીવનધર્મ બનાવ્યો.


ગની દહીંવાળા

ગનીભાઈ જિંદગી પર્યંત સૂરતના સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રે છવાયેલા રહ્યા. સુરતમાં એમણે ‘સ્વર સંગમ’ નામના સંગીત મંડળની રચના કરી અને ૧૯૪૨માં મહાગુજરાત ગઝલ મંડળના સ્થાપક સભ્યોમાં સ્થાન મેળવ્યું. ૧૯૮૧માં ભારત સરકારની સાંસ્કૃતિક વિનિમય યોજના હેઠળ તેમણે પાકિસ્તાનની મુલાકાત લીધી હતી. તેમનું અવસાન પાંચ માર્ચ ૧૯૮૭ના રોજ થયું. ભાષા, ભાવ, મૌસિકી, પ્રેમ, વિરહ, સામાજિક નિસ્બત વગેરે કવિના પ્રદાનને ચિરંજીવી બનાવે છે જેમ કે:

*નાજુક નાજુક નાડીના આ ફોરમ*
*સરખા ધબકારા, ફૂલોને પણ ફૂલગુલાબી*
*લોહી રગેરગ હોઈ શકે.*

ભાષાના રૂપરંગને નવાંનક્કોર કરી શકે તે કવિનું સર્જન ટકે છે. ભાષાની સમાંતર ભાષા રચવાનો પ્રયત્ન સર્જક જ્યારે કરે છે ત્યારે ભાષાનું માધુર્ય ગુંજી ઊઠે છે. સંવેદનશીલ સર્જક પોતાની સંવેદનાના ટકાઉ તાણાવાણાથી ભાવજગતના ઊંડાણમાં જઈને ચોટ સાધી શકે છે.

ગનીભાઈ પરંપરાગત ગઝલમાં પરવરિશ પામ્યા પણ એ ક્યારેય સાવ પરંપરાગત થયા ન હતા, આધુનિકતા સાથેનો નાતો તાજો રાખતા હતા. ગનીભાઈનું ભણતર ઓછું પણ શબ્દોની પસંદગી એવી કે શબ્દ સૌંદર્ય કોને કહેવાય તેનો ખ્યાલ તરત જ આવે. જેમ કે:

*મહેકો એમના સાન્નિધ્યમાં હે*
*શ્વાસ - ઉચ્છ્વાસો*
*પવન ફોરમ બને છે પુષ્પની નજદીક આવીને*

ગનીભાઈના આ શેર સામે જેમને આપણે આધુનિક ગઝલના પ્રણેતા ગણીએ છીએ તે આદિલ મન્સૂરીનો શેર જોઈએ અને નક્કી કરીએ કે ગનીભાઈ કેટલા આધુનિક હતા.

પહેલાં હવામાં હતી ક્યાં આટલી મહેક,
રસ્તામાં તારી સાથે મુલાકાત થઈ હશે

ગનીભાઈની ગઝલને પ્રથમ સંગ્રહ ‘ગાતાં ઝરણાં’થી મહારથીઓની સ્વીકૃતિ અને સાથ મળ્યા. ગઝલ અને ગીત બંનેમાં સરખી નામના મેળવીને ગનીભાઈએ પોતાના હલકભર્યાં મીઠા અને સૂરીલા ગળાથી ગુજરાતને ગઝલ ગાતું કર્યું.

આપણાં મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીએ ‘ગાતાં ઝરણા’ની પ્રસ્તાવનાની શરૂઆતમાં કહ્યું છે કે ભાઈ ગનીને મધુર કંઠની બક્ષિસ મળી છે. એમને જેમણે સાંભળ્યા હશે, તેમને એ મંજુલ હલકદ્વારા રેલાતી હૃદયના સરળ દર્દીલી મધુરતાની ચોટ વાગી જ હશે. ગનીભાઈની ભાવસમૃદ્ધિ અને કવિત્વ શક્તિનો મહિમા ઉમાશંકરે કર્યો એ કોઈપણ કવિ માટે મહત્ત્વની વાત છે.

આવી જ રીતે સાક્ષરોના સાક્ષર અને વિદ્વાન વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કહ્યું હતું કે જેની અર્થ પર ઊર્મિના સ્વરૂપ ઉપર નિષ્ઠા નથી તે કવિ નથી, જેને ભાષા વિષયક કે છંદ વિષયક આગ્રહ નથી તે સાચો કલાકાર નથી. કલાકારમાં જેટલું ઊર્મિનું સાચી ઊર્મિનું બળ જોઈએ તેટલું શબ્દાકારમાં તેને મૂકતાં ધૈર્ય જોઈએ. આ શબ્દો ‘ગાતાં ઝરણા’ની પ્રસ્તાવનામાં વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખ્યા અને ગનીભાઈના કવિકર્મને શુભેચ્છા પાઠવી.

કોઈ કવિ, ગઝલકાર કે સાહિત્યકાર શિષ્ટ, સારી અને લોકપ્રિય કૃતિ આપે અને તેનો સ્વીકાર વિવેચકો જ નહીં પણ જનતા એટલા જ ઉમળકાથી કરે ત્યારે એ સર્જકના શબ્દો સાર્થક બને છે. એના શબ્દોને અર્થ આપોઆપ અનુસરે છે. ગની દહીંવાળા આવા એક સાચુકલા સર્જક હતા.

ગુજરાતી ગઝલનું સદ્ભાગ્ય કે ઓગણીસમી સદીના અંતમાં અને વીસમીની શરૂઆતમાં ગઝલને રંગરૂપે નખશિખ ગુજરાતી બનાવનારા શાયરોની એક આખી પેઢી મળી. આ બધું જાણવું જરૂરી છે. જો સંઘર્ષના પાયામાં ઊતરો નહીં તો ઈમારત કેમ ઊભી થઈ તેનો ખ્યાલ આવી નહીં શકે. ઘાયલ સાહેબે એટલે જ તો યાદ અપાવવું પડ્યું કે:

*કેમ ભૂલી ગયા દટાયો છું*
*આ ઈમારતનો હુંય પાયો છું*

ગની આ કુળના કવિ છે. પાયાના પથ્થર છે. શરૂઆતમાં ગઝલકાર મિત્રો અમીન આઝાદ, રતિલાલ અનિલ વગેરે સાથે સૂરત જિલ્લામાં અનેક મુશાયરા યોજીને ગઝલના પ્રચાર અને પ્રસાર માટે રાત ઉજાગરા કર્યાં હતા.

ગનીભાઈ શિસ્તબદ્ધ માણસ હતા. વ્યવસાયને વફાદાર, ગોપીપુરામાં નાનકડી દુકાન. એક સંચો ચાલતો હોય. ગનીભાઈ સામે પાટલો રાખીને ખાખી કલરના ઉનનાં કપડાં વેતરતા હોય. આર્મીના મોટા ઓર્ડર મુજબ માલ બનાવીને આપે. જેવી શિસ્ત અને ચીવટ કાતર ચલાવવામાં એટલી જ શિસ્ત અને ચીવટ પોતાની ગઝલોના છંદમાં જાળવી હતી. આકાર એટલે કે ગઝલના રૂપરંગને સૌષ્ઠવ આપીને કયાંય આડુંઊભું વેતર્યું ન હતું.

પ્રિયતમાનું ઉદ્યાનમાં આગમન થાય છે. આ એક સામાજિક ઘટના છે પણ આ આગમન તો પ્રાણપ્રિયા પ્રિયતમાનું છે એટલે પ્રકૃતિ પણ ખીલી ખીલી ઊઠી છે અને સર્જાય છે એક અવનવું અવર્ણનીય અને રમણીય ચિત્ર. કવિની ચિત્રાંકન શક્તિનો પરિચય શબ્દોના માધુર્યથી પ્રગટ થાય છે.

*તમારાં અહીં આજ પગલાં થવાનાં,*
*ચમનમાં બધાને ખબર થૈ ગઈ છે.*
*ઝુકાવી છે ગરદન બધી ડાળીઓએ*
*ફૂલોનીય નીચી નજર થૈ ગઈ છે.*

ગનીભાઈ ફૂલો શરમાઈને નજર ઢાળી ગયાનું કહે છે. પ્રિયતમાનાં રૂપરંગ નિહાળીને ફૂલોની નજર ઝૂકી જાય છે. ભાવ તો એનો એ જ છે. આદિલ મન્સૂરી પ્રિયતમાને કહે છે કે તારું રૂપ જોઈને ફૂલો પર શું વીત્યું!:

**ઊતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં,**
**તારા જ રૂપરંગ વિશે વાત થઈ હશે.**

ગનીભાઈ, લગભગ પચાસ વર્ષ સુધી ગઝલમય રહ્યા. પહેલો સંગ્રહ ‘ગાતાં ઝરણાં’ (૧૯૫૧), ‘મહેક’ (૧૯૬૧), ‘મધુરમ’ (૧૯૭૧), ‘નિરાંત’ (૧૯૮૧) અને મરણોત્તર પ્રકાશ ‘ફાંસ ફૂલ’ (૧૯૮૭)માં પ્રગટ થાય છે.

ગનીભાઈના સમવયસ્ક શાયરોની વાત કરીએ તો એ બધાં નામ એવાં છે કે જેઓએ ગઝલની ઈબારતનો બેનમૂન પાયો નાખ્યો હતો અને રૂડી રૂપાળી ગઝલ હવેલી શણગારી હતી. ગઝલ સમ્રાટ શયદાનો જન્મ (૧૮૯૨)માં અને ગનીભાઈનો જન્મ ૧૯૦૮માં. પતીલ (૧૯૦૬), અમીન આઝાદ (૧૯૧૩), મરીઝ (૧૯૧૭), અમૃત ઘાયલ (૧૯૧૫), શૂન્ય પાલનપુરી (૧૯૨૨), રુસ્વા મઝલૂમી (૧૯૧૫), કિસ્મત કુરેશી (૧૯૨૧), બરકત વીરાણી ‘બેફામ’ (૧૯૨૩), સૈફ પાલનપુરી (૧૯૨૩), શેખાદમ (૧૯૨૫), હરીન્દ્ર દવે (૧૯૩૦), જલન માતરી (૧૯૩૪). પ્રથમ પેઢીનો એટલે ઘડતરનો યુગ આ માતબર શાયરોથી શરૂ થયો. ત્યારબાદ ૧૯૩૬માં જન્મેલા આદિલ મન્સૂરી અને ખલીલ ધનતેજવીએ ગુજરાતી ગઝલને નવો વળાંક આપ્યો અને ગઝલ નખશિખ ગુજરાતણ બની.

દરેક સર્જક સંવેદનશીલ હોવાનો. કવિની સંવેદનાના સ્પંદન વધારે લાગણીશલ હોય છે. ગનીભાઈ સંવેદનાના તાણાવાણા એટલા મજબૂત હતા કે જ્યારે એ ગઝલ લખે ત્યારે તેમાં ભાવજગતનું ઊંડાણ નજરે પડે છે.એ વેદના વ્યક્ત કરે છે પણ વેદિયાવેડા નથી કરતા. એમની ગઝલોમાં એક કસક, એક દર્દ, એક વ્યથા, ભાવને અનુરૂપ શબ્દોમાં ઠરે છે અને ભાવકના દિલમાં એક હલચલ મચાવી શકે છે. જેમ કે:

*વિપદના કંટકોને ધૈર્યથી પુષ્પો બનાવીને*
*જીવનની ફૂલદાની એમ બેઠો છું સજાવીને*

* * *

*તમારા યાદમાં ફૂલથી અદકું હાસ્ય વેર્યું છે,*
*નવી રીતે હસી લીધું અને આંસુ વહાવીને.*

* * *

ગનીભાઈ જેટલા સારા ગઝલકાર એટલા જ સારા ગીતકાર. ચાલતી કલમે મને એક ગીતનો ઉપાડ યાદ આવે છે: ‘રંગ રે માગો તો તમે કેસરિયો માગજો, ગજરાતે રંગની રેલમછેલ.’ ગીતના લય અને લહેકા ગઝલમાં સફળતાપૂર્વક ઢાળવામાં ગનીભાઈ અપ્રતિમ છે. લોકબોલી અને લોકવ્યવહારની ભાષા સાથે ફારસી, ઉર્દૂ, સંસ્કૃત શબ્દો એક પંગતમાં બેસાડવાની કુશળતા એ ગનીભાઈની ગઝલનો વિશેષ છે. ભાષા વિશેની એમની સમજણ કેટલી સાચી છે તેનો ખ્યાલ શેર પરથી આવશે:

*વિશ્વમાં હોય ભાષા હજારો ભલે,*
*કિન્તુ બોલી હૃદયની બધે એક છે,*
*શીખશું એજ બોલી ‘ગની’ આપણે,*
*એ જ ભાષા જમાનાને સમજાવશું.*

ગનીભાઈ જેવા શાયરોએ ગઝલમાં કાવ્યતત્ત્વ અને ભાષાશુદ્ધિ માટે જે અથાક પ્રયાસ કર્યા તેના પરિણામે ગઝલની સરળતા અને લાઘવ સિદ્ધ થયાં. કલ્પનાના કલ્પાંતોથી કવિતા બને નહીં. કાવ્ય એ જીવનની કલા છે અને પ્રેમની બાની છે.

ભાષા, છંદ, શુદ્ધ ગુજરાતી ઈબારતની સાથે સાથે ગઝલની રંગીની જાળવવી જોઈએ. ઈશ્કની વાત એટલે ઈશ્કે મિજાજી અને અધ્યાત્મની વાત એટલે ઈશ્કેહકીકીનો સમજણપૂર્વકનો વિનિયોગ શરૂ થયો છે. ગનીભાઈની ખૂબ જ લોકપ્રિય ગલિનો એક મત્લા જોઈએ:

*દિવસો જુદાઈના જાય છે,*
*એ જશે જરૂર મિલન સુધી,*
*મને હાથ ઝાલીને લઈ જશે,*
*હવે શત્રુઓ જ સ્વજન સુધી.*

(ક્રમશઃ) ■

# મુશ્કેલી વખતે મદદ કરવા પહોંચી જાય એ સાચો મિત્ર...

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

સુરતમાં ૭જુલાઈ, ૨૦૨૬ના દિવસે ભારે વરસાદને કારણે લાખો લોકો તકલીફમાં મુકાઈ ગયા અને સંખ્યાબંધ વેપારીઓને આર્થિક ફટકો પડ્યો. મોબાઈલ ફોનના વેપારી સંદીપ ભંડેરીના ગોડાઉનમાં પાણી ભરાઈ ગયું અને મોબાઈલ ફોન્સ, મોબાઈલ ફોનની એસેસરીઝ,સ્માર્ટ વોચ,સ્માર્ટ બેન્ડ,ઈયર બર્ડ્સ, ઈયર બેન્ડ,રમકડાં અને બાળકો માટેની સાઈકલ સહિતની અનેક વસ્તુઓ પાણીમાં ડૂબી ગઈ. ચાલીસ લાખ રૂપિયાથી વધુ રકમનો માલ પાણીમાં ડૂબી ગયો હતો. ભંડેરી આર્થિક અને માનસિક રીતે ભાંગી પડ્યા હતા.

એ વાતની ખબર પડી એટલે તેમના સ્કૂલ સમયના બે મિત્ર મનોજ ક્યાડા અને અલ્પેશ માલાણી૧૦લાખ રૂપિયા લઈને તેમની પાસે પહોંચી ગયા. તે બંને ૨૫ વર્ષ અગાઉ ‘નવચેતન’ સ્કૂલમાં સાથે ભણતા હતા ત્યારથી તેમની દોસ્તી થઈ ગઈ હતી. તેમણે કહ્યું, ‘આ પૈસા રાખ, દોસ્ત.’ ભંડેરી ગદ્ગદ્ થઈ ગયા. તેમણે મદદ લેવાની ના પાડી, પણ ક્યાડા અને માલાણીએ કહ્યું, ‘ખરા સમયે અમે દોસ્તને કામ ન આવીએ તો એવી દોસ્તીનો કોઈ અર્થ નથી!’

યુવાન મિત્ર જલ્પેશ કાલેનાના માધ્યમથી આ કિસ્સો જાણવા મળ્યો એટલે મને કુન્દનિકા કાપડિયાએ ‘પરમ સમીપે’માં મિત્રો વિશે લખેલી એક અદભુત પ્રાર્થના યાદ આવી ગઈ. કુન્દનિકાબહેને લખ્યું છે:

*હે પરમેશ્વર, તેં અમને ઉત્તમ મિત્રો આપ્યા છે*
*તે માટે હું તારો આભાર માનું છું.*
*મિત્રો - જેમના સાથમાં દુઃખો વહેંચાઈ જાય છે*
*અને આનંદ બેવડાય છે,*
*જેમની સમક્ષ અમે જેવા છીએ*
*તેવા જ પ્રગટ થઈ શકીએ છીએ*
*અને જેમની પાસે નિખાલસપણે હૃદય ખોલી શકીએ છીએ.*
*જેઓ અમારી નિર્બળતાની જાણ સાથે અમને સ્વીકારે છે*
*અને અમારામાં એવી લાગણી પ્રેરે છે*
*કે તેમને અમારી જરૂર છે.*
*જેમને મળીને અમે હળવા થઈએ છીએ*
*અને સમૃદ્ધ પણ થઈએ છીએ.*
*ગેરસમજ થવાના કે મૈત્રી જોખમાવાના ભય વિના અમે જેમના*
*વિચારો કે કાર્યોનો વિરોધ કરી શકીએ છીએ*
*અને એ વિરોધ પાછળનો પ્રેમ જેઓ પારખી શકે છે.*
*જેઓ લાંબા સમયથી ટકી રહ્યા છે,*
*બધાં વાવાઝોડામાં સાથી બન્યા છે,*
*અને ભવિષ્યમાં પણ તેઓ સાથે જ હશે*
*એવો વિશ્વાસ જેમના માટે રાખી શકાય છે,*
*જેઓ અમારા માટે ઘસાય છે*
*અને એ વિશે સભાન હોતા નથી,*
*આવા મિત્રો તેં અમને આપ્યા છે*
*તે માટે અમે તારા કૃતજ્ઞ છીએ.*
*પરમાત્મા, અમને પણ એવા મૈત્રીભાવથી ભરી દે*
*કે અમારા મિત્રોની અપ્રગટ શક્યતાઓ પિછાણી શકીએ*
*અને તેને બહાર લાવવામાં સહાયભૂત બનીએ.*
*અમારી ઊણપો,નબળાઈઓ,ભૂલો દૂર કરવાના*
*અને સાત્ત્વિકતા,સત્યનિષ્ઠા,નિર્ભયતા વધારવાના*
*પ્રયત્નોમાં અમે એકમેકને સક્રિય સાથ આપીએ.*
*અમારી સારી દશામાં જેઓ અમારી સાથે હતા*
*તેમનો માર્ગ દુર્દશાની ખીણમાંથી પસાર થાય ત્યારે*
*અમે તેમને વિસરીએ નહીં.*
*ઈશ્વરત્વનો અંશ જેમાં ઝલકે છે તેવા આ*
*ઉત્તમોત્તમ માનવ સંબંધનું અમને વરદાન આપ,પ્રભુ!*

મિત્રતાં વિષેનો આ લેખ લખતી વખતે બે સૈનિક મિત્રોની એક નાનકડી કથા યાદ આવી ગઈ, જે ઘણા સમય પહેલાં વાંચી હતી. બે દેશ વચ્ચે અચાનક યુદ્ધ ફાટી નીકળ્યું. એ યુદ્ધમાં એક દેશના સૈન્યએ પીછેહઠ કરવી પડી. એ દેશના ઘણા સૈનિકો ઘવાયા એમાં બે ગાઢ સૈનિક મિત્રમાંથી એક પણ ગંભીર ઈજા પામ્યો. તેનો મિત્ર યુદ્ધની છાવણીમાં હતો.

યુદ્ધના સ્થળેથી નાસી છૂટેલા સૈનિકોએ આવીને તેને કહ્યું કે તારો મિત્ર ઘવાયો છે અને તે બચે એવી કોઈ શક્યતા નથી. પોતાનો મિત્ર ઈજા પામ્યો છે એ વાતની ખબર પડી એટલે તે સૈનિક જીવનું જોખમ લઈને ઘવાયેલા દોસ્ત પાસે જવા તૈયાર થયો. સાથી સૈનિકોએ તેને કહ્યું, ‘તારો દોસ્ત અને બીજા સૈનિકો ઘવાઈને કે મૃત્યુ પામીને યુદ્ધના મેદાનમાં પડ્યા છે ત્યાં જવું એ નરી મૂર્ખાઈ જ છે. એ વિસ્તારમાં દુશ્મનોનું પ્રભુત્વ છે અને ત્યાં હજી દુશ્મન સૈન્યની ટુકડી હશે તો તું પણ જીવતો પાછો નહીં આવી શકે અને આમ પણ તું તેને બચાવી તો શકવાનો નથી.’




જો કે તે સૈનિક બધાની સલાહને અવગણીને પોતાના ઘવાયેલા મિત્ર પાસે પહોંચ્યો. એ જગ્યાએ હૃદય વલોવાઈ જાય એવી સ્થિતિ હતી. સૈનિકોના ક્ષતવિક્ષત મૃતદેહો પડ્યાં હતાં અને કેટલાક સૈનિકો તરફડિયાં મારતાં-મારતાં છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા. તે સૈનિક તેના દોસ્ત સૈનિક પાસે પહોંચ્યો. સદ્ભાગ્યે દુશ્મન સૈનિકો એ જગ્યાએથી બીજી તરફ રવાના થઈ ગયા હતા. જીવનના આખરી શ્વાસ લઈ રહેલા સૈનિકે પોતાના દોસ્તને આવેલો જોયો એ સાથે ભયંકર વેદના વચ્ચે પણ તેના હોઠો પર એક સ્મિત આવ્યું અને તેની આંખોમાં ચમક આવી.

મિત્રએ તે સૈનિક મિત્રનું માથું પોતાના ખોળામાં લીધું. તેની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં અને ઘવાયેલા મિત્રના ચહેરા પર પડ્યા. મૃત્યુ પામી રહેલા મિત્રની આંખો પણ ભીની થઈ ગઈ. તેણે ત્રૂટક અવાજે કહ્યું, ‘તેં મારા છેલ્લા શ્વાસ સુધી દોસ્તી નિભાવી. મને ભરોસો હતો કે તને મારા વિશે ખબર પડશે એટલે તું ગમે એમ કરીને મારી પાસે આવીશ.’ એટલું બોલીને તે સૈનિક મૃત્યુ પામ્યો.

મિત્ર મુશ્કેલીમાં હોય ત્યારે પોતાની ક્ષમતા પ્રમાણે મદદ કરવા પહોંચી જાય એ સાચો મિત્ર ગણાય. ઘણી વાર આપણે અંગત મિત્રોને મદદ કરી શકીએ એમ ન હોઈએ છતાં આપણે તેની સાથે છીએ એવો સધિયારો પણ કાફી હોય છે.

આજના સમયમાં મોટા ભાગના માણસો મિત્રતા પણ પોતાનો સ્વાર્થ જોઈને કરતાં હોય છે ત્યારે આવા કિસ્સાઓનું નિત્ય પ્રાતઃકાળે સ્મરણ કરવું જોઈએ. ■

# ટ્રમ્પ નામે બગડેલ બચ્ચો ને એક માસૂમ ‘ઢીંગલી’

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

**ટાઈટલ્સઃ**

**દરેક માણસના દિલમાં ખોવાયેલ રમકડું વસે છે. (છેલવાણી)**

૯ વર્ષની ‘અમારા’ નામની અનાથ છોકરી સીરિયન રેફૂયજી કેમ્પમાં ‘નૂર’ નામની તૂટેલીફાટેલી ઢીંગલીને દિનરાત છાતીએ વળગાડીને ફરતી. ‘નૂર’ એટલે ‘પ્રકાશ’. ખુદ ઢીંગલી જેવી ‘અમારા’ માટે, ઢીંગલી ‘નૂર’ જ એકમાત્ર સ્વજન. કેમ્પની કાળમીંઢ ઓરડીમાં દિન-રાત અમારા એનો ડર, એની આશા-અરમાનો વિશે ઢીંગલી સાથે વાતો કરતી. ત્યાં કેમ્પમાં એક સ્વયંસેવિકાએ અમારાની ઢીંગલી સાથેની વાતો સાંભળી અને ઢીંગલી પરનો માસૂમ પ્રેમ જોયો. પછી સ્વયંસેવિકાએ ઢીંગલી માટે એક નવો ડ્રેસ આપ્યો જેનાં પર ચિનારના વૃક્ષનું પાંદડું ટાંકેલું. અમારાએ ઢીંગલીને નવા કપડાંમાં શણગારી અને અમારાનો ચહેરો, ભીની પાંપણે ખીલી ઉઠ્યો! એક ફોટોગ્રાફરે અમારાની આનંદની એ ક્ષણને કેમેરામાં ઝડપી. પછી એ ફોટો, ફેસબૂક, ટ્વિટર વગેરે સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ ગયો ને દુનિયાભરનાં દિલોને સ્પર્શી ગયો. એ ફોટો જોઈને કેનેડિયન પરિવારે અનાથ અમારાને દત્તક લેવાની ઓફર મૂકી. મહિનાઓની પછી અમારા, ઢીંગલી નૂરને છાતીએ વળગાડીને કેનેડા પહોંચી, ત્યારે પેલી સ્વયંસેવિકાએ જ એરપોર્ટ પર એનું સ્વાગત કર્યુ. એ સ્વયંસેવિકા ચિનારના વૃક્ષના પાંદડા જેવું ચાંદીનું પેન્ડન્ટ લઇને આવેલી, જે આકારનું પાંદડું ઢીંગલીના ડ્રેસ પર પણ હતું! અજાણ્યા દેશમાં અમારા હરખભેર રડી પડી. સ્વયંસેવિકાએ અમારાની યાત્રા અને દત્તકવિધિ અને આવું સ્વાગત એ બધું યોજેલું! ૨૦૨૬ની આ સત્યઘટના, યુદ્ધની આગ વચ્ચે ખીલેલ લાગણીનાં ફૂલો જેવી એક નહીં, પણ બબ્બે ઢીંગલીઓની ‘ક્યૂટકથા’ છે.

આમેય ઢીંગલી એ બાળકની આંગળી ઝાલીને જીવાતું બાળપણ છે. એમની છાનકી વાતો, ખિલખિલ ખેલ ને માસૂમ રીસામણાં મનામણાં સામે હજારો ફિલોસોફરોની જ્ઞાનવાણીઓ ફિક્કી પડે. એમાં રમત પણ છે ને મમત પણ છે. જોકે ટ્રમ્પ જેવા પથ્થર દિલ રાજકારણીઓને આવી વાતો ક્યાંથી સ્પર્શે? એમને તો ધર્મો ને દેશોને લડાવીને કે ટેક્સ વધારીને ખુરશી વ્હાલી. ખુરશીને ખિલખિલ ખુશીથી શું લેવાદેવા?

થોડા વખત પહેલાં ચીન પર ટૅરિફ કે ટેક્સ લગાડેલો જેના કારણે અમેરિકામાં રમકડાનું ઓછાં ને મોંઘા મળવાની શક્યતાઓ વધી ગયેલી, તો ટ્રમ્પે બાળકોને ઢીંગલીઓ વિશે વિચિત્ર સલાહ આપેલીઃ

‘અમેરિકાનાં બાળકોએ ઘણીબધી નહીં પણ ફક્ત બે જ ઢીંગલીઓ સાથે રમવું પડશે!’ સારું છે બાળકો મતદાન નથી કરી શકતાં, નહીં તો ટ્રમ્પ, ચોક્કસ હારી જાત! ખરેખર તો ટ્રમ્પ પોતે જ બગડેલ બચ્ચું છે. ક્યારેક કહે યુદ્ધ બંધ તો ક્યારેક કહે વોર ચાલુ! ક્યારેક કહે ઈરાનને આજે ૮ વાગ્યે દુનિયાના નકશા પરથી ભૂંસી નાખીશ તો ક્યારેક આપણાં પીએમ માટે જેમતેમ બોલે. બકવાસ હોય કે બેબી ડોલ, વોર્ડ હોય કે વારાંગના, ટ્રમ્પ માટે બધું રમકડા જેવી વાત છે!

ઢીંગલીઓ અને બાળકીઓ સાથે ટાગોરની ‘કાબુલીવાલા’થી લઇને અનેક લેખકોની દિલકશ દાસ્તાનો છે. પણ આધુનિક અને અસ્તિત્વવાદી અઘરાં સાહિત્યને રચનારા રુખાસૂખા નોબેલ વિજેતા લેખક ફ્રાન્ઝ કાફકા એકવાર બર્લિનનાં બગીચામાં બેઠેલા. ત્યાં કાફકાએ એક બાળકને રડતી જોઇને અને પૂછ્યું તો પેલીએ કહ્યુંઃ ‘મારી પ્રિય ઢીંગલી ખોવાઈ ગઈ.’



કાફકાએ પ્રેમથી સમજાવ્યુંઃ ‘તારી ઢીંગલી ખોવાઈ નથી, એ તો ફરવા ગઈ છે!’ પછી કાફકાએ સતત ૩ અઠવાડિયા સુધી કાલ્પનિક ઢીંગલી વતી એક પત્ર લખીને બાળકીને પત્રો લખ્યા જેમાં દુનિયાભરના મનોરંજક પ્રવાસોનું વર્ણન વગેરે લખતા અને પેલી બેબી તો વાંચીને ખુશખુશ કે ‘મારી ઢીંગલીનો કાગળ આવ્યો!’ એક દિવસ, કાફકાએ નવી ઢીંગલી આપીને સાથે એક પત્ર આપ્યો જેમાં લખેલું,

મારા પ્રવાસે દેખાવમાં મને સ્હેજ બદલી નાખી છે પણ હું તારી જ ઢીંગલી છું. અનેક વર્ષો બાદ એ છોરી મોટી થઇ ત્યારે એને ઢીંગલીમાં છુપાયેલી ચિઠ્ઠી મળી, જેના પર ‘ફ્રાંઝ કાફકા’ની સહી હતી અને લખેલુંઃ તમે જેને પ્રેમ કરો છો, એ જીવનમાં ખોવાઈ ભલે જાય, પણ એનો પ્રેમ, બીજા સ્વરૂપે ફરીથી આવશે! ડોરા ડાયમન્ડની આ વાર્તા સાચી કે ખોટી? એ સવાલ છે, પણ એમાં ઝુરતાં હૈયાનો જવાબ છે. વાત સત્યતાની નહીં, સંવેદનાની છે.૦

**ઇન્ટરવલઃ**

**બચ્ચોંકે છોટે હાથોં કો ચાંદ સિતારે છૂને દો,**
**ચાર કિતાબે પઢકર યે ભી હમ જૈસે હો જાયેંગે (નિદા ફાજલી)**

એક મા ઑફિસ જવા નીકળી ત્યારે દીકરીએ બીતાં બીતાં પૂછયું : ‘મમ્મી, મારા માટે ઢીંગલી લઈ આવીશ?’

માએ વઢીને કહ્યું, ‘ના, હું ખોટા ખર્ચા નહીં કરું.’

માને રસ્તામાં દીકરીની માગણી યાદ આવતી અને થયું દીકરીને એક રમકડુંય ના અપાવી શકું? એ રમકડાંની દુકાનમાં ગઈ. ત્યાં મોંઘી ઢીંગલીઓને જોઈને ભોંઠી પડી. રસ્તામાં રમકડાંની લારીમાં એક સસ્તી ઢીંગલી જોઈ એનો ભાવ પૂછ્યો.

લારીવાળાએ કહ્યું, ખરાબ છે. લેવા જેવી નથી, પણ દીકરીનું મન રાખવા એણે સસ્તી ઢીંગલી ખરીદી. ઓફિસે સાહેબે મોડા આવવાનું કારણ પૂછ્યું ત્યારે માથી સાચું બોલાઈ ગયુંઃ દીકરી માટે ઢીંગલી...

દેખાડો, કેવી છે ઢીંગલી?

ઢીંગલી જોઈને બોસે મોં બગાડ્યું. આ રદ્દી ઢીંગલી માટે મોડું કર્યું. કામ કરો.

ઓફિસમાં સખીઓએ કહ્યું. છેતરાઇ ગઇ. સાવ બેકાર ઢીંગલી છે. ગરીબ લારીવાળો, પૈસાદાર બોસ, એના જેટલી જ પગારવાળી સખીઓ બધા ઢીંગલીને રદ્દી કહે છે! માનું દિલ એની ગરીબી માટે ડંખતું રહ્યું. સાંજે એક છોકરીને ટ્યુશન આપવા ગઈ ત્યાં પણ એની માએ પણ ઢીંગલી જોઇને મોં મચકોડ્યું.

માતાના મનમાં સતત ચિંતા કે દીકરીને ઢીંગલી ગમશે? એ રાતે ઘરે મોડી પહોંચી, જેથી દીકરી સૂઇ ગઇ હોય પણ દીકરી તો ઢીંગલી માટે રાહ જોતી બેઠેલી.

સવારે દીકરી રડતી હતી. ત્યારે માએ બીતાં બીતાં ઢીંગલી આપી. દીકરી ઢીંગલી જોઈને બોલી ઊઠી :

વાહ મમ્મી, કેટલી મસ્ત ઢીંગલી છે! લવ યૂ!

બસ! આટલું જ સાંભળતા માતાના દિલ પરથી હજારો હિમાલયનો ભાર ઊતરી ગયો ને દીકરીને વળગીને રડતી રહી. આ વાર્તાનો જગતભરનાં માતા-પુત્રીના પ્રેમનો પાસવર્ડ છે. નિર્દોષ બાળકીઓની સ્કૂલ પર બૉંબ વરસાવતા ટ્રમ્પ જેવા ક્રૂર રાજનેતાઓ શું સમજે?

**એન્ડટાઇટલ્સઃ**

**આદમઃ તને ઢીંગલી ગમે?**
**ઇવઃ ના. હું ગમું.** ■

# ફિબોનાચી નંબર્સ? ના, હેમચંદ્રાચાર્ય સંખ્યા કે પિંગળ સંખ્યા!




હેમચંદ્રાચાર્ય વિશે જાણતા મોટાભાગના લોકો એમને કલિકાલસર્વજ્ઞ મહાન જૈનાચાર્ય તરીકે જ વધુ ઓળખે છે. કોઈ વધુ જાણકાર એમને સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના એકમાત્ર ઐતિહાસિક વ્યાકરણગ્રંથ સિદ્ધહેમશબ્દાનુશાસનના રચયિતા તરીકે ઓળખતા હશે. કોઈ વળી એમ પણ કહેશે કે અપભ્રંશ ભાષાનું સૌપ્રથમ વ્યાકરણ પણ તેમણે જ આપ્યું... પણ હેમચંદ્રાચાર્ય અને ગણિત? જી હા, જૈનાચાર્ય એક કુશળ ગણિતશાસ્ત્રી પણ હતા. ઑક્સફર્ડ યુનિવર્સિટીના મૅથેમેટિશ્યન માર્કસ ડુ સુટોય દ્વારા આ વર્ષે માર્ચ મહિનામાં કરવામાં આવેલા ખુલાસા અનુસાર વિખ્યાત ઇટાલિયન ગણિતશાસ્ત્રી ફિબોનાચીએ ઈ. સ. ૧૨૦૨માં જે નંબર સિરીઝ – આંકડાની શ્રેણી શોધી કાઢી એ હકીકતમાં પચાસેક વર્ષ પહેલા હેમચંદ્રાચાર્યએ આ શ્રેણી શોધી કાઢી હતી. એટલે આંકડાની આ કમાલ ફિબોનાચી સિક્વન્સ નહીં પણ 'હેમચંદ્રાચાર્ય નંબર્સ' તરીકે ઓળખવી


अङ्कान्त्योपान्त्ययोगः परे परे मात्राणाम् ॥ १६ ॥
अङ्कानामेकद्व्यादीनां यौ अन्त्यौपान्त्यौ तयोर्योगः परस्परमीलनं परे परे स्थाने न्यस्तौ मात्राणां संख्या भवति । यथा – द्व्येकयोरन्त्योपान्त्ययोर्योगे त्रयः परस्थाने न्यस्तास्त्रिमात्रस्य विकल्पसंख्या । द्विकत्रिकयोर्योगे पञ्च परे स्थाने न्यस्ताश्चतुर्मात्रस्य विकल्पसंख्या । पञ्चकत्रिकयोर्योगेऽष्टौ परे स्थाने न्यस्ताः पञ्चमात्रस्य विकल्पसंख्या । अष्टकपञ्चकयोर्योगे त्रयोदश परे स्थाने न्यस्ताः षण्मात्रस्य विकल्पसंख्या । त्रयोदशकाष्टकयोर्योगे एकविंशतिः परे स्थाने न्यस्ताः सप्तमात्रस्य विकल्पसंख्या । एकविंशतित्रयोदशयोर्योगे चतुस्त्रिंशत्परे स्थाने न्यस्ताः अष्टमात्रस्य विकल्पसंख्या । स्थापना – १।२।३।५।८।१३।२१।३४। एवमुत्तरत्रापि ॥ १६ ॥

હેમચંદ્રાચાર્ય અને નંબરની શ્રેણી

જોઈએ એવું બ્રિટિશ ગણિતજ્ઞ ભાર દઈને જણાવે છે.

શું છે આ ફિબોનાચી સિક્વન્સ? ગણિતમાં અને નિસર્ગમાં અનેક સ્થાને નજરે પડતી અત્યંત ઉપયોગી સંખ્યાઓ ફિબોનાચી નંબર્સ કહેવાય છે. આ સંખ્યાઓ ૦, ૧,૧, ૨, ૩, ૫, ૮, ૧૩, ૨૧, ૩૪, ૫૫, ૮૯... છે. આ શ્રેણીમાં પહેલી બે પછીની દરેક સંખ્યા તેની તરતની પુરોગામી બે સંખ્યાઓના સરવાળા જેવડી હોય છે. પહેલી બે સંખ્યાનો સરવાળો ૦+ ૧ = ૧અને ત્રીજી સંખ્યા ૧ છે. ત્યાર બાદ બીજી અને ત્રીજી સંખ્યાનો સરવાળો ૧+૧ = ૨અને ચોથી સંખ્યા ૨જ છે. આ જ સિલસિલો આગળ ચાલુ રહે છે. ફિબોનાચી સંખ્યાઓ નિસર્ગમાં અનેક જગ્યાએ જોવા મળે છે. ઘણાં પુષ્પોમાં પાંખડીઓની સંખ્યા ૫, ૮, ૧૩, ૨૧ વગેરે ફિબોનાચી સંખ્યાઓ જ હોય છે. ડેઇઝી પ્રકારનાં જુદાં જુદાં પુષ્પોમાં આવું જોવા મળે છે. નર મધમાખના દરેક પેઢીના પૂર્વજોની સંખ્યા પણ ફિબોનાચી સંખ્યા હોય છે. માદામાં એ ગેરહાજર હોય છે. કેમ? કારણ કે નરમધમાખને માત્ર માતા હોય છે, પિતા હોતો નથી, જ્યારે માદા મધમાખને માતા અને પિતા બંને હોય છે. નિસર્ગ ઉપરાંત આ નંબર સિરીઝ કમ્પ્યુટર સાયન્સ, આર્કિટેક્ચર, સ્ટૉક માર્કેટ એનાલિસિસ, ફાઇનાન્સ અને પશ્ચિમના સાહિત્યમાં 'ફિબ પોએટ્રી' તરીકે ઓળખીતો કાવ્ય પ્રકાર પણ ફિબોનાચી નંબર્સને અનુસરે છે.

હેમચંદ્રાચાર્યએ સંસ્કૃત છંદશાસ્ત્રમાં આ શોધ કરી હતી. કવિતામાં આવતા લઘુ (૧ માત્રા) અને ગુરુ(૨ માત્રા) માત્રાના તાલ અથવા લય નક્કી કરતી વખતે તેમણે આ શ્રેણી શોધી હોવાની જાણકારી ઉપલબ્ધ છે. આમ ઑક્સફર્ડ યુનિવર્સિટીના મૅથેમેટિશ્યન માર્કસ ડુ સુટોયની વાત સાચી છે કે આ સિરીઝ ફિબોનાચી નંબર્સ નહીં, પણ હેમચંદ્રાચાર્ય નંબર્સ તરીકે ઓળખવી જોઈએ. ફિબોનાચીને નંબર્સની આ કમાલ અરબી વેપારી પાસેથી જાણવા મળી હતી અને એ વેપારીઓ પ્રાચીન ભારતીય ગણિતજ્ઞની શૈલીને અનુસરતા હતા. જોકે, સંશોધન એમ પણ સૂચવે છે કે એનાં ઘણાં વર્ષો પહેલાં રચાયેલા પિંગળના છંદશાસ્ત્રમાં અને ભરત મુનિના નાટ્યશાસ્ત્રમાં પણ એનો ઉલ્લેખ છે. એટલે સંખ્યાની આ શ્રેણી પિંગળ નંબર્સ તરીકે ઓળખવી જોઈએ એવી દલીલ પણ કરવામાં આવે છે. ઓકે, પણ સો વાતની એક વાત એ છે કે આ વિશ્વવિખ્યાત શ્રેણીના જનક ભારતીય છે. પિંગળ નામના ઋષિએ – પિંગળાચાર્યએ કવિતાનાં તાલ માપ ગોઠવ્યાં હતાં. છંદશાસ્ત્ર ઉપર આઠ સૂત્રગ્રંથો લખ્યા છે. તેમના નામ પરથી છંદશાસ્ત્ર પિંગળશાસ્ત્ર તરીકે ઓળખાય છે.

## પક્ષી જગતમાં રાસાયણિક શસ્ત્ર



માણસને પંખી બનવાનું મન થાય એટલે 'બન કે પંછી ગાયે પ્યાર કા તરાના' ગાઈને મનોમન ગગનમાં ઉડાઉડ કરી લે. પોતાના માળામાં (ઘરમાં) બચ્ચાંઓની દેખભાળ પણ કરે. હવે વિચાર કરો કે પક્ષીને શાળામાં 'હું માણસ હોઉં તો' નિબંધ લખવાનું કહેવામાં આવે તો? કલ્પનાની પાંખો ક્યાં ક્યાં કેટલી ફેલાય? કોઈ અળવીતરું પક્ષી સદ્દામ હુસેનની માફક દુશ્મન પક્ષીનો બદલો લેવા કેમિકલ વેપન – રાસાયણિક શસ્ત્ર વિશે વિચાર કરી શકે?

ગુજરાતીમાં 'ઘંટીટાંકણો' અને હિન્દીમાં 'શાહ સુલેમાન' નામથી જાણીતુ યાયાવર 'હૂપો' પંખી ભારતમાં ઑગસ્ટથી એપ્રિલ દરમિયાન અનેક ઠેકાણે જોવા મળે છે. એના શરીર ઉપર કાળાંધોળાં ચટાપટાવાળાં પીંછાં હોવાથી તેણે સરસ મજાનું સ્વેટર પહેર્યું હોય એવું પ્રતીત થાય છે. શરીર ઉપર એની લાંબી મજબૂત ચાંચ વિશિષ્ટ રીતે વળી હોવાથી ઘંટી ટાંકવાની હથોડી જેવી દેખાતી હોવાથી એ 'ઘંટીટાંકણો'નામથી ઓળખાય છે. ઊડતા ઊડતા વિશ્રામ કરવા બેસે ત્યારે કલગી ખુલ્લી કરે છે. રોષે ભરાય ત્યારે માથું ઊંચું કરી કલગીનો પંખો બનાવે છે. ઝાડ કે મકાનની બખોલમાં ઘાસ, તણખલા કે રૂનો માળો બનાવી સફેદ ઈંડાં મૂકે છે. કુદરતી રક્ષણ માટે હોય કે ગમે તે કારણે, પણ તેનો માળો બહુ ગંધાય છે. હકીકતમાં વાત ગંદકીની નહીં, સુરક્ષાની છે. માસૂમ દેખાતું આ પક્ષી શિકારી પ્રાણી કે પક્ષીથી ઈંડાંનું રક્ષણ કરવા 'રાસાયણિક શસ્ત્ર'નો ઉપયોગ કરે છે. માદાના શરીરમાંથી છૂટતી આ ગંધ અત્યંત તીવ્ર અને સડેલા માંસમાંથી આવતી દુર્ગંધ જેવી હોવાથી શિકારી પ્રાણી માળામાં પ્રવેશવાની હિંમત નથી કરતા. એટલું જ નહીં, એના બચ્ચા પર જો કોઈ પ્રાણી કે પંખી હુમલો કરે તો એ શિકારી પર વિષ્ટાનો વરસાદ કરી દે છે અને શિકારી ઊભી પૂંછડિયે ભાગી જાય છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત શિમોન પેરેસ ઇઝરાયલના પ્રેસિડેન્ટ હતા ત્યારે ૨૦૦૮માં રાષ્ટ્રીય પક્ષીનો દરજ્જો મેળવનારું 'હૂપો' માત્ર એક દેખાવડું પક્ષી નથી, એક ગૅજેટની જેમ કામ પણ કરે છે. એની ચાંચમાં વિશિષ્ટ પ્રકારની સેન્સર જેવી વ્યવસ્થા છે જે જમીનની અંદર સંતાયેલા જીવાતના ધબકારા પકડી લે છે અને એને ઓછી મુશ્કેલીએ ખોરાક મળી જાય છે. વિજ્ઞાનના વિસ્મય સાચે જ અનંત છે.

## વામન મગજની વિરાટ મગજમારી

'નાનો પણ રાઈનો દાણો' કહેવતથી તમે પરિચિત હશો જ. કદમાં નાની કે સામાન્ય દેખાતી




વસ્તુ કે વ્યક્તિ પણ અદ્ભુત શક્તિ અથવા મહત્ત્વ ધરાવતા હોય છે એ એનો ભાવાર્થ છે. આપણા શરીરમાં રહેલા વામન કદના મગજની વિરાટ વાતો સાંભળ્યા પછી નાના મોઢે મોટી વાતો રૂઢિપ્રયોગનું સ્મરણ તમને થશે. આ મગજની તાકાતે એને હવામાં ઊડતો કરી ચંદ્ર પર ઉતાર્યો અને હવે સ્પેસ ટુરિઝમ પર વાત પહોંચી છે. તાકાતવર હોય એનું કદ મોટેભાગે વિરાટ હોય પણ અદ્ભુત સામર્થ્ય ધરાવતા આ મગજનું વજન છે માત્ર દોઢેક કિલો જેટલું અને કદ આશરે ૧૪૦૦ ઘન સેન્ટિમીટર. જોકે, શરીરના કદ સામે રાઈના દાણા જેવા આ મગજમાં એક પળે ઊંચે ગગનમાં ઊડવાના તો બીજી જ ક્ષણે પાતાળમાં ડૂબકી મારવાના ગજબનાક વિચારો આવી શકે છે.આધુનિક વિજ્ઞાને સામાન્ય માણસને એક દિવસમાં કેવા અને કેટલા વિચારો આવે છે એનું સંશોધન કર્યું છે. એ સુધ્ધાં મગજ વાપરીને.

એક દિવસ દરમિયાન મગજમાં સરાસરી સાઠથી એંશી હજાર વિચારો માણસને આવતા હોવાનું તારણ નિષ્ણાતોનું છે. મતલબ કે દર કલાકે ૨૫૦૦થી ૩૩૦૦ વિચાર. કેટલાક સંશોધકોના મત અનુસાર દિવસ દરમિયાન ૫૦ હજાર વિચાર આવે છે. એ હિસાબે કલાકના ૨૧૦૦ વિચાર થયા. વિચારોનું બજાર હોય તો આ બધા વિચારો વેચી ધનવાન બની શકાય, રાઇટ! એ તો વિચારની ગુણવત્તા પર આધાર રાખે છે. એમાંના મોટા ભાગના સાવ નકામા હોય છે. કાકાએ મને કેમ ખખડાવ્યો, સાળો ફોન કેમ નથી ઉપાડતો? બૉસનું સેક્રેટરી સાથે લફડું લાગે છે જેવી કોઈ મહત્ત્વ નહીં ધરાવતી વાતો, વિચારો મબલક હોય છે. મુંબઈ સેન્ટ્રલ કે પછી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્ટેશન પર લોકોની કેવી આવજા હોય છે, એવી જ વિચારોની આવનજાવન દિમાગમાં થયા કરે છે. મગજ એક પતંગિયા જેવું હોય છે જે એક ફૂલ પરથી બીજા ફૂલ પર ફરતું રહે છે, ક્યાંય સ્થિર નથી રહેતું. વિચારોને રોકી નથી શકાતા. રજનીશજી કહી ગયા છે કે 'સારા વિચાર આવે, ખરાબ વિચાર સુધ્ધાં આવે, પણ વિચાર જ ન આવે તો?' આ સવાલનો જવાબ આપવા પણ વિચારવું પડે, હેં ને!

## ઉઘાડ તારું મોં, મારે સફાઈ કરવી છે



મહાકવિ કાલિદાસના પ્રખ્યાત સંસ્કૃત નાટક 'અભિજ્ઞાન શાકુંતલ'નો એક ખૂબ જ જાણીતો પ્રસંગ છે. દુષ્યંત અને શકુંતલાના પુત્ર સર્વદમન (જે પછી 'રાજા ભરત' તરીકે ખ્યાતિ પામ્યો) સિંહના બચ્ચા સાથે રમતો હોય છે ત્યારે બોલે છે કે 'ઉઘાડ તારું મોં, મારે તારા દાંત ગણવા છે.' બાળકની વીરતાનો આ પ્રસંગ બહાદુરીનું પ્રતીક બની ગયો. વિશાળ સમુદ્રમાં પણ નાનકડા બાળ જેવી દેખાતી 'રાસા ફિશ' (રાસા નામની માછલી) જળચર પ્રાણીના મોઢાની અંદરથી સાફસૂફી કરવા માટે નામના ધરાવે છે. 'મોટી માછલી નાની માછલીને ગળી જાય' એ વાત રૂઢ અર્થમાં તેમ જ સૂક્ષ્મ અર્થમાં અહીં સદંતર ખોટી સાબિત થાય છે. લંબાઈમાં ચારથી ૬ ઇંચ (માંડ અડધો ફૂટ)ની કાયા ધરાવતી આ મગતરા માછલી ૪૦ ફૂટથી ૧૦૦ ફૂટ સુધીનું કદ ધરાવતી વ્હેલ માછલીના મોઢામાં પ્રવેશે છે ત્યારે મુખવાસ સમજી એને ઓહિયાં નથી કરવામાં આવતી. બલકે આ મગતરું મહાકાય માછલીના મોઢાની અંદર રહેલી ખરાબી (મૃત ત્વચા, મૃત કોષો અને પરોપજીવીઓ)ને મોઢામાંથી બહાર કાઢી નાખે છે. કામ પતે એટલે આ માછલી ટહેલતી ટહેલતી મોઢામાંથી બહાર નીકળી બીજા ગ્રાહકની શોધમાં નીકળી પડે છે. આ 'રાસા ફિશ' સમુદ્રી જીવોના મોઢાના આરોગ્યની જાળવણી તો કરે જ છે, સાથે સાથે એમની આ કોશિશ પરોપજીવીઓની સંખ્યાને અંકુશમાં રાખે છે. કેટલીક જગ્યાએ આ માછલીને જીનિયસના વિશેષણથી નવાજવામાં આવી છે. ■

---

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# ગ્રાહકને કઈ રીતે સમજવો ને કઈ રીતે સાચવી રાખવો...

## આ CRM શું છે?

છેલ્લા ૩-૪ લેખમાં આપણે કન્ઝ્યુમર વિશે વાત કરી રહ્યા છીએ. આજે આને આગળ વધારતાં તેનું મૅનેજમેન્ટ અર્થાત્ કઈ રીતે તેને સાચવી શકાય તેની વાત કરીએ.




કોઈ પણ ધંધાની ગુરુ ચાવી શું વેચો છો તેના કરતાં કોના માટે વેચો છો તેની જાણકારી હશે તો તમે તમારું પ્રોડક્ટ તે મુજબ બનાવી શકશો. આ સમજવાની અને સાચવવાની પ્રક્રિયાને માર્કેટિંગમાં CRM - કસ્ટમર રિલેશનશિપ મૅનેજમેન્ટ કહે છે.

આપણા ગ્રાહકને જાણતા હશું, પણ આજે કસ્ટમર જે રીતે વિકસિત થઈ રહ્યો છે, તેની જરૂરિયાતો અને ખર્ચ કરવાની ક્ષમતા વધી રહી છે, નવા અનુભવો તે લેવા માગે છે, તેની જીવન શૈલી બદલાઈ રહી છે ત્યારે CRMનું મહત્ત્વ વધી જાય છે, કારણ કે CRM તમને આ કસ્ટમરના ગમા-અણગમા, પસંદ-નાપસંદ, ખર્ચ કરવાની ક્ષમતા, રોજબરોજ શું ખરીદો છો, બીજી જરૂરિયાતો શું છે, ક્યાં રહો છો, ક્યાં કામ કરો છો, સપ્તાહના અંતમાં કે પછી રજાઓમાં શું કરો છો, ક્યાં ફરો છો, અભ્યાસ શું છે, આવક કેટલી છેનો અભ્યાસ કરી સૉફ્ટવેરના સહારે તમારી માહિતી મૅનેજ કરે છે અને વ્યક્તિગત સ્તરે માર્કેટિંગ માટે આનો સહારો લેવામાં આવે છે. CRMના ઘણા બધા ફાયદા છે જો તેને વ્યવસ્થિત રીતે ઉપયોગમાં લેવામાં આવે.ૉ તો. ફાયદાઓ જાણતાં પહેલાં આપણે CRM સિસ્ટમ કેવી રીતે ઇંપ્લિમેંટ થાય છે તે સમજવાનો પ્રયત્ન કરીએ.

સૌ પ્રથમ ડેટા કલેક્ટ કરવામાં આવે છે, ત્યાર બાદ તે ડેટાને સેગમેન્ટ મુજબ છુટ્ટો પાડવામાં આવે છે. આ ડેટા કસ્ટમરની વર્તણૂકનું વિશ્લેષણ કરે છે અને તેના આધારે ટ્રેંડ સમજી સિસ્ટમ માર્કેટિંગ એનું સોલ્યુશન સૂચવે છે. CRMના ફાયદાઓમાં કસ્ટમર સેટિસ્ફેક્શન તે સૌથી મોટો ફાયદો છે. જે બ્રાન્ડ પોતાના કસ્ટમરને સંતોષવાના અથાગ પ્રયત્નો કરે ત્યારે ખુદ કસ્ટમર અનુભવશે કે તેના પર વ્યક્તિગત સ્તરે ધ્યાન રાખવામાં આવી રહ્યું છે અને તેની મુશ્કેલીઓ કે જરૂરિયાતોને સાંભળવાવાળું કોઈ છે ત્યારે તેનો વિશ્વાસ વધે છે. બીજું, નિયમિત ધોરણે કસ્ટમર સાથે સંવાદ અને તેનો સંપર્ક બ્રાન્ડને ગ્રાહકની જરૂરિયાતો માટેની નવીનવી ઇનસાઇટ્સ આપે છે. આજના સ્પર્ધાત્મક યુગમાં અડીખમ ઊભા રહેવા માટે મહત્ત્વનું છે કે તમારા ગ્રાહકને શેની જરૂર છે તે જાણવું અને ભવિષ્યમાં તેને શેની જરૂર પડશે તેને સમજવું. વિવિધ અને સચોટ કમ્યુનિકેશનનાં માધ્યમો દ્વારા આવી માહિતીઓ ભેગી કરી શકાય અને આ માહિતીઓ કંપનીને નવા પ્રોડક્ટ, સર્વિસ બનાવવા ઉપયોગી સાબિત થાય છે. આથી આગળ જતાં કસ્ટમર જ્યારે તેના બ્રાન્ડના અનુભવોથી સંતુષ્ટ હશે અને ખુશ હશે ત્યારે તે પોતાના વર્તુળમાં બ્રાન્ડ માટે વાતો કરશે અને તે બ્રાન્ડની ભલામણ કરશે.

અસરકારક રિલેશનશિપ મૅનેજમેન્ટ દ્વારા કસ્ટમર બ્રાન્ડ લોયલ બને છે અને આનો ફાયદો તે કે કસ્ટમર વારે ઘડીયે તે બ્રાન્ડ ખરીદશે. તેનું પરિણામ બ્રાન્ડનું સેલ્સ વધશે. વધુ સેલ્સ થવું તેનો અર્થ બ્રાન્ડ માટે વધુ રેવન્યૂ અને પ્રોફિટ. લોયલ કસ્ટમરનો બીજો મોટો ફાયદો તે કે બ્રાન્ડ પોતાના બીજા પ્રોડક્ટ્સ ક્રોસ સેલ કરી શકશો. કસ્ટમર તે બ્રાન્ડના અનુભવોથી વાકેફ અને સંતુષ્ટ હોવાથી તે બ્રાન્ડના નવા પ્રોડક્ટ્સ વિના સંકોચે ટ્રાય કરશે. બીજા ફાયદાઓમાં, તમારા કસ્ટમરનો ઇતિહાસ તમે જાણી શકો છો જેના થકી નવા કસ્ટમર બનાવી શકો. તેની પર્ચેસ હિસ્ટરી અને બાયિંગ બિહેવિયરનો અભ્યાસ તમે CRM થકી કરી શકો. તે કઈ બ્રાન્ડ ખરીદે છે, ક્યારે ખરીદે છે, કેટલો ખર્ચ કરે છે, કોઈ ચોક્કસ દિવસે કે વારે તહેવારે ખરીદે છે. આ માહિતીઓ દ્વારા તમે તેના સંપર્કમાં ખરા સમયે આવી તમારી બ્રાન્ડ પ્રમોટ કરી શકો છો. આવી માહિતીઓના આધારે કસ્ટમરને ટાર્ગેટ કરવાથી કસ્ટમરની તે બ્રાન્ડ ખરીદવાની શક્યતા વધી જાય છે. બ્રાન્ડ કન્સિડરેશન સેટમાંથી કન્વર્ઝન સેટમાં આવી જાય છે.

કસ્ટમર સાથેનો મજબૂત નાતો બ્રાન્ડને પોતાના પ્રતિસ્પર્ધીથી એક ડગલું આગળ રાખે છે. આ બધા ફાયદાઓની સાથે બ્રાન્ડની સકારાત્મક ઇમેજ બને છે જે કસ્ટમર પોતાનાં દિલો દિમાગમાં સ્થિર કરે છે અને બ્રાન્ડ વેલ્યૂ વધુ મજબૂત બને છે. CRM સોલ્યુશન બ્રાન્ડ અને બિઝનેસને અનુરૂપ બનાવવું જોઈએ જેથી ધારેલાં પરિણામો મળી શકે. આની સાથે લાંબા ગાળાના સંબંધ માટે વેલ્યૂ ઍડેડ સર્વિસિસ આપતાં રહેવું જોઈએ, જેવી કે આફ્ટર સેલ્સ સર્વિસ, જાણકારી, માર્ગદર્શન અને કસ્ટમરનો ખરીદીનો અનુભવ વધારે સારો બનાવો. કસ્ટમરને જાણવો અને સમજવો બ્રાન્ડ માટે જરૂરી છે અને તે કામ CRM કરે છે. CRM ગ્રાહક સાથેનો સંબંધ મજબૂત કરે છે, કમ્યુનિકેશનની સરળતા આપે છે અને કસ્ટમર સર્વિસ સુધારે છે.

કસ્ટમર કોઈ પણ બ્રાન્ડ, વ્યાપાર કે કોર્પોરેટ માટે મહત્ત્વનું પાસું છે અને તેને ખુશ રાખવો તે સૌથી મહત્ત્વનું કામ છે અને તેને અગ્રતા આપવી જોઈયે. CRM દ્વારા તમે તમારા કસ્ટમરના જીવનમાં તેને ખબર ના પડતાં ઘૂસી જાવ છો અને એક જિનની જેમ તેની જરૂરિયાતો સંતોષવા હંમેશાં તત્પર રહો છો. આમ CRMના સહારે કસ્ટમરની કુંડલી જાણી લો અને તમારી બ્રાન્ડ સાથે તેના ભવિષ્યની ડોર બાંધી દો. ■

---

ફોકસ

સાશા
feedback@bombaysamachar.com

# શતરંજનું જન્મદાતા ભારત હવે સુપરપાવર બનવા સક્ષમ

### આવતી કાલે આંતરરાષ્ટ્રીય શતરંજ દિનઃ યુવા પેઢીને ચેસ તરફ પ્રેરિત કરવા ભારત પાસે હવે વિશ્વનાથન આનંદ ઉપરાંત હવે ગુકેશ, અર્જુન, પ્રજ્ઞાનંદ, દિવ્યા, હમ્પી સહિત અનેક યંગ સ્ટાર્સ મોજૂદ છે

**દુનિયા** ક્યારેક ભારતને શતરંજનું જન્મદાતા માનીને સન્માન દેતી હતી તો આજે વિશ્વએ ભારતને શતરંજનું સુપરપાવર માનીને આ રમતમાં એનું કદ ઘણું વધારી દીધું છે. આ માત્ર ઐતિહાસિક ગૌરવની પુનઃપ્રાપ્તિની વાત નથી, પણ આધુનિક ભારતની એ બૌદ્ધિક શક્તિનું પ્રમાણ છે જેણે ખેલકૂદના સૌથી જટિલ મનાતા ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વ સ્થાપિત કરવાની દિશામાં ઝડપભેર પગલું માંડ્યું છે, મોટી ફલાંગ ભરી છે.

દર વર્ષે ૨૦મી જુલાઈએ વિશ્વ શતરંજ દિવસ ઉજવવામાં આવે છે. યુવાનિયાઓ માટે કહીએ તો 'વર્લ્ડ ચેસ ડે.' આવતી કાલ (સોમવાર, ૨૦મી જુલાઈનો) આ અવસર ફક્ત એક ખેલનો ઉત્સવ નથી, પરંતુ ધૈર્ય, રણનીતિ, દૂરદૃષ્ટિ અને માનસિક અનુશાસનનો પણ તહેવાર છે. ક્રિકેટમાં (ખાસ કરીને ટેસ્ટ અને વન-ડેમાં) ધૈર્યનું ઘણું મહત્ત્વ છે, ફૂટબૉલમાં રણનીતિ બનાવવી અત્યંત જરૂરી હોય છે તેમ જ ટેનિસ સહિતની અન્ય રમતોમાં મનોબળ ખૂબ આવશ્યક હોય છે. જોકે ચેસમાં આ બધુ જરૂરી હોય છે અને એ પણ માત્ર એક નાનકડા ચેસ બોર્ડ પર. બુદ્ધિમતાની આ રમતની ભારત માટે મહત્તા હોવાનું એક કારણ એ પણ છે કે જે રમતની શરૂઆત હજારો વર્ષ પૂર્વે ભારતની ધરતી પર થઈ હતી એમાં ભારતીયોએ હવે સંપૂર્ણ પ્રભુત્વ જમાવવાનું છે.

જેમ ક્રિકેટમાં ભારત ઘણી વખત વર્લ્ડ ચૅમ્પિયન અને નંબર-વન રહી ચૂક્યું છે એમ ચેસમાં પણ ભારત પાસે હાલમાં બે વર્લ્ડ ચૅમ્પિયન છે. પુરુષોમાં એક સમયે વિશ્વનાથન આનંદનું વર્ષો સુધી એકચક્રી શાસન હતું. હાલમાં ડી. ગુકેશ વર્લ્ડ ચેસ ચૅમ્પિયન છે, જ્યારે દિવ્યા દેશમુખ મહિલાઓની ચેસ વર્લ્ડ કપ વિજેતા છે. એ ઉપરાંત, ભારત પાસે પુરુષોમાં અર્જુન એરીગૈસી, પ્રજ્ઞાનંદ, વિદિત ગુજરાતી, નિહાલ સરીન તેમ જ મહિલાઓમાં કોનેરુ હમ્પી, આર. વૈશાલી, હરિકા દ્રોણાવલી વગેરે ચૅમ્પિયનો પણ છે. આ બધા સિતારાઓએ સમગ્ર ચેસ જગતનું ધ્યાન ભારત તરફ આકર્ષિત કર્યું છે તેમ જ નવી પેઢીના ચેસપ્રેમીઓને આ મહાન રમતમાં કારકિર્દી બનાવવા પ્રેરિત કર્યા છે. દિવ્યાએ ૨૦૨૫ના જુલાઈમાં દ્વિવર્ષીય વિશ્વ કપ જીતીને સાબિત કર્યું છે કે ભારતમાં ચેસની રમત પર માત્ર પુરુષોનું વર્ચસ્વ નથી, મહિલાઓ પણ સર્વોચ્ચ ટ્રૉફી જીતી શકે છે.

સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે ભારત હવે કોઈ એક ખેલાડી પર નિર્ભર નથી. અગાઉ ચેસ વર્લ્ડમાં ભારતની વાત નીકળતી ત્યારે માત્ર વિશ્વનાથન આનંદનું જ નામ લેવામાં આવતું હતું, પણ હવે અહીં જણાવવામાં આવેલા નામોમાંથી કોઈ પણ એક ખેલાડી ઝળકી જતો જોવા મળે છે. આજે દેશના અલગ-અલગ રાજ્યમાંથી ચેસ જગતને વિશ્વસ્તરિય ખેલાડી મળે છે. ખાસ કરીને તમિળનાડુ, તેલંગણા, મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ તથા કેરળ જેવા રાજ્યોમાં શતરંજની મજબૂત સંસ્કૃતિ વિકાસ પામી છે. સ્કૂલ સ્તરે સ્પર્ધાઓ વધી ગઈ છે, સ્થાનિક ચેસ ઍકેડેમીઓની સંખ્યા વધી છે તેમ જ ઑનલાઇન કોચિંગે નાના શહેરોના ખેલાડીઓને વિશ્વ સ્તરિય પ્રશિક્ષણ ઉપલબ્ધ કરાવ્યું છે.



૨૦૧૯માં વિશ્વવિજેતા વિશ્વનાથન આનંદ સાથે ભારતનો યંગેસ્ટ ગ્રૅન્ડમાસ્ટર ડી.ગુકેશ. હાલમાં ગુકેશ વર્લ્ડ ચૅમ્પિયન છે.

વિશ્વનાથન આનંદે ૨૦૦૦ની સાલમાં પહેલી વખત વિશ્વવિજેતા બનીને ભારતની નવી પેઢીને વિશ્વાસ અપાવ્યો કે ભારતીય ખેલાડી વર્લ્ડ ચૅમ્પિયન બની શકે છે. બીજું, કૃત્રિમ બુદ્ધિમતા આધારિત વિશ્લેષણ, ઑનલાઇન પ્લૅટફૉર્મ તથા મૉટિવેશને ખેલાડીઓની તૈયારીઓને અનેકગણી વૈજ્ઞાનિક બનાવી દીધી છે. ત્રીજું, પરિવારો અને સમાજનો દૃષ્ટિકોણ પણ બદલાયો છે. અગાઉ શતરંજને માત્ર શોખ (હૉબી) માનવામાં આવતું હતું, પણ હવે એને સન્માનજનક કારકિર્દીના રૂપમાં જોવામાં આવે છે. આજે આપણા ચેસ સિતારાઓ આંતરરાષ્ટ્રીય ગ્રૅન્ડ માસ્ટર્સને હરાવી રહ્યા છે. આપણા દેશમાં પણ ગ્રૅન્ડ માસ્ટર્સની સંખ્યા વધવા લાગી છે અને ભારત વિશ્વના શતરંજના અગ્રણી રાષ્ટ્રોમાં અચૂક ગણાય છે.

શિક્ષણશાસ્ત્રીઓના મતે ચેસની રમત બાળકોમાં તાર્કિક વિચારધારા, સમસ્યા સમાધાન, સ્મરણ શક્તિ, ધૈર્ય, નિર્ણય લેવાની ક્ષમતા અને એકાગ્રતા વિકસિત કરે છે. આ જ કારણસર દેશની અનેક સ્કૂલો હવે શતરંજને સહ-પાઠ્યક્રમના રૂપમાં સામેલ કરી રહી છે. જોકે પડકારો હજી દૂર નથી થયા. ક્રિકેટની તુલનામાં ચેસને હજી પણ મર્યાદિત આર્થિક અને માળખાકીય સગવડો મળે છે. ગ્રામ્ય ક્ષેત્રોમાં પ્રશિક્ષકોની અછત છે. આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેવા જરૂરી આર્થિક સહાયતાનો મુદ્દો પણ અનેક પ્રભાવશાળી ખેલાડીઓ સામે વિઘ્ન બની જાય છે. રાજ્યોમાં નિયમિત રીતે લીગ સ્પર્ધાઓ યોજાવી જરૂરી છે, કોર્પોરેટ ક્ષેત્ર વધુ રોકાણ કરે એ પણ આવશ્યક છે. ભારતમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓની સંખ્યા પણ જો વધે તો દેશમાં આ રમત તરફ યુવા વર્ગના વધુ લોકો રસ લેતા થઈ જાય.

દુનિયા આજે આડકતરી રીતે એ પણ સ્વીકારે છે કે ભારત શતરંજનું માત્ર જન્મદાતા નથી, આ રમતનું ભવિષ્ય પણ છે. આપણી નવી પેઢીના ખેલાડીઓનો આત્મવિશ્વાસ, આધુનિક પ્રશિક્ષણ પ્રણાલી તથા સતતપણે ભારતીયોને મળતી સફળતા એ વાતનો સંકેત આપે છે કે ભારતીય શતરંજમાં સુવર્ણકાળની શરૂઆત થઈ ચૂકી છે.

વિશ્વ શતરંજ દિન આપણે યાદ અપાવે છે કે કોઈ પણ મહાન ચાલની શરૂઆત ખૂબ વિચારીને, સમજીને ચાલવી જોઈએ. એ જ રીતે જીવનમાં પણ આવા જ અભિગમ સાથે આગળ વધવું જોઈએ. ભારતે આ દિશામાં પ્રથમ ડગલું સદીઓ પૂર્વે માંડ્યું હતું, હવે આ સમય એ વિરાસત (લેગસી)ને આધુનિક ઉપલબ્ધિઓની સાથે જોડીને વિશ્વ શતરંજમાં સ્થાયી નેતૃત્વ સ્થાપિત કરવાનો છે. જો વર્તમાન ગતિ જળવાઈ રહેશે તો આવનારા વર્ષોમાં આપણે વિશ્વ શતરંજના સુપરપાવર બની જ જઈશું. ■

હાસ્ય વિનોદ

નવી શ્રેણી

# સરસ્વતી તો એક નંબરની જ હોય...

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

આજથી લગભગ સવા બસોથી અઢીસો વર્ષ પહેલાં ગુજરાતી ભાષાનો વિકાસ નહોતો થયો ત્યારે ઘણા લોકો કાના-માત્રા વગરના બોડિયા અક્ષરથી જેમ તેમ ગાડું ગબડાવતા.

આ કારણે આવું બનતું કે ઘરમાં પુત્રજન્મ થયો હોય ત્યારે એના સમાચારમાં પોસ્ટકાર્ડમાં લખાતું કે 'દકરન જનમ થય છ' આવો કાગળ વાંચનારને ખબર નહોતી પડતી કે દીકરો જન્મ્યો છે કે દીકરી? લાપશી ખાવી કે ખીચડી? એ દિવસોમાં ઘેર દીકરો અવતરે તો કંસારનાં આંધણ મુકાતાં ને દીકરી જન્મે તો નાગરો જેને સુખપાવની જેવા રૂપકડા નામથી નવાજે છે એવી ખીચડી ઓરવામાં આવતી. દીકરીનું નામ પડતાં જ વડીલોના ચહેરા ફીકા પડી જતા. ઘરમાં બધાંનો ફયૂઝ ઊડી જતો. ભણેલ-ગણેલ અને સંસ્કારી ગણાતાં કુટુંબોમાં પણ આ જ હાલત હતી. અરે, પ્રિયદર્શિની નહેરુ ગાંધીના જન્મ વખતેય તેમના દાદા મોતીલાલનું મોઢું પડી ગયું હતું. (દાદાજીને તો એ પળે કલ્પના પણ નહીં હોય કે આ જ પોતરી એક દિવસ આખું ઇન્ડિયા માથે લઇને ભલભલાનાં છોતરાં ફાડી નાખશે!)

એ કાળમાં દાયણો પણ સમજુ હતી. ઘરે પુત્રરત્ન જન્મે તો હક કરીને પાંચ રૂપિયા પડાવતી, પણ જો દીકરી અવતરે તો ત્રણ રૂપિયા ચુપચાપ લઇ લેતી અને ધારો કે કોઇ ત્રણને બદલે બે રૂપિયા ધરે તો પણ 'મરેલાને કોણ મારે?' એવું મનોમન બબડીને કચકચ કર્યા વગર બે રૂપિયા પણ સ્વીકારી લેતી.

પછી જેમ જેમ ભાષા કાઠું કાઢતી ગઇ તેમ તેમ આ પ્રમાણે વધામણાં આપવાનાં શરૂ થયાં: 'બહેન કંકુબાએ ફલાણા દિવસે, ફલાણી ઘડીએ પાઘડી બાંધનાર દીકરાને જન્મ આપ્યો છે.' અને જો કન્યારત્નનું આગમન થયું હોય તો 'ચૂંદડી ઓઢનાર દીકરી અવતરી છે' એવું લખાતું.

શુદ્ધ અને સારું ગદ્ય આપવા માટે આપણે કવિ દલપતરામ, નર્મદ અને નવલરામના ઓશિંગણ છીએ. જોડે જોડે પ્રજામાં વાચનભૂખ ઉઘાડવા ને પુસ્તકપ્રેમ વિકસાવવા કાજે ગામેગામ લાઇબ્રેરીઓ સ્થાપનાર તેમ જ તેનો વિકાસ કરનાર મહારાજા સયાજીરાવ ગાયકવાડના પણ આપણે એટલા ઋણી છીએ. જયાં જયાં તેમની હકૂમત ચાલતી એવા ગુજરાતના પ્રદેશોમાં તેમણે એક મૌલિક અને ઉમદા પ્રણાલી પાડી હતી. જે આજે પણ ગાયકવાડ સ્ટેટ તરીકે ઓળખાતા ઉત્તર ગુજરાતના મહેસાણાપંથકના ગ્રામ્ય વિસ્તારમાં ચાલે છે દા. ત. કોઇ માણસ આ વિસ્તારમાં તેનો દીકરો પરણાવવા જાન જોડીને જાય ત્યારે એ ગામના પુસ્તકાલયનું સંચાલન કરતો પ્રાથમિક શાળાનો શિક્ષક વેવાઇપક્ષના મોવડી પાસે પહોંચી જાય છે. પોતાના ગામની દીકરી-લક્ષ્મી પામવા બદલ તેમણે અભિનંદન આપે છે. પછી નમ્રતાથી જણાવે છે કે 'મુરબ્બી, અમારે લક્ષ્મી સામે સરસ્વતીની થોડી કૃપા જોઇએ છે. આપ આ ગામની લાઇબ્રેરી માટે યથાશક્તિ ચાંલ્લો કરો. જેમાંથી અમે સુંદર અને જ્ઞાનવર્ધક પુસ્તકો ખરીદીશું'. પુસ્તકો માટે આપવામાં આવેલ દાનની પહોંચ અપાતી. આ પુસ્તકો ખરીદવા આપેલ ડોનેશનની રકમ ઇન્કમટેકસની કલમ ૮૦-જી હેઠળ બાદ નથી મળવાની એની ખબર હોવા છતાં તે આપનાર હોંશથી પોતાનાં એક નંબરનાં નાણાંમાંથી આપતો, કેમ કે એ દિવસોમાં બે નંબરની લક્ષ્મીનું ચલણ જાણીતું થયું નહોતું. અને સરસ્વતી માટે તો એક નંબર યા બે નંબરનો પ્રશ્ન જ અપ્રસ્તુત ગણાતો. કિન્તુ કહે છે કે આ સરસ્વતી પર લાગતા-વળગતાઓની અમીનજર ટકી રહે એ વાસ્તે, સરસ્વતીને ઠેકઠેકાણે પ્રવેશ કરાવવા માટે થઇને પ્રકાશકોએ બે નંબરની લક્ષ્મીને આજકાલ તો કામે લગાડવી જ પડે છે, આથી શક્ય છે કે ખુદ સરસ્વતીને પણ શરમ આવતી હશે. જોકે બંને બહેનોનો આ અંગત મામલો છે. એમાં આપણા કેટલા ટકા? (આ કેટલા ટકા એ પણ પ્રકાશકો અને તેમની જોડે તડજોડ કરનારાની ખાનગી વાત છે, જેને આ લેખ સાથે સ્નાનસૂતકનો પણ સંબંધ નથી).

અલબત્ત, ગુજરાતીઓના માથે વર્ષોથી મહેણું છે કે તેમને ચોપડામાં છે એટલો રસ ચોપડીઓમાં નથી પડતો. ક્યારેક એ સાચું પણ લાગે છે. દા. ત. આપણા નવલકથાકાર ગોવર્ધનરામ ત્રિપાઠી તેમની એકમાત્ર નવલકથા 'સરસ્વતીચંદ્ર' થકી અમર થઇ ગયા. તેમના વારસો આજે પણ એ વાતે ગૌરવ અનુભવે છે. તેમને પણ એ પરિવારના સભ્ય લેખે ઘણાં કીર્તિ અને કલદાર મળ્યાં. એન.એમ. ત્રિપાઠી એન્ડ કું.ના નામે પુસ્તકપ્રકાશનનો ધંધો પણ સારો ચાલે છે, તેમ છતાં દિવાળીના દિવસે એ લોકો પૂજન તો ચોપડાનું જ કરે છે. ખાતાવહી અને રોજમેળને જે પૂજામાં મૂકે છે. એની જોડાજોડ 'સરસ્વતીચંદ્ર'ના ચાર પૈકી એકેય ભાગ મૂકે છે? પૂછી જોજો.

અગાઉના સમયમાં ઘણા ગુજરાતીઓ ખાસ ભણ્યા નહોતા માટે નહોતા વાંચતા કે કેટલાકને આર્થિક કારણે પરવડતું નહીં એટલે પુસ્તકો ખરીદીને વાંચતા નહીં. આજે ભણતર વધ્યું છે, પાસે ધનની પૂરી છત છે. છતાં ચોપડી જેવી ફાલતું ચીજ પાછળ કોણ પૈસા ફેંકી દે-એવા વ્યવહારું ગણિતને લીધે ધનિક માણસો પુસ્તકો ખરીદવાનું ઓછું પસંદ કરે છે. વચ્ચે એક વાચકે છાપામાં ચર્ચાપત્ર આપ્યું હતું કે 'જુઓ ને. પુસ્તકો માણસ કેવી રીતે ખરીદે? એની કિંમત કેટલી બધી વધી ગઇ છે!' આની સામે મારા ગીધુકાકા કહે છે કે 'અલ્યા ભૈ, પુસ્તકોની કિંમત જ વધી ગઇ છે? જૂતાંની નથી વધી ? જે મજબૂત ચંપલ અગાઉ શેરીઓમાં પાંચથી સાત રૂપિયામાં ઘેર બેઠાં ફેરિયો આપી જતો એ બજારમાં આજે બસો-અઢીસોમાં મળે છે. મસાલાથી ભરપૂર ઢોસો ત્રણથી ચાર આનામાં મળતો એટલો મસાલો તો હોટલવાળા સો રૂપિયાવાળા ઢોસામાં પણ નથી નાખતા. ઢોસા બનાવતી વખતે એમના પરિવારનાં સભ્યો એમને ઉદાર થતાં રોકે છે. એક આનામાં આખા દૂધની ચા નસીબ હતી. હવે એ પણ અડધા દૂધ-પાણીવાળી ચા છથી સાત રૂપિયે કપ મળે છે. આમાંનું કશું જ મોંઘું નથી પડતું. ફક્ત પુસ્તકો જે મોંઘાં પડે છે ! આમેય પુસ્તકો સસ્તાં હોય તોય ખરીદવામાં રસ કોને છે? માત્ર બસોનવ્વાણું રૂપિયામાં એક શર્ટ સાથે એક શર્ટ ફ્રી મળતું હોય તો એ ઘણું સસ્તું કહેવાય. પણ જયોતીન્દ્ર દવેના 'રંગતરંગ' ભાગ પહેલા સાથે વિનોદ ભટ્ટનાં ત્રણ પુસ્તકો મફતમાં મળતાં હોય તો પણ ઘરાક તો દુકાનદારને એવું જ કહેવાનો કે જયોતીન્દ્રની જોડે વિનોદ ભટ્ટ સિવાય બીજો કોઇ સારો લેખક ફ્રીમાં આપતા હો તો જણાવો, હું વિચારું.

જોકે હું સાવ કાઢી નાખવા જેવો લેખક નથી. એની મને તો પાકી ખબર છે. થોડા વખત પહેલાં હું એક લાઇબ્રેરીમાં ઊભો હતો. એક વાચકે જે મને દીઠે ઓળખતો નહોતો તેણે મારી હાજરીમાં લાઇબ્રેરિયનને પૂછયું: વિનોદ ભટ્ટનું કોઇ નવું પુસ્તક આવ્યું છે? 'કેમ. એ તમારો પ્રિય લેખક છે?' લાઇબ્રેરિયને પૂછયું ના, એવું ખાસ નથી' વાચકે ચોખવટ કરી : 'એકવાર હું એની ચોપડી વાંચવા લઇ ગયો હતો. તેમાંથી રૂપિયા પચાસની નોટ નીકળી હતી, એટલે લાગે છે કે એની બુક વાંચનારને એ પચાસ રૂપિયાનો પુરસ્કાર આપતો હશે.'

મરાઠી, બંગાળી અને સાઉથ ઇન્ડિયાની ભાષાઓની પ્રજા સાહિત્યમાં ઉત્કટ રસ ધરાવે છે, એ રીતે ગુજરાતી પ્રજાએ પણ બતાવી આપવું જોઇએ કે અમારો સાહિત્યરસ-પુસ્તક પ્રેમ પણ એટલો જ તીવ્ર છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડે લગ્ન કરવા આવેલ વરરાજાના વડીલ પાસે દાપું ઉઘરાવવાની પરંપરા ઊભી કરી હતી. એમાં હું જરા આગળ વધું છે. કોઇ બુઝુર્ગના મરણ બાદ સજજામાં સીડી, ફાનસ, લાકડી, છત્રી, પગરખાં, માળા (અને હવે ટીવી) વગેરે મૂકવામાં આવે છે. (શું સ્વર્ગ ને શું નરક, ચૅનલો તો બધી જ આ જ આવવાની ને!) આ બધાને જોડે થોડાં પુસ્તકો પણ સજજામાં મૂકવાં જોઇએ. પરલોકમાં સાથે માળા અને ટીવી. હોય, પણ ચોવીસે કલાક એનું એ જ હોય. તે એનોય કંટાળો આવે કે નહીં! એટલે થોડાંક સારાં, બેસ્ટ-સેલર પુસ્તકો પણ ચશ્માંની જોડે ગોઠવી દેવાં જોઇએ. ત્યાં જઇને રાંધવાનું ન હોય એટલે સ્વર્ગમાં પાકશાસ્ત્ર કે ખાધેલું પચાવવા આરોગ્યનાં પુસ્તકોની જરૂર નહીં પડે. ત્યાં તો પથરા કરતાંય વધારે સંખ્યામાં ઋષિમુનિઓ અને કથાકીર્તનકારો ગમે ત્યાં અથડાઇ જતા હોય. એટલે ધાર્મિક, આધ્યાત્મિક યા તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોનો પણ ખપ નહીં. ત્યાં તો ટાઇમપાસ માટે નવલકથા, આત્મકથાઓ ને નિબંધસંગ્રહો હોય તો ભયો-ભયો. કવિતાસંગ્રહો ત્યાં લઇ જઇ દુ:ખી થવા જેવું નથી. હા, નર્કમાં જવાનું થાય તો વાત જુદી છે. કેટલાક સાહિત્યસેવીઓએ જીવતેજીવ પોતાને મનગમતાં પુસ્તકો વસાવ્યાં હોય છે. મરણ બાદ પોતાનાં આ પુસ્તકો તેઓ વારસદારોનાં નામે વિલ યાને વસિયતથી કરી શકે. લગભગ દરેક કુટુંબમાં બે-એક સભ્યો એવાં પણ હોય છે, જેમને પૈસા કરતાં સંસ્કારની આવશ્યકતા વધારે હોય છે. પોતાના વિલમાં બુઝુર્ગ લખી શકે કે 'મારા વચેટ દીકરા વિકુને બોપલના મારા બંગલાની સાથે સાથે મેં જતનથી (તેમ જ ઊધઇથી)સાચવી રાખેલી મુનશીની 'પાટણની પ્રભુતા' આપી દેવી. મારી પુત્રવધૂએ નામે વિભા, મયૂરી અને હર્ષાને અનુક્રમે 'સાપનો ભારો', 'ઇંધણ ઓછાં પડ્યાં' અને 'મારી હૈયાસગડી' આપવાં મારી દીકરી. પન્નાનો સ્વભાવ ગરમ છે, તેની તપેલી કાયમ ચડેલી હોય છે, માટે તેને 'ધૂમકેતુ'નું 'તણખામંડળ' આપવું.'

આ તો એક નમૂનો આપ્યો. બાકી વાચકો વધુ સુજ્ઞ હોય છે. ■

# એક એક કોદરે કાળ જાય

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com





કહેવત કથા શરૂ કરતા પહેલા કોદરા શબ્દ સમજી લઈએ. કોદરા એક જાતનું ખડધાન્ય છે. ખડધાન્ય એટલે વાવ્યા અને ખેડ્યા વિના નૈસર્ગિક રીતે ઉગતું ધાન્ય. સામો (મોરૈયો), રાજગરો, કોદરી વગેરે ખડધાન્ય તરીકે ઓળખાય છે. કોદ્રવ કે કોદરો ચાર જાતના હોય છે: રામેશ્વરી, શિવેશ્વરી, હરકોણી અને માંજર. કોદરાના દાણા રાઇથી મોટા, લાલ અને ફોતરીવાળા હોય છે. એ નથી બગડતા કે નથી સડતા. અસલના વખતમાં દુકાળ માટે કોદરાની મોટી વખારો ભરી રાખવામાં આવતી. **દુકાળમાં કોદરા વહાલા લાગે** એવી કહેવત છે. કોદરાની ગણના હલકા ધાન્ય તરીકે થતી હોવાથી તંગીને વખતે હલકી વસ્તુ પણ સારી લાગે એ આ કહેવતનો ભાવાર્થ છે. જોકે, **એક કોદરે કંઈ કાળ મટે?** એવી કહેવત પણ છે જેનો ભાવાર્થ દરિયામાં ટીપાં બરાબર થાય છે. પ્રમાણમાં બહુ જ ઓછું, ભારતની વસ્તી સામે શ્રીલંકાની વસ્તી જેવી વાત થઈ. હવે આપણે **એક એક કોદરે કાળ જાય** કહેવત પાછળની કથા માણીએ - જાણીએ અને સમજીએ.

જમુના નદીના કાંઠાના એક પ્રદેશમાં એક વાર કારમો દુકાળ પડ્યો. પાણીની અછતનો સૂકો દુકાળ નહીં, પાણીની રેલમછેલનો લીલો દુકાળ પડ્યો. ધસમસતા પાણીથી બધા પાક સાવ ધોવાઈ ગયા. લોકો મુસીબતમાં ઘેરાઈ ગયા. ભૂખ અને રોગચાળામાં માણસો ટપોટપ મરવા લાગ્યા. અલબત્ત લોકો મૃત્યુ પામ્યાં હતાં, માનવતા હજી નહોતી મરી પરવારી. નદીકાંઠે વસેલા અન્ય શહેરોમાં આ ભયંકર પરિસ્થિતિની જાણ થઈ. તાબડતોબ ત્યાંથી અનાજનાં વહાણો ભરી દુકાળના પ્રદેશમાં મદદ માટે મોકલવામાં આવ્યાં. પણ પેલી કહેવત છે ને કે મુસીબત આવે ત્યારે મહેમાનોને લેતી આવે. મદદ કરવા મોકલેલાં વહાણો તોફાનમાં સપડાઈ ગયાં અને ખરાબ હવામાનમાં અવળે રસ્તે ચડી ગયાં. માત્ર એક જ વહાણ નિયત સ્થળ પર પહોંચી શક્યું. એ વહાણમાં કોદરી ભરી હતી. પણ, નસીબ એટલા વાંકા કે એમાંની ઘણીખરી કોદરી બગડી ગઈ. આટલું ઓછું હોય એમ અમુક કોદરી ઉંદરો ખાઈ ગયા. થોડીક જ કોદરી બચી.

જહાજ કાંઠે પહોંચ્યું એટલે નગરજનો રાજી થયા. નાશ થયેલા માલનો વિલાપ કરતા બેસી રહેવાને બદલે જે મળ્યું એના વિતરણ વિશે વિચારવા લાગ્યા જેથી લોકોને રાહત મળે. દુકાળ રાહતની વ્યવસ્થા માટે ખાસ નીમવામાં આવેલા પંચ દ્વારા ઘરદીઠ સરખા ભાગે કોદરીની વહેંચણી થઈ. જોકે, બચેલો જથ્થો નજીવો હોવાથી ઘરદીઠ માંડ એક મુઠ્ઠી અનાજ આવ્યું. કેટલાક ઘરમાં બહોળો પરિવાર હોવાથી લોકોની સંખ્યા વધુ હતી. એમને તો માથાદીઠ બે ચાર કણ આવ્યા જેવી પરિસ્થિતિ હતી. ગામના કેટલાક લોકોમાં શાણપણ હતું. આટલા દાણા ખાઈ જવા, ફેંકી દેવા કે એની રોકકકળ કરવાને બદલે એ ધન્ય ઘરના વાડામાં નાખી દીધું અને એને પાણી પાવાનું શરૂ કર્યું.

સમય પસાર થતો ગયો. દરિયાઈ તોફાનને કારણે ફંટાઈ ગયેલા - આડે રસ્તે ચડી ગયેલા જહાજ તોફાન શમી જતા ફરી માર્ગે લાગ્યાં. આ તરફ દુકાળમાં અન્ન નહીં મળવાથી અનેક લોકોના જીવ ગયા. જે લોકોએ ડહાપણ વાપરી કોદરીના કણ વાડા કે ખેતરમાં નાખ્યા હતા અને એને પાણી પાતા હતા તેમને ત્યાં એના ફણગા ફૂટ્યા. આ તરફ અન્ય વહાણ અનાજ સાથે એક પછી એક આવવાં લાગ્યાં. લોકોને વધુ અનાજ મળવા લાગ્યું. બીજી તરફ કોદરા પણ થવા લાગ્યા, એના સમયે કણસલાં તૈયાર થવા આવ્યા અને એનાથી લોકોને આધાર થયો.

વાડા - ખેતરમાં નાખેલા કણ કણ કોદરામાંથી ફૂટેલા છોડને સારાં કણસલાં લાગ્યા. બધા વહાણ આવી પહોંચે ત્યાં સુધીમાં ઘણા ઘરમાં કોદરાએ કાળને ખાળ્યો, એ ખાઈને લોકોએ દિવસો તો કાઢી નાખ્યા. આખરે દુ:ખના દિવસોમાં ઓટ આવી અને સુખની મોટી ભરતી આવી હોય એમ એક પછી એક બધાં વહાણ આવી પહોંચ્યાં. લોકોને અન્ન મળ્યું અને કોદરા પણ લણાઈ - ઝુડાઇ ઘરમાં પહોંચી ગયા. **આમ એક એક કોદરે ખરેખર કાળ જેવો કાળ પસાર થઈ ગયો.**

ભાષા વૈભવ

## એક કહેવત - અનેક સ્વરૂપ



**અબી બોલ્યા ને અબી ફોક** કહેવત બહુ જાણીતી છે. એનો પરચો થયો હોય એ લોકો તો ક્યારેય ન ભૂલે. અબી એટલે હાલ, હમણાં, અબઘડી. બોલીને તરત ફરી જનારા લોકો. યુએસ - ઈરાન યુદ્ધમાં અબી બોલા અબી ફોક જેવું વારંવાર જોવા મળી જ રહ્યું છે ને. **ફોક એટલે રદ કરવું,** પોતાની જ વાતને નકારી કાઢવી. જે વ્યક્તિ પોતાની વાત કે વાયદા પર કાયમ ન રહેતી હોય અને વારંવાર પોતાના નિર્ણયો કે વચનો બદલતી હોય, ત્યારે આ કહેવતનો ઉપયોગ કટાક્ષ કરવા માટે થાય છે. અગાઉ લગ્ન રદ થાય કે તોડી નાખવામાં આવે ત્યારે લગ્ન ફોક થયા એમ કહેવામાં આવતું. સમાન અર્થ ધરાવતી અન્ય કહેવત છે **બોલ્યે બંધ નહીં.** મતલબ કે બોલીને બંધાઈ ન જાય, ઈચ્છા થાય તો ફરી પણ જાય. વચનનો જરાય પાકો નહીં, સાવ કાચો. **ગાડાનું પૈડું ફરે તેમ બોલીને ફરે** કહેવતમાં પણ આ જ ભાવાર્થ છે. ગાડું ચાલે એટલે પૈડું તરત ફરવા લાગે એમ બોલ્યા પછી તરત ફરી જાય એવી વાત છે. આ જ પંક્તિમાં બિરાજતી અન્ય કહેવત છે **બાઈ, બ્રાહ્મણ ને વરતીઆં, ત્રણે સાટાં ફરતીઆં.** વરતીઆં એટલે માંગીને ખાનારા અને ફરતીઆં એટલે ફરી જનારા. આ ત્રણ લોકો બોલ્યું પાળે નહીં, ફરી જાય. **શિંગડે ઝાલે તો ખાંડો ને પુંછડે ઝાલે તો બાંડો** કહેવત સમજતા પહેલા ખાંડો અને બાંડો એ બે શબ્દના અર્થ સમજવા જરૂરી છે. ખાંડો એટલે અડધું કપાયેલું અને બાંડું એટલે પૂંછડી વગરનું. બંને બાજુથી નુકસાન એ એનો ભાવાર્થ છે. **થૂંકીને ચાટે તેવો બોલ** કહેવતનો મૂળભૂત અર્થ આપેલા વચનમાંથી ફરી જવું, બોલીને બદલી જવું અથવા પોતાની વાતમાં પલટી મારવી એવો છે. ટૂંકમાં કોઈ વ્યક્તિ વાત કે વચન આપે (બોલ કરે) અને પછી પોતાના જ બોલ પાછા ખેંચે, ત્યારે તેને 'થૂંકીને ચાટ્યા' બરાબર માનવામાં આવે છે. આ પ્રકારની કહેવતનો સાર એક દોહામાં પણ જોવા મળે છે: **જાકે બોલે બંધ નહીં, મર્મ નહીં મન માહીં, વાકો સંગ ન કીજીએ, છોડ ચલે બનમાંહી.** જે વ્યક્તિ બોલેલી વાતથી ફરી જાય કે મનનો મક્કમ ન હોય એનો સંગ રાખવો નહીં એ આનો ભાવાર્થ છે. સોરઠી શૈલીમાં પણ કહેવાયું છે કે **બોલેલા મુખ બોલ, નર જે નિભાવતા નથી, તેહ પુરુષનું તોલ, કોડી સરખું કરણીયા.** બોલેલું પાળે નહીં એ લોકોનું મૂલ્ય કોડી બરાબર કહેવાય. ■

# લોગઈન કર્યા વગર પણ કામ કરશે આ વેબસાઈટ...

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

એપ્લિકેશનની દુનિયામાં જ્યારે વેબસાઈટની વાત કરવામાં આવે ત્યારે થોડું આઉટડેટેડ લાગે, પણ હકીકત એ છે કે, એપ્લિકેશન અને વેબસાઈટ બન્ને પોતપોતાની જગ્યાઓ પર વ્યવસ્થિત રીતે કામ કરી રહ્યા છે.

એપ્લિકેશન પાછળ પણ વેબસાઈટ કામ કરે છે. વેબસાઈટ જ્યારે સર્ફ થાય છે ત્યારે મોબાઈલમાંથી સૌથી વધારે વ્યૂઅર્સ નોંધાય છે. સ્માર્ટફોન નવા નવા હતા એ સમયે વેબસાઈટની પણ મોબાઈલ આવૃત્તિ તૈયાર થતી.

એ પછી સ્માર્ટફોનમાં જ બ્રાઉઝરના ફીચરથી એક મોટું કસ્ટમાઈઝેશન થતા દરેક વેબસાઈટ ફોન માટે પ્રોપર બની ગઈ. એ પછી મોટાભાગની વેબસાઈટ પર લોગઈનનો વિકલ્પ આપ્યો. આનાથી વેબસાઈટ તૈયાર કરનારાઓને ફાયદો થયો અને એકાઉન્ટ યુઝર કેટલા છે તેનો ખ્યાલ આવ્યો.

ઘણીવાર એવું બને છે કે, ગૂગલ સાથે લોગઈન કરવામાં પણ કંટાળો આવે, ક્યારેક વેબસાઈટની વિશ્વસનીયતા ઉપર પણ સવાલ થાય. આવા સમયે એવો સવાલ થાય કે, લોગઈન કર્યા વગર કોઈ વેબસાઈટ કામ કરવા આપે તો? એવી ઘણી વેબસાઈટ છે જે સરસ રીતે કામ કરે છે અને લોગઈનની પણ જરૂર નથી. આવી વેબસાઈટથી ફાયદો એ થાય છે કે, કેટલાક પ્રાયમરી કામ સરળતાથી પૂર્ણ થઈ જાય છે.

કોઈપણ ફોર્મેટિંગ હોય કે ડોક્યુમેન્ટનું એડિટિંગ, આ વેબસાઈટ સરળતાથી કામ પાર પાડી દે છે. પીડીએફ બનાવવા માટે હવે કોઈ ખાસ એપ્લિકેશનની જરૂર નથી. 'આઈ લવ પીડીએફ' પર વગર લોગઈન કર્યે કોઈ પણ ડોક્યુમેન્ટ અને ફોટોની પીડીએફ બનાવી શકાય છે.

ફોટોશોપનું પ્રાથમિક નોલેજ હોય અને ફોટા પર લાઈટનો વધારો ઘટાડો કે, બ્રાઈટનેસનો પ્રશ્ન હોય તો ફોટપીયા નામની વેબસાઈટ તમામ ફોર્મેટમાં ફાઈલ બનાવી દેશે. એટલું જ નહીં, જે તે ફોર્મેટની ફાઈલને પણ સેટ કરી દેશે.

ઝાંખા ફોટોને ક્લિયર પિક્ચર અને આઈફોનમાં ક્લિક કરેલા કેમેરા જેવા ચોખ્ખા કરવા માટે અનસ્પેશ પર જતા રહો. ફોટો અપલોડ કરો અને રિઝોલ્યુશન સેટ કરી દો. આનાથી કોઈ પણ ફોટોને એચડી કરી શકાશે.



ટ્વિટર કે ફેસબુકમાંથી ઘણા વીડિયો ખૂબ કામના હોય છે. સેવ કરવાનો વિકલ્પ પણ હોય છે. પણ ઘણીવાર તેને કાયમ સાચવી રાખવા માટે એ જરૂર હોય છે. આમ કરવા માટે પહેલા ડાઉનલોડ એપ્સની માથાકૂટ હતી. હવે ફેસબુક અને ટ્વિટરના પોતાના ડાઉનલોડર છે.

એક્સ ડાઉનલોડ પરથી ટ્વિટરના વીડિયો અને ફેસબુક ડાઉનલોડરમાંથી ફેસબુકના વીડિયોને સરળતાથી ડાઉનલોડ કરીને સેવ કરી શકાય છે,ધ્યાન એટલું રાખવાનું છે કે, AIથી તૈયાર થયેલા ફોટો કે વીડિયો હશે તો માત્ર સેવ થશે તેનો ફરીવાર કોઈ સ્ટેટસ કે પોસ્ટ માટે યુઝ થઈ શકશે નહીં.

હિન્દી, અંગ્રેજી, ગુજરાતી કે કોઈ પણ ગૂગલ સપોર્ટ લેંગ્વેજમાં કામ કરવા માટે ગૂગલની પોતાની ફોન્ટ લાયબ્રેરી છે ગૂગલ ફોન્ટ. અહીંયાથી કોઈ પણ ફોન્ટમાં ટાઈપ કરીને કોપી કરીને ગમે ત્યા યુઝ કરો, સિમ્બોલ કે સપોર્ટ ન કરતા હોય એવા પ્લેટફોર્મ ઉપર પણ મસ્ત અક્ષરો દેખાશે.

કોઈ લોગઈનની જફા નહીં, કોઈ જ એકાઉન્ટની જરૂર નહીં. માત્ર યુઝ એન્ડ યુટીલાઈઝ. પ્રોફેશનલ લેટર લખવો છે અને ખબર નથી કે ફોન્ટ ક્યા વાપરવા? ફોન્ટ સ્કિવિરલ પર નજર કરજો, જૂના પત્ર કે બીજા કોઈ ડોક્યુમેન્ટમાં જોવા મળતા ફોન્ટ અહીંયા દેખાશે. અખબારોના જૂના કટિંગ અને એમાં ટેક્સ્ટ વાંચવામાં મુશ્કેલી પડી રહી છે?

ઈમેજ ટુ ટેક્સ્ટ આઈઓ નામની સાઈટ પર એ કટિંગ અપલોડ કરો, પ્રિન્ટ થયેલા ટેક્સ્ટને રો ટેક્સ્ટમાં સરળતાથી રૂપાંતર કરી દેશે. હા, ધ્યાન એટલું રાખવાનું છે કે, વાક્યરચના સેટ કરવા માટે મહેનત કરવી પડશે પણ ડેટા એક્યુરેટ ભેગો થશે. એ પણ રો સ્ટાઈલમાં.

બ્રાંડ, લોગો, સ્ટાઈલ અને બેનરના કલર્સ ઇમ્પ્રેસ કરી ગયા પણ એના જેવો જ કલર શું કામ ઉપયોગ કરો. કલર્સસીઓ પર જઈને એનો એકઝેટ કોડ કોપી કરીને કોઈ પણ જગ્યાએ યુઝ કરી શકશો. બેગ્રાઉન્ડ બનાવી શકશો. ■

## આઉટ ઓફ બોક્સ

**આપણા દેશના શહેરો આકાશમાંથી કેવા દેખાય છે એ જોવા માટે એરવુઝ પર આંટો મારજો. પંખીની પાંખે બેસીને વિહાર કરતા હોય એવું લાગશે.**




ભરત મહેતા feedback@bombaysamachar.com

## અંતરિક્ષમાં ભારતની નવી 'ઉડાન':

# સ્પેસ માર્કેટમાં બિઝનેસની કરોડોની તક... ખાનગી કંપનીઓ રચશે ઈતિહાસ

### નાળિયેરના વૃક્ષથી શરૂ થઈ એ સફર...

ભારતના સ્પેસ પ્રોગ્રામનો પાયો સમજવા માટે આપણે ૧૯૬૦ના દાયકામાં પાછા જવું પડે. ભારતીય અંતરિક્ષ વિજ્ઞાનના પિતામહ (Father of Indian Space Program) ડો. વિક્રમ સારાભાઈએ એક એવા સમયે સ્પેસ રિસર્ચની કલ્પના કરી હતી જ્યારે દેશ મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યો હતો. ડો. સારાભાઈ સ્પષ્ટ માનતા હતા કે ભારત જેવા વિકાસશીલ દેશે જો વિશ્વમાં મોખરે આવવું હોય તો આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ સામાન્ય માણસ અને સમાજના ઉત્થાન માટે કરવો જ પડશે.

૨૧ નવેમ્બર ૧૯૬૩ના રોજ થુમ્બા (કેરળ)ના દરિયાકિનારે આવેલા સેન્ટ મેરી મેગ્ડલીન ચર્ચના એક પાદરીના ઘરને ઓફિસ અને નાળિયેરના ઝાડને લોન્ચ પેડ બનાવીને ભારતે તેનું પ્રથમ નાનું સાઉન્ડિંગ રોકેટ છોડ્યું હતું. રોકેટના ભાગોને સાયકલ અને બળદગાડા પર લાવવામાં આવ્યા હતા. ડો. સારાભાઈના અથાગ પ્રયત્નો અને દૂરંદેશીને કારણે જ ૧૫ ઓગસ્ટ ૧૯૬૯ના રોજ ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO)ની સ્થાપના થઈ.

### ઇસરો (ISRO)ની અદ્ભુત મિસાલ

ઇસરોએ પોતાના ૬ દાયકાના ઇતિહાસમાં મર્યાદિત બજેટ હોવા છતાં વિશ્વને આશ્ચર્યચકિત કરી મૂકે એવી સફળતાઓ મેળવી છે. ૧૯૭૫માં ભારતનો પ્રથમ ઉપગ્રહ 'આર્યભટ્ટ' રશિયાની મદદથી લોન્ચ થયો હતો. ત્યારબાદ ઇસરોએ પોતાના જ રોકેટો SLV, ASLV અને બાદમાં વિશ્વના સૌથી ભરોસાપાત્ર ગણાતા PSLV (Polar Satellite Launch Vehicle) અને ભારે ઉપગ્રહો માટે GSLV નો વિકાસ કર્યો.

એક જ મિશનમાં ૧૦૪ સેટેલાઇટ્સ લોન્ચ કરવાનો વર્લ્ડ રેકોર્ડ હોય, પ્રથમ પ્રયાસે જ મંગળ પર પહોંચવાનું મિશન (મંગળયાન) હોય, કે પછી ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરનારો વિશ્વનો પ્રથમ દેશ બનવાનું ગૌરવ (ચંદ્રયાન-૩) હોય ઇસરોએ ભારતનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કર્યું છે, પરંતુ વધતી જતી વૈશ્વિક સ્પેસ માર્કેટને પહોંચી વળવા માટે હવે માત્ર સરકારી સંસ્થા પૂરતી નથી. આ જ કારણે સરકારે દેશના સ્પેસ રિફોર્મ્સ દ્વારા ખાનગી ક્ષેત્ર માટે આકાશના દ્વાર ખોલી દીધા છે...

### મિશન આગમન

ડો. સારાભાઈને સાચી શ્રદ્ધાંજલિ આપતું 'વિક્રમ-૧' ઇસરો અને ઇન-સ્પેસ (IN-SPACe) ના સહયોગથી ભારતનું પ્રાઇવેટ સેક્ટર હવે સેટેલાઇટ બનાવવાથી લઇને સ્પેસમાં રોકેટ લોન્ચ કરવા સુધીની તમામ ક્ષમતા હાંસલ કરી ચૂક્યું છે. આ નવી ક્રાંતિની સૌથી મોટી સાબિતી ટૂંક સમયમાં જ જોવા મળશે, જ્યારે હૈદરાબાદ સ્થિત સ્પેસ સ્ટાર્ટઅપ સ્કાયરૂટ એરોસ્પેસ (Skyroot Aerospace) દ્વારા સંપૂર્ણપણે ખાનગી રીતે વિકસિત ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-૧' (Vikram-૧) પૃથ્વીની કક્ષામાં ઉપગ્રહો સ્થાપિત કરવા માટે ઉડાન ભરશે. ડો. વિક્રમ સારાભાઈના સન્માનમાં જ આ રોકેટ સિરીઝનું નામ 'વિક્રમ' રાખવામાં આવ્યું છે.

આ મિશનને 'મિશન આગમન' નામ આપવામાં આવ્યું છે. તેનો લોન્ચ વિન્ડો ૧૨ જુલાઈથી ૪ ઓગસ્ટ ૨૦૨૬ નક્કી કરવામાં આવ્યો છે, જે શ્રીહરિકોટાના ઐતિહાસિક ફર્સ્ટ લોન્ચ પેડ પરથી ઉડાન ભરશે, આ એ જ લોન્ચ પેડ છે, જ્યાંથી ઇસરોએ પોતાના પ્રારંભિક મિશન્સ લોન્ચ કર્યા હતા.




### વિક્રમ-૧ની મુખ્ય તકનીકી વિશેષતાઓ...

*** કાર્બન કમ્પોઝિટ સ્ટ્રક્ચરઃ**
આ રોકેટ સાત માળ જેટલું ઊંચું છે અને તેનું આખું માળખું અત્યાધુનિક ઓલ-કાર્બન કમ્પોઝિટ મટીરિયલથી બનેલું છે, જે તેને અત્યંત હલકું અને મજબૂત બનાવે છે.

*** ૩ઉ-પ્રિન્ટેડ એન્જિનઃ**
રોકેટના લિક્વિડ અપર સ્ટેજમાં ઇન-હાઉસ વિકસિત 3D-પ્રિન્ટેડ 'રમન' (Raman) એન્જિનનો ઉપયોગ થયો છે, જે સર સી. વી. રમનના નામ પરથી છે.

*** ક્ષમતાઃ**
તે પૃથ્વીની નીચલી કક્ષા (Low Earth Orbit -LEO) માં ૩૫૦ કિલોગ્રામ સુધીના નાના સેટેલાઇટ્સને ૪૫૦ કિલોમીટરની ઊંચાઈએ સચોટ રીતે સ્થાપિત કરવા ડિઝાઇન કરવામાં આવ્યું છે.

*** સ્વાયત્ત મગજઃ**
આ રોકેટમાં 'રામાનુજન' નામનું અદ્ભુત મિશન કમ્પ્યુટર છે, જે ફ્લાઇટ દરમિયાન કોઈ પણ મેન્યુઅલ હસ્તક્ષેપ વગર સ્વાયત્ત રીતે (Autonomous) નિર્ણયો લે છે.

**ભારતીય સ્પેસ માર્કેટના મુખ્ય ખાનગી ખેલાડીઓ (Key Players)**

ભારતમાં હાલમાં ૩૫૦થી વધુ સ્પેસ ટેક સ્ટાર્ટઅપ્સ ગ્રાઉન્ડબ્રેકિંગ કામ કરી રહ્યા છે, જેમકે ...

* **અગ્નિકુલ કોસ્મોસ** (Agnikul Cosmos): આ આઈઆઈટી મદ્રાસના સ્ટાર્ટઅપે વિશ્વનું પ્રથમ સિંગલ-પીસ 3D પ્રિન્ટેડ સેમી-ક્રાયોજેનિક એન્જિન 'અગ્નિલેટ' બનાવીને ઇતિહાસ રચેલો છે.

* **પિક્સેલ** (Pixxel): અદ્યતન હાઇપરસ્પેક્ટ્રલ ઇમેજિંગ સેટેલાઇટ્સ (Hyperspectral Imaging Satellites) ક્ષેત્રે આ કંપની વૈશ્વિક લીડર બની રહી છે, જે પૃથ્વીના પર્યાવરણની સચોટ તસવીરો પૂરી પાડે છે.

* **ગેલેક્સઆઈ** (GalaxEye): આ સ્ટાર્ટઅપે તેનો 'દ્રષ્ટિ' (Drishti) સેટેલાઇટ લોન્ચ કર્યો છે, જે વાદળછાયા વાતાવરણમાં કે રાત્રિના સમયે પણ પૃથ્વીની સ્પષ્ટ તસવીરો ઝડપી શકે તેવી મલ્ટી-સેન્સર ટેકનોલોજીથી સજ્જ છે.

* **ધ્રુવ સ્પેસ** (Dhruva Space): સેટેલાઇટ ડિપ્લોયર્સ અને ઉપગ્રહના કસ્ટમાઇઝ્ડ પ્લેટફોર્મ બનાવવામાં આ કંપની મોખરે છે.

**વ્યાપારી તક** (Business Opportunities)

ગ્લોબલ સ્પેસ ઇકોનોમી હાલમાં અંદાજે ૫૦૦ બિલિયનની છે. ભારતીય સ્પેસ સેક્ટરનું લક્ષ્ય ૨૦૩૩ સુધીમાં વૈશ્વિક હિસ્સો વધારીને ૪૪ બિલિયન (અંદાજે ₹૩.૬ લાખ કરોડ) ના માર્કેટ કદ સુધી પહોંચવાનું છે. આ ક્ષેત્રમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક સ્તરે વ્યાપારી તકનો મોટો વિસ્ફોટ થઈ રહ્યો છેઃ

### આંતરરાષ્ટ્રીય બજાર (International Market)

**ઓન-ડિમાન્ડ લોન્ચ સર્વિસઃ** વિશ્વભરમાં કોમ્યુનિકેશન અને અર્થ ઓબ્ઝર્વેશન માટે હજારો નાના સ્મોલ-સેટેલાઇટ્સ (Small Satellites) લોન્ચ કરવા માટે લાઈન લાગેલી છે.

સ્પેસએક્સ (SpaceX) જેવા ગ્લોબલ જાયન્ટ્સ મોટા રોકેટ પર નિર્ભર છે, જ્યારે ભારતની આ કંપનીઓ ખૂબ જ ઓછા ખર્ચે, ત્વરિત અને 'ઓન-ડિમાન્ડ' લોન્ચિંગ પૂરું પાડી આંતરરાષ્ટ્રીય ગ્રાહકો આકર્ષી શકે છે

ગ્લોબલ ડેટા અને સપ્લાય ચેઈનઃ ભારતીય કંપનીઓ દ્વારા એકત્રિત કરાતો હાઈ-રિઝોલ્યુશન સ્પેસ ડેટા વિદેશી સરકારો અને ક્લાઈમેટોલોજી સંસ્થાઓ ખરીદી રહી છે. ઉપરાંત, ગ્લોબલ સ્પેસ કમ્પોનન્ટ સપ્લાય ચેઈનમાં ભારત મોટું હબ બની રહ્યું છે.

### સ્થાનિક બજાર (Indian Market)

**ખેતીવાડી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટઃ** ભારતમાં ચોકસાઈપૂર્વકની ખેતી (Precision Farming), પાકની ગુણવત્તા તપાસવા, પાક વીમાના ત્વરિત મૂલ્યાંકન અને પૂર-વાવાઝોડા જેવી આપત્તિઓના પૂર્વાનુમાન માટે પ્રાઇવેટ સેટેલાઇટ ડેટાની માંગ ચરમસીમાએ છે.

### અદ્યતન એજ કમ્પ્યુટિંગ

નોન-ટેરેસ્ટ્રિયલ નેટવર્ક્સ (Non-Terrestrial Networks) અને રીમોટ એરિયા સેટેલાઇટ બ્રોડબેન્ડ માટે ભારતીય લોજિસ્ટિક્સ અને માળખાકીય સુવિધાઓમાં ખાનગી પ્લેયર્સ માટે સેન્ટ્રલ ડેટા પ્રોસેસિંગ અને ચિપ ડિઝાઇનની મોટી તકો ઊભી થઈ છે.

જેમ અમેરિકામાં NASA અને SpaceX ની ભાગીદારીએ સ્પેસ સેક્ટરનું ચિત્ર બદલી નાખ્યું, તેમ જ ભારતમાં ISRO અને સ્થાનિક ખાનગી સ્પેસ કંપનીઓની આ જુગલબંધી વૈશ્વિક સ્પેસ માર્કેટમાં ભારતને નવી ઊંચાઈ પર લઈ જશે. વિક્રમ-૧ નું આ મિશન માત્ર એક રોકેટનું લોન્ચિંગ નથી, પરંતુ ડો. વિક્રમ સારાભાઈએ વાવેલા બીજમાંથી બનેલા વટવૃક્ષની નવી શાખાઓનું વૈશ્વિક સ્તરે ખરા અર્થમાં ભવ્ય 'આગમન' છે. ■

---




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# રોકાણ જગતમાં વધુ જરૂરી શું...?

## રોકાણ જગતમાં લાંબાગાળાના રોકાણનું ખાસ્સું મહત્ત્વ છે. એની સાથે અગત્યનું છે લાંબી દૃષ્ટિ... કઈ રીતે એ જાણીએ - સમજીએ

આપણને કાલની ખબર હોતી નથી, તેમ છતાં આપણે રિટાયરમેન્ટનું લાંબું પ્લાનિંગ કરતા હોઈએ છીએ, એ શું છે? એ આપણી લાંબી દૃષ્ટિ છે. રોકાણ જગતમાં લોંગટર્મનું મહત્ત્વ એ માટે છે કે રોકાણકારોએ માત્ર સમય જોવાનો ન હોય, તેમને લોંગટર્મ દૃષ્ટિ પણ રાખવાની હોય છે.

જો ભારતનાં પગલાંઓ-વ્યુહરચનાઓને લાંબી દૃષ્ટિથી જોવામાં આવે તો ભારતીય અર્થતંત્રના ભાવિ વિકાસ અને મૂડીબજારના ગ્રોથના સંકેત મળી શકે છે. તેથી જ સ્માર્ટ-સમજદાર રોકાણકારો બજાર તરફ પાછા ફરવા લાગ્યા છે. શૅરબજાર જ નહીં, સમય-સંજોગો પણ સતત વૉલેટાઇલ રહ્યા કરતા હોય છે. શૅરબજાર હોય કે અન્ય કોઈ પણ રોકાણ હોય લાંબા ગાળાનું મહત્ત્વ કાયમ રહેશે. છેલ્લા કેટલાક મહિનાઓથી અમેરિકા અને ઈરાનના યુદ્ધે જગતને માથે લીધું છે, એ બંધ કરવાની સમજૂતી થઈ છે એ હજી લોકો પચાવે ત્યાં તો યુદ્ધના શાબ્દિક અને વાસ્તવિક બૉમ્બબાર્ડિંગ શરૂ થઈ જાય છે, જેને લીધે અર્થતંત્ર અને શૅરબજાર પર નેગેટિવ અસર થવા માંડે છે. જોકે હવે આપણા દેશમાં સર્જાઈ રહેલા સંજોગો અનુસાર ભારતીય અર્થતંત્ર અને મૂડીબજાર યુદ્ધના કપરા સંજોગોમાં ધીમા પડ્યા, પરંતુ તૂટી ગયા નહીં, કેમ કે ભારતમાં આ ક્ષમતા સમય સાથે મજબૂત થતી ગઈ છે. ક્રૂડ અને કરન્સીની ક્રાઇસિસ સામે પણ ભારત ટકી શક્યું એ સમજવા માટે લાંબી દૃષ્ટિ રાખવી જરૂરી છે.

ફૉરેન ઇન્વેસ્ટર્સ સતત નેટ સેલર્સ રહ્યા બાદ નેટ બાયર્સ બનતા જાય છે, ફૉરેન ઇન્વેસ્ટર્સ પાછા ફર્યા હોવાના આંકડાકીય પુરાવા કહે છે, એક સપ્તાહમાં જ એક અબજ ડૉલરથી વધુ વિદેશી રોકાણ ભારતીય બજારમાં આવ્યું છે. ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સંસ્થાઓના મતે આ રોકાણ પ્રવાહ હજી વધશે. વિવિધ ગ્લોબલ કંપનીઓ પણ ભારતમાં સીધું રોકાણ વધારવા કતારમાં છે.

બીજી બાજુ દેશની અંદર પણ નવા રોકાણકારોની સંખ્યા વધતી જાય છે, જેના પુરાવા રૂપે નવાં ડિમેટ એકાઉન્ટ્સ ફરી મોટી સંખ્યામાં ખૂલવા લાગ્યાં છે. જૂન મહિનામાં ડિમેટ એકાઉન્ટ્સની વૃદ્ધિ ફરી શરૂ થઈ. આ મહિનામાં ૨૫ લાખથી વધુ ડિમેટ એકાઉન્ટ્સ ખૂલ્યાં છે, સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં વધઘટ સાથે સુધારો ચાલુ થયો છે. ફેબ્રુઆરીમાં ૨૮ લાખથી વધુ નવાં ડિમેટ એકાઉન્ટ્સ ખૂલ્યાં હતાં. એ પછી માર્ચથી મેમાં ગતિ મંદ પડી, જે જૂનમાં ફરી તેજ બની, કારણ કે ઓવર ઑલ માર્કેટમાં રિકવરીનો ટ્રેન્ડ નોંધાયો. હાલ ડિમેટ એકાઉન્ટ્સની કુલ સંખ્યા ૨૩ કરોડ ઉપર પહોંચી ગઈ છે.

આપણે લાંબી દૃષ્ટિ સાથે એ પણ જોવું જોઈએ કે ટૅરિફની ઘટના બાદ ભારતે અનેકવિધ અગ્રણી દેશો સાથે વેપાર કરાર કર્યા છે. ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, જપાન, ઈટાલી, ઇન્ડોનેશિયાનાં તાજેતરનાં ઉદાહરણ આપણી નજર સામે છે. ભારતે યુરોપિયન યુનિયન સહિત અન્ય દેશો સાથે વેપાર સંબંધો વધારવાની બાબતને ગતિ આપી દીધી હતી. ભારતીય અર્થતંત્રની ક્ષમતા પુરવાર કરતી બાબતોમાં ભારતીય કરન્સી રિકવર અને સ્થિર થઈ રહી છે, કૉમોડિટીઝના ભાવ પણ વધતાં અટક્યા છે. કૉર્પોરેટ પરિણામમાં સુધારાના સચોટ સંકેત દેખાવા શરૂ થયા છે.

આના સમાંતરે રિટેલ ઇન્વેસ્ટર્સ સ્વરૂપે હવે ઝેન-જી વર્ગ વધુ સક્રિય થયો છે, તેમનું માર્કેટમાં રોકાણ વધતું જાય છે. ૨૦૧૯-'૨૦થી લઈ ૨૦૨૫-'૨૬ સુધીમાં કુલ રોકાણકારોની સંખ્યામાં યુવા વર્ગનો હિસ્સો વધ્યો છે, જેની વૃદ્ધિની ઝડપ પણ વધી રહી છે. આઇપીઓની કતાર શરૂ થઈ ચૂકી છે. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો સતત નેટ બાયર્સ હતા અને હજી પણ દમદાર જ રહ્યા છે. મ્યુચ્યુઅલ ફંડ્સના રોકાણકારો ઇક્વિટીલક્ષી યોજનાઓમાં તેમ જ એસઆઇપી (સિસ્ટેમૅટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન)માં પ્રવાહ અને પ્રમાણ વધારી રહ્યા છે. જોકે સેકન્ડરી માર્કેટ બુલિશ બને ત્યારે પ્રાઇમરી માર્કેટ પણ વેગ પકડે છે, જેમાં રોકાણકારોએ સિલેક્ટિવ બનવું પડે.

આગામી મહિનાઓમાં જંગી આઇપીઓ માર્કેટમાં પ્રવેશવાના છે ત્યારે ગ્લોબલ સંકેત પૉઝિટિવ થતા જાય છે, ક્રૂડના ભાવ ઘટાડાતરફી બન્યા છે, રૂપિયો તૂટતો અટકીને સુધારાતરફી બન્યો છે. ચોક્કસ ગ્લોબલ એક્સચેંજિસમાં એઆઇ સ્ટૉક્સ ઊછળ્યા, તેમાં રૅલી ચાલી, ઇન્વેસ્ટર્સ તે તરફ ખેંચાતા ગયા એ પછી આ સ્ટૉક્સ ક્યાંક તૂટ્યા અને સ્થિર પણ થયા. આઇટી સ્ટૉક્સ સુધરતા જાય છે.

બાય ધ વે, યાદ રહે કે ભારત સામે પડકારો વધતા જાય છે તેમ ભારત વધુ સક્ષમ પણ બનતું જાય છે...! ■

---

હેં... ખરેખર!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# લોહગઢનો ભવ્ય ઈતિહાસ છે ગુફાઓ જૈન મુનિઓના ધ્યાન-સાધનાનું સ્થળ...

પુણે નજીક આવેલા ૨૦૦૦ વર્ષ જૂના લોહગઢ કિલ્લામાં ૨૪ વર્ષીય કેતન વિશાલ અગ્રવાલની હત્યાએ 'લોહગઢ કાંડ' શબ્દને જન્મ આપ્યો. અહીં કેતન અગ્રવાલ અને તેની મંગેતર સિયા ગોયલના કિસ્સાના પોસ્ટમોર્ટમ કે વિશ્લેષણનો ઉપક્રમ નથી. પણ આ ભયંકર અપરાધથી મહારાષ્ટ્રના લોનાવાલા પાસેના ઐતિહાસિક લોહગઢ કિલ્લા પર પ્રવાસીઓની ભીડમાં ૨૫ ટકા વધારો નોંધાયો છે. ક્રાઈમ સીન પર ફોટા અને રીલ્સ બનાવવા માટે લોકો ઊમટી રહ્યા છે.

હકીકતમાં લોહગઢની ઓળખ કોઇ કાંડની મોહતાજ નથી. એ તો અભેદ્ય કિલ્લો છે, ભવ્ય ને ભાતીગળ ઇતિહાસનો સ્વામી છે. મોટાભાગનાને ખબર નહિ હોય કે મધ્યયુગમાં લશ્કરી કિલ્લો બનતા પહેલાં સાતવાહન કાળમાં આ ડુંગર દિગંબર જૈન મુનિઓના પ્રાચીન પ્રાર્થના અને આધ્યાત્મિક કેન્દ્ર તરીકે ઉપયોગમાં લેવાતો હતો.

અત્યારે પણ લોહગઢ અને જૈન ધર્મ વચ્ચેના સંબંધના ઇતિહાસ વિશે ત્યાંની શિલાલેખોના રૂપમાં મજબૂત પુરાવા છે. એક શિલાલેખમાં તો બ્રાહ્મી લિપિમાં 'ણમો અરિહંતાણં' લખાયેલું છે. લોહગઢ પર મળેલો આ શિલાલેખ અદ્દલ માવળ તાલુકાની પ્રસિદ્ધ પાળે ગુફામાં ઈ.સ. ૧૯૬૯માં મળેલા જૈન શિલાલેખ સાથે અત્યંત મળતો આવે છે. બંને શિલાલેખોમાં 'ઇદારખિતા' (ઇન્દ્ર રક્ષિત) નામના એક જ દાનવીર વ્યક્તિનો ઉલ્લેખ ઉડીને આંખે વળગે છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે તે સમયમાં જૈન વેપારીઓ અને દિગંબર જૈન મુનિઓ આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં વસવાટ હોવો જોઈએ. આ ગુફાઓ મુખ્યત્વે જૈન દિગંબર મુનિઓના ધ્યાન, સાધના અને નિવાસ માટે બનાવવામાં આવી હતી, એવું લગભગ બધા ઇતિહાસ સંશોધકોનું માનવું છે. ગુફાઓમાં મુનિઓને બેસવા માટે પથ્થરની બેઠકો પણ બનાવવામાં આવી છે.

લોહગઢ માત્ર મહારાષ્ટ્રનો જ નહીં, પરંતુ સમગ્ર ભારતના પ્રાચીન ઇતિહાસનો ભવ્ય વૈભવ છે. આ કિલ્લામાંના અવશેષો સાક્ષી પુરાવે છે કે આ કિલ્લો સાતવાહન, ચાલુક્ય, રાષ્ટ્રકૂટ અને યાદવ રાજવંશોના કબજામાં



રહ્યો હતો. પછી બહમની તથા નિઝામશાહીના શાસન હેઠળ પણ રહ્યો. ઈ.સ. ૧૬૪૮માં છત્રપતિ શિવાજી મહારાજે આ કિલ્લો આદિલશાહી પાસેથી જીતીને સ્વરાજ્યમાં સામેલ કર્યો હતો.

જોકે ઈ.સ. ૧૬૬૫માં પુરંદરના કરાર અન્વયે શિવાજી મહારાજને આ કિલ્લો મુગલોને સોંપવો પડ્યો હતો. પરંતુ ત્રણ જ વર્ષમાં એટલે કે ઈ.સ. ૧૬૭૦માં મહારાજે ફરી મુગલોને ધુળ ચાટતા કરીને લોહગઢ પાછો મેળવી લીધો હતો. લગભગ ઈ.સ. ૧૭૨૦ આસપાસ આ કિલ્લો પેશવાઓના અધિકાર હેઠળ હતો.

લોહગઢ અર્થાત્ 'આયર્ન ફોર્ટ' સહ્યાદ્રીની પહાડીઓમાં આવેલો ઐતિહાસિક મરાઠા કિલ્લો છે. ૧૦૩૩ મીટર એટલે કે ૩૩૮૯ ફૂટની ઊંચાઈ પર આવેલો આ કિલ્લો ચાર ભવ્ય દરવાજા અને અનોખી વિંચુકડા (એટલે કે વીંછીની પૂંછડી) નામની ડુંગરધાર ધરાવે છે. મુંબઈથી ૯૫ કિમી અને પુણેથી ૫૦ કિમી દૂર આવેલો આ કિલ્લો લોનાવાલા નજીકનું લોકપ્રિય ટ્રેકિંગ સ્થળ છે.

પર્યટકો માટે લોહગઢના મુખ્ય આકર્ષણોમાં મહા દરવાજા (ગ્રેટ ગેટવે), પાણીની પ્રાચીન ટાંકીઓ અને પવના જળાશયની રમણીયતા છે. અહીંની મુલાકાત માટે શ્રેષ્ઠ સમય અત્યારે છે. હા, ચોમાસામાં જૂનથી સપ્ટેમ્બર માણી શકાય. હરિયાળી કે શિયાળામાં રસ હોય તો ઓક્ટોબરથી ફેબ્રુઆરી વચ્ચે પ્લાન કરાય.

ટૂંકમાં, લોહગઢ એકાદ રક્તરંજીત કુસંબંધથી અનેકગણું ને અદકેરું મહત્ત્વ ધરાવે છે એ ક્યારેય ન ભૂલી શકાય. ભવ્ય ઇતિહાસ જ લોહગઢનો સાચુકલો, અસલી અને એકમાત્ર પરિચય છે. ■




મિલકતની નોંધપોથી

નજમુદ્દીન મેઘાણી (એડવોકેટ)
feedback@bombaysamachar.com

# ....તો પાવર ઓફ એટર્ની ક્યારે રદ ન થઈ શકે!

આગલા અંકમાં આપણે પાવર ઓફ એટર્ની યાને કુલમુખત્યારનામા વિશે તથા પાવર ઓફ એટર્ની રદ થવા અંગે કાયદાકીય જોગવાઈઓ વિશે જાણકારી મેળવેલી. આથી હવે આજે અહીં આપણે પાવર ઓફ એટર્ની યાને ક્યારે અને કયા કયા સંજોગોમાં રદ ન થઈ શકે તેવા કુલમુખત્યારનામા વિશે જાણકારી મેળવી લઈએ.

સામાન્ય સંજોગોમાં પાવર ઓફ એટર્ની આપનાર પોતાની ઇચ્છા પ્રમાણે મરજીમાં આવે તે સમયે રદ કરી શકે છે, તે માટે એ પોતાનો ઈરાદો લેખિતમાં જણાવી રદ કરી શકે છે. આમ છતાં , અમુક સંજોગોમાં એ રદ ન થઈ શકે.એ

ઇચ્છે તો નોટીસ આપીને અથવા મૌખિક સુચનાથી તે પાવર ઓફ એટર્નીનો અંત લાવી શકે છે, પરંતુ જો પાવર આપનારના હક્ક, હિતનાં રક્ષણ માટે આવા લેખમાં કિંમતી અવેજ આપવામાં આવેલ હોય તો તે સંજોગોમાં પાવર ઓફ એટર્નીનો લેખ રદ થઈ શકે નહીં. તેવી જ કિંમતી જામીનગીરીના અવેજીમાં આપેલ પાવર યા સિક્યોરિટી તરીકે આપેલો પાવર પણ રદ થઈ શકે નહીં. આવા પાવર ઓફ એટર્નીના લેખમાં યોગ્ય કાર્યવાહી અને કાયદા મુજબ કરેલો પાવર ઓફ એટર્નીના કરારમાં જણાવેલ સ્પષ્ટ યા ગર્ભિત શરતોમાં જણાવ્યા વિના રદ પણ ન થઈ શકે અને તેમાં ફેરફાર પણ ન થઈ શકે. જો કોઈ ઘટનાના બનાવ ઉપર પાવર આધારિત હોય જ્યાં સુધી તેવી ઘટના ન બને ત્યાં સુધી તેવો પાવર સસ્પેન્ડ થયેલો ગણાશે યાને ત્યાં સુધી તે પાવર મોકુફ રહે છે.



ઘણીવાર પાવર આપનાર અને પાવર લેનાર વચ્ચે થયેલા એટર્નીના લેખને ‘રદ ન થઈ શકે તેનો પાવર ઓફ એટર્ની’ યા ‘ઇરરીવોકેબલ પાવર ઓફ એટર્ની’ જેવા મથાળા કે હેડિંગ હેઠળ લેખ સંપૂર્ણ કરવામાં આવે છે, પરંતુ પાવર ઓફ એટર્નીમાં જણાવેલ શરતો એવું જાહેર કરતા ન હોય કે, પાવર લેનારના તરફેણના હિત સાથે જોડાયેલી છે. યાને એટર્નીનું હિત સમાયેલો છે તો તે સંજોગોમાં પાવર ઓફ એટર્નીના લેખમાં માત્ર ‘રદ કરી ન શકાય’.

પાવર આપનારના મૃત્યુ પછી પાવર ઓફ એટર્ની અંગેની કાયદાકીય જોગવાઈ:

પાવર આપનાર અને પાવર લેનાર વચ્ચે શેઠ (માસ્ટર) અને એજન્ટ તરીકેના સંબંધો હોય છે યાને બન્ને વચ્ચે એજન્સીનો સંબંધ ઉત્પન્ન થાય છે. પાવર આપનાર જીવનકાળ સુધી કાર્યાન્વિત અને અસરકારક રહે છે. આથી સ્વાભાવિક રીતે પાવર આપનારના મૃત્યુ પછી તેઓ વચ્ચે થયેલ પાવર ઓફ એટર્નીનો કરાર આપોઆપ રદ થયેલો ગણાય અને તેવો પાવર અસરકારક રહેતો નથી. આમ પાવર આપનારના મૃત્યુ પછી પાવર લેનાર યાને એટર્નીએ પાવર આપનાર વતી કરેલો વેચાણનો દસ્તાવેજ ગેરકાયદેસર ઠરે છે.. પાવર ઓફ એટર્નીમાં જણાવેલ હેતુ જ્યાં સુધી પૂર્ણ થાય યા સમાપ્ત થાય અથવા તેવો હેતુ પૂર્ણ કરવો અશક્ય બને ત્યાં સુધી પાવર ઓફ એટર્નીનો કરાર અમલમાં રહી શકે . આમ પાવર આપનારનો ઈરાદો, પાવરના હેતુઓ અને ઘટના વખતના સંજોગો આ તમામ બાબતો ઉપર પાવરની મુદ્દતનો આધાર રહેલો છે.

પાવર ઓફ એટર્નીનો લેખ થયા બાદ એટર્નીનું હિત ઉત્પન્ન થાય તો પણ પાવર રદ કરી શકાય....નામદાર સુપ્રિમ કોર્ટે એમ.જોન કોટેહૈયા વિ. એ. દિવાકરના કેસમાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, પાવર ઓફ એટર્નીનો લેખ કર્યા બાદ કોઈ કૃત્ય કે કાર્યવાહીના કારણે જો એજન્ટની તરફેણમાં હિત ઉત્પન્ન થાય તો તે સંજોગોમાં પાવર ઓફ એટર્નીનો લેખ રદ થઈ શકે... અવેજ આપવામાં આવેલ હોય તો તે તમામ સંજોગોમાં પાવર ઓફ એટર્ની ઇરરીવોકેબલ યાને રદ ન થઈ શકે તેવો ગણાય અન્યથા કોઈપણ પાવર ઓફ એટર્નીનો લેખ પાવર આપનારના મૃત્યુ સાથે પાવર ઓફ એટર્નીનો લેખ રદ થાય છે. ■




જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

# ઈમોશનલ ડિપેન્ડન્સી કે ઈમોશનલ અત્યાચાર?

ભદ્રા અરે ઓ ભદ્રા ચાને કેટલી વાર હવે? સવાર સવારમાં આટલી રાહ જોવડાવાતી હશે?’

સવારે સાત ને પાંચે મહેશભાઈએ ચા પીવામાં પાંચ મિનિટ મોડું થયું એટલે ઘાંટાઘાંટ કરી મૂકી, અને આ કંઈ આજનું નથી, વર્ષોથી સવારે સાતના ટકોરે ચા ટેબલ પર ના હોય તો મહેશભાઈનું મગજ જાય. ત્યારે બીજી બાજુ ભદ્રાબહેન સવારે પાંચ વાગે ઊઠીને નહાઈને પૂજાપાઠ ના પતાવે ત્યાં સુધી રસોડે ન અડે. એમાં જ કોઈ વાર પાંચ સાત મિનિટ આઘુંપાછું થઈ જાય.

મહેશભાઈ કેટલાય ચીડાય પણ ભદ્રાબહેનના પેટનું પાણી ના હલે, કેમ કે એ પણ તો ટેવાઈ ગયાં છે મહેશભાઈના આ સ્વભાવથી! ભદ્રાબહેને સ્વીકારી લીધું છે કે મહેશભાઈ ભલે ગમે તેમ બોલે પણ લાગણી છે તો હક કરે છે ને!

આપણા સૌના જીવનમાં કેટલીક આદતો એવી હોય છે જે આપણા માટે સારી હોય છે, જેમ કે સમયસર કામ કરવું, પૌષ્ટિક ખાવું, ચોખ્ખાઈ રાખવી વગેરે. જ્યારે કેટલીક કુટેવ, દુરાગ્રહ, જીદ, હઠ કે પછી વ્યસનનું સ્વરૂપ લઈ લે છે. આ આપણા માટે તો ખરું જ, પણ આપણી આસપાસના લોકો માટે પણ નુકસાનકર્તા સાબિત થાય છે. જેમ વસ્તુની આદત લાગે તેમ વ્યક્તિનું વળગણ. ના ના આ કોઈ અંધશ્રદ્ધાવાળા વળગણની વાત નથી. કોઈને વધુ પડતો પ્રેમ કરવો કે નફરત કરવી, બાળકોનું જરૂર કરતાં વધારે પડતું ધ્યાન રાખવું, આદર્શ વ્યક્તિ તરીકે ઘરના બધા સભ્યોનો પડ્યો બોલ ઝીલી લેવો, જરૂર કરતાં વધુ પડતા સારા બનવું વગેરે. આમ આદતને આ સંદર્ભે જોઈ શકાય છે.

આજે વાત કરવી છે એવી આદતની કે જેમાં આપણે આપણી આસપાસના લોકો પર અતિશય આધાર રાખતા થઈ જઈએ છીએ. ક્યારેક સંજોગોવશાત્ તો ક્યારેક કામ સોંપી દેવા કે પોતે ના કરવા માટે. કોઈ પણ નાનાં - મોટાં કામ, શોખ, સમય પસાર કરવા, ખુશીનો અનુભવ કરવા, હસવા, રડવા, ફરવા જવા આવા કેટકેટલા અનુભવો માટે આપણે બીજા ઉપર આધાર રાખતા હોઈએ છીએ. ધીમે ધીમે આ આધાર આદતમાં ફેરવાઈ જાય છે. બૅન્કમાં જવું હોય તો કોઈને કહેવું પડે કે ભાઈ મને જરા બૅન્કમાં લઈ જા ને બૅન્ક જેવા કામ ભૌતિક બાબત થઈ, પરંતુ વધુ જોખમી છે.

લાગણીઓ અને તેના માટે બીજા પર રખાતો આધાર.

જે વ્યક્તિ લાગણી અનુભવે તેને ઝીલનારની તેની શોધ સતત ચાલુ રહે છે. મન વારંવાર કહ્યા કરે કે પ્રેમ છે તો કહી દે, ગુસ્સો આવ્યો છે તો વ્યક્ત કરી દે, દિલ ઘવાયું છે તો રડવા એક ખભો શોધી લે. ભૌતિક આધાર કે આદતો છોડવી સહેલી છે, પરંતુ લાગણી એક ધસમસતો પ્રવાહ છે જેમાં એક જગ્યાએ સ્થિર નથી રહી શકાતું, તેની સાથે વહેતા રહેવું પડે છે. દરેક જગ્યાએ લાગણીથી જોડાવું યોગ્ય નથી તેમ છતાં મનુષ્યનો સ્વભાવ છે કે તે લાગણીથી જ જલદી જોડાય છે. પોતાની જાત કરતાં લાગણીનું મહત્ત્વ વધે છે અને ત્યારે એ ઊભરો ઠાલવવા મન કોઈક ને કોઈક શોધે છે. અને આવી વાતોનું પુનરાવર્તન થતાં ઇમોશનલ ડિપેન્ડન્સી વધે એટલે કે એવી લાગણી જે આપણને પરતંત્ર બનાવે. આના કારણે સામેવાળી વ્યક્તિને આ સંબંધમાં એક પ્રકારનો ભાર- ગૂંગળામણ વગેરે જેવી નકારાત્મકતાનો અનુભવ થાય છે. પરિણામે બન્ને વચ્ચેની લાગણીનું જ બાષ્પીભવન થઈ જાય છે.

આવું શા માટે થાય? તેનાં ઘણાં કારણો હોઈ શકે. બાળપણથી હૂંફ ના મળી હોય, વધુ પડતા શિસ્તબદ્ધ વાતાવરણમાં ઉછેર, ઘેરથી દૂર રહીને ભણતર, આત્મવિશ્વાસનો અભાવ, નકારાત્મક અનુભવો, માતા-પિતાનું લાગણી વ્યક્ત ના કરવાનું વલણ વગેરેનાં કારણે ઇમોશનલ ડિપેન્ડન્સી થઈ શકે છે, વધી પણ શકે છે. માટે કોઈ વસ્તુ કે વ્યક્તિની એટલી આદત ના પાડવી કે જેના વિના આકુળવ્યાકુળ થઈ જવાય કે પોતાનું જીવન નિરર્થક લાગવા લાગે. કોઈના કે કશા વગર ચાલશે જ નહિંની પરિસ્થિતિમાં પોતાની જાતનું મૂલ્યાંકન કરવું જ જોઈએ કે ક્યાંક આ ઇમોશનલ ડિપેન્ડન્સી તો નથી ને?! અને જો એવું લાગે તો એ સંબંધની માવજત કરી ઇમોશનલ ડિપેન્ડન્સીથી દૂર રહેવું જોઈએ. આપણી વધુ પડતી લાગણી સામેવાળા માટે ઇમોશનલ અત્યાચાર ન બને એ જોવું જરૂરી છે. આ વિશે **બોલો, તમે શું કહો છો?** ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# દીકરો કાચો કુંવારો ને બાપ?

‘આ નંબર પોલીસ સ્ટેશનનો છે?’ એક વ્યક્તિએ ફોન પર સવાલ પૂછ્યો.

‘આ પોલીસ સ્ટેશનનો જ નંબર છે. હું બકલ નંબર ૪૨૦ હવાલદાર હસમુખ બોલું છું. મે આઇ હેલ્પ યુ?’ સામેથી સૌમ્ય જવાબ મળ્યો.

‘સાહેબ, રોકો રોકો’ ફોન કરનારે વિનંતી કરી.

‘XXX, પાગલ છે?’ હવાલદાર હસમુખ ધગી ગયા.

‘ સાહેબ, જલદી રોકો. નહિંતર,’ ફોન કરનારે વિનંતી દોહરાવી.

‘નહિંતર એટલે શું? તું શું ઉખાડી લઈશ?’ શિયાળામાં પણ હવાલદાર હસમુખ હરામીના મગજનો પારો હાઇએસ્ટ હતો.

‘સર, તમે અબઘડી નહીં રોકો તો અનર્થ થઈ જશે,’ ફોન કરનારે એક જ રટણ લગાવ્યું.

‘અત્યારે ટાઇમ નથી. બે-ત્રણ દિવસ પછી ફોન કરજે કે રૂબરૂ પોલીસ સ્ટેશન આવી જજે,’ હવાલદારે મુદત આપી.

‘સાહેબ, આજે નહીં, પરંતુ અબઘડી નહીં રોકો તો મગચોખા ભળી જશે,’ ફોન કરનારે ભય વ્યક્ત કર્યો.

‘કોને રોકવાના છે? આમાં મગચોખા ક્યાંથી આવ્યા? તુ કોણ બોલે છે?’ હવાલદારે અસમંજસમાં પ્રશ્ન પૂછ્યો.

‘હું સગીર બોલું છું,’ ફોન કરનારે તેનો પરિચય આપ્યો.

‘ઉંમર કેટલી?’ હવાલદારે પૂછપરછ કરી.

‘ત્રીસ વરસ’ સગીરે લગીર ઉંમર જણાવી.

‘વૉટ? આપણે ત્યાં અઢાર વર્ષની વ્યક્તિ તો પુખ્ત કહેવાય છે. તારી ઉંમર ત્રીસ વરસ હોય તો તું સગીર કેવી રીતે ગણાય?’

‘સર, હું સો વરસે પણ સગીર જ હોઈશ. હું તો સગીર તરીકે જ મરણ પામીશ, કેમ કે મારું નામ સગીર છે.’ સગીરે ફોડ પાડ્યો.

‘એ જે હોય તે.બોલ તારો પ્રૉબ્લેમ શું છે?’

‘એક લગ્ન રોકવા માટે ફોન કર્યો છે’ સગીરે ફોન કરવાનો ઉદ્દેશ કમ ઇરાદો સ્પષ્ટ કર્યો.

‘લગ્ન કરનાર નાબાલિગ એટલે કે સગીર છે?’

‘ના એવું નથી,’ સગીરનો જવાબ.

‘જો બે પુખ્ત વ્યક્તિ એકમેકની સંમતિથી લગ્ન કરતી હોય તો પોલીસ કંઈ કરતાં કંઈ ન કરી શકે,’ હવાલદારે હાથ મસળતાં કાયદાકીય જોગવાઈ જણાવી.

‘સાહેબ, તમારે લગ્ન અટકાવવા જાઈએ કેમ કે’ સગીર આગળ ન બોલ્યો.

‘તને ક્યાં પેટમાં દુખે છે? મિંયાબીબી રાજી તો ક્યા કરેગા પોલીસ પાજી?’ હવાલદારે લાચારી વ્યક્ત કરી.

‘ લગ્ન રોકવાનો કોઈ ઉપાય તો હશે ને?’ સગીરે રડમસ અવાજે પૃચ્છા કરી.

‘તું તો યાર, જળોની જેમ ચોંટ્યો છે? તને લગ્નથી શું પ્રૉબ્લેમ છે? કોઈનાં લગ્ન થતાં હોય તો મોટું મન રાખીને રાજી થવાનું હોય કે હવનમાં હાડકાં નાખવાનાં હોય?’ હવાલદારે સગીરને હડકાવ્યો.

‘સર, મને પ્રૉબ્લેમ ન હોય તો કોને હોય?’ સગીર આટલું બોલતાં-બોલતાં રડું રડું થઈ ગયો.


‘પણ મામલો શું છે?’ હવાલદાર ગૂંચવાયો

‘સર, મેરે બાપ કી શાદી હૈ, ઔર ઉસે રોકના જરૂરી હૈ...’

‘ઍંય, શું અનાપશનાપ તું બકે છે? બાપની શાદી ન થઈ હોય તો તું ક્યાંથી જન્મ્યો હોય?’ હવાલદાર હેબતાઈ ગયો.

‘સાહેબ, મારા સગા પિતાનાં લગ્ન છે. મારે એ રોકવાં છે,’ સગીરે ઇરાદો જાહેર કર્યો.

‘મને તારી વાતમાં સમજણ પડતી નથી. મારું માથું સણકા મારે છે,’ હવાલદારે હાર કબૂલી. તેણે બીડી સળગાવી. બીડીનો ઊંડો કસ લીધો.




‘સાહેબ, મેરે બાપકી ઉંમર પચપન કી હૈ. લેકિન, દિલ બચપન કા હૈ.’ સગીરે બાપની સમસ્યા બ્યાન કરી.

‘બાપનાં લગ્ન સાથે ઉંમરને શું લેવાદેવા?’ હવાલદાર માટે કોયડો કોયડો જ રહ્યો.

‘મારા બાપની આ પહેલી શાદી એટલે કે લગ્ન નથી. મારા બાપા સાતમી વાર ઘોડે ચડે છે.’ સગીરે ફરિયાદ કરી.

‘એટલે તારા પિતાજી લગ્ને લગ્ને કુંવારા છે એમ જને? લગ્ન એમનો બિઝનેસ છે કે એમેચ્યોર હોબી? બાકી માણસ નસીબદાર કહેવાય કે સાતમી વાર લગ્નઝાળથી દાઝવાનો મોકો મળ્યો છે,’ હવાલદારના વાંઢા ચહેરા પર ઈર્ષાના ભાવો છવાયેલા હતા.

‘તમને ઈર્ષા આવી? મને પણ ઈર્ષા આવે છે?’ સગીર રડું રડું થયો.

‘આજ મેરી બાપ કી શાદી હૈ ગાઈને તારે તો ખુશી મનાવવી જોઈએ.’

‘કંકોડા ખુશી? હું હજી કાકડી જેવો કાચો કુંવારો છું. મારા પહેલાં કે છેલ્લાં લગ્ન થયાં નથી. મારી ઉંમર હાથે મિંઢોળ બાંધવા અને પીઠી ચોળવાની છે એ જ્યારે લગ્ન કરે એટલે મારા ભાગની બે-ત્રણ વીઘા જમીન ફૂંકી મારે છે...’ સગીરને રડતાં-રડતાં લગ્નનું સ્થળ, સમય અને પાત્રોનાં નામ હવાલદારને લખાવ્યાં.

આ તો સાતમા લગ્ન હતાં. જો સિતોતેરમાં લગ્ન હોય તો પણ દીકરાએ ગુલાબજાંબુ જ ઝાપટવાના હોય! નવાં કપડાં પહેરી આજ મેરે બાપ કી શાદી હૈ એવું ગીત ગાવાનું હોય.

સાતમા લગ્ન રંગેચંગે ઉઘલી ગયા? ના એટલે ના. સારા કામમાં સો વિઘ્ન આવે. અડબંગ હવાલદારે લગ્નના રંગમાં ભંગ પાડવાનું દબંગ કામ કર્યું. એકતાલીસ વરસે લગ્ન બજારમાંથી લગભગ ફેંકાઈ ગયેલા હવાલદાર હસમુખે જ પેલી સગીરની સૂચિત સાતમી અપર મા સાથે ચટ મંગની પટ બ્યાહ કરી લીધા...! ■

કરિયર

કીર્તિ શેખર
feedback@bombaysamachar.com

# ફૂડ સ્ટાઈલિસ્ટ તરીકે કારકિર્દી બનાવો


**ભારતમાં** ફૂડ સ્ટાઇલિંગ એ એક ખૂબ જ સર્જનાત્મક અને ઝડપથી વિકસતું ક્ષેત્ર છે. કહેવાય છે કે ખાવાનું પહેલાં આંખથી ખાવામાં આવે છે પછી મોઢાથી. સોશ્યલ મીડિયા અને ડિજિટલ માર્કેટિંગના જમાનામાં આ કહેવત પહેલાંથી વધુ સાચી સાબિત થઈ રહી છે. આજે કોઈ પણ હોટલનાં બર્ગર, મીઠાઈ કે થાળી આપણને મોબાઇલ સ્ક્રીન પર ખૂબ જ આકર્ષક લાગે છે. એના પાછળ ફક્ત શેફની જ મહેનત નથી હોતી, એમાં ફૂડ સ્ટાઇલિસ્ટની પોતાની રચનાત્મકતા પણ સામેલ હોય છે. જ્યારથી ફૂડ ડિલિવરીના કારોબારે રફતાર પકડી છે ત્યારથી ફૂડ સ્ટાઇલિસ્ટની માગ પણ ખૂબ જ ઝડપથી વધી છે. ચાલો જાણીએ ફૂડ સ્ટાઇલિસ્ટમાં કરીઅર કેવી રીતે બનાવાય.

એક ફૂડ સ્ટાઇલિસ્ટ તરીકે કારકિર્દી બનાવવી એ સ્વાદ અને કળાનું અદ્ભુત મિશ્રણ છે. ફૂડ સ્ટાઇલિસ્ટનું મુખ્ય કામ ખોરાકને કૅમેરામાં એટલો આકર્ષક અને સ્વાદિષ્ટ દેખાડવાનું છે કે જોનારને તરત જ ખાવાનું મન થઈ જાય.

### ફૂડ સ્ટાઈલિસ્ટ શું કરે છે?

- ફૂડ સ્ટાઇલિસ્ટનું મુખ્ય કામ ભોજનને કૅમેરા સામે એવી રીતે સજાવવાનું હોય છે કે એ વધારે આકર્ષક લાગે. એનો ઉદ્દેશ ભોજનને અલગથી સ્વાદિષ્ટ બનાવવાનું નહીં, પરંતુ એની દૃશ્યાત્મક સુંદરતાને ઉભારવાનું હોય છે.
- ભોજન માટે આપવામાં આવતી ઍડ્વર્ટાઇઝિંગ માટે તે ફૂડને સજાવે છે.
- હોટલ, રેસ્ટોરાંના મેનુની તસવીર માટે તૈયારી કરે છે.
- કૂક, બુક અને રેસિપીનાં પુસ્તકો માટે સ્ટાઇલિસ્ટનું કામ કરે છે.
- ટીવી, કૂકિંગ શો અને વેબ સિરીઝમાં ભોજનની પ્રસ્તુતિ કરે છે.
- સોશ્યલ મીડિયા માટે કન્ટેન્ટ તૈયાર કરે છે.
- ફૂડ બ્લૉગ અને યુટ્યૂબ ચૅનલ માટે વિઝ્યુઅલ તૈયાર કરે છે.

આપણે ટીવી પર મોંમાં પાણી લાવી દે એવા રસગુલ્લા કે કાનમાં સીટી વગાડી દે એવા સમોસા કે ચાટની ઍડ્વર્ટાઇઝ જોતા હોઈએ છીએ, એ હકીકતમાં ફૂડ સ્ટાઇલિસ્ટની જ કમાલ હોય છે.



### શૈક્ષણિક યોગ્યતા

આ ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માટે ખાસ કોઈ વિશેષ ડિગ્રીની આવશ્યકતા કે અનિવાર્યતા નથી હોતી. ફક્ત સર્જનાત્મક્તા અને પ્રસ્તુતિ કુશળતા જ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે. છતાં આ ક્ષેત્રમાં નોકરી મેળવવા માટે ન્યુનતમ શૈક્ષણિક યોગ્યતા ૧૨મી પાસ હોવી જોઈએ, પરંતુ એના માટે યોગ્ય સ્નાતક અભ્યાસક્રમો છે - હોટલ મૅનેજમેન્ટ, કુલિનરી આર્ટ્સ, ફૂડ પ્રોડક્શન, હોમ સાયન્સ, ઇન્ટિનિયર કે વિઝ્યુઅલ ડિઝાઇન, ફાઇન આર્ટ્સ, માસ કમ્યુનિકેશન, ફોટોગ્રાફી વગેરે. આ બધા વિષયોમાં સ્નાતક થવું આ ક્ષેત્ર માટે સર્વાધિક યોગ્ય છે.

એક સફળ ફૂડ સ્ટાઇલિસ્ટ બનવા માટે તમારામાં અમુક કૌશલ હોવા જરૂરી છે જેવા કે રંગ અને ડિઝાઇનની સમજ, ફૂડને પ્રસ્તુત કરવાનું જ્ઞાન, કૅમેરાના એન્ગલની સમજ, ફોટોગ્રાફીની જાણકારી, લાઇટિંગની સમજ, ધૈર્ય અને રચનાત્મક વિચાર, સોશ્યલ મીડિયાના ટ્રેન્ડની જાણકારી.

### પ્રમુખ શિક્ષણ સંસ્થા

ભારતમાં ઘણી પ્રતિષ્ઠિત સંસ્થા ફૂડ કુલિનરી અને હૉસ્પિટાલિટીને લગતા અભ્યાસક્રમો ચલાવે છે જેવા કે

- ઇન્સ્ટિટ્યૂટ ઑફ હોટલ મૅનેજમેન્ટ
- વેલકમ ગ્રૂપ ગ્રૅજ્યુએટ ઑફ હોટલ મૅનેજમેન્ટ
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ હોટલ મૅનેજમેન્ટ એન્ડ કુલિનરી આર્ટ્સ
- નૅશનલ કાઉન્સિલ ફૉર હોટલ મૅનેજમેન્ટ ઍન્ડ કેટરિંગ ટેક્નૉલૉજી - પર્લ એકેડેમી

### વધારાની તાલીમ

આજે ઘણા ફૂડ સ્ટાઇલિસ્ટ ઑનલાઇન નાના-નાના કોર્સ પણ કરાવે છે જેવા કે પ્રૉપ સ્ટાઇલિંગ, એડોબી લાઇટરૂમ, સોશ્યલ મીડિયા બ્રાન્ડિંગ અને કન્ટેન્ટ ક્રિયેશન. આ અભ્યાસક્રમનો ખર્ચ જોઈએ તો હોટલ મૅનેજમેન્ટના કોર્સનો ખર્ચ વર્ષે અંદાજે ૮૦,૦૦૦થી લઈને પાંચ લાખ રૂપિયા હોય છે, કુલિનરી આર્ટ્સનો ખર્ચ વર્ષે એક લાખથી ૬ લાખ રૂપિયા સુધી આવી શકે છે જ્યારે ઑનલાઇન ફૂડ સ્ટાઇલિસ્ટના કોર્સનો ખર્ચ પાંચ હજારથી લઈને પચાસ હજાર રૂપિયા સુધીમાં ઉપલબ્ધ હોય છે.

### નોકરી આપતી અગ્રણી કંપનીઓ

સ્વિગી ડૉટકૉમ - એ ફૂડ બ્રાન્ડિંગ અને વિઝ્યુઅલ કન્ટેન્ટ માટે નિષ્ણાતો સાથે કામ કરે છે.

ઝોમાટો ડૉટકૉમ - એ રેસ્ટોરાં અને ફૂડ કંપનીઓ માટે વિઝ્યુઅલ કન્ટેન્ટ બનાવવાની તક પૂરી પાડે છે.

નેસ્લે ડૉટ ઇન - જાહેરાત, પૅકેજિંગ અને પ્રચાર માધ્યમો માટે ફૂડ સ્ટાઇલિસ્ટની આવશ્યકતા રહે છે.

આઇટીસી હોટલ્સ ડૉટકૉમ - આ લક્ઝરી હોટલ શ્રૃંખલા મેનુ અને પ્રમોશનલ સેવાઓ માટે વ્યાવસાયિકોને પોતાની પાસે રાખે છે.

હલ્દીરામ્સ ડૉટકૉમ - પોતાનાં ઉત્પાદનો અને ઍડ્વર્ટાઇઝિંગ માટે આકર્ષક ફૂડ પ્રસ્તુતિ પર વિશેષ ધ્યાન આપે છે.

આ ઉપરાંત બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ, અમુલ, મેક્ડોનલ્ડ ઇન્ડિયા, ડૉમિનોઝ પિત્ઝા ઇન્ડિયા, ઍડ્વર્ટાઇઝિંગ એજન્સીઓ, પ્રોડક્શન હાઉસ, ઈ-કૉમર્સ કંપનીઓ, યુટ્યૂબ ચૅનલ અને રેસ્ટોરાં સમૂહ પણ રોજગારનો અવસર પ્રદાન કરે છે.

### પગાર અને કમાણી

શરૂઆતમાં પગારધોરણ વાર્ષિક ૩થી ૫ લાખ રૂપિયા હોય છે જે ૩થી ૫ વર્ષના અનુભવ બાદ ૬થી ૧૨ લાખ રૂપિયા થઈ જાય છે, જ્યારે વરિષ્ઠ ફૂડ સ્ટાઇલિસ્ટને વાર્ષિક ૧૨થી ૨૦ લાખ રૂપિયા મળી જાય છે. આ ક્ષેત્રમાં ફ્રિલાન્સ માટે પણ ભરપૂર તક છે. એક અનુભવી ફૂડ સ્ટાઇલિસ્ટને પ્રતિ પ્રોજેક્ટ ૧૦ હજાર રૂપિયાથી એક લાખ કે એનાથી પણ વધુ મળી શકે છે. આ ઉપરાંત તમે પોતાનો વ્યવસાય પણ કરી શકો છો, પરંતુ એના માટે ફૂડ સ્ટાઇલિસ્ટ સ્ટુડિયોની જરૂર પડે છે જ્યાં મેનુ માટે ફોટો શૂટ કરવામાં આવે છે. તમે સોશ્યલ મીડિયા કન્ટેન્ટ એજન્સી પણ ચલાવી શકો છો અને ફૂડ બ્રાન્ડ્સ માટે વિઝ્યુઅલ કન્સલ્ટન્ટ પણ બની શકો છો. એકંદરે આ ક્ષેત્રમાં શાનદાર કરિયરની ભરપૂર સંભાવનાઓ છે, કારણ કે ભારતમાં ફૂડ સર્વિસ ઉદ્યોગ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. ■

# ફિલ્મ અભિનેતા આમિર ખાનને લૉરેન્સ બિશ્નોઇ ગેન્ગના નામે મળી ધમકી

## ‘લવ જેહાદ’ને પ્રોત્સાહન આપવાનો અભિનેતા પર આરોપ ▶ અમે સોશ્યલ મીડિયા પોસ્ટ અને વોઈસ ક્લિપની ખરાઈ તપાસી રહ્યા છીએઃ પોલીસ કમિશનર

મુંબઈઃ બોલીવૂડના અભિનેતા સલમાન ખાનને લૉરેન્સ બિશ્નોઇ ગેન્ગ તરફથી મળેલી ધમકી અને તેના બાંદ્રાના નિવાસસ્થાન પર ગોળીબારની ઘટના બાદ હવે ફિલ્મ અભિનેતા આમિર ખાનને પણ લૉરેન્સ બિશ્નોઇ ગેન્ગના નામે શનિવારે ધમકી મળી હતી. સોશિયલ મીડિયા પોસ્ટ અને વોઇસ ક્લિપ દ્વારા આ ધમકી આપવામાં આવી હતી, જેમાં આમિર ખાન પર ‘લવ જેહાદ’ને પ્રોત્સાહન આપવાનો આરોપ કરવામાં આવ્યો છે. ફિલ્મ અભિનેતાને ધમકી મળ્યા બાદ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. દરમિયાન મુંબઈના પોલીસ કમિશનર દેવેન ભારતીએ કહ્યું હતું કે પોલીસ સોશિયલ મીડિયા પોસ્ટ તેમ (જુઓ પાનું ૪) ▶▶

# આજે પણ મધ્યમ વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વરસાદે મુંબઈમાં લગભગ એક અઠવાડિયાથી વધુ સમય સુધી વિરામ લીધા બાદ શુક્રવારથી ફરી ઝરમર શરૂ થયો છે. શનિવારે સવારથી મુંબઈમાં હળવો વરસાદ પડ્યો હતો. ભારતીય હવામાન વિભાગે વરસાદની પ્રવૃત્તિમાં સુધારો થવાની અને રવિવારે મુંબઈ સહિત તેના પડોશી જિલ્લાઓમાં મધ્યમ વરસાદની આગાહી કરી છે.ઓટોમેટિક વેધર સ્ટેશનના ડેટા (જુઓ પાનું ૪) ▶▶

## કેન્દ્રીય પ્રધાનમંડળમાં મોટા ફેરફાર ટૂંકમાં

# શિંદેને કેટલા પ્રધાનપદ મળશે એના પર બધાની નજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાનમંડળમાં ટૂંક સમયમાં મોટા ફેરફાર થશે એવી ચર્ચા થઈ રહી છે. ૨૦ જુલાઈથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્રની પૃષ્ઠભૂમિમાં ફેરફાર અંગે ઉગ્ર ચર્ચાઓ ચાલી રહી છે. કેન્દ્રીય પ્રધાનમંડળમાંથી નિર્મલા સીતારમણ, હરદીપ સિંહ પુરી, પંકજ ચૌધરી, હર્ષ મલ્હોત્રાના પોર્ટફોલિયોમાં ફેરફાર અથવા તેમને દૂર કરવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ, સૂત્રોએ એવી માહિતી આપી છે કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે એવો આગ્રહ રાખી રહ્યા છે કે શિવસેનાને ત્રણ પ્રધાનપદ આપવામાં આવે. તેથી, સૂત્રોએ માહિતી આપી છે કે શિવસેનાને એક કેબિનેટ કક્ષાનું અને બે કેન્દ્રીય રાજ્ય કક્ષાના પ્રધાનપદાં મળવાની શક્યતા છે.

સૂત્રોએ એવી પણ માહિતી આપી છે કે કેન્દ્રમાં ચોમાસુ સત્ર પછી પ્રધાનમંડળનું વિસ્તરણ થશે. આ સંદર્ભમાં, એવું કહેવામાં આવી રહ્યું છે કે કેન્દ્રીય નેતૃત્વે રાજ્યના પ્રાદેશિક પક્ષોને રાહ જોવાની સલાહ આપી છે. કેન્દ્રીય પ્રધાન મંડળનું વિસ્તરણ પહેલાં જુલાઈના બીજા અઠવાડિયામાં થશે એવું (જુઓ પાનું ૪) ▶▶

## ધર્માંતર પછી પણ અનુસૂચિત જનજાતિઓને લાભ?

# રાજ્ય સરકારે ઉચ્ચ સ્તરીય સમિતિ ગઠિત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય સરકારે ધર્માંતર પછી અનુસૂચિત જનજાતિઓને મળતા લાભો અને છૂટછાટો અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારના કાયદાઓનો અભ્યાસ કરવા અને રાજ્ય માટે એક વ્યાપક નીતિ તૈયાર કરવા માટે એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી છે. આદિવાસી વિકાસ ખાતાના પ્રધાન અશોક વુઇકે આ સમિતિના અધ્યક્ષ રહેશે; જ્યારે આદિવાસી વિકાસ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન ઇન્દ્રનીલ નાઈક સમિતિના ઉપાધ્યક્ષ બનાવવામાં આવશે. અન્ન અને ઔષધ વહીવટીતંત્ર (એફડીએ)ના પ્રધાન નરહરિ ઝીરવાળ (જુઓ પાનું ૪) ▶▶

# આજે સેન્ટ્રલ રેલવેમાં મેગાબ્લોક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રવિવારે મધ્ય રેલવે પર મેગાબ્લોક હોવાથી મુંબઈગરાએ તે મુજબ તેમના પ્રવાસનું આયોજન કરવાનું રહેશે. આ બ્લોક વિદ્યાવિહારથી થાણે અને થાણેથી વાશી/નેરુલના રૂટ પર રહેશે, તેને કારણે મેઈન લાઈન ફાસ્ટ ટ્રેનો મોડી દોડશે, જ્યારે ટ્રાન્સ હાર્બર રૂટ પર રેલ સેવા રદ કરવામાં આવશે. મુસાફરોએ વૈકલ્પિક વ્યવસ્થાનો ઉપયોગ કરવાનો રહેશે.

મધ્ય રેલવેના મુંબઈ વિભાગમાં વિવિધ એન્જિનિયરિંગ અને જાળવણી કાર્ય માટે મેગા બ્લોક રાખવામાં આવ્યો છે, જેમાં મેઈન લાઇન પર વિદ્યાવિહાર અને થાણે સ્ટેશન વચ્ચે પાંચમા અને છઠ્ઠા ટ્રેક પર સવારે આઠ વાગ્યાથી બપોરે ૧.૩૦ વાગ્યા સુધી મેગા બ્લોક રહેશે. આ સમયગાળા દરમ્યાન આ ટ્રેક પર અપ અને ડાઉન દિશાઓમાં આવતી બધી ટ્રેનોને ફાસ્ટ ટ્રેક પર ડાયવર્ટ કરવામાં આવશે. પરિણામે ફાસ્ટ ટ્રેક પર વધારાનો ટ્રેન ટ્રાફિક હોવાથી ત્યાંની લોકલ સેવાઓ (જુઓ પાનું ૪) ▶▶

# ‘જો રામ કા નહીં, કિસી કામ કા નહીં’: ફડણવીસે ઉદ્ધવને ચાબખો માર્યો

પુણેઃ ‘રામ રક્ષા’ વિરોધ પ્રદર્શનના ભાગ રૂપે નાગપુરના રામ મંદિરમાં ઉદ્ધવ ઠાકરેએ પ્રાર્થના કર્યા બાદ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે ઠાકરેને માર્મિક ચાબખો મારી કહ્યું હતું કે સેના (યુબીટી) પ્રમુખને આખરે સમજાયું કે ‘જો રામ કા નહીં, વો કિસી કામ કા નહીં’. ઠાકરેની મંદિરની મુલાકાત અંગે પ્રતિક્રિયા આપતા ફડણવીસે કહ્યું કે તેમને આશા છે કે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન દ્વારા રામ રક્ષા (ભગવાન રામની સ્તુતિમાં સમર્પિત સંસ્કૃત સ્તોત્ર)નું પઠન ફક્ત રાજકીય કવાયત પૂરતું મર્યાદિત નહીં રહે.

પુણેમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે જણાવ્યું (જુઓ પાનું ૪) ▶▶

# પુણેનામાં આગઃ એક મોત

મુંબઈઃ પુણેના કોંધવા વિસ્તારમાં છ માળની રહેણાંક ઇમારતના સ્ટોરેજ યુનિટમાં લાગેલી આગમાં ગંભીર ઇજા થતાં એક કામદારનું મોત થયું હોવાનું ફાયર અધિકારીઓએ જણાવ્યું હતું. કોંધવા વિસ્તારમાં આવેલા વેતાલ નગરમાં ફિરદોસ એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોર પર શુક્રવારે રાતના નવ વાગ્યાની આસપાસ આગ લાગી હતી, ત્યારબાદ ત્રણ ફાયર ટેન્ડર ઘટનાસ્થળે દોડી ગયા હતા. ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે આગ લાગી તેની અંદર ફસાયેલા એક કામદારને ગંભીર હાલતમાં બચાવવામાં આવ્યો હતો. ■

## વાંગચૂકને જંતર-મંતર પરથી હટાવવામાં આવ્યા

### ■ સરકારની સરમુખત્યારશાહીઃ વિપક્ષો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિપક્ષકૉંગ્રેસ અને એનસીપી (એસપી) એ શનિવારે દિલ્હી પોલીસ દ્વારા કાર્યકર્તા સોનમ વાંગચૂકને હૉસ્પિટલમાં ખસેડવાની ટીકા કરી કહ્યું હતું કે આ કાર્યવાહી લોકશાહી પદ્ધતિએ અસંમતિના પ્રદર્શનને દબાવવાનો પ્રયાસ છે અને એમાં સરકારની સરમુખત્યારશાહીની માનસિકતા છતી થાય છે.‘નીટ’ પરીક્ષામાં કથિત અનિયમિતતાઓ અને વિવાદ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના કથિત મૃત્યુના વિરોધમાં કોક્રોચ જનતા પક્ષ (જુઓ પાનું ૪) ▶▶

### ■ કેન્દ્રની બેદરકારીઃ શરદ પવાર

પુણેઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના પ્રમુખ શરદ પવારે શનિવારે સોનમ વાંગચૂકના આંદોલન અંગે બેજવાબદારી દાખવનારી કેન્દ્ર સરકારની ટીકા કરી દાવો કર્યો હતો કે સરકાર વિદ્યાર્થીઓની જરૂરી માગણીઓને સંબોધવાને બદલે મૂક પ્રેક્ષક બની રહી છે. બારામતીમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે પરિસ્થિતિ બેકાબૂ (જુઓ પાનું ૪) ▶▶

### ■ ઉદ્ધવે મોદી સરકારની ટીકા કરી

નાગપુરઃ એક્ટિવિસ્ટ સોનમ વાંગચૂકને જંતર-મંતર વિરોધ સ્થળ પરથી દૂર કરવા બદલ શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ શનિવારે કેન્દ્ર સરકારની નિંદા કરી હતી. વાંગચૂક છેલ્લા ૨૧ દિવસથી ભૂખ હડતાળ પર છે. વિરોધ કરી રહેલા યુવાનો સાથે વાત કરવા કેન્દ્રને વિનંતી કરતા ઠાકરેએ કહ્યું હતું કે સરકારને નાગરિકોના જીવનની કદર નથી જંતર-મંતર ખાતે અનિશ્ચિત ભૂખ હડતાળના ૨૧મા દિવસે વાંગચૂકની તબિયત લથડતાં તેમને શનિવારે (જુઓ પાનું ૪) ▶▶

### ■ બળપ્રયોગથી લોકશાહી ખતમઃ આદિત્ય

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ શનિવારે દિલ્હીમાં વિરોધ સ્થળ પરથી કાર્યકર્તા સોનમ વાંગચૂકને ખસેડવામાં આવ્યા એની ટીકા કરતા કહ્યું કે દેશમાં બળજબરીથી લોકશાહીનું ઉલ્લંઘન દુનિયા જોઈ રહી છે. શાંતિપૂર્ણ વિરોધ પણ હવે સહન કરવામાં આવતો નથી. જંતર-મંતર ખાતે અનિશ્ચિત ભૂખ હડતાળના ૨૧મા દિવસે વાંગચૂકની તબિયત લથડતાં તેમને વહેલી સવારે સફદરજંગ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે તબીબી સલાહ અને દિલ્હી હાઈ કોર્ટના નિર્દેશોનો (જુઓ પાનું ૪) ▶▶

### ■ વિદ્યાર્થીઓ ભારતીય છે, પાકિસ્તાની નથીઃ સીજેપીના સ્થાપકના પિતા

છત્રપતિ સંભાજી નગરઃ કોક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેના પિતાએ શનિવારે દિલ્હીના જંતર-મંતર પર અનિશ્ચિત સમય માટે ઉપવાસ પર બેઠેલા તેમના પુત્ર પર ચિંતા વ્યક્ત કરી સવાલ કર્યો હતો કે સરકાર પાકિસ્તાની નહીં પણ ભારતીય નાગરિકો પ્રત્યે આટલી નિર્દય કેમ છે. દેશના વિવિધ ભાગોમાં વિદ્યાર્થીઓ અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર હોવાનો દાવો કરી અભિજીત દિપકેના પિતાશ્રી ભગવાન દિપકેએ સવાલ કર્યો કે શું સરકાર (જુઓ પાનું ૪) ▶▶

# એફડીએ દ્વારા સ્વચ્છતાના મુદ્દાઓ પર મુંબઈની કે.ઈ.એમ હોસ્પિટલની કેન્ટીનનું લાઇસન્સ સસ્પેન્ડઃ કામગીરી બંધ કરાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર ફૂડ ઍન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) પરેલમાં આવેલી મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત કે. ઈ. એમ. હોસ્પિટલમાં ચાલતી કેન્ટીનના ઈન્સ્પેક્શન દરમ્યાન અસ્વચ્છ પરિસ્થિતિઓ અને ખાદ્ય સુરક્ષા ધોરણોનું ઉલ્લંઘન જોવા મળ્યા બાદ તેનું લાઇસન્સ સસ્પેન્ડ કર્યું છે અને તેને વ્યવસાય બંધ કરવાનો આદેશ આપ્યો છે.

૧૫ જુલાઈના રોજ એફડીએની ઝોન ત્રણ ટીમ દ્વારા કરવામાં આવેલા નિરીક્ષણ બાદ કે.ઈ.એમ હોસ્પિટલ ખાતે ઓલ્ડ નર્સ હોમ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પરથી કાર્યરત મેસર્સ સ્ટેની કેટરર્સ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

કિંગ એડવર્ડ મેમોરિયલ હૉસ્પિટલ એ ૧૯૨૬ માં સ્થપાયેલી એક પબ્લિક મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ફૂડ સેફ્ટી અધિકારીઓને અસ્વચ્છ પરિસ્થિતિઓ અને ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ અને સંબંધિત નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન મળ્યા બાદ કેન્ટીનની કામગીરી બંધ કરવામાં આવી હતી. ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા સ્ટોપ બિઝનેસ નોટિસ જારી કરવામાં આવી હતી, જ્યારે નિયુક્ત અધિકારી દ્વારા ફૂડ બિઝનેસ લાઇસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. ઈન્સ્પેકશન દરમ્યાન અધિકારીઓએ પ્રયોગશાળા વિશ્લેષણ માટે ચાર ઔપચારિક ખાદ્ય નમૂનાઓ એકત્રિત કર્યા હતા. નમૂનાઓમાં તૈયાર ચોખા, મિશ્ર કઠોળ ભાજી, કાચા માલ તરીકે વપરાતા કાબુલી ચણા અને રિફાઇન્ડ સૂર્યમુખી તેલનો સમાવેશ થતો હતો. મે મહિનામાં મહારાષ્ટ્ર એફડીએ કમિશનર તરીકે આઈએએસ અધિકારી તુકારામ મુંઢેએ કાર્યભાર સંભાળ્યા પછી ખાદ્ય વ્યવસાયો સામે કડક કાર્યવાહી વધુ તીવ્ર બનાવવામાં આવી છે. અનેક હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબા પર નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું છે. ગુરુવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે ખાદ્ય સલામતી અને સ્વચ્છતાના ગંભીર ઉલ્લંઘનો મળ્યા બાદ એફડીએએ મુંબઈ સ્થિત પારસી ડેરી ફાર્મના ખાદ્ય વ્યવસાય લાઇસન્સ સસ્પેન્ડ કરી દીધું હતું. ■

# રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૨.૧૫ કરોડની ઠગાઇઃ બે વિરુદ્ધ ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં શેરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે રોકાણકારો સાથે ૨.૧૫ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી આચરવાના આરોપસર કન્સલટન્સીના બે ઓપરેટર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે નોંધાવવામાં આવેલી ફરિયાદને આધારે કલ્યાણ પોલીસે રોહિત સુર્વે અને પ્રતીક ગાયકવાડ નામના ઓપરેટર વિરુદ્ધ ગુરુવારે ભારતીય ન્યાય સંહિતા અને મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ (એમપીઆઇડી) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ કહ્યું હતું.

કલ્યાણ પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ માર્ચ, ૨૦૨૨થી જૂન, ૨૦૨૫ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી.

આરોપીઓએ ધ સ્ટોકટોન કન્સલટન્સી નામની કંપની શરૂ કરી હતી અને આકર્ષક વળતરની લાલચ આપીને લોકોને શેરબજારની યોજનાઓમાં રોકાણ કરવા પ્રેરિત કર્યા હતા.ખડકપાડા વિસ્તારમાં ચા વેચનારા ફરિયાદી તથા અન્ય લોકોએ કંપનીમાં ૨.૧૫ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કર્યું હતું. જોકે તેમને રોકાણ પર વળતર ન મળતાં તેમણે કંપનીનો સંપર્ક સાધ્યો હતો, પણ આરોપીઓ તેમને નાણાં ચૂકવી શક્યા નહોતા.(પીટીઆઇ)

# થાણેમાં બાંધકામ સ્થળે જમીનનો એક ભાગ ધરાશાયી; કોઈને નુકસાન નહીં

થાણેઃ થાણે પશ્ચિમમાં નૌપાડામાં રહેણાંક વસાહતમાં બાંધકામ સ્થળે શનિવારે સવારે એક બિલ્ડિંગના પ્રોજેક્ટ માટે ખોદકામના કારણે જમીનનો એક ભાગ ધરાશાયી થયો હતો. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર શનિવારે સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ નૌપાડા વિસ્તારમાં ભાસ્કર કોલોનીમાં બનેલી આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. એક પ્રોજેક્ટ માટે ખોદકામને કારણે જમીનનો એક ભાગ ધરાશાયી થયો હતો, જેના કારણે બાજુની ઇમારતના પરિસરમાં એક વૃક્ષ અને એક કમ્પાઉન્ડ વોલ અત્યંત જોખમી સ્થિતિમાં આવી ગઈ હતી. આ ઘટનાને પગલે ડિઝાસ્ટર કંટ્રોલના અધિકારીઓ, જાહેર બાંધકામ વિભાગ, ફાયર બ્રિગેડ અને ટ્રી ઓથોરિટીના કર્મચારીઓની બનેલી એક ટીમ યુટિલિટી વાહનો અને હાઇડ્રોલિક લિફ્ટર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી.સાવચેતીનાં પગલાં તરીકે ટ્રી ઓથોરિટીના કર્મચારીઓ દ્વારા જોખમી રીતે નમેલા વૃક્ષને કાપીને સાફ કરવામાં આવ્યું હતું. ડેવલપરે માટીને સ્થિર કરવા અને વધુ ખાડા પડતા અટકાવવા માટે તાત્કાલિક પગલાં શરૂ કર્યાં હતાં.

# થાણેમાં પ્રસ્તાવિત ડેટા સેન્ટર સામે સ્થાનિકોનો વિરોધ




વિરોધ પ્રદર્શનઃ થાણેના નાગરિકો દ્વારા મૌન વિરોધ માનવ સાંકળ બનાવીને નાના ભાષણો આપી રહ્યા છે, હાથમાં પ્લેકાર્ડ, બેનરો, દોરેલા પોસ્ટર અને ગાન, ભરૂદ ગાતા, ફાળવેલ ડેટા સેન્ટરના ગેટ સામે ચાલી રહ્યા છે. (અમય ખરાડે)

થાણેઃ શનિવારે થાણે શહેરના બાલકુમ વિસ્તારમાં પ્રસ્તાવિત ડેટા સેન્ટર સામે સેંકડો લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેઓનો દાવો છે કે આ પ્રોજેક્ટ ગંભીર પર્યાવરણીય અને અન્ય જોખમો ઊભાં કરશે.

બાલકુમ, કોલશેત અને ઢોકાળી જેવા વિસ્તારોના રહેવાસીઓએ દાવો કર્યો હતો કે ૫૩ એકરના પ્લોટ પર બની રહેલા આ ડેટા સેન્ટર માટે દરરોજ ઓછામાં ઓછા ૧૨ મિલિયન લિટર પાણી અને સાથે જ ‘અમર્યાદિત વીજળી’ની જરૂર પડશે. વધુમાં, તેનાથી ૯૦ ડેસિબલ સુધીનો સતત અવાજ ઉત્પન્ન થવાની ધારણા છે, જે આ વિસ્તારમાં ગર્ભવતી સ્ત્રીઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે ગંભીર સ્વાસ્થ્ય જોખમો ઉભાં કરશે. ડેટા સેન્ટર તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો કરી શકે છે, એમ તેમણે ઉમેર્યું.

વિરોધીઓએ ધ્યાન દોર્યું કે ૧ કિમીની ત્રિજ્યામાં આઠથી વધુ મોટા રહેણાંક સંકુલ, પાંચ શાળાઓ અને બાળકોની હોસ્પિટલ સહિત ત્રણ હોસ્પિટલો છે. ‘વેક અપ થાણેકર’ બેનર હેઠળ વિરોધ પ્રદર્શન કરનારાઓના એક પ્રતિનિધિમંડળે ગુરુવારે થાણેના મ્યુનિસિપલ કમિશનર અને ડેટા સેન્ટર સ્થાપી રહેલી કંપનીના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી. (પીટીઆઈ)■




ફૂટબોલનો વિશ્વ કપ જીતવા માટે આર્જેન્ટિના અને સ્પેન વચ્ચે રવિવારે ફાઈનલ રમાવાની છે ત્યારે સાંપ્રત વિષય પર ચિત્ર બનાવતા ગુરુકુળના શિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવેલું આ ચિત્ર આખી દુનિયાની લાગણી વ્યક્ત કરે છે. (અમય ખરાડે)

# બિલ્ડિંગની માફક જ હવે ઝાડને પણ જોખમી જાહેર કરવામાં આવશે

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા થોડા દિવસોમાં ત્રણ જીવલેણ ઘટનાઓ અને ચોતરફથી થઈ રહેલી ટીકાઓને પગલે મુંબઈ મહાનગરપાલિકાએ જોખમી વૃક્ષો અને ડાળીઓ દૂર કરવાની ઝુંબેશ વધુ તીવ્ર બનાવી છે. પાલિકાના ડેટા અનુસાર ૨૨ જૂનથી ૧૭ જુલાઈ દરમ્યાન પાલિકાએ મુંબઈમાં જાહેર જગ્યાઓ અને ખાનગી જગ્યાઓમાંથી ૩,૮૪૧ જોખમી વૃક્ષો અને ડાળીઓ દૂર કરી હતી, જ્યારે બાકીનાં ૫૪૨ સ્થળોએ કામ ચાલુ છે પાલિકાના જણાવ્યા મુજબ ૨૨ જૂનથી ૧૭ જુલાઈ દરમ્યાન મુંબઈમાં જાહેર જગ્યાઓ, હાઉસિંગ સોસાયટીઓ, કોલોનીઓ અને અન્ય ખાનગી મિલકતોમાં કુલ ૯૦૨ વૃક્ષો ઊખડી ગયાં હતાં અને ૧,૨૫૧ ડાળીઓ તૂટી પડી ગઈ હતી. આ ઘટનાઓ બાદ પાલિકાના ગાર્ડન વિભાગે પાલિકા અને ખાનગી મિલકતો પર રહેલાં ઝાડોનું ઈન્સ્પેકશન કર્યું હતું અને ઝાડ હટાવવાનું કામ હાથ ધર્યું હતું.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ કેટલાંક સ્થળોએ, સ્થળની સ્થિતિ, હવામાન, સલામતીની ચિંતાઓ અને જરૂરી પરવાનગીઓની જરૂરિયાતને કારણે તબક્કાવાર રીતે પડી ગયેલાં વૃક્ષો અને ડાળીઓને દૂર કરવામાં આવી રહી છે. વિભાગનો કંટ્રોલ રૂમ, વૉર્ડ ઓફિસો અને કટોકટી ટીમો ચોવીસ કલાક કાર્યરત રહે છે. આવી ઘટનાઓનો સામનો કરવા માટે ચોમાસા દરમિયાન પૂરતા માનવબળ, સાધનો અને મશીનરી સ્ટેન્ડબાય રહે છે. તૂટી પડેલાં વૃક્ષો અને ડાળીઓને દૂર કરવાની ઝુંબેશ ચાલુ રહેશે, જેમાં જાહેર સલામતીને પ્રાથમિકતા આપવામાં આવશે. વધુમાં તેમણે કહ્યું હતું કે ૨૨ જૂનથી ૧૭ જુલાઈ, ૨૦૨૬ સુધીના ડેટા અનુસાર પાલિકાની હદમાં આવતા વિસ્તારોમાં કુલ ૩૬૭ વૃક્ષો ઊખડી ગયાં હતાં. ■

## ‘રામ રક્ષા’ વિરોધ પ્રદર્શન

### ઉદ્ધવે નાગપુરના રામમંદિરમાં પ્રાર્થના કરી

નાગપુરઃ અયોધ્યા રામમંદિરમાં દાનની કથિત ઉચાપત સામે ‘રામ રક્ષા આંદોલન’ પહેલા શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ પક્ષના સંસદ સભ્યો, વિધાન સભ્યો અને કાર્યકરો સાથે શનિવારે નાગપુરના રામમંદિરમાં પ્રાર્થના કરી આરતી કરી હતી.શહેરના રામ નગર વિસ્તારમાં આવેલા રામમંદિરમાં પ્રાર્થના અને આરતી દરમિયાન ઉદ્ધવ ઠાકરે સાથે આદિત્ય ઠાકરે, સંજય (જુઓ પાનું ૪) ▶▶

# તમામ એસટીપી નક્કી કરેલી મુદતમાં પૂરી થશેઃ કમિશનર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દરિયાના પાણીની ગુણવત્તા સુધારવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુંબઈમાં બનાવવામાં આવી રહેલા સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)ના કામ નક્કી કરેલી મુદતમાં પૂર્ણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

આ પ્લાન્ટની પાણી પર પ્રક્રિયા કરવાની ક્ષમતા પ્રતિ દિનની ૨,૪૬૪ મિલ્યન લિટરની છે. કામ ઝડપથી પૂર્ણ કરીને તેને તાત્કાલિક શરૂ કરવાનો નિર્દેશ પણ પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ આપ્યો હતો. મુંબઈ મહાનગરપાલિકા (જુઓ પાનું ૪) ▶▶

# નાશિકમાં એકતરફી પ્રેમમાં ચાકુથી ગળું ચીરીને યુવતીની હત્યા કર્યા બાદ યુવકે કરી આત્મહત્યા

નાશિકઃ નાશિકમાં ચાકુથી ગળું ચીરી ૨૦ વર્ષની યુવતીની હત્યા કર્યાના થોડા કલાકો બાદ યુવક એ જ વિસ્તારમાં વૃક્ષ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. એકતરફી પ્રેમમાં યુવકે ગુનો આચર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હોઇ પોલીસે આ પ્રકરણે યુવક વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આરોપીની ઓળખ સાહિલ અશોક લવારે (૨૬) તરીકે થઇ હતી, જેણે ઇન્દિરાનગર વિસ્તારમાં મંદિર નજીક શુક્રવારે રાતે વૈષ્ણવી અવારે નામની યુવતીની હત્યા કરી હતી અને ત્યાર બાદ શનિવારે મળસકે આ જ વિસ્તારમાં જોગિંગ ટ્રેકની નજીક તેણે આત્મહત્યા કરી હતી.

આરોપી સાહિલ લવારેએ ચાકુથી વૈષ્ણવી પર હુમલો કર્યો હતો અને બાદમાં તેનું ગળું ચીરી નાખ્યું હતું. વૈષ્ણવીની ચીસો સાંભળીને રહેવાસીઓ મદદ માટે દોડી આવ્યા હતા. જોકે આરોપી ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. વૈષ્ણવીને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, જ્યાં તેને તપાસીને મૃત જાહેર કરવામાં આવી હતી.

દરમિયાન શનિવારે મળસકે ત્રણ વાગ્યાની આસપાસ આ વિસ્તારમાં જોગિંગ ટ્રેક નજીક આરોપી વૃક્ષ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો, જેને પગલે સ્થાનિક પોલીસને તેની જાણ કરવામાં આવી હતી. પોલીસે રાહિલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યા બાદ તપાસ આદરી હતી.

# સરકારી નોકરી અપાવવાને બહાને કોર્ટના ક્લર્કે તેના ભાણેજ સાથે કરી ૧૯ લાખની છેતરપિંડી

બીડઃ રાજ્યના મહેસૂલ વિભાગમાં નોકરી અપાવવાને બહાને કોર્ટના ક્લર્કે તેના ભાણેજ સાથે ૧૯ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ઘટના બીડ જિલ્લામાં બની હતી.કેજ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર આરોપીની ઓળખ દગડુ વિઠ્ઠલરાવ હંગાર્ગે તરીકે થઇ હતી, જે પરભણીની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં ક્લર્ક તરીકે કામ કરે છે.દગડુ હંગાર્ગેએ તેના ભાણેજ અમોલ ચિંગુરેને મહેસૂલ વિભાગમાં ક્લર્ક અથવા આસિસ્ટન્ટ તરીકે નોકરી અપાવવાને બહાને ૧૯ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. જૂન અને જુલાઇ, ૨૦૨૨ દરમિયાન તેણે ભાણેજ પાસેથી રૂપિયા લીધા હતા, પણ તેણે ભાણેજને નોકરી અપાવી નહોતી. ભાણેજે નોકરી વિશે પૂછપરછ કરતાં આરોપી તેને ટાળવા લાગ્યો હતો.પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં ભાણેજે કૈજ પોલીસ સ્ટેશનમાં દગડુ હંગાર્ગે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.




### આજે ખેલ ખરાખરીનોઃ બે દિગ્ગજ ટીમ વચ્ચે પહેલી વખત ફાઇનલમાં મુકાબલો

# આર્જેન્ટિનાનું ફરી સામ્રાજ્ય કે સ્પેનનો સપાટો?

### ▸ મેસીને નમાવવા રૉડ્રી, યમાલ કરી શકે કમાલઃ ૧૪ મૅચમાંથી છ આર્જેન્ટિનાએ અને છ સ્પેને જીતી, બે મૅચ ડ્રૉ રહી

ન્યૂ યૉર્કઃ અહીંના ન્યૂ જર્સીના સ્ટેડિયમમાં રવિવારે (ભારતીય સમય અનુસાર મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યાથી) ફિફા વર્લ્ડ કપની રોમાંચક ફાઇનલમાં આર્જેન્ટિના અને સ્પેન વચ્ચે જોરદાર મુકાબલો થશે. ડિફેન્ડિંગ ચૅમ્પિયન આર્જેન્ટિનાને (૨૦૨૨ બાદ) સતત બીજો વર્લ્ડ કપ જીતીને ઇટલી તથા બ્રાઝિલની બરાબરી કરવાનો મોકો છે. ઇટલીએ ૧૯૩૪ અને ૧૯૩૮માં તથા બ્રાઝિલે ૧૯૫૮ અને ૧૯૬૨માં ફિફાનું બૅક-ટુ-બૅક ટાઇટલ જીતી લીધું હતું. આર્જેન્ટિનાને એવી અપ્રતિમ સિદ્ધિ મેળવનાર ૬૪ વર્ષમાં પ્રથમ દેશ બનવાની તક છે.

આર્જેન્ટિનાએ સેમિ ફાઇનલમાં ઇંગ્લૅન્ડને ૨-૧થી અને સ્પેને ફ્રાન્સને ૨-૦થી હરાવ્યું હતું. આર્જેન્ટિના અને સ્પેન વચ્ચે અત્યાર સુધીમાં ૧૪ મૅચ રમાઈ છે, પરંતુ ફિફા વર્લ્ડ કપની ફાઇનલમાં એમની વચ્ચે પહેલી જ વખત ટક્કર થશે. ૧૪માંથી છ મૅચ આર્જેન્ટિનાએ અને છ મૅચ સ્પેને જીતી છે. બે મૅચ ડ્રૉમાં પરિણમી છે. છેલ્લે ૨૦૧૮માં એક ફ્રેન્ડલી મૅચમાં સ્પેને આર્જેન્ટિનાને ૬-૧થી હરાવ્યું હતું. ત્યાર બાદ હવે આઠ વર્ષે બન્ને દેશ સામસામે આવી રહ્યા છે. વિશ્વ કપમાં આ બે કટ્ટર દેશ વચ્ચે છેક ૧૯૬૬માં (૬૦ વર્ષ પૂર્વે) મુકાબલો થયો હતો. એ લીગ રાઉન્ડની ટક્કર હતી જેમાં આર્જેન્ટિનાએ ૨-૧થી જીત મેળવી હતી.

લિયોનેલ મેસી ૩૯ વર્ષનો છે અને આ તેનો કદાચ છેલ્લો વર્લ્ડ કપ છે. ૨૦૨૨માં તેણે આર્જેન્ટિનાને વર્લ્ડ ચૅમ્પિયન બનાવેલું ત્યાર બાદ તેની નિવૃત્તિ વિશે જોરદાર અટકળ થતી હતી. જોકે તેણે ચાર વર્ષ સુધી (૨૦૨૬ના વર્લ્ડ કપ સુધી) નિવૃત્ત ન થવાનો સંકલ્પ કર્યો હતો અને હવે સમય એ આવ્યો છે કે આર્જેન્ટિનાને સતત બીજું ટાઇટલ અપાવવાની લગોલગ આવી ગયો છે. તેની તુલનામાં પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પોર્ટુગલને એક પણ વર્લ્ડ કપ ટ્રોફી નથી અપાવી શક્યો.

મેસીને ઝાંખો પાડવા તેમ જ બૉલ પર કબજો મેળવવાની ટક્કરમાં નીચે પાડવામાં સ્પેનનો ટીનેજર લેમિન યમાલ કોઈ કસર નહીં છોડે એવું ફ્રાન્સ સામેની તેની આક્રમક રમત પરથી કહી શકાય. તેણે તેમ જ સ્પેનના ખેલાડીઓએ તે મૅચમાં ફ્રાન્સના સુકાની કીલિયાન ઍમ્બપ્પેને નિષ્ફળ બનાવવા કોઈ કસર નહોતી છોડી. સ્પેનના કૅપ્ટન રૉડ્રીએ પણ આજે મેસીને કાબૂમાં રાખવો પડશે, નહીં તો ચમત્કારિક પર્ફોર્મન્સ માટે જાણીતા મેસીને વિજયના દ્વાર સુધી જતા કોઈ રોકી નહીં શકે. આર્જેન્ટિના આ વખતે ઇજિપ્ત તેમ જ ઇંગ્લૅન્ડ સામેના મુકાબલા સહિત ઘણી મૅચોમાં ગોલ કરવામાં શરૂઆતમાં પાછળ રહ્યા બાદ કમબૅક કરવામાં સફળ રહ્યું છે. સ્પેનની ટીમ આજે મેસી ઍન્ડ કંપનીની એ ક્ષમતાથી ખૂબ સાવચેત રહેશે.



લિયોનેલ મેસી (ડાબે) તેમ જ સ્પેનના કેપ્ટન રોડ્રી (જમણે, ઉપર) અને લેમિન યમાલ

### મેસી ‘ગોલ્ડન બૂટ’ અવૉર્ડ માટે પ્રબળ દાવેદાર

વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ અને સૌથી વધુ આસિસ્ટ (સાથી ખેલાડીને ગોલ કરવામાં સૌથી નજીકથી કરેલી મદદ) કરનાર ખેલાડીને ‘ગોલ્ડન બૂટ’ અવૉર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આ પુરસ્કાર માટે લિયોનેલ મેસી નંબર-વન દાવેદાર છેઃ (૧) આર્જેન્ટિનાનો લિયોનેલ મેસીઃ આઠ ગોલ અને ચાર આસિસ્ટ (૨) કીલિયાન ઍમ્બપ્પેઃ આઠ ગોલ અને ત્રણ આસિસ્ટ (૩) નોર્વેનો અર્લિંગ હાલૅન્ડઃ સાત ગોલ અને શૂન્ય આસિસ્ટ (૪) ઇંગ્લૅન્ડનો જ્યૂડ બેલિંગમઃ છ ગોલ અને એક આસિસ્ટ (૫) ઇંગ્લૅન્ડનો હૅરી કેનઃ છ ગોલ અને એક આસિસ્ટ. ■

# ફિફા કરશે ૮૪ અબજ રૂપિયાના ઇનામની વર્ષા

ન્યૂ યૉર્કઃ ૨૩મા ફિફા વર્લ્ડ કપમાં કુલ ઇનામીરકમમાં (૨૦૨૨ની તુલનામાં) ૬૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે અને રવિવારે આર્જેન્ટિના-સ્પેન વચ્ચેની ફાઇનલ બાદ ઇનામોની વર્ષા કરવામાં આવશે. ફિફા દ્વારા કુલ ૮૭૧ મિલ્યન ડૉલર (અંદાજે ૮૪ અબજ રૂપિયા)ના ઇનામ આપવામાં આવશે.


ચૅમ્પિયન ટીમના ખેલાડીઓને આ હીરાજડિત વીંટી આપવામાં આવશે

ફાઇનલમાં વિજય મેળવીને વર્લ્ડ ચૅમ્પિયન બનનારી ટીમને કુલ ૫૦ મિલ્યન ડૉલર (૪૮૧.૪૨ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ મળશે. રનર-અપ ટીમને કુલ ૩૩ મિલ્યન ડૉલર (૩૧૭.૭૪ કરોડ રૂપિયા) આપવામાં આવશે.

આ ઉપરાંત ત્રીજા નંબરની ટીમને, ચોથા નંબરની ટીમને તેમ જ ક્વૉર્ટર ફાઇનલ સુધી પહોંચ્યા બાદ પાંચમાથી આઠમા નંબર વચ્ચે રહેનારી ટીમને, નવથી ૧૬ નંબર વચ્ચે રહેનારી, ૧૭થી ૩૨ નંબર વચ્ચે રહેનારી તેમ જ ૩૩થી ૪૮મા નંબર વચ્ચે રહેનારી ટીમને પણ નાના-મોટા ઇનામ આપવામાં આવશે.

અમેરિકાની ખેલકૂદની પરંપરાને અનુસરીને ફિફા વર્લ્ડ કપમાં વિજેતા ટીમમાં કુલ ૩૦ ‘ચૅમ્પિયનશિપ રિંગ’ વહેંચવામાં આવશે. ફિફા વર્લ્ડ કપમાં આવું પહેલી જ વખત બની રહ્યું છે.

વિજેતા ટીમમાં (ખેલાડીઓ, કોચ અને અન્ય અધિકારીઓ સહિત ૩૦ જણમાં) વહેંચવા માટે ૩૦ રિંગ અલગ રાખવામાં આવી છે. ૧,૯૯૬ રિંગ જાહેર જનતા માટે રાખવામાં આવશે જે જનતાને ઑફિશ્યલ લાઇસન્સ કલેક્ટિબલ્સ તરીકે અપાશે. ■

# સર ગૅરી સોબર્સની ઐતિહાસિક છ સિક્સર યાદ છેને?

### ▸ ઈંગ્લેન્ડના માલ્કમ નૅશેને સ્પિનના અખતરા ભારે પડેલાં

સ્વૉન્સી (વેલ્સ)ઃ યુનાઇટેડ કિંગડમ (યુકે)ના હિસ્સા ગણાતા વેલ્સના સ્વૉન્સી શહેરમાં સેન્ટ હેલન્સ સ્ટેડિયમના મેદાન પર ૧૯૬૮ની ૩૧મી ઑગસ્ટે ક્રિકેટની દુનિયાના મહાન ઑલરાઉન્ડર્સમાં ગણાતા સર ગારફીલ્ડ ‘ગૅરી’ સોબર્સે છ બૉલની છ સિક્સરનો નવો ઇતિહાસ રચ્યો હતો અને એ યાદગાર ઘટનાના ૫૮ વર્ષ બાદ તેમણે ફાની દુનિયાને અલવિદા કરી છે.

૮૯ વર્ષના સર ગૅરી સોબર્સે શુક્રવાર, ૧૭મી જુલાઈએ બાર્બેડોઝમાં પોતાના નિવાસસ્થાને છેલ્લા શ્વાસ લીધા હતા. એ સાથે, કૅરિબિયન ક્રિકેટના એક યુગનો અસ્ત થઈ ગયો હતો. તેઓ ૧૯૫૪થી ૧૯૭૪ દરમ્યાન ૯૩ ટેસ્ટ અને એક વન-ડે રમ્યા હતા. ૧૯૭૪માં અંતિમ ટેસ્ટ રમ્યા હતા ત્યારે તેમની ઉંમર ૩૮ વર્ષ હતી.

૧૯૬૮માં સોબર્સના ટેસ્ટ ડેબ્યૂને ૧૪ વર્ષ થઈ ચૂક્યા હતા. તેમણે આંતરરાષ્ટ્રીય મૅચ ઉપરાંત પ્રથમ કક્ષાની મૅચોમાં ઘણી વખત છ બૉલમાં છ સિક્સર ફટકારવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એ સફળતા તેમને ૧૯૬૮માં વેલ્સમાં સ્વૉન્સીના સ્ટેડિયમના ગ્રાઉન્ડ પર મળી હતી જેમાં તેમણે નૉટિંગમશર વતી ગ્લેમોર્ગન સામેની પ્રથમ કક્ષાની મૅચમાં ઇંગ્લૅન્ડના બોલર માલ્કમ નૅશની ઓવરના છ બૉલમાં છ છગ્ગા ફટકાર્યા હતા. માલ્કમ નૅશ ખરેખર તો લેફ્ટ-આર્મ મિડિયમ પેસ બોલર હતા, પરંતુ ૧૯૬૮માં તેમના માટે કમનસીબ બનેલી એ મૅચમાં તેમણે લેફ્ટ-આર્મ સ્પિન બોલિંગની અજમાયશ કરી હતી જે તેમને ભારે પડી હતી. ઇતિહાસમાં અંકિત થયેલી એ ઓવરનો પ્રથમ બૉલ નો-બૉલ હતો અને ત્યાર બાદ સોબર્સે છ બૉલમાં છ છગ્ગા ફટકાર્યા હતા. તેમનો એ વિશ્વવિક્રમ ૧૭ વર્ષ સુધી ટક્યો હતો. ૧૯૮૫માં રવિ શાસ્ત્રીએ વાનખેડે સ્ટેડિયમમાં બૉમ્બેની ટીમ વતી રમીને બરોડાના લેફ્ટ-આર્મ સ્પિનર તિલક રાજની એક ઓવરના છ બૉલમાં છ છગ્ગા ફટકારીને ગૅરી સોબર્સના વિશ્વવિક્રમની બરાબરી કરી હતી.



### છ બૉલમાં છ ચમત્કારિક શૉટઃ છેલ્લા છગ્ગામાં બૉલ બસ સ્ટૉપ નજીક પડ્યો

**પ્રથમ બૉલઃ** સોબર્સે સ્ટ્રેઇટ શૉટમાં બૉલ સીધો મેદાનની બહાર મોકલ્યો અને ત્યારે તેમને મળી ઓવરની પ્રથમ સિક્સર. **બીજો બૉલઃ** લૉન્ગ-ઑન પરથી બૉલ સીધો બાઉન્ડરી લાઇનની બહાર મોકલી દીધો અને સતત બીજી સિક્સર મળી. **ત્રીજો બૉલઃ** ઊંચા શૉટમાં બૉલ સીધો એન્ક્લોઝરમાં જઈને પડ્યો અને સોબર્સને ત્રીજી સિક્સર મળી હતી. **ચોથો બૉલઃ** વધુ એક બિગ શૉટમાં ચોથી સિક્સર મળી અને વિકેટકીપર સામે જોઈને હસ્યા હતા. **પાંચમો બૉલઃ** બાઉન્ડરી લાઇન તરફના ઊંચા શૉટમાં ગ્લેમોર્ગનના ફીલ્ડર રોજર ડેવિસે કૅચ તો ઝીલ્યો હતો, પણ બાઉન્ડરી લાઇન પરના દોરડાને અડી જતાં અમ્પાયરે સિક્સર જાહેર કરી હતી. **છઠ્ઠો બૉલઃ** સોબર્સના ફાઇનલ શૉટમાં ડીપ મિડ-વિકેટના સ્થાન પરથી બૉલ સીધો નજીકના બસ સ્ટૉપ પાસે પડ્યો હતો અને સોબર્સે એ છઠ્ઠી સિક્સર સાથે નવો ઇતિહાસ રચ્યો હતો. ■

### નાનપણમાં અમે સપનું જોતાં કે સોબર્સ જેવા મહાન ક્રિકેટર બનવું છેઃ ગાવસકર

નવી દિલ્હીઃ વેસ્ટ ઇન્ડિઝના મહાન ઑલરાઉન્ડર સર ગારફીલ્ડ સોબર્સના શુક્રવારે દેહાંત બાદ સોશ્યલ મીડિયા પર તેમને વિશ્વભરમાંથી અંજલિ આપવામાં આવી હતી. ભારતના બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે જણાવ્યું હતું કે ‘ધરતી પરના ગ્રેટેસ્ટ ક્રિકેટર સોબર્સની જે પ્રતિભા હતી એ જોઈને અમે બધા નાનપણમાં (બૅટ અને બૉલ હાથમાં લીધા હતા ત્યારે) સપનું જોયું હતું કે સોબર્સ જેવા મહાન ખેલાડી બનવું છે.’

ભારતના મહાન ઑલરાઉન્ડર કપિલ દેવે પીટીઆઇને ઇન્ટરવ્યૂમાં કહ્યું, ‘સર ગૅરી સોબર્સે ક્રિકેટમાં ક્રાંતિ લાવી દીધી હતી. મારું એવું માનવું છે કે જે કોઈ વ્યક્તિ ક્રિકેટ વિશે જાણતી હોય તેને ગૅરી સોબર્સ કોણ એની જાણ હોવી જ જોઈએ. તેઓ જે રીતે ક્રિકેટ રમ્યા અને જે રીતે ક્રિકેટને માણી એના પરથી અમને સૌને પ્રેરણા મળી હતી.’

ભારતના મહાન વિકેટકીપર-બૅટ્સમૅન ફરોખ એન્જિનિયરે જણાવ્યું, ‘સોબર્સ ગ્રેટેસ્ટ ખેલાડી તો હતા જ, તેઓ એક કમ્પ્લીટ ક્રિકેટર પણ હતા.’

સચિન તેન્ડુલકર તેમ જ અન્ય ખેલાડીઓએ પણ સર સોબર્સને શ્રદ્ધાંજલિ આપી હતી. ■

# અભિનેત્રી અંજુ મહેન્દ્રુની ૧૭મી જુલાઈએ ગૅરી સોબર્સને અને ૧૮મી જુલાઈએ રાજેશ ખન્નાને અંજલિ

મુંબઈઃ બૉલીવૂડનાં પીઢ અભિનેત્રી અને ફૅશન ડિઝાઇનર અંજુ મહેન્દ્રુએ વર્ષો પહેલાં કલ્પના પણ નહીં કરી હોય કે એક સમય એવો આવશે જ્યારે તેમણે તેમના એકસાથે બે ભૂતપૂર્વ પ્રેમીઓ વિશે મીડિયા સમક્ષ વાતચીત દરમ્યાન અંજલિ આપવી પડશે.

વિખ્યાત સંગીતકાર સ્વ. મદન મોહનના ભાણેજ અંજુ મહેન્દ્રુ ૮૦ વર્ષનાં છે. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકા દરમ્યાન તેઓ હિન્દી ફિલ્મોના પ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્નાના પ્રેમમાં હતાં. જોકે એ જ અરસામાં અંજુ અને વેસ્ટ ઇન્ડિઝના મહાન ક્રિકેટર સર ગૅરી સોબર્સ થોડા સમય માટે રિલેશનશિપમાં હતાં. કેટલાક અહેવાલો મુજબ અંજુ અને સોબર્સ સગાઈના બંધનમાં બંધાયાં હતાં. ત્યારે અંજુ-સોબર્સ વિશે બૉલીવૂડમાં તેમ જ ક્રિકેટ જગતમાં ખૂબ ચર્ચા થઈ હતી. જોકે બન્નેનું પ્રેમ-પ્રકરણ બહુ લાંબો સમય નહોતું ચાલ્યું.

અંજુ અને રાજેશ ખન્ના (કાકા) વચ્ચેના સંબંધો લગભગ દોઢ દાયકા સુધીના હતા. એક સમય એવો આવ્યો જ્યારે અંજુ અને રાજેશ ખન્ના વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી હતી. રાજેશ ખન્નાએ બીજી મશહૂર અભિનેત્રી ડિમ્પલ કાપડિયા સાથે લગ્ન કર્યાં હતાં. જોકે અમુક અહેવાલ અનુસાર રાજેશ ખન્ના પછીથી અંજુ મહેન્દ્રુને વારંવાર મળ્યા હોવાના અને તેમની વચ્ચે ફરી મિત્રતા થઈ હતી.

શુક્રવાર, ૧૭મી જુલાઈએ સર ગૅરી સોબર્સનું બાર્બેડોઝમાં ૮૯ વર્ષની વયે અવસાન થયું હતું. શનિવાર, ૧૮મી જુલાઈએ રાજેશ ખન્નાની ૧૪મી પુણ્યતિથિ હતી. તેમનું ૨૦૧૨ની ૧૮મી જુલાઈએ નિધન થયું હતું. ‘હસ્તે ઝખ્મ’, ‘જ્વેલ થીફ’, ‘સંઘર્ષ’, ‘ઇન્તકામ’ વગેરે જાણીતી ફિલ્મોનાં તેમ જ હિન્દી સિરિયલ ‘કસૌટી જિંદગી કી’નાં અભિનેત્રી અંજુ મહેન્દ્રુ હવે દર વર્ષે ૧૮મી જુલાઈએ રાજેશ ખન્નાને યાદ કરશે એના અગાઉના દિવસે (૧૭મી જુલાઈએ) સોબર્સને પણ અંજલિ આપશે. ■


અંજુ મહેન્દ્રુ ૧૯૬૦ના દાયકામાં ગૅરી સોબર્સ સાથે (એકદમ ઉપર). અંજુએ એ અરસામાં રાજેશ ખન્ના સાથે ઘણા વર્ષો સુધી ડેટિંગ કર્યું હતું.

# રોહિતની સંભવિત નિવૃત્તિ વિશે બીસીસીઆઈની સ્પષ્ટતાઃ વિરાટ સાથે પણ મજાની ઘટના બની ગઈ...

લંડનઃ હજી થોડા દિવસ પહેલાં જ જોરશોરથી વાતો થતી હતી કે રોહિત શર્મા અને વિરાટ કોહલી ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમતા જોવા મળશે, પરંતુ અચાનક જ બંનેની (ખાસ કરીને રોહિતની) સંભવિત નિવૃત્તિની અટકળો થવા લાગી એમાં માત્ર ભારતના ક્રિકેટપ્રેમીઓ નહીં, પરંતુ સમગ્ર ક્રિકેટ જગતનું ધ્યાન આ બંને પર કેન્દ્રિત થયું છે. જોકે છેલ્લા ૧૨ કલાકમાં મોટો ફેરફાર આવ્યો છે. રોહિતના સંભવિત રિટાયરમેન્ટ વિશે બોર્ડ ઑફ કંટ્રોલ ફૉર ક્રિકેટ ઈન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ શુક્રવારે મોડી રાત્રે મોટો ખુલાસો કર્યો હતો, જ્યારે વર્તમાન ક્રિકેટના ફિટેસ્ટ અને સૌથી ઉત્સાહિત ખેલાડી વિરાટ કોહલીએ મેદાન પર જ એક નાની ઘટનામાં સંકેત આપી દીધો કે પોતે હજી ઘણું રમવા ઉત્સાહિત છે.

### બંને દિગ્ગજની ૧૮-૧૯ વર્ષની કારકિર્દી

૧૯૮૭માં નાગપુરમાં જન્મેલો રોહિત શર્મા જીવનના ૩૯ વર્ષ પૂરા કરી ચૂક્યો છે. ૨૦૦૭માં શરૂ થયેલી તેની કારકિર્દીને ૧૯ વર્ષ થયા છે. ૧૯૮૮માં દિલ્હીમાં જન્મેલા વિરાટ કોહલીની ઉંમર ૩૮ વર્ષ છે અને તેની કરીઅરને ૧૮ વર્ષ પૂરા થયા છે.

### રોહિતના માતા-પિતા લંડનમાં!

રોહિત શર્માના માતા-પિતા બે દિવસ પહેલાં લંડન પહોંચી ગયા હોવાથી એવી અટકળ શરૂ થઈ હતી કે રોહિત તેના પૅરેન્ટ્સની હાજરીમાં નિવૃત્ત થવા માગતો હોવાથી આજે ઇંગ્લૅન્ડ સામે લૉર્ડ્સમાં (ભારતીય સમય અનુસાર બપોરે ૩.૩૦ વાગ્યાથી) રમાનારી સિરીઝની છેલ્લી વન-ડે રોહિતની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની અંતિમ મૅચ બની રહેશે.

### રોહિત ટીમનો રેગ્યુલર મેમ્બરઃ બીસીસીઆઈ

જોકે બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ શુક્રવારે મોડી રાત્રે પીટીઆઇ સાથેની વાતચીતમાં ખુલાસો કર્યો હતો કે રોહિત શર્માના ક્રિકેટ ભાવિ વિશે મીડિયામાં ખૂબ અટકળો થઈ રહી છે. જોકે હું દૃઢપણે ખુલાસો કરું છું કે રવિવારની મૅચ રોહિતની કરીઅરની અંતિમ મૅચ છે એવી કોઈ જ ચર્ચા ક્રિકેટ બોર્ડમાં નથી થઈ. રોહિત વન-ડે ટીમનો રેગ્યુલર મેમ્બર છે અને યોજના મુજબ તે દેશનું પ્રતિનિધિત્વ કરતો જ રહેશે. ટૂંકમાં, રવિવારની લૉર્ડ્સની મૅચ તેની આખરી મૅચ નથી.’

### વિરાટ હજી કદાચ ઘણું રમવા માગે છે

વિરાટને નાનપણથી તેના ચાહકો ‘ચીકુ’ કહીને બોલાવે છે. ગુરુવારે કાર્ડીફમાં ઇંગ્લૅન્ડ સામેની બીજી વન-ડે દરમ્યાન વિરાટ જ્યારે બાઉન્ડરી લાઈન નજીકના બૅરિકેડ્સ પર બેઠો હતો ત્યારે નજીકમાં ઊભેલા એક કૅમેરામૅનને મોટા અવાજે તેને વિનંતી કરી કે ‘ચીકુ, ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ પહેલાં રિટાયર થતો જ નહીં.’ આ સાંભળીને વિરાટ એવી રીતે હસ્યો હતો કે જાણે તે પોતાની નિવૃત્તિની અટકળો વિશેની લોકોની અટકળો એકદમ બેફિકર છે અને હજી ફૉર્મમાં છે એટલે ઘણું રમવા માગે છે. વિરાટે સ્ટાઇલમાં હસી કાઢેલી આ વાત પરથી એવો સંકેત પણ મળે છેકે તે પેલા કૅમેરામૅનના મંતવ્ય સાથે બિલકુલ સહમત છે.

### આજે નિર્ણાયક વન-ડે

લંડનઃ લૉર્ડસમાં આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે સિરીઝની ત્રીજી અને અંતિમ વન-ડે રમાશે. આ મૅચ જીતીને ભારત ૨-૧ની વિજયી સરસાઈ સાથે ટી-૨૦ના ૦-૪ના રકાસને થોડું ભુલાવી શકશે. જોકે એ માટે ભારતીય ટીમને સંપૂર્ણ ટીમ-વર્કથી અને ખાસ કરીને બે પીઢ ખેલાડી રોહિત શર્મા તથા વિરાટ કોહલીના પર્ફોર્મન્સની ખાસ જરૂર પડશે. બન્ને દેશ સિરીઝમાં ૧-૧ની બરાબરીમાં છે. ભારત લૉર્ડ્સમાં છેલ્લે ૨૦૦૪માં (બાવીસ વર્ષ પહેલાં) વન-ડે જીત્યું હતું. ત્યારે દિનેશ કાર્તિક ડેબ્યૂ કર્યું હતું અને હવે તે કૉમેન્ટેટર છે. ■

# ગુરુવારથી કૉમવેલ્થ ગેમ્સઃ મીરાબાઈ અને લવલીના ભારતીય સંઘની આગેવાની સંભાળશે

નવી દિલ્હીઃ ગુરુવાર, ૨૩મી જુલાઈએ સ્કૉલૅન્ડના ગ્લાસગો શહેરમાં શરૂ થનારી કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતીય સંઘનું નેતૃત્વ બે ઑલિમ્પિક મેડલિસ્ટ મીરાબાઈ ચાનુ અને લવલીના બોર્ગોહેઇન સંભાળશે.

બન્ને મહિલા ઍથ્લીટો અને ભારત માટે આ ઐતિહાસિક અવસર છે. તેઓ ભારતીય ધ્વજ અને મશાલ સાથે ભારતના સંઘની આગેવાની સંભાળશે અને આ પ્રતિષ્ઠિત રમતોત્સવમાં ભારતનું ગર્વભેર પ્રતિનિધિત્વ કરશે. ■

# ચીની હરીફને ઈજા થઈ અને સિંધુ બે વર્ષે પહેલી વખત પહોંચી ફાઇનલમાં

ટોક્યોઃ જાપાન ઓપન બૅડમિન્ટન ચૅમ્પિયનશિપમાં ભારતની ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન પી. વી. સિંધુ ફાઇનલમાં પહોંચી ગઈ છે. ચીનની ટોક્યો ઑલિમ્પિક્સની ચૅમ્પિયન ચેન યુફી સેમિ ફાઇનલમાં સિંધુ સામે ૧૯-૨૧, ૧૦-૧૫થી પાછળ હતી ત્યારે યુફીને પગમાં દુખાવો શરૂ થતાં તેણે એ મૅચ છોડી દીધી હતી અને સિંધુને ફાઇનલમાં પ્રવેશ મળી ગયો હતો જેમાં તે જાપાનની યામાગુચી સામે રમશે. ૨૦૨૪ બાદ પહેલી વખત સિંધુ ફાઇનલમાં પહોંચી છે. છેલ્લે તે મોટું ટાઇટલ ૨૦૨૨માં સિંગાપોર ઓપનમાં જીતી હતી. ■

# જુલાઈના પહેલા પખવાડિયામાં પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં વધારો

નવી દિલ્હીઃ દેશનાં ઈંધણનાં જાહેર ક્ષેત્રના ત્રણ મુખ્ય રિટેલરોની આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન જુલાઈ મહિનાના પહેલા પખવાડિયામાં ચોમાસુ સાધારણ રહેતાં ખેડૂતો, વાહનચાલકોની માગને ટેકે પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં તીવ્ર વધારો થયો છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન(આઈઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (બીપીસીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન (એચપીસીએલ)નું ગત તા. ૧થી ૧૫ જુલાઈ દરમિયાન પેટ્રોલનું વેચાણ ગત સાલના સમાનગાળાના ૧૩.૩ લાખ ટન સામે ૨૨.૯ ટકા વધીને ૧૬.૩ લાખ ટનની સપાટીએ રહ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ વેચાણ જુલાઈ ૨૦૨૪નાં પહેલા પખવાડિયાના ૧૨.૯ લાખ ટનનાં વેચાણની તુલનામાં ૨૬.૭ ટકા અને વર્ષ ૨૦૨૩ના વેચાણની તુલનામાં ૩૮.૬ ટકા વધુ છે.

વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં આર્થિક પ્રવૃત્તિનાં માપદંડ ગણાતા ડીઝલનું વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે ૨૦.૯ ટકા વધીને ૩૪.૬ લાખ ટન (૨૮.૭ લાખ ટન)ની સપાટીએ રહ્યું હતું. ડીઝલનું આ વેચાણ વર્ષ ૨૦૨૪ના સમાનગાળાની તુલનામાં ૧૮.૪ ટકા અને વર્ષ ૨૦૨૩ના સમાનગાળાની તુલનામાં ૧૩.૯ ટકા વધુ છે. તેમ જ માસાનુમાસ ધોરણે જોઈએ તો આગલા જૂન મહિનાના પહેલા પખવાડિયામાં ડીઝલનું વેચાણ ૩૯.૪ લાખ ટનની સપાટીએ રહ્યું હોવાથી જૂનની સરખામણીમાં વેચાણમાં ૧૨.૧ ટકાનો ઘટાડો થયો છે.

સામાન્યપણે ઈંધણનાં વેચાણનો આધાર ચોમાસાની પ્રગતિ પર રહેતો હોય છે. ચોમાસામાં સિંચાઈના પંપ માટે અને વાહનો માટેની માગમાં ઘટાડો થતો હોય છે, પરંતુ આ વર્ષે ચોમાસુ વિલંબિત થયું હોવાથી ખેડૂતો ખેતીમાં સિંચાઈ માટે પંપનો ઉપયોગ કરી રહ્યા હોવાથી ડીઝલના વેચાણને ટેકો મળ્યો છે.

વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં જેટ ફ્યુઅલનું વેચાણ ગત સાલના સમાનગાળાની તુલનામાં સાધારણ ૦.૭ ટકા વધીને ૩,૧૫,૪૦૦ ટનના સ્તરે રહ્યું હતું, પરંતુ આગલા જૂન મહિનાના પહેલા પખવાડિયાના ૩,૫૧,૪૦૦ ટનના વેચાણની સરખામણીમાં ઘટાડો થયો છે. તેમ જ આ સમય દરમિયાન લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી)નાં વેચાણમાં ઘટાડો જળવાઈ રહેતાં વેચાણ ૧૭.૫ ટકા ઘટીને ૧૧.૪ લાખ ટનના સ્તરે રહ્યું હોવાનું જણાવ્યું હતું. ■

# જનતાનો મૂડ કોઈ માપી શકે?

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

રાજકારણીઓનું કામ છે કામ કરવાનું અને પ્રજાનું ચૂંટણીમાં મત આપીને રાજકારણીઓને ચૂંટવાનું. ક્યારેક એવું હોય કે જે તે દેશના વડા પ્રધાને કે રાષ્ટ્રપ્રમુખે કટોકટીભરી પરિસ્થિતિમાં દેશ અને જનતા માટે સખત મહેનત કરીને બહુ સારા કામો કરેલા હોય અને આવનારી ચૂંટણીમાં તે ચૂંટાઇ જ આવશે તેવું બધા લોકોનું માનવું હોય તેમ છતાં ક્યારેક પરિણામ અણધાર્યું આવી શકે.

વિન્સ્ટન ચર્ચીલના નામથી દુનિયામાં ભાગ્યે જ કોઇ અજાણ હશે. દ્વિતીય વિશ્વયુદ્ધમાં જો ચર્ચીલ બ્રિટનના પ્રાઇમ મિનિસ્ટર ના હોતે તો આજે દુનિયાનું પિક્ચર કંઇક અલગ જ હોતે.

વિન્સ્ટન ચર્ચીલનું દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાનનું નેતૃત્વ બ્રિટિશ ઇતિહાસમાં કોઇપણ વડા પ્રધાનના કાર્યકાળમાં કરતાં સૌથી વધુ પ્રભાવશાળી અને નિર્ણાયક રહ્યું છે. મે ૧૯૪૦માં, જ્યારે સમગ્ર પશ્ચિમ યુરોપ નાઝી શાસન સામે ઘૂંટણિયે પડી રહ્યું હતું, ત્યારે ચર્ચીલે બ્રિટનની તુષ્ટિકરણની નીતિને બદલીને અડગ અને અવિરત પ્રતિકારની નીતિ અપનાવી.

કટોકટીનો કાળ ૧૯૪૦-૪૧

ડેન્માર્ક અને નોર્વે પર જર્મનીના આક્રમણ બાદ નેવિલ ચેમ્બરલેનના રાજીનામા પછી, ૧૦મે ૧૯૪૦ના રોજ ચર્ચીલને વડા પ્રધાન નિયુક્ત કરવામાં આવ્યા. આ એવો સમય હતો જયારે ફ્રાન્સ પરાજય તરફ ધકેલાઇ રહ્યું હતું અને બ્રિટિશ સૈન્ય ડનકર્કના દરિયા કિનારે ફસાયેલું હતું.

જર્મની સામે શરણાગતિ સ્વીકારવા અથવા શાંતિ વાટાઘાટો કરવાને બદલે ચર્ચીલે તેમના સૌથી શક્તિશાળી શસ્ત્ર-અંગ્રેજી ભાષા અને વક્તૃત્વ-દ્વારા બ્રિટિશ પ્રજા અને લશ્કરમાં નવો પ્રાણ પૂર્યો.

આપણે દરિયાકિનારા પર લડીશું, આપણે લેન્ડિંગ ગ્રાઉન્ડ્સ પર લડીશું, આપણે ખેતરો અને શેરીઓમાં લડીશું, આપણે પહાડોમાં લડીશું, આપણે ક્યારેય હાર માનીશું નહીં : ૪ જૂન, ૧૯૪૦, ડનકર્કમાંથી સૈનિકોને સુરક્ષિત બહાર કાઢ્યા બાદ આપેલું ભાષણ.

બેટલ ઓફ બ્રિટન : ચર્ચીલના વ્યૂહાત્મક નિર્ણયો અને બ્રિટિશ એર ડિફેન્સના પુનર્ગઠનને કારણે રોયલ એર ફોર્સ જર્મન વાયુસેનાને રોકવામાં સફળ રહી.

ધ બ્લિટ્ઝ : લંડન અને અન્ય ઔદ્યોગિક શહેરો પણ મહિનાઓ સુધી થયેલા સતત બોમ્બમારો દરમિયાન, ચર્ચીલ જાતે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેતા હતા. જે લોકોનો ઉત્સાહ અને હિંમત વધારવા માટે પ્રતીક સમાન બની રહ્યાં.

'ગ્રાન્ડ એલાયન્સ' મહાગઠબંધનની સ્થાપના : ચર્ચીલ શરૂઆતથી જ જાણતા હતા કે બ્રિટન એકલું જર્મનીને હરાવી શકે તેમ નથી. તેથી તેમણે 'ગ્રાન્ડ એલાયન્સ' બનાવવા માટે સખત મહેનત કરી.

યુનાઇટેડ સ્ટેટ્સ : પર્લ હાર્બર પર હુમલા બાદ અમેરિકા સત્તાવાર રીતે યુદ્ધમાં જોડાયું તે પહેલાં જ, ચર્ચીલે રાષ્ટ્રપતિ ફ્રેન્કલિન ડી. રુઝવેલ્ટ સાથે મજબૂત સંબંધો સ્થાપિત કર્યા હતાં. આના પરિણામે અમેરિકા તરફથી લેન્ડલીઝ એક્ટ હેઠળ મહત્ત્વની લશ્કરી અને આર્થિક સહાય મળી.

સોવિયેત યુનિયન રશિયા : ચર્ચીલે પોતે સામ્યવાદના સખત વિરોધી હોવા છતાં, જૂન ૧૯૪૧માં જયારે જર્મનીએ રશિયા પર આક્રમણ કર્યું, ત્યારે તેમણે તાત્કાલિક જોસેફ સ્ટાલિન સાથે હાથ મિલાવ્યા. તેમણે રમૂજમાં કહ્યું હતું. 'જો હિટલર નરક પર પણ આક્રમણ કરે, તો હાઉસ ઓફ કોમન્સમાં શેતાનના પક્ષમાં પણ બે શબ્દો ચોક્કસ કહીશ.'

વૈશ્વિક પરિષદો : વૈશ્વિક રણનીતિ ઘડવા માટે ચર્ચીલે અત્યંત જોખમી પ્રવાસો ખેડીને રુઝવેલ્ટ અને સ્ટાલિન ધ બિગ થ્રી સાથે તહેરાન, યાલ્ટા અને પ્રોટ્સડેમ જેવી પરિષદોમાં ભાગ લીધો હતો.

આમ વિન્સ્ટન ચર્ચીલે હિટલરના જર્મન આક્રમણને ફેઇલ કર્યું. બ્રિટનનું સાર્વભૌમત્વ જાળવી રાખ્યું, ઇટાલીને યુદ્ધમાંથી બહાર કાઢ્યું અને ૮મે ૧૯૪૫ના રોજ નાઝી જર્મનીએ સંપૂર્ણ શરાણાગતી સ્વીકારવા મજબૂર કર્યું.

યુદ્ધ પછીનો સમયગાળો મે ૧૯૪૫ માં યુરોપમાં વિજય મેળવ્યાના ગણતરીના અઠવાડિયાઓ બાદ જ, જુલાઇ ૧૯૪૫ની બ્રિટિશ સામાન્ય ચૂંટણીમાં ચર્ચીલની કન્ઝર્વેટિવ પાર્ટીનો કલેમેન્ટ એટલીની લેબર પાર્ટી સામે ભારે પરાજય થયો, જેનાથી સમગ્ર વિશ્વ ચોંકી ગયું હતું.

યુદ્ધથી થાકેલી બ્રિટિશ જનતાએ યુદ્ધના વિજયથી આગળ વધીને દેશના આંતરિક પુનઃનિર્માણ, સામાજિક સુધારણાઓ અને કલ્યાણકારી યોજનાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું અને ચર્ચીલેની અદ્ભુત લીડરશિપની અવગણના કરી. ચર્ચીલ ભલે દુનિયા માટે સખત વ્યક્તિત્વ હોય કે અમુક દેશમાં તેને ઘૃણાથી પણ જોતા હોય, પરંતુ સેકન્ડ વર્લ્ડવોરમાં બ્રિટિશ માટે જે કામ કરેલું છે તે અજોડ છે. ભલે ચર્ચીલે સત્તા ગુમાવી, પરંતુ લોકશાહીના રક્ષણ માટે બ્રિટિશ માટે જે કામ કરેલું છે તે અજોડ છે. ભલે ચર્ચીલે સત્તા ગુમાવી, પરંતુ લોકશાહીના રક્ષણ માટે 'બ્રિટિશ બુલડોગ' તરીકેની તેમની ભૂમિકા ઇતિહાસના પાના પર હંમેશ માટે સુવર્ણ અક્ષરે અંકાઇ ગઇ પણ આખા ઘટનાક્રમથી એક વાત સાબિત પણ થઇ ગઇ કે પ્રજાનો મૂડ માપવો નામુમકીન નહી તો અશક્યતો જરૂર છે, નહીંતર ચર્ચીલ જેવી મહાન નેતાગારી ના હોત તો આજે બ્રિટન ક્યાં હોતે તેની કલ્પના કરવી મુશ્કેલ છે અને તેમ છતાં દ્વિતીય વિશ્વયુદ્ધ બાદની બ્રિટનની સંસદની ચૂંટણીમાં ચર્ચીલનો કારમો પરાજય થયો અને આવા બનાવો આજે પણ રાજકારણમાં જોવા મળે છે. ચર્ચીલે તેની જિંદગી એવી જ રીતે જેવી તે કહેતા હતા કે "સક્સેસ ઇઝ નોટ ફાઇનલ, ફેઇલ્યોર ઇઝ નોટ ફેટલ, ઇટ ઇઝ ધ કરેજ ટુ કન્ટિન્યુ ઘેટ કાઉન્ટસ." ■

# ખાંડમાં સટ્ટાકીય તેજી સામે ઈસ્મા અને એનએફસીએસએફ સંગઠનોનો પર્યાપ્ત પુરવઠાનો દાવો

## ગભરાટભરી ખરીદી અને સંગ્રહખોરીથી દૂર રહેવાની હિસ્સેધારકોને હાકલ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ ખાંડમાં પુરવઠાખેંચની સ્થિતિ સર્જાવાના ભય હેઠળ તાજેતરમાં ખાસ કરીને ગત સોમવારથી આજ રોજ અથવા તો શનિવાર સુધીમાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૮૦થી ૨૯૮ની અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૨૫૦થી ૨૮૦ની તેજીનો પવન ફૂંકાઈ ગયો છે.જોકે, દેશમાં ખાંડનો પર્યાપ્ત અને સંતોષજનક સ્ટોક હોવાનો સ્થાનિક સંગઠનોએ દાવો કર્યો છે.

આજે ઈન્ડિયન સુગર ઍન્ડ બાયો એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (ઈસ્મા) અને નેશનલ ફેડરેશન ઑફ કૉ-ઑપરેટિવ સુગર ફેક્ટરીઝ લિ.એ સંયુક્તપણે સરકાર સાથે ચર્ચા કર્યા બાદ હિસ્સેધારકોને સ્થાનિક વપરાશી માગ માટે ખાંડનો પર્યાપ્ત સ્ટોક હોવાથી ગભરાટભરી લેવાલી ન કરવા અથવા તો સટ્ટાકીય પ્રવૃત્તિથી દૂર રહેવાનો અનુરોધ કર્યો છે.

સરકાર સાથેની વાતચીત દરમિયાન ખાંડ ઉદ્યોગે જણાવ્યું હતું કે આગામી વર્ષ ૨૦૨૬-૨૭ની ખાંડ મોસમમાં કૃષિ પરિસ્થિતિઓ અનુસાર પીલાણ શક્ય એટલું વહેલું શરૂ કરવામાં આવશે. તેમ જ તે પૂર્વે દેશમાં ખાંડનો પર્યાપ્ત સ્ટોક જળવાઈ રહેશે. વધુમાં પીલાણ વહેલુ થવાથી નવી ખાંડની આવકો પણ વહેલી શરૂ થવાથી સ્થાનિક સ્તરે પુરવઠાસ્થિતિ વધુ મજબૂત થશે અને બજારમાં વિશ્વસનીયતામાં વધારો થશે આથી ખાંડની ઉપલબ્ધિ અંગે ચિંતા કરવાનો કોઈ અવકાશ ન હોવાથી સંગઠનોએ બાંયધરી આપી હતી.

વધુમાં સંગઠનોએ જણાવ્યું હતું કે ઉદ્યોગનું મક્કમપણે માનવું છે કે તાજેતરમાં જોવા મળેલા ભાવવધારાને માગ-પુરવઠાના પરિબળોને ટેકો નથી આપતો. સ્થાનિક સ્તરે પૂરતો સ્ટોક છે ત્યારે અછતનો ભ્રમ ઊભો કરીને અકારણસર બજારમાં ચંચળતા વધારવાથી સ્થાનિકમાં રાબેતા મુજબ ચાલતા વેપાર ખોરવાય છે અને તેને કારણે ગ્રાહકો તથા ઉદ્યોગો પર માઠી અસર પડતી હોય છે.

આથી ઈસ્મા અને એનએફસીએસએફએ સંયુક્તપણે ટ્રેડરો, હોલસેલરો, સંસ્થાકીય ખરીદદારો, રિટેલરો અને બજારનાં અન્ય સહભાગીઓને અનુરોધ કર્યો છે કે તેઓ સટ્ટાકીય ખરીદી અને સંગ્રહખોરીથી દૂર રહે તેમ જ ખાંડની ઉપલબ્ધિ અંગેની ગેરમાર્ગે દોરતી માહિતીઓથી દૂર રહે. કેમ કે તેને કારણે કૃત્રિમ અનિશ્ચિતતા ઊભી થવાથી ગ્રાહકો, ખેડૂતો અને ઉદ્યોગના હિત જોખમાતા હોય છે.

ભારતીય ખાંડ ઉદ્યોગ દેશમાં ખાંડનો અવિરત પુરવઠો વાજબી ભાવથી જળવાઈ રહે તે માટે અને શેરડીના ખેડૂતો તથા ખાંડ મિલોના હિત જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ હોવાનું બન્ને સંગઠનોએ સંયુક્ત યાદીમાં ઉમેર્યું હતું. ■

# વ્યાજદરમાં વધારાની ભીતિથી વૈશ્વિક સોનામાં જૂન પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો

## સ્થાનિકમાં વધુ ભાવઘટાડાના આશાવાદે સોનાના ભાવ પરનાં ડિસ્કાઉન્ટ એક મહિનાની ટોચે

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

વીતેલા સપ્તાહ દરમિયાન ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ વેપાર માર્ગ બંધ કરતાં અમેરિકાએ ઈરાન પરનાં હુમલાઓ વધુ ઉગ્ર બનાવ્યા હતા અને તેના વળતા જવાબમાં ઈરાને પણ અમેરિકાના અખાતી સહયોગી દેશો પર હવાઈ હુમલાઓ કરતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવ્યો હતો અને ક્રૂડતેલના ભાવ વધી આવતા વૈશ્વિક સ્તરે ફુગાવામાં વધારાની શક્યતાની સાથે વધતા ફુગાવાને અંકુશમાં રાખવા કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતા સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં સપ્તાહ દરમિયાન નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં રૂપિયામાં ૯૨ પૈસા જેટલું ધોવાણ થવાથી સ્થાનિકમાં આયાત પડતરોમાં વધારો થવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં સોના અને ચાંદીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભમાં હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૦મી જુલાઈના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૩,૩૬૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૧,૪૨૨૮૯ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૪૧,૧૫૯ અને ઉપરમાં ખૂલતી જ રૂ. ૧,૪૨,૨૮૯ની સપાટીએ રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૦૯ અથવા તો ૧.૫૪ ટકાના ઘટાડા સાથે સપ્તાહની નીચી રૂ. ૧,૪૧,૧૫૯ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં ચાંદીના વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૦મી જુલાઈના રૂ. ૨,૨૦,૩૯૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૨,૧૭,૨૩૫ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૨,૨૦,૩૯૧ની સપાટી દર્શાવ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૪૯૧૬ અથવા તો ૨.૨૩ ટકા ઘટીને સપ્તાહની નીચી રૂ. ૨,૧૫,૪૭૪ની સપાટીએ બંધ રહ્યા હતા.

ગત સપ્તાહ દરમિયાન બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવા છતાં તાજેતરની વૈશ્વિક ભૂરાજકીય સ્થિતિને ધ્યાનમાં લેતા ખાસ કરીને સોનામાં રોકાણકારો અને ખરીદદારોએ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોવાથી લેવાલી શુષ્ક રહી હતી. તેમ જ જ્વેલરી ઉત્પાદકોની માગ પણ મર્યાદિત રહેતાં સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં લગભગ એક મહિનાના ઊંચા ઔંસદીઠ ૪૫ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટથી ઑફર કરી રહ્યાના અહેવાલ હતા. વધુમાં ભાવઘટાડાના માહોલમાં ચાંદીમાં પણ માત્ર ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ જળવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એકંદરે ગત સપ્તાહે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, અમેરિકાના મજબૂત આર્થિક ડેટા, અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો, ક્રૂડતેલના ઊંચા ભાવથી ફુગાવો વધતાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સાપ્તાહિક ધોરણે વૈશ્વિક સોનામાં ત્રણ ટકા જેટલો અને ચાંદીના ભાવમાં ૪.૫ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. વધુમાં ફેડરલ રિઝર્વના અધિકારીઓએ ભવિષ્યની નાણાનીતિ અમેરિકાના આર્થિક ડેટાઓ પર આધારિત રહેશે, એમ જણાવ્યું હોવાથી ગત જૂન મહિનાના ફુગાવામાં ઘટાડો થવાથી ફેડરલ રિઝર્વના નીતિ ઘડવૈયાઓ વ્યાજદરમાં ઘટાડો કરવાની ઉતાવળ નહીં કરે એવી શક્યતા જણાતી હતી, પરંતુ અમેરિકા-ઈરાન વચ્ચેનો ભૂરાજકીય તણાવ ફરી સપાટી પર આવતા ક્રૂડતેલના ભાવ વધી આવતા પુનઃ ફુગાવામાં વધારો તોળાઈ રહ્યો હોવાથી સોનાના ભાવ ફરી દબાણ હેઠળ આવ્યા હતા. એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું કે હવે જો ભવિષ્યમાં અમેરિકાના આર્થિક ડેટાઓ અપેક્ષા કરતાં નબળા આવ્યા તો વ્યાજદરમાં ઘટાડો થવાની શક્યતાએ સોના-ચાંદીમાં સુધારો જોવા મળશે અને જો ડેટા અપેક્ષા કરતાં વધુ મજબૂત આવ્યા તો ઊંચા વ્યાજદર લાંબા સમયગાળા સુધી જાળવી રાખે તેમ હોવાથી સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવે તેવી શક્યતા છે.

નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની મહત્ત્વની મનોવૈજ્ઞાનિક સપાટી ગુમાવીને પાછા ફર્યા હતા. આગામી સપ્તાહમાં જો સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી ગુમાવે તો ભાવ ઘટીને ૩૭૫૦ ડૉલર સુધી પહોંચી શકે છે, જ્યારે ઔંસદીઠ ૪૨૫૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે અને હાજરમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૦થી ૬૨ ડૉલરની રેન્જમાં રહે તેમ જણાય છે. વધુમાં સ્થાનિક સ્તરે સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૩૬,૦૦૦થી ૧,૪૩,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૨,૦૦,૦૦૦થી ૨,૨૫,૦૦૦ની રેન્જમાં રહે તેવી ધારણા તેમણે મૂકી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ગત ૩૦મી જૂન પછીની નીચી સપાટી સુધી ઘટ્યા બાદ આગલા બંધ સામે એક ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૪૦૧૧.૨૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૪૦૧૮.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ એક ટકો વધીને ઔંસદીઠ ૫૬.૦૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વાસ્તવમાં ડૉલર ઈન્ડેક્સની મજબૂતી અને ફુગાવાની ચિંતાને કારણે વૈશ્વિક સ્તરે વ્યાજદરમાં વધારો થવાની ભીતિને કારણે સોનામાં વેચવાલીનું દબાણ વધ્યું હોવાનું એવર બૅન્કના વર્લ્ડ માર્કેટના પ્રમુખ ક્રિસ ગેફનેએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અમેરિકાએ તહેરાન પરનાં હુમલાઓ વધુ ઉગ્ર બનાવીને પુલો તથા એરપોર્ટને લક્ષ્યાંક બનાવ્યા હોવાથી ઈરાને પણ અમેરિકાના મધ્યપૂર્વનાં દેશોના બૅઝને લક્ષ્યાંક બનાવીને હુમલા કર્યા હોવાથી ગત સપ્તાહે ક્રૂડતેલના ભાવમાં પણ સાપ્તાહિક ધોરણે ૧૬ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અમેરિકાના તાજેતરના આર્થિક ડેટાઓ જોતા ફેડરલ ઓપન માર્કેટ કમિટી આગામી બેઠક સુધી વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડી હતી, પરંતુ તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા વધારાને કારણે ફેડરલ રિઝર્વ વ્યાજદર માટે તંગ નાણાનીતિના નિર્દેશો આપે તેવી શક્યતા પણ નકારી ન શકાય. જોકે, ગત શુક્રવારે સીએમઈ ફેડવૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૫૮ ટકા શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા હતા. ■

# નૂતન નાગરિક સહકારી બૅન્ક લિ.ની 55મી વાર્ષિક સાધારણ સભા

મુંબઈઃ નૂતન નાગરિક સહકારી બૅન્ક લિ.ની ૫૫મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૫-૦૭-૨૦૨૬ ને બુધવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે જે. બી. ઓડીટોરિયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) ખાતે યોજાઈ હતી. સભાની કાર્યવાહીના પ્રારંભે બૅન્કના વાઇસ ચેરમેન શ્રી પાવનભાઈ આર. પરીખે સભાસદોને વર્ષ તા. ૦૧-૦૪-૨૦૨૫થી ૩૧-૦૩-૨૦૨૬ દરમિયાન બૅન્કે કરેલી કામગીરી તથા પ્રગતિની સમીક્ષા કરી હતી. તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ બૅન્કની ડિપોઝીટ રૂા. ૨૯૦૧.૪૭ કરોડ થઈ છે તથા તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ ધિરાણ રૂા. ૧૮૦૮.૫૦ કરોડ થયેલ છે. બૅન્કનાં નેટ એન.પી.એ. વર્ષ ૨૦૦૨-૦૩થી ૦% પર જળવાઈ રહેલ છે. આ વર્ષે બૅન્કનો ચોખ્ખો નફો ૧૫.૨૩ કરોડ થયેલ છે. તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષના અંતે બૅન્કના સભાસદોની સંખ્યા ૨૫૯૪૯ થઈ છે. બૅન્કે આ વર્ષે સભાસદોને ૧૨% ડિવિડન્ડ જાહેર કર્યું છે. ■

# ખાંડમાં ₹ ૯૦થી ૧૨૦ની આગઝરતી તેજી

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫ના સુધારા સાથે થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે સપ્તાહના અંતે હાજરમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૯૦થી ૧૨૦ની તેજી આગળ ધપી હતી. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં છ સત્ર દરમિયાન સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૮૦ થી ૨૯૮નો મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૨૫૦થી ૨૮૦નો ઉછાળો આવી ગયો છે.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પ્રબળ માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજર ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૧૮ અને ઉપલા મથાળેથી રૂ. ૧૧૦ વધીને રૂ. ૪૫૦૦થી ૪૫૭૨માં તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૯૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૨૦ વધીને રૂ. ૪૫૫૨થી ૪૬૭૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

# ધાતુમાં ઘટ્યા મથાળેથી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી તેમ જ વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૨નો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિરસ માગે કોપર આર્મિચર અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું અને અન્ય ધાતુઓમાં સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ગઈકાલના ઘટ્યા મથાળેથી ચોકકસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૫૨૬૮, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૩૭૯, નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૬૫૦ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૩૦૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૪૯ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૨૯૫, રૂ. ૧૨૮૫ અને રૂ. ૧૧૯૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે કોપર આર્મિચર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૨૭૫ અને રૂ. ૩૭૯ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૧૦, રૂ. ૮૩૫ અને રૂ. ૨૦૬ના મથાળે ટકેલા રહ્યા હતા.

# પાંખાં વેપારે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૨૩૮ સેન્ટનો ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતને કારણે વેપારી આલમની પાંખી હાજરી વચ્ચે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં વિશ્વ બજારથી વિપરીત દેશી-આયાતી ખાદ્યતેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૯૫, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦ તથા ઑગસ્ટ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૪૬૨ અને રૂ. ૧૪૬૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના જુલાઈ અને ઑગસ્ટ ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૪૭૮ અને રૂ. ૧૪૮૩, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૭૫ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના ઓક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૫૨૦ અને સન રિફાઈન્ડના ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૭૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૮૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૭૫માં અને રાજકોટ મથકે ૭૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૮૦માં થયાના અહેવાલ હતા, જ્યારે હાજરમાં સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૮૦થી ૧૫૮૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૨૫થી ૧૬૩૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની ૬૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૨૦૦થી ૭૪૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૩૭૫થી ૭૪૫૦માં થયા હતા. આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, સન રિફાઈન્ડ અને સિંગતેલના રૂ. ૧૭૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦ અને સરસવના રૂ. ૧૭૦૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વિદેશી હૂંડિયામણની અનામત ૯૬.૪ કરોડ ડૉલર વધી

મુંબઈઃ ગત ૧૦મી જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૯૬.૪ કરોડ ડૉલર વધીને ૬૭૫.૧૫૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૭.૨૬ અબજ ડૉલર વધીને ૬૭૪.૧૯૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

અગાઉ ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે અનામત ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલા કરતાં ક્રૂડતેલના ભાવ વધી આવતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયાને ગબડતો અટકાવવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા સમયાંતરે બજારમાં હસ્તક્ષેપ કરીને ડૉલરમાં વેચવાલી કરતાં અનામતમાં ક્રમશ ઘટાડો થતો રહ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૯૩ કરોડ ડૉલર વધીને ૫૪૬.૫૦૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૨.૪ કરોડ ડૉલર વધીને ૧૦૫.૨૨૩ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૩૦ લાખ ડૉલર વધીને ૧૮.૬૨૬ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૭૦ લાખ ડૉલર વધીને ૪.૭૯૩ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# ભાવનગર શહેરમાં ₹ ૨૧.૨૨ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર શહેરમાં નાગરિકોને વધુ સુવિધાસભર શહેરી માળખું ઉપલબ્ધ કરાવવાના હેતુસર અમૃત ૨.૦ તથા પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારની ગ્રાન્ટ હેઠળ રૂ. ૨૧.૨૨ કરોડના ખર્ચે હાથ ધરાયેલા વિવિધ જનસુખાકારી વિકાસકામોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીના હસ્તે એક જ દિવસે કરવામાં આવ્યું હતું.

જનસુખાકારી વિકાસકામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત પ્રસંગે જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના વિકાસલક્ષી અભિગમના પરિણામે શહેરમાં પાયાની સુવિધાઓ સતત વિસ્તરી રહી છે અને વિકાસની ગતિ વધુ વેગવાન બની છે.

તેમણે કહ્યું હતું કે, કુંભારવાડા વિસ્તારમાં ૨૦ લાખ લિટર ક્ષમતાનો સંપ અને ૧૫ લાખ લિટર ક્ષમતાની ઊંચી પાણીની ટાંકી કાર્યરત થતાં વિસ્તારના નાગરિકોને નિયમિત અને વધુ સુવ્યવસ્થિત રીતે પીવાનું પાણી મળી રહ્યું છે. આ સુવિધાથી વિસ્તારની પાણી પુરવઠા વ્યવસ્થા વધુ મજબૂત અને કાર્યક્ષમ બની છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શહેરમાં પાણી પુરવઠા, ડ્રેનેજ અને માર્ગ વ્યવસ્થાના સશક્તિકરણ માટે વિવિધ માળખાકીય વિકાસકામો અમલમાં મૂકવામાં આવી રહ્યા છે.




વાડીલા નાળાથી દસ નાળા સુધી આશરે રૂ. ૨૯ કરોડના ખર્ચે માર્ગ નિર્માણનું કાર્ય પ્રગતિમાં છે, જ્યારે આગામી તબક્કામાં આશરે રૂ. ૮૦ કરોડના ખર્ચે આર.સી.સી. માર્ગોના નિર્માણનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી પુરવઠા અને ડ્રેનેજ નેટવર્કના અપગ્રેડેશનના કાર્યો પણ હાથ ધરવામાં આવ્યા છે.

લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયેલા વિકાસકામોમાં ભીમ પાર્ક સોસાયટીમાં આર.સી.સી. રોડનું કામ, નારી ગામ ખાતે આવેલા જૂના ચોરાનું રિપેરિંગ અને નવીનીકરણ, નીલમબાગ સર્કલ નજીક આવેલા સ્વિમિંગ પુલનું નવીનીકરણ, ભગવતી સર્કલ પાસે મારુતિ યોગ આશ્રમ પ્રાથમિક શાળા નં. ૮૩ના રમતગમતના મેદાન ફરતે કમ્પાઉન્ડ વોલનું નિર્માણ તેમજ શાળામાં જરૂરી રિપેરિંગ અને રિનોવેશનના કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિદ્યાનગર વિસ્તારની સ્વેતકમલ સોસાયટીમાં ડી.આઈ. પાણીની લાઇન નેટવર્ક અપગ્રેડેશન, માઢીયા રોડ શેરી નં. ૧ થી ૨૦માં રબર મોલ્ડેડ પેવિંગ બ્લોક તથા ડી.આઈ. પાણીની લાઇન અપગ્રેડેશન, માઢીયા રોડ બાથાભાઈના ચોકથી પાળાની પાછળ સી-આકારનો આર.સી.સી. રોડ, કુંભારવાડા વોર્ડના જવાહરનગર વિસ્તારમાં તમામ રસ્તાઓને આર.સી.સી. બનાવવાના કામો, ગોપાલનગર તથા આસપાસના વિસ્તારમાં ડ્રેનેજ લાઇન અપગ્રેડેશન, અક્ષરપાર્ક કુંભારવાડામાં ઈ.એસ.આર. અને સંપનું નિર્માણ તેમજ ઈ.એસ.આર. આધારિત પાણી પુરવઠા નેટવર્કનું અપગ્રેડેશન, રામદેવનગર અને ગીરનાર સોસાયટીમાં નેટવર્ક અપગ્રેડેશન, હાદાનગર-ઇન્દિરાનગર-નારી-ગઢેચી વડલા વિસ્તારમાં વિવિધ સ્થળોએ લાઇન અપગ્રેડેશન અને જોબવર્ક તેમજ વાંદિલાના નાળાથી અક્ષરપાર્ક સ્કૂલ સુધી પેવર રોડના કામોનો પણ સમાવેશ થાય છે.

આમ, માર્ગ, પાણી પુરવઠો, ડ્રેનેજ, રમતગમત, શૈક્ષણિક સુવિધાઓ અને શહેરી માળખાકીય વિકાસને વધુ મજબૂત બનાવતા આ વિકાસકામોથી શહેરના વિવિધ વિસ્તારોમાં નાગરિકોને ગુણવત્તાસભર સુવિધાઓ ઉપલબ્ધ બનશે અને શહેરી વિકાસને વધુ વેગ મળશે. ■

# કચ્છમાં ૧૧૨ નવનિયુક્ત મહેસૂલી તલાટીઓની મામલતદાર કચેરીઓમાં નિમણૂક, વહીવટી કામગીરીને વેગ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ દેશના બીજા નંબરના સૌથી મોટા જિલ્લા કચ્છના વહીવટી તંત્રને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે તાજેતરમાં જ ભરતી થયેલા ૧૧૨ નવનિયુક્ત મહેસૂલી તલાટીઓને જિલ્લાની વિવિધ મામલતદાર કચેરીઓમાં નિમણૂંક આપવામાં આવી છે.

ગઈકાલે જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને એક ખાસ સ્થળ પસંદગી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ ઉમેદવારોએ મેરિટ અને પસંદગીના આધારે પોતાના તાલુકાની કચેરીઓ મેળવી હતી. આ પ્રક્રિયા પૂર્ણ થતાં જ જિલ્લા કલેક્ટર દ્વારા તમામ નવનિયુક્ત તલાટીઓને ફરજ પર હાજર થવાના સત્તાવાર આદેશો જાહેર કરી દેવામાં આવ્યા હતા.

ગઈકાલે યોજાયેલા આ કેમ્પમાં જિલ્લાના જુદા જુદા તાલુકાઓની જરૂરિયાત મુજબ પારદર્શક રીતે જગ્યાઓની ફાળવણી કરવામાં આવી હતી.

જેમાં સૌથી વધુ નખત્રાણા તાલુકામાં ૨૩ અને સીમાવર્તી રાપર તાલુકામાં ૧૬ તલાટીઓની નિમણૂંક કરાઈ છે. આ ઉપરાંત બંદરીય માંડવીમાં ૧૫, ભુજ (ગ્રામ્ય)માં ૧૧, મુંદરામાં ૧૧, ભચાઉમાં ૧૧, અબડાસામાં ૯, લખપતમાં ૭, અંજારમાં ૬, ગાંધીધામમાં ૨ અને ભુજ (શહેર) મામલતદાર કચેરી ખાતે ૧ તલાટીને ફરજ સોંપવામાં આવી છે. જિલ્લાની કુલ ૧૧૨ ખાલી જગ્યાઓ પર નવા અધિકારીઓની નિમણૂંક પ્રક્રિયા પૂર્ણ કરી લેવાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં લાંબા સમયથી મહેસૂલી તલાટીઓની જગ્યાઓ ખાલી હોવાના કારણે સ્થાનિક કક્ષાએ વહીવટી કામગીરી પર અસર પડતી હતી. હવે આ નવી નિમણૂકો થવાથી ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ આવકના દાખલા, વારસાઈ નોંધ, જમીનને લગતી વિવિધ વહીવટી પ્રક્રિયાઓ તેમજ અન્ય સરકારી પ્રમાણપત્રો મેળવવાની કામગીરી વધુ ઝડપી બનશે.

નવા તલાટીઓ ટૂંક સમયમાં જ જે-તે મામલતદાર કચેરીઓમાં પોતાનો કાર્યભાર સંભાળી લેશે, જેનાથી સ્થાનિક પ્રજાના અટકેલા મહેસૂલી કાર્યોનો ઝડપી નિકાલ આવશે અને સરકારી સેવાઓ વધુ લોકભોગ્ય બનશે તેવી અપેક્ષા છે. ■

# ગિરનાર પર્વત પર ચઢવા માટે રજિસ્ટ્રેશન અનિવાર્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ જુનાગઢમાં ગિરનાર પર્વત ચઢવા ઇચ્છ્યા યાત્રિકો માટે ઈન અને આઉટ રજીસ્ટ્રેશન ફરજીયાત બનાવવામાં આવ્યું છે. આ નિયમ ગિરનારની જૂની અને નવી સીડીની સાથે રોપવે પરથી ગિરનાર પર્વત પર યાત્રા માટે આવતા તમામ યાત્રિકો માટે ઈન અને આઉટ રજીસ્ટ્રેશન ફરજીયાત બનાવવામાં આવ્યો છે. કોઈ પણ પ્રવાસી ક્યૂ આર કોડને સ્કેન કરીને ઇન અને આઉટ રજીસ્ટ્રેશન કરી શકશે. જે પ્રવાસી પાસે મોબાઈલ ફોન નથી તેવા તમામ પ્રવાસી અને યાત્રિકો સ્થળ પર ફરજ પરના કર્મચારી ઓ પાસે ઓફલાઈન ઈન અને આઉટ રજીસ્ટ્રેશન કરાવી



શકશે. આ પ્રકારની હંગામી વ્યવસ્થા ૧૮ જુલાઈ શનિવારથી ગિરનાર પર્વત પર અમલી બની છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૪ જૂલાઈના રોજ પરિવાર સાથે ગિરનાર દર્શન કરવા આવેલા ૧૨ વર્ષીય છોકરાને ગીરનાર પર્વતના ૫૦ પગથિયેથી સિંહ ઉપાડી ગયો હતો. જે બાદ શોધખોળ કરતાં જંગલમાંથી બાળકના બૂટ, કપડાં અને શરીરના થોડા અવશેષો હાથ લાગ્યા હતા. વહેલી સવારે સિંહ દ્વારા શિકાર કરાતા ભારે હડકંપ મચી ગયો હતો. ગિરનારના ઇતિહાસમાં સીડી પર પ્રથમ વખત કોઈ હિંસક પ્રાણી દ્વારા શિકાર કરવાની આ પહેલી ઘટના હતી. આ ઘટનાની ગંભીરતાને જોતા પોલીસે ગીરનારની મુખ્ય સીડીની આસપાસનો વિસ્તાર સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો હતો. આ કરૂણ ઘટના બાદ વન વિભાગ મ્યુનિસિપલ કમિશનર પોલીસ તંત્ર અને જિલ્લા કલેકટરની સાથે તમામ સરકારી વિભાગોએ મનોમંથનના અંતે આ પ્રકારની ઘટના ફરીથી ન બને તે માટે રજીસ્ટ્રેશન ફરજીયાત કરવાનો નિર્ણય કર્યો હતો. ગીરનાર ચઢતાં દરેક લોકોએ તેમની સાથે કોઈપણ એક આઈડી પ્રૂફ રાખવું પડશે. ■

# જામનગર નજીક ધ્રોલના હમાપર ગામે ભૂંડ રોડ પર આવી જતાં બાઈક સ્લીપ બાઈકચાલક બુઝુર્ગનું કરુણ મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર નજીક ધ્રોલ તાલુકાના હામાપર ગામ નજીક રોડ પર અચાનક ભૂંડ આવી જતાં બાઈક સ્લીપ થવાના અકસ્માતમાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ, મૂળ કાલાવડ તાલુકાના અરલા ગામના અને હાલ ધ્રોલ તાલુકાના મજોઠ ગામે રહેતા સુરેશભાઈ દેવશંકરભાઈ જોષી (ઉ.વ. ૬૨) પોતાનું મોટરસાયકલ લઈને જશાપર ગામે દીકરીના ઘરે જઈ પરત ફરી રહ્યા હતા. દરમિયાન હમાપર ગામથી ધ્રોલ તરફ જવાના રોડ પર જયંતીભાઈ બીજલભાઈ મંઢની વાડી પાસે પહોંચતા અચાનક રોડ પર ભૂંડ આડી રીતે આવી જતાં તેમની મોટરસાયકલ સ્લીપ થઈ ગયુ હતું. અકસ્માતમાં સુરેશભાઈને માથા, છાતી, પગ સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઇજાઓ પહોંચતાં તેમને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.આ બનાવ અંગે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૧૯૪ હેઠળ અકસ્માત મોતની નોંધ કરી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. ■

# જામનગર જિલ્લાના ખેડૂતોને તાત્કાલિક સિંચાઈનું પાણી આપવા ધારાસભ્ય હેમંત ખવાની માગ

## સૌની યોજનાની લિંક-૧ અને લિંક-૩માં પાણીનો પ્રવાહ વધારવા સરકારને પત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર જિલ્લાના જામજોધપુર-લાલપુરના ધારાસભ્ય હેમંત ખવાએ રાજ્ય સરકારને પત્ર લખી સૌની યોજનાની લિંક-૧ અને લિંક-૩ મારફતે ગામડાઓમાં તાત્કાલિક સિંચાઈનું પાણી છોડવાની માંગ કરી છે. તેમણે જણાવ્યું હતું કે હાલ ખેડૂતોના ઉભા પાકને પાણીની તાતી જરૂરિયાત છે અને સમયસર પાણી નહીં મળે તો પાક નિષ્ફળ જવાની ભીતિ છે.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે લિંક-૧ દ્વારા લાલપુર તાલુકાના પીપરટોડાથી ચારણતુંગી સુધીના ગામોને સિંચાઈનું પાણી પહોંચાડવામાં આવે છે.

આ પાણી નર્મદા નદીમાંથી સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ, મોરબી બ્રાન્ચ કેનાલ, મચ્છુ-૨ ડેમ અને ત્યારબાદ આજી-૩ ડેમ થઈને જામનગર જિલ્લાના ઊંડ-૧ ડેમ મારફતે ખેડૂતો સુધી પહોંચે છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું હતું કે મચ્છુ-૨ ડેમ ખાતે હાલમાં પાણીની આવક ખૂબ ઓછી હોવાથી પાણી ખેડૂતો સુધી પહોંચવામાં વિલંબ થઈ રહ્યો છે. તેથી મોરબી બ્રાન્ચ કેનાલમાંથી મચ્છુ-૨ ડેમમાં ૬૦૦ ક્યુસેક પાણીની આવક તાત્કાલિક શરૂ કરવામાં આવે, જેથી સિંચાઈનું પાણી ઝડપથી ખેડૂતો સુધી પહોંચી શકે.

આ ઉપરાંત જામજોધપુર તાલુકામાંથી પસાર થતી સૌની યોજનાની લિંક-૩માં હાલ માત્ર એક જ પંપ કાર્યરત હોવાનું જણાવતાં વધુ પંપ શરૂ કરીને પાણીનો પ્રવાહ વધારવાની પણ તેમણે માંગ કરી હતી.

ધારાસભ્ય હેમંત ખવાએ ચેતવણી આપી હતી કે જો આગામી ત્રણ દિવસમાં સિંચાઈ માટે પાણી છોડવામાં નહીં આવે, તો ખેડૂતોના હિતમાં નાછૂટકે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે. આ સાથે જ તેમણે રાજ્ય સરકારને ખેડૂતોની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખી તાત્કાલિક વહીવટી તંત્રને જરૂરી સૂચનાઓ આપવા અપીલ કરી હતી. ■

# સુરેન્દ્રનગરના સરલા ગામ નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માતઃ યુવકનું કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના સરલા ગામ નજીક શનિવારે ૧૮ જુલાઈ, ૨૦૨૬ બપોરના સમયે કાર અને બાઇક વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં એક યુવાનનું કરુણ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, સરલા ગામ નજીક કાર અને બાઇક વચ્ચે જોરદાર ટક્કર થતાં બાઇકચાલકને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક બચાવ કામગીરીમાં જોડાયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી ઇજાગ્રસ્તને સારવાર માટે મુળી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ યુવકને મૃત જાહેર કર્યો હતો. મૃતકની ઓળખ સાયલા તાલુકાના કાશીપરા ગામના ૨૫ વર્ષીય પ્રવિણભાઈ માત્રાભાઈ પઢેરિયા તરીકે થઈ છે. યુવાનના અકાળ અવસાનથી



પરિવારજનો તેમજ સમગ્ર કાશીપરા ગામમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી.

અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે તેમજ હોસ્પિટલ પહોંચી હતી અને મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને હટાવી ટ્રાફિક પૂર્વવત્? કર્યો હતો. ■

# સુરેન્દ્રનગરમાં સ્વચ્છતા નિયમોના ભંગ બદલ જનની હોસ્પિટલ સીલ, નોટિસ અને વારંવારની ચેતવણી છતાં કાર્યવાહી ન થતાં તંત્રનો કડક નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાએ શહેરમાં સ્વચ્છતા જાળવવા અને શહેરીજનોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે કડક કાર્યવાહી હાથ ધરી છે. મલ્હાર ચોક વિસ્તારમાં આવેલી જનની હોસ્પિટલને સ્વચ્છતા જાળવવા અંગે અગાઉ અનેક વખત નોટિસ અને સૂચનાઓ આપવામાં આવી હતી. તેમ છતાં હોસ્પિટલ તંત્ર દ્વારા ગંદકીના નિકાલ અને સ્વચ્છતા અંગે જરૂરી પગલાં લેવામાં ન આવતા મહાનગરપાલિકાએ હોસ્પિટલને સીલ




કરવાની કાર્યવાહી કરી છે.

મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર, હોસ્પિટલમાં સ્વચ્છતાના નિયમોનું પાલન ન થતું હોવાથી દંડની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન હોસ્પિટલ તંત્ર તરફથી પૂરતો સહકાર ન મળતા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસમાં હોસ્પિટલનો અંદાજે ૭૫ હજારનો પ્રોપર્ટી ટેક્સ લાંબા સમયથી બાકી હોવાનું પણ બહાર આવ્યું હતું.

તંત્ર દ્વારા બાકી ટેક્સની તાત્કાલિક ભરપાઈ કરવા તેમજ સ્વચ્છતાના નિયમોનું પાલન કરવા અંતિમ તક આપવામાં આવી હતી. જોકે, વારંવારની નોટિસો અને ચેતવણીઓ છતાં કોઈ સંતોષકારક કાર્યવાહી ન થતાં મહાનગરપાલિકાએ કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરીને હોસ્પિટલને સીલ કરી દીધી હતી. મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે શહેરમાં સ્વચ્છતા, જાહેર આરોગ્ય અને નિયમોના પાલન સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં.

આગામી સમયમાં પણ નિયમોનો ભંગ કરનાર સંસ્થાઓ અને મિલકતો સામે આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે. ■

# ૪૦ હજારની લાંચ લઈ ફરાર થયેલા વાયોરના પીએસઆઇનું આત્મસમર્પણઃ બે દિવસના રિમાન્ડ બાદ કોર્ટે જેલહવાલે કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ શહેરમાં એન્ટી કરપ્શન બ્યૂરોની ટીમને થાપ આપી રૂા. ૪૦ હજારની લાંચની રકમ સાથે કારમાં નાસી છૂટેલા વાયોર પોલીસ મથકના તત્કાલીન પોલીસ સબ ઇન્સ્પેકટર ઈન્દ્રવિજયસિંહ ઉર્ફે ઈન્દુભા રાજેન્દ્રસિંહ ગોહિલે આખરે આત્મસમર્પણ કરી દીધું હતું. બે દિવસના રીમાન્ડ પૂર્ણ થતાં એસીબી દ્વારા તેમને ભુજની કોર્ટમાં રજૂ કરી વધુ ચાર દિવસના રીમાન્ડની માંગણી કરવામાં આવી હતી, પરંતુ અદાલતે રીમાન્ડ અરજી નામંજૂર કરીને આરોપી પીએસઆઇએ જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ જેલહવાલે કરવાનો હુકમ કર્યો હતો.

એસીબીના જણાવ્યા અનુસાર, સરકારી પંચોની હાજરીમાં આરોપી પોલીસ કર્મીએ અરજદારને પોતાની કારમાં બેસાડીને રૂા. ૪૦ હજારની લાંચ સ્વીકારી હતી. તે દરમિયાન એસીબીની ટ્રેપની ગંધ આવી જતાં તેઓ લાંચની રકમ સાથે કાર ભગાવી ફરાર થઈ ગયા હતા. રીમાન્ડ દરમિયાન પોલીસ પૂછપરછમાં પોતે કોઈ રકમ લીધી ન હોવાનું રટણ ચાલુ રાખ્યું હતું, જેના કારણે ખાસ રસાયણયુક્ત પાઉડરવાળી ચલણી નોટો હજુ સુધી રિકવર થઈ શકી નથી.ટ્રેપની આ ઘટના બાદ એજન્સી દ્વારા આરોપી પીએસઆઇના નિવાસસ્થાન અને બેંક લોકરની પણ સઘન જડતી લેવામાં આવી હતી, પરંતુ ત્યાંથી કોઈ વાંધાજનક સામગ્રી મળી આવી નથી. હાલ ભુજ લાંચ રુશવત વિરોધી શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર જે.જે. ચૌધરી આ ચકચારી ગુનાની આગળની કાયદેસરની તપાસ ચલાવી રહ્યા છે. ■

# રેલવે મેગા બ્લોક સામખીયાળી-ગાંધીધામ વચ્ચે કામગીરીને પગલે કચ્છની ૩૨ ટ્રેનો રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ પશ્ચિમ રેલવે દ્વારા કચ્છ જિલ્લામાં સામખીયાળીથી ગાંધીધામ વચ્ચે રેલવે ટ્રેક આધુનિકીકરણ અને ચાર લાઇન (ક્વાડ્રુપલિંગ) ના ભગીરથ પ્રોજેક્ટ અંતર્ગત યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. ભચાઉ, વોંધ અને સામખિયાળી રેલવે સ્ટેશનો ખાતે નવી લાઇનોના જોડાણ (ઇન્ટરલોકિંગ) તથા અદ્યતન ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ કાર્યરત કરવા માટે રેલવે પ્રશાસન દ્વારા ૧૫ જુલાઈથી આગામી ૪ ઓગસ્ટ સુધી ૨૩ દિવસનો મેગા બ્લોક જાહેર કરાયો છે. આ વહીવટી અને ટેકિન્કલ અનિવાર્યતાના કારણે કચ્છને મુંબઈ તથા દેશના અન્ય રાજ્યો સાથે જોડતી ૩૨ જેટલી મહત્વની ટ્રેનો સંપૂર્ણ અથવા આંશિક રીતે રદ કરવામાં આવી છે. રેલવે દ્વારા દિવસ દરમિયાન દોડતી મોટાભાગની ટ્રેનોને અમદાવાદ, ચાંદલોડિયા કે ભીલડી સુધી ટૂંકાવી દેવાઈ છે, જો કે રાત્રિના સમયે ઉપડતી લાંબા અંતરની ટ્રેનો યથાવત રહેશે. ઓગસ્ટ માસમાં કામગીરી પૂર્ણ થયા બાદ રેલવે સુરક્ષા કમિશનર દ્વારા ત્રણ દિવસ સુધી ટ્રેકનું હાઇ-સ્પીડ નિરીક્ષણ અને ટ્રાયલ રન લેવામાં આવશે.

આ બ્લોકને કારણે ભુજ-બાન્દ્રા, ગાંધીધામ-બાન્દ્રા અને ગાંધીધામ-પાલનપુર વચ્ચેની અનેક ટ્રેનો નિર્ધારિત દિવસો દરમિયાન સંપૂર્ણ રદ રહેશે. આ ઉપરાંત, ભુજ અને અમદાવાદ વચ્ચે દોડતી નમો ભારત રેપિડ રેલ ૨૩ જુલાઈથી ૪ ઓગસ્ટ દરમિયાન ધ્રાંગધ્રા સુધી જ દોડશે અને ત્યાંથી જ પરત ફરશે. બરેલી-ભુજ એક્સપ્રેસ ટ્રેનોને પણ ભીલડી અને ચાંદલોડિયા સ્ટેશન સુધી જ સીમિત રાખવામાં આવી છે. તેવી જ રીતે ભુજ-બાન્દ્રા એસી એક્સપ્રેસ તેમજ બેંગ્લોર, નાગરકોઈલ, પુણે અને ઇન્દોર તરફ જતી પ્રીમિયમ સાપ્તાહિક ટ્રેનો કચ્છને બદલે અમદાવાદ ખાતે શોર્ટ-ટર્મિનેટ કરવામાં આવી છે, જે માત્ર અમદાવાદથી જ ઓપરેટ થશે.

રેલવે પ્રશાસનના સત્તાવાર જાહેરનામા અનુસાર, જે મુસાફરોની ટ્રેનો રદ કે આંશિક રદ થઈ છે, તેમને ટિકિટ વિન્ડો અથવા ઓનલાઇન પોર્ટલ પરથી નિયમ મુજબ પૂરેપૂરું રિફંડ ચૂકવવામાં આવશે. આ વ્યાપક ફેરફારો અંગે આરક્ષિત ટિકિટ ધરાવતા તમામ મુસાફરોને તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. દ્વારા અગાઉથી જાણ કરવાની પ્રક્રિયા રેલવે દ્વારા શરૂ કરી દેવાઈ છે. ■

# જામનગરમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાઃ ભક્તિભાવ અને ઉત્સાહ સાથે સંપન્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર શહેરમાં ઈસ્કોન દ્વારા આયોજિત ભગવાન શ્રી જગન્નાથજીની ૧૯મી ભવ્ય રથયાત્રા શનિવારે ભારે ભક્તિભાવ અને ઉત્સાહના માહોલમાં નીકળી હતી. શહેરના વિવિધ માર્ગો પર પરિભ્રમણ કરનાર રથયાત્રામાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા. સમગ્ર માર્ગ પર ''જય જગન્નાથ'' અને ''હરે કૃષ્ણ, હરે રામ''ના ગગનભેદી નાદ સાથે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. શ્રીજી હોલ ચોક ખાતે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી અને બલરામજીની વિધિવત પૂજા-અર્ચના તથા પહિંદ વિધિ બાદ ગુજરાત રાજ્યના શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા, પૂર્વ શહેર પ્રમુખ ડો. વિમલ કગથરા અને પૂર્વ જિલ્લા પ્રમુખ રમેશભાઈ મૂંગરા સહિતના આગેવાનો અને મહાનુભાવોએ રથનું દોરડું ખેંચી

**રિવાબા જાડેજા સહિતના આગેવાનોએ પહિંદ વિધિ કરી રથને પ્રસ્થાન કરાવ્યું, હજારો ભક્તો જોડાયા**

રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

રથયાત્રા દરમિયાન શહેરના વિવિધ સમાજો, સંસ્થાઓ અને વેપારી સંગઠનો દ્વારા ઠેર-ઠેર ભગવાન જગન્નાથજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અનેક સ્થળોએ ભક્તોએ પુષ્પવર્ષા કરી હતી, જ્યારે મોટી સંખ્યામાં મહિલાઓએ ભગવાન જગન્નાથજીની આરતી ઉતારી હતી.

યુવાનો, મહિલાઓ, બાળકો અને વડીલો સહિત હજારો શ્રદ્ધાળુઓએ રથનું દોરડું ખેંચીને ભગવાનના દર્શનનો




લાભ લીધો હતો. ભજન-કીર્તન, ઢોલ-નગારાં અને હરિનામ સંકીર્તન સાથે નીકળેલી રથયાત્રાએ સમગ્ર શહેરને ભક્તિમય રંગે રંગી દીધું હતું.

રથયાત્રા શ્રીજી હોલ ચોકથી પ્રસ્થાન કરી શહેરના મુખ્ય માર્ગો પર પરિભ્રમણ કરીને પોટરી ગલી ખાતે વિધિવત પૂર્ણાહુતિ પામી હતી. સમગ્ર માર્ગ પર વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠંડા પાણી, શરબત, પ્રસાદ અને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે મોટી સંખ્યામાં ભક્તોએ ભગવાન જગન્નાથજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. ■